પ્રજાબંધુના ગ્રાહકોને સને ૧૯૧૭ ની ભેટ

ગુજરાતની ગર્જના

અથવા

હેમાચાર્યનું જીવનસૂત્ર

પ્રજાબંધુ ઓફીસ

અમદાવાદ

ગુજરાતની ગર્જના

અથવા

હેમાચાર્યનું જીવનસૂત્ર.

[ઐતિહાસિક નવલકથા]

લેખક

ચુનીલાલ વર્ધમાન શાહ

વઢવાણનિવાસી

સારંગપુર, તળીઆની પોળ—અમદાવાદ.

Is life worth living? Yes, so long
As there is wrong to write,
Wail of the weak against the strong,
Or tyranny to fight.

ALFRED AUSTIN.

અમદાવાદ:

ખાડીયા-જેઠાભાઇની પોળમાં આવેલા "પ્રજાબંધુ પ્રિન્ટીંગ વર્કસ" માં

ઠાકોરલાલ પરમોદરાય ઠાકોરે છાપી પ્રસિદ્ધ કર્યું.

વિ. સં. ૧૯૭૩. ઇ. સ. ૧૯૧૭.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૫૦૦.

મૂલ્ય રૂ. ૧।

ચુનીલાલ વર્ધમાન શાહકૃત પુસ્તકો.

ઐતિહાસિક નવલકથાઓ.

ગુજરાતની ગર્જના	રૂ. ૧॥
વસઈનો ઘેરો	રૂ. ૧॥
પાટણની પડતીનો પ્રારંભ	રૂ. ૧॥
સોમનાથનું શિવલિંગ...	રૂ. ૧॥
સિંધ ઉપર સ્વારી	રૂ. ૧॥
ધારાનગરીનો મુંજ	રૂ. ૧॥
અઢારમી સદીનું મહારાષ્ટ્ર	રૂ. ૧॥
કાશ્મીર અને કેસરી	રૂ. ૧
પ્રમોદા યાને દિલેર દિલારામ... ...	રૂ. ૦॥।

સામાજિક નવલકથાઓ.

ભાગ્યચક્રનો મહામંત્ર...	રૂ. ૧॥
પિશાચ-મંદિર—ભાગ ૧ (સચિત્ર)...	રૂ. ૨
પિશાચ-મંદિર—ભાગ ૨ ,, ...	રૂ. ૨
સુધરેલી સંગીતા...	રૂ. ૧॥
વિમળા	રૂ. ૧
લતા અને લલિતા—ભાગ ૧ (સચિત્ર)...	રૂ. ૦॥।
લતા અને લલિતા—ભાગ ૨ ,, ...	રૂ. ૦॥।
લતા અને લલિતા—ભાગ ૩ ,, ...	રૂ. ૦॥।
લતા અને લલિતા—ભાગ ૪ ,, ...	રૂ. ૦॥।
વિદ્યાસાગર—ભાગ ૧	રૂ. ૦।
વિદ્યાસાગર—ભાગ ૨	રૂ. ૦॥
બાદશાહ બારેબાદર	રૂ. ૦)=

નાટકો.

ચાંપરાજ હાડો અને સતી સોનરાણી...	રૂ. ૦॥।
બંગ જાગૃતિ...	રૂ. ૦।–
કાન્તા	રૂ. ૦)=

પ્રકીર્ણ.

કામરૂ દેસની કામિની...	રૂ. ૧
ભક્તામર-મંત્ર-માહાત્મ્ય	રૂ. ૧
કર્તવ્ય-કૌમુદી	રૂ. ૦॥
નવ-દંપતીને શિખામણ	રૂ. ૧॥
સુબોધક કથાપંચક...	રૂ. ૦।–
ભૂતળ વિદ્યા	રૂ. ૦)=

ચુનીલાલ વ. શાહ—સારંગપુર—અમદાવાદ.

પ્રસ્તાવના.

ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં જો ધર્મસ્પર્ધાએ રાજકાર્યોમાં ભાગ લીધો હોય તો તે વનરાજના સમય પછી શૈવ અને જૈન ધર્મ વચ્ચેની સ્પર્ધા હતી. ગુજરાતમાં જૈન ધર્મનો વિસ્તાર તો ઘણા લાંબા વખતથી થએલો હોય તેમ જણાય છે, પરન્તુ જ્યાંસુધી શીલગુણસૂરિ નામના યતિએ વનરાજનું સદ્ભાગ્ય કળીને તેને મદદ કરી નહોતી ત્યાંસુધી ગુજરાતમાં જૈન ધર્મ રાજકાર્યોમાં અગત્યનો ભાગ ભજવનાર તરીકે જાણીતો થયો હોય એમ ઇતિહાસમાં માલૂમ પડતું નથી. શીલગુણસૂરિ ઉપરની ભક્તિને લીધે વનરાજે જૈન ધર્મને કેટલાક પ્રમાણમાં માન આપવાની શરૂઆત કરી હોય તેમ માલૂમ પડે છે, અને ત્યારપછી જૂદા જૂદા રાજાઓના સમયમાં ન્યૂનાધિક અંશે જૈન ધર્મ આગળ પડતો રહેલો હોવો જોઇએ એમ અનુમાન કરી શકાય છે.

પરન્તુ જૈન ધર્મમાંએ તે વખતે ઘણા બખેડા ઉભા થએલા હોય તેમ માલૂમ પડે છે. વનરાજના રાજત્વની પૂર્વે લગભગ ૩૦૦ વર્ષથી જૈન ધર્મમાં એક એવો નવો પંથ ઉભો થયો હતો કે જેનું જોર ગુજરાતમાં અને મારવાડમાં મુખ્યત્વે કરીને ઘણું જ વધારે હતું. એ પંથ ચૈત્યવાસી જૈન સાધુઓનો હતો. એ સાધુ જૈન મંદિરોમાં નિવાસ કરતા હતા અને દ્રવ્યાદિનું સેવન કરી ઉન્માર્ગગામી બની ગયા હતા. તેઓ જૈન યતિ કહેવાતા, છતાં ખરા યતિધર્મથી બહુ દૂર જતા રહ્યા હતા અને તેથી યતિના વેશમાં લગભગ સંસારી જીવન જ તેઓ ગાળતા હતા. શીલગુણસૂરિ એ જ સંપ્રદાયના હતા. તેમણે સંવત્ ૮૦૨ માં (એટલે વનરાજ ગાદીએ બેઠો તે જ વર્ષમાં— ઇ. સ. ૭૪૬ માં) વનરાજ પાસેથી એક એવો પટ્ટો લખાવી લીધો હતો કે ચૈત્યવાસી સિવાયના બીજા જૈન યતિઓ પાટણની હદમાં પ્રવેશ કરવાનો અધિકાર ધરાવી શકે નહિ. એ પટ્ટાને કારણે ચૈત્યવાસીઓનું જોર પાટણમાં બહુ ચાલતું, પરન્તુ રાજકાર્યોમાં જૈનો બહુ આગળ પડતા જણાયા નહોતા. સંવત્ ૧૦૮૪ માં જે વખતે દુર્લભદેવ પાટણની ગાદીએ હતો, ત્યારે જીનેશ્વરસૂરિ તથા બુદ્ધિસાગરસૂરિ નામના સંવેગી જૈન યતિઓએ રાજસભામાં ચૈત્યવાસીઓની સાથે ધર્મનો વિવાદ ચલાવ્યો, તેમાં ચૈત્યવાસીઓનો પરાભવ થતાં સંવેગીઓને પણ પાટણમાં પ્રવેશ કરવાનો અધિકાર મળ્યો. ત્યારપ-

છીથી પાટણને જૈન ધર્મનું ખરૂં તત્ત્વ જાણવાનો લાભ મળ્યો હોય અને તેથી જ રાજકાર્યોમાં જૈન ધર્મ કાંઇક વધારે આગળ પડેલો હોય તેમ જણાય છે.

તે સમયે ચૈત્યવાસીઓનું જોર હોવા છતાં તેમની સામે સત્ય કથન કરી તેમની ખામી દર્શાવનારા કોઇ કોઇ ખરા જૈન સાધુઓ પણ બહાર પડતા જોવામાં આવતા. તેઓને તેવું કામ કરવામાં ચૈત્યવાસીઓ તરફથી બહુ ભય રહેતો અને ઘણું શોષવું પણ પડતું. છતાં ઇતિહાસ ઉપરથી જણાય છે કે ચૈત્યવાસીઓનો નિષેધ કરનારા કેટલાક પ્રબળ પ્રયત્નો થયા હતા અને તેનું પરિણામ સારૂં આવ્યું હતું. લગભગ સંવત્ ૫૦૦ માં ચૈત્યવાસી સંપ્રદાયની શરૂઆત થઇ લાગે છે. ત્યારપછી ૧૫૦ વર્ષની અંદર તેઓનું જોર બહુ વધી ગયું હતું અને અનેક ગચ્છોની સ્થાપના થઇ હતી. સંવેગી જૈન સાધુ અભયદેવસૂરિ કે જે વિક્રમની ૧૨ મી સદીમાં થઇ ગયા તેમની પાસે એક ચૈત્યવાસી સાધુ જીનવલ્લભે જૈન સૂત્રોનો અભ્યાસ કર્યો એટલે તેના ધ્યાનમાં આવ્યું કે ચૈત્યવાસીઓનો આચાર સત્ય જૈન ધર્મથી વિરૂદ્ધ હતો. તેથી તેણે 'સંઘપટ્ટક' નામનો ગ્રંથ લખીને ચૈત્યવાસીઓનો નિષેધ કર્યો. અભયદેવસૂરિની પૂર્વે પાટણમાં સંવેગી સાધુઓ આવીને ધર્મોપદેશ કરી શકતા, પરંતુ જીનવલ્લભની ગર્જના પૂર્વે ચૈત્યવાસીઓ લોકોની નજરમાં બરાબર રીતે હલકા પડયા નહોતા. 'સંઘપટ્ટક'ની રચના પછી ચૈત્યવાસીઓનું જોર ઉતાવળે ઘટવા લાગ્યું અને જૈન ધર્મના ખરા સિદ્ધાંતો જૈન તથા જૈનેતર વર્ગમાં ફેલાવા લાગ્યા.

જયારે હેમાચાર્ય દીક્ષિત થયા ત્યારે ચૈત્યવાસીઓ પાટણમાં ફેલાએલા હતા, પરન્તુ જૈનોનું તેમની પ્રત્યેનું માન ઘટી ગયું હતું. હેમાચાર્ય સંવેગી સંપ્રદાયના હતા, પરન્તુ ચૈત્યવાસીઓ સાથેના વિરોધના સમયમાં સંવેગીઓને પણ અનેક વિવાદો અને કલહોમાં ઉતરવું પડતું તેથી પોતપોતાનું બળ વધારવાને તેઓ છૂટથી વર્તતા. કર્ણદેવના રાજત્વમાં ચૈત્યવાસીઓ પાટણમાંથી લગભગ નાબુદ થયા હતા અને તેથી સંવેગી જૈન સાધુઓ અને તેમના ભક્તો સારી પેઠે આગળ વધી શક્યા હતા. તેમની એ પ્રગતિ સ્વાભાવિક રીતે શૈવોનું ધ્યાન આકર્ષનારી થઇ પડી હતી. કર્ણદેવના મરણ પછી સિદ્ધરાજના વખતમાં જૈનોએ રાજ્યકાર્યભારમાં સારી પેઠે ભાગ લેવા માંડયો હતો અને એક જૈન પ્રજા તરીકેનું બળ પ્રાપ્ત કર્યું હતું. હેમાચાર્યની વિદ્વત્તા અને અપૂર્વ શક્તિ એ કાર્યમાં જૈનોને મદદગાર થઇ હતી. સિદ્ધરાજના સમયમાં જૈનોને ઠીક માન મળતું, જૈન સાધુઓને સિદ્ધરાજ પોતે માન આપતો અને તેમનો ઉપદેશ તે સાંભળતો, છતાં જૈન ધર્મને તેણે સર્વોપરિ બનવા નહિ દેવાનો અને શૈવ ધર્મ પોતાનો બાપીકો ધર્મ

હોવાથી તેનું સર્વોપરિપણું ટકાવી રાખવાનો ખાસ યત્ન કર્યો હતો. હેમાચાર્યે અને જૈનોએ ધાર્યું હતું તેટલા પ્રમાણમાં સિદ્ધરાજના સમયમાં જૈન ધર્મનો વિજય તેઓ બોલાવી શક્યા નહિ, પરન્તુ ત્યારપછી તુરત જ કુમારપાળના સમયમાં તેઓ પ્રયત્નપૂર્વક પોતાની ધારણાની સિદ્ધિ કરી શક્યા અને શૈવોના બળને તોડી આગળ વધી શક્યા. જૈન ધર્મને શ્રાવકોના ધર્મ તરીકે-વાણીયાના ધર્મ તરીકે નિર્માલ્ય માનીને તેથી દૂર રહેવામાં માન સમજવામાં આવતું, તેવા સમયમાં હેમાચાર્યે જે ચાણાક્ષતાથી જૈન ધર્મની અહિંસક વૃત્તિની ગર્જનાથી ગુજરાતને ગજાવી મૂકી હતી, તે ચાણાક્ષતાનો વિજય ગુજરાતના ધર્મસ્પર્ધાના ઇતિહાસમાં એક અલૌકિક બોધક પ્રસંગ છે. હેમાચાર્યના જીવનસૂત્રનું તે જ રહસ્ય આ નવલકથામાં ઉતાર્યું છે.

હેમાચાર્યે એ કાર્યમાં-જે ભાગ લીધો હતો તે જૈન સાધુઓના સૂત્રોક્ત આચારોની સાથે સરખાવતાં કેટલીક રીતે દૂર ગએલો હતો, પરન્તુ જે વખતે ચૈત્યવાસીઓના દુરાચારોને પણ કેટલાક ધર્મભોળા જૈનો ધર્મરૂપ માનતા, તે વખતે હેમાચાર્યનું એ વર્તન-પ્રસંગને અનુસરીને બજાવવામાં આવતો એ ધર્મ-સમયધર્મ દોષને પાત્ર નહોતો. વિશેષમાં હેમાચાર્યની અદ્ભુત શક્તિ જોતાં માલૂમ પડે છે કે તેમણે જે કાંઇ કર્યું હતું તે બીજાઓ કરવા જતાં ડાકોર ખાધા વિના રહે નહિ. પોતાની અદ્ભુત શક્તિથી હેમાચાર્ય જળ-કમળવત્ અલિપ્ત રહી શકયા હતા અને તેથી જ તે રાજ્યકાર્યમાં રસ ધરાવતા હોવા છતાં-રાજાનો તથા રાજમંદિરોનો અતિપરિચય રાખ્યા છતાં અલિપ્ત રહીને વિજયી નીવડ્યા હતા. હેમાચાર્યની પછી એ શક્તિ અને એ કાર્ય કોઇ જૈન સાધુમાં જોવામાં આવ્યાં નથી. હવે તો એવાં મોટાં કાર્યો કરવા જતાં 'ફસાઇ જવાનો' ભય એટલો બધો વિસ્તરેલો અને બોલવામાં આવતો દેખાય છે કે તેથી જ ઘટતા જતા-ઘટી ગએલા આત્મબળ અને શક્તિની પ્રતીતિ થઇ જાય છે. હાલના જૈનોને તો હેમાચાર્યના જીવનના જેટલું પ્રબળ જીવન અને મહાભારત કાર્ય અશક્ય-અસંભવિત જણાવા લાગ્યું છે, એ જ આધુનિક સમયનો પ્રભાવ છે.

જૈનોના હિંસાનિષેધક ધર્મની છાપ જૈનેતર વર્ગમાં કેટલેક અંશે ભૂલભરેલી થઇ પડી છે. જૈનેતર વર્ગમાં એ ભૂલભરેલી છાપ પાડવામાં કદાચ જૈનોનું કેટલુંક વર્તન પણ કારણીભૂત હશે, પરન્તુ એ છાપ ખાસ કરીને મૂળ જૈન ધર્મને તથા તેના ઉદાર સિદ્ધાંતોને અન્યાય આપનારી છે. 'દ્વયાશ્રય મહાકાવ્ય' નામના સંસ્કૃત ગ્રંથના ગુજરાતી ભાષાંતરકાર

સ્વર્ગસ્થ મણિલાલ નભુભાઇ દ્વિવેદી એ ગ્રંથની પ્રસ્તાવનામાં લખે છે કે " કુમારપાળે જ્યારથી અમારિ ઘોષણા કરાવી ત્યારથી યજ્ઞયાગમાં પણ માંસ-બલિ અપાતો બંધ થઇ ગયો, ને યવ તથા ડાંગર હોમવાનો ચાલ શુરૂ થયો. લોકોને જીવ ઉપર અત્યંત દયા વધી, અને માંસભોજન એટલું બધું નિષિદ્ધ થઇ ગયું કે આખા હિંદુસ્તાનમાં એક કે બીજે પ્રકારે થોડું ઘણું માંસ, કહેવાતા હિંદુઓ વાપરે છે, છતાં ગુજરાતમાં તો તેનો ગંધ આવે તોપણ નહાઇ નાંખે, એવી લોકોની વૃત્તિ તે સમયથી બંધાયલી તે અદ્યાપિ છે. આમ જીવદયા વધી, પણ લોકોમાં તે દયાની સાથે જ યુદ્ધ આદિ ક્રૂર કર્મનો અભાવ પેસતો ગયો, ને એમ ગૂર્જરોએ પોતાનું રાજ્ય ખોયું, તથા પછીની ઉથલપાથલોમાં કદી પોતાનું રાજ્ય સ્થાપી શકાયું નહિ." આ કથન કરવામાં એ વિદ્વાન્ ગ્રંથકાર એક ભૂલભરેલા અનુમાનવાદથી દોર-વાઇ ગયા લાગે છે. કુમારપાળની અમારિ ઘોષણા પછી જૈન ધર્મ તથા તેનો જીવદયાનો સિદ્ધાંત આખા ગુજરાતમાં સારી પેઠે જાણીતા થયા અને તેની પ્રત્યે રાજાનું માન વધવાથી પ્રજાનું માન પણ વધ્યું તથા લોકોનું જીવન એ દિશાએ બદલાતું ચાલ્યું એ વાત ખરી છે. જીવદયાની લાગ-ણીનો ફેલાવો ખાસ કરીને ગુજરાતમાં—જૈનોમાં તેમ જ જૈનતર પ્રજામાં—વિ-શેષ છે અને માંસાહાર કેવળ વર્જ્ય લેખાય છે એ કથન સત્ય છે. કુમાર-પાળના રાજત્વમાં હેમાચાર્યે પ્રસારેલા ઉપદેશની અને રાજ્યનાં જીવદયાનાં ફરમાનોની બહુ અંશે પડેલી એ છાપ છે એ પણ યથાર્થ છે; પરન્તુ ક્રૂર કર્મો કરવા તરફ લોકોનો અભાવ જાગૃત થવાથી દેશના રક્ષણાર્થે યુદ્ધ ક-રવા તરફ પણ લોકો અભાવ ધારણ કરવા લાગ્યા એ અનુમાન યથાર્થ નથી—મનુષ્ય સ્વભાવથી વિપરીત જ એ વાર્તા છે. જો એ સત્ય હોય તો અત્યંત ક્રૂર લોકો અત્યંત લડાયક બળવાળા હોવા જોઇએ અને દુનિયા-માંની સઘળી માંસાહારી પ્રજાઓમાં અપૂર્વ યુદ્ધ કુશળતા તથા લડાયક વૃ-ત્તિનું દર્શન થવું જોઇએ. પરન્તુ ઇતિહાસ એ કથનની પુષ્ટિમાં નથી. આ-ર્યાવર્તમાં ગૌતમ બુદ્ધે અહિંસાનો જે ઉપદેશ કર્યો હતો તેને પરિણામે અશોક અને ચંદ્રગુપ્ત જેવા ચક્રવર્તી રાજાઓએ પણ અમારિ ઘોષણાઓ કરાવી હતી એવું ઇતિહાસ કહે છે. તેઓની અમારિ ઘોષણાઓ છતાં તેમણે યુદ્ધો કરીને મનુષ્યસંહાર કર્યો હતો એ જાણીતી વાત છે. તેઓની જીવદયાની લાગણીથી તેઓ યુદ્ધ ઉપર અભાવ ધારણ કરનારા બની ગયા હતા એમ કહી શકાશે નહિ. કુમારપાળે અમારિ ઘોષણા કરાવી હતી છતાં તે પોતે જ અનેક યુદ્ધોમાં ગયો હતો તથા મનુષ્યહિંસા કરી હતી, છતાં

તેનું જૈનત્વ ખંડિત થયું હોય એમ જૈનોએ માન્યું નથી, કારણકે નાનામાં નાના જીવ પ્રતિ દયા બતાવીને તેને બચાવવામાં પુણ્ય સમાએલું છે એમ માનવા છતાં જૈનો અને ખુદ જૈન ધર્મ માને છે કે આત્મસંરક્ષણાર્થે તથા દેશસંરક્ષણાર્થે યુદ્ધાદિ કરવાં પડે–હિંસા કરવી પડે એ અનિવાર્ય છે અને તેથી એ પ્રકારનો આપદ્ધર્મ બજાવવામાં પાપ નથી. જૈન સૂત્રોનાં અનેક દૃષ્ટાંતો ઉપરથી પણ પુરવાર થાય છે કે પૂર્વે મોટા જૈન ચક્રવર્તી રાજાઓને પણ યુદ્ધાદિ કરવા પડયાં હતાં. ખુદ ગુજરાતના ઇતિહાસનાં કેટલાંક પાંખીયાં તપાસતાં જણાય છે કે જૈનોએ અનેક પ્રસંગે તલ્વારો બાંધીને યુદ્ધમાં ભાગ લીધો હતો, પરન્તુ પોતાનું દ્રવ્ય, માન, કીર્તિ અને પોતાની બ્હેનો, માતાઓ તથા ભગિનીઓનું પાતિવ્રત્ય લુંટાવવામાં જીવ-દયા માની મૌન બેસી રહેવા જેટલા તેઓ અજ્ઞ અને મૂર્ખ નહોતા. ગુ-ર્જરોએ મુસલમાનોની સામે થતાં પોતાનું રાજ્ય ગુમાવ્યું તેમાં ગુર્જરોની જીવદયા, ક્રૂર કર્મનો અભાવ, લડાયક વૃત્તિની ન્યૂનતા કે શૌર્યવીર્યાદિની ખામી એ કશાં કારણો અંગભૂત નહોતાં. કુમારપાળના સમય પછી જ્યારે જ્યારે ગુજરાતના લશ્કરને લડવાના પ્રસંગો મળ્યા હતા, ત્યારે ત્યારે તેણે પોતાના શૌર્યની ખામી દર્શાવી નથી બલકે તેણે પોતાનું તેજ એકસ-રખી રીતે દર્શાવેલું માલૂમ પડે છે. પરન્તુ ગુજરાતના રજપૂત રાજા-ઓની પડતીનું કારણ કેવળ જૂદું જ હતું. કરણ વાઘેલાના વખ-તમાં ગુજરાતને મુસલમાનોનો જે ફટકો પડયો હતો; ત્યારપછી તેઓ પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપી શક્યા નથી. ગુજરાત ઉપર મુસલમાનોએ મોટી ત્રણ સ્વારીઓ કરી હતી. પહેલી ભીમદેવ બાણાવળીના વખતમાં મહમૂદ ગઝનીએ સોમનાથ લૂંટવા માટે કરી હતી. તેમાં ભીમદેવને હારવું પડયું હતું એ જાણીતી વાત છે. બીજી વાર ભોળા ભીમદેવના વખતમાં શાહબુદ્દીન ઘોરીએ ગુજરાતપર ચડાઇ કરી હતી અને તેમાં પણ ભીમદેવ હાર્યો હતો. ત્રીજી વાર અલ્લાઉદ્દીને કરણ વાઘેલા ઉપર ચડાઇ કરી તેને ન-સાડયો. ત્યારપછી ગુજરાતના રજપૂતો પાટણમાં પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપી શક્યા નહિ. આ ત્રણે વાર ગુજરાતે જે હાર વેઠી હતી તેમાં માંહો-માંહેના કુસંપ સિવાય બીજું એકકે કારણ નહોતું. શત્રુની મોટી ફોજનો હલ્લો સહન કરવાને જે લશ્કરી બળ જોઇએ તે ન હોવાથી અને પડોશી હિંદુ રાજ્યો સાથેના કુસંપથી તેઓની મદદ નહિ મળવાથી જ દરેક વ-ખતે મુસલમાનો ફાવી ગયા હતા. ભીમદેવ બાણાવળીને માળવા સાથે વેર હતું અને તેથી મહમૂદ હિંદુ ધર્મનું અપમાન કરવા આવ્યો હતો છતાં પણ

તેને અટકાવવાના કાર્યમાં શરૂઆતથી તેને માળવાએ મદદ કરી નહિ. ભોળા ભીમને તો માળવા ઉપરાંત પૃથુરાજ સાથે સખ્ત વૈર હતું. કરણના સમયમાં પણ કુસંપ અસ્તિત્વમાં હતો. એક સામાન્ય શત્રુની સામે પડોશીનો બચાવ કરતા માટે મદદ આપવાની પરસ્પર સહાયક વૃત્તિનો અભાવ એ મહાન્ કુસંપે જ ગુર્જરોના રાજ્યનો ક્ષય કર્યો હતો—લડાયક વૃત્તિની ન્યૂનતા એ તેનું કારણ નહોતું. ગુજરાતની પડતી અને ગુર્જરોની હારનું કારણ જીવદયાને માથે ઢોળી પાડવું અથવાતો ક્રૂર કર્મ કરનારાઓ વધારે શૌર્યવાળા હોય છે તથા તેઓ રાજ્યસંસ્થાપનામાં વધારે દૃઢ રહી શકે છે એમ માનવું, તે એક ભૂલભરેલી તથા સાહસિક કલ્પના છે. માંસાહારી સિંધી રજપૂતો અને બંગાળીઓ ક્રૂર કર્મ કરવામાં ઓછા નિપુણ નહોતા, છતાં તેઓ પણ ગુજરાતની સાથે જ લગભગ પોતાની સ્વતંત્રતા ગુમાવી બેઠા હતા. માંસાહારી દેવીભક્ત બંગાળીઓને માટે તો લોર્ડ મેકાલે એટલે સુધી કહે છે કે—

"The Physical organisation of the Bengalee is feeble even to effeminacy. His pursuits are sedentary, his limbs delicate, his movements languid. During many ages he has been trampled upon by men of bolder and more hardy breeds. Courage, independence, veracity, are qualities to which his constitution and his situation are equally unfavourable."

એ પ્રમાણે જીવદયાની રહિતતા કે ક્રૂર કર્મો કરવાની ઉત્સુક વૃત્તિને શૌર્યવીર્યની પ્રતીતિરૂપ કે સ્વદેશસંરક્ષણ કરવાની યોગ્યતારૂપ માનવી એ એક ગંભીરભૂલ છે. જો કુમારપાળની અમારિ ઘોષણાથી જ ગુજરાતમાં ક્રૂર કર્મો કરવા તરફ કે લડવા તરફ અભાવ આવ્યો હોય અને તેની પૂર્વે વસ્તુસ્થિતિ વધારે સારી હોય તો ભીમ બાણાવળી મહમૂદની સમીપે હારીને "સોમનાથના શિવલિંગ" ના કકડા થવા ન દેત અથવાતો કુમારપાળની પછી પણ દોઢસો વર્ષ સુધી ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય ટકી શક્યું નહોત, એવું અનુમાન કરવું સકારણ છે.

આ નવલકથાના વસ્તુનો મૂળ હેતુ હેમાચાર્યના જીવનનો ઉદ્દેશ તેમણે કેવી રીતે સફળ કર્યો, કેવી ઉદારતાથી તેમણે પ્રતિકૂળ સંયોગોને અનુકૂળ કર્યા અને એ પ્રકારના કાર્યો કરવામાં કેવી દીર્ઘદૃષ્ટિથી કાર્ય કરવું જોઇએ, તે બતાવવાનો છે. ગુજરાતને મુખે એક વાર અહિંસાની ગર્જના ઉચરાવવી, અહિંસાને ગુજરાતના પ્રત્યેક જીવનતંતુમાં વણી લઇને તેને સમાનવૃત્તિયુક્ત

બનાવવી, ધર્મનિમિત્તે થતો પ્રાણીવધ અટકાવવો અને પરસ્પર વેર-ઝેરને સ્થાને દયા-માયાનો વિસ્તાર કરવો એ કાર્યોને માટે એક અહિંસાવૃત્તિ જ તેમને ઉપયુક્ત લાગી અને આખા જીવનમાં એ જ લક્ષ્યબિંદુ તરફ દૃષ્ટિ રાખીને-તે જ કાર્યને પોતાનું જીવનસૂત્ર લેખીને તેમણે અનેક કાર્યો કર્યાં તે બતાવવા સાથે જ આ કથાનો-આ કથાના પ્રત્યેક પ્રસંગનો સંબંધ રહેલો છે. હેમાચાર્યના જીવનસૂત્રનું માર્ગસૂચન પૂર્ણ થતાં અને કુમારપાળનો રાજત્વકાળ શરૂ થતાં વાર્તાપ્રસંગને પૂર્ણ કર્યો છે. કુમારપાળના રાજત્વકાળમાં થએલાં કાર્યો એ માર્ગસૂચનને અનુરૂપ જ હતાં, તોપણ તે સઘળાં એક સ્વતંત્ર કથાપ્રસંગને યોગ્ય થઇ પડે તેવાં છે ખરાં. ઇતિહાસને લગતાં અંગ્રેજી-ગુજરાતી ગ્રંથો ઉપરાંત જૈન ધર્મના કેટલાક ઇતિહાસગ્રંથોનો આશ્રય લઇને આ કથાની રચના કરી છે. ઘણુંખરાં પાત્રો-બની શક્યું ત્યાં-સુધી ઇતિહાસને અનુસરીને જ રાખ્યાં છે, અને જે કાંઇ કલ્પનાનો ઉપયોગ તેમાં કર્યો છે, તેમાં પણ તત્સમયની સ્થિતિ, સંયોગો તથા સામાજિક બંધારણ ઉપર સારી પેઠે લક્ષ આપવામાં આવેલું છે. જૈન બંધુઓ જૈન ધર્મ સાથે સંબંધ ધરાવતી કથાઓને બહુ ઝીણવટથી તપાસે છે અને તે યોગ્ય છે; આ કથાના સંબંધમાં તેવી તપાસ કરીને તેઓ કાંઇ સૂચનાઓ કરશે તો તે મને તેમ જ અન્ય ઐતિહાસિક નવલકથાના લેખકોને ઉપયોગી થઇ પડશે.

સારંગપુર, અમદાવાદ
તા. ૧-૪-૧૯૧૭.

ચુનીલાલ વર્ધમાન શાહ.

'પ્રજાબંધુ' ની ભેટો.

પુસ્તકનું નામ.	ઇ. સ.	મૂલ્ય.
* અઢારમી સદીનું મહારાષ્ટ્ર.	૧૯૧૦	રૂા. ૧ા
ધારાનગરીનો મુંજ.	૧૯૧૧	રૂા. ૧ા
* સિંધ ઉપર સ્વારી.	૧૯૧૨	રૂા. ૧ા
* સોમનાથનું શિવલિંગ.	૧૯૧૩	રૂા. ૧ા
* નિઝામશાહીનો વફાદાર વઝીર.	૧૯૧૪	રૂા. ૧ા
* પાટણની પડતીનો પ્રારંભ.	૧૯૧૫	રૂા. ૧ા
* વસઇનો ઘેરો.	૧૯૧૬	રૂા. ૧ા
ગુજરાતની અર્જના.	૧૯૧૭	રૂા. ૧ા

* આ પુસ્તકોની થોડી થોડી પ્રતો સીલીકે છે, તે 'પ્રજાબંધુ'ના ગ્રાહકોને દરેક રૂા. ૦-૧૨-૦ ની કીંમતે મળશે. બીજાઓને પૂરી કીંમતે મળશે.

અનુક્રમણિકા.

પ્રથમ ખંડ

દ્વિતીય ખંડ.

તૃતીય ખંડ.

ચતુર્થ ખંડ.

પંચમ ખંડ.

ગુજરાતની ગર્જના

અથવા

હેમાચાર્યનું જીવનસૂત્ર.

પ્રથમ ખંડ.

પ્રકરણ ૧ લું.

પિતા અને પુત્ર.

આપણી કથાનો પ્રારંભ ઇ. સ. ૧૧૩૮ માં થાય છે, જે વખતે ગુજરાત–સૌરાષ્ટ્રમાં મહારાજા સિદ્ધરાજ જયસિંહનો અમલ ચાલી રહ્યો છે.

એક પ્રહર રાત્રિ વીતી ગઇ છે. ચોતરફ અંધકાર છવાઇ રહેલો છે. પાટણ નગરની ઉંચી અટ્ટાલિકાઓમાં બળતા દીપકોનો પ્રકાશ તથા સીમમાં બળતાં તાપણાંના પ્રકાશ વિના નિકટમાં ક્યાંય પ્રકાશ દૃષ્ટિગોચર થતો નથી. અત્યારે પાટણના કિલ્લાની બહાર આવેલા એક વિશાળ શિવાલયના એક ભાગમાં બે ક્ષત્રિયો કાંઇ ધીમી વાતચીત કરી રહ્યા છે.

"એક પ્રહર રાત્રિ વીતી ગયા પછી રાજાજીએ વેશબદલો કરીને અહીં પધારવાનું કહેવરાવ્યું છે, નહિ વારૂ ?" જુવાને પોતાની સાથેના વૃદ્ધ પુરૂષની સામે જોઇને પૂછ્યું.

"હા. પ્રહર રાત્રિ તો થઇ જવા આવી છે, એટલે હવે થોડી વારમાં તે આવી પહોંચવા જોઇએ." વૃદ્ધ પુરૂષે ઉત્તર આપ્યો.

"પણ હેં બાપુ ! રાજ્યમાં એવો તે કેવો બખેડો ઉભો થવાનો ભય મહારાજાને ઉત્પન્ન થયો છે ? મહારાજાની અપૂર્વ વિચક્ષણતા અને પરિપક્વ બુદ્ધિ શું તેમને કશો માર્ગ સુઝાડતી નથી કે તેમણે આપણી સલાહ લેવાની માંગણી કરી છે ?–અને તે પણ આવી ગુપ્ત રીતે !"

"જો ભાઇ ! બખેડો કેવો ઉભો થવાનો છે તે તો હું પણ જાણતો નથી, પરન્તુ મહારાજાની વય હવે ઉતરતી કહેવાય. તેમનો પ્રતાપ ઘણો છે અને સામંતો તથા સરદારો તેમનું નામ સાંભળીને પણ ડરે છે, પરન્તુ કાંઇ જ-

નાનાની ખટપટ ઉભી થઇ હશે એવું હું અનુમાન કરૂં છું, કારણકે ઘણા પ્રબળ વીર પુરૂષો મોટા દેશો અને રાજ્યોના કોયડા ઉકેલી શકે છે, પરંતુ સંસારના અને કુટુંબના કોયડા ઉકેલવામાં અસમર્થ નીવડે છે એવો દુનિયાનો અનુભવ છે. જનાનાની ખટપટમાં રાજવંશીઓ કે રાજકુટુંબીઓ વિના બીજાઓની સલાહ લેવાય નહિ, એમ ધારીને મહારાજાએ કોઇ ન જાણે એવી રીતે અહીં આવીને આપણી સલાહ લેવાનું યોગ્ય ધાર્યું હશે. હું તો આવું એક અનુમાન કરૂં છું અને ઘણું કરીને એ જ પ્રકારની કાંઇ ખટપટ ઉભી થઇ હશે."

"એ તો ઠીક છે. તમે તો તેમને સલાહ આપવાને યોગ્ય લેખાઓ ખરા, કારણકે વયમાં અને અનુભવમાં મહારાજાથી તમે ચડીઆતા છો; પરન્તુ મારા મોટા ભાઇઓને મૂકીને મને આ ગુપ્ત મંત્રણામાં શામેલ રાખવાની મહારાજાની માંગણી નહિ સમજી શકાય તેવી છે." યુવાને જણાવ્યું.

વૃદ્ધ છાનો રહીને આકાશ સામે જોઇ વિચારમાં પડયો. કાંઇક તર્ક સૂજયો અને જરા હસીને જવાબ આપ્યો: "એટલે તારા મોટા ભાઇઓ કરતાં મહારાજાએ તારામાં બુદ્ધિની વિશેષતાનું આરોપણ કર્યું, નહિ વારૂ ?"

"એમ નિશ્ચયપૂર્વક કહી શકાય નહિ. મહારાજા પોતે એમ કહે, ત્યારે જ એ વાતની ખબર પડે. પહેલાં પણ કોઇ વાર આવી ગુપ્ત મંત્રણાઓ થએલી ખરી ?"

વૃધ્ધે સ્મિત કર્યું. ભૂતકાળના અનેક પ્રસંગો તેના સ્મૃતિપટ ઉપર ઉપસી આવ્યા અને પોતાનાં અનેક પરાક્રમોની વાર્તાઓ પુત્રને મ્હોંએ કહેવાનો ઉત્સાહ ઉભરાઇ આવ્યો. એ ક્ષણે તેનાં વૃદ્ધ નેત્રોમાં પણ જુવાનીનું ચાંચલ્ય તરી આવ્યું અને તે બોલ્યો: "ઓહોહો ! આવી મંત્રણાઓ તો એક–બે વાર નહિ પણ સેંકડો વાર થએલી. મહારાજાની વિચક્ષણતાની જે છાપ સરદારો, સામંતો અને માંડળિક રાજાઓ ઉપર પડી છે તે કાંઇ નિરર્થક નથી. તેમની ચતુરાઇ અલૌકિક છે. અમે જયારે નાના હતા અને સાથે રમતા ત્યારે તેમનામાં ઓછી ચંચળતા જણાતી અને ઘણી વાર દ્વંદ્વ યુદ્ધમાં હું તેમને હરાવતો, પરન્તુ જેમ જેમ તે મોટા થવા લાગ્યા તેમ તેમ મારા સમજવામાં આવ્યું કે મુંજાલ મંત્રીએ મહારાજા ઉપર બરાબર હાથ મેલ્યો છે ! બળ કરતાં કળની યોજના કરવામાં મહારાજાની ચતુરાઇ એવી ચાલે છે કે સૌ એમનાથી બ્હીતા ફરે છે. સરદારો અને સામંતો ઉપર તેમણે અનેક વાર પોતાની પ્રસન્નતા અને અનેક વાર રોષ

બતાવ્યો હશે, પરન્તુ તેમના વર્તનમાં એવી ખૂબી છે કે તેમની પ્રસન્નતાથી કોઇ પોતા ઉપર તેમની સંપૂર્ણ કૃપા ઉતરેલી માનતું નથી તેમ જ તેમનો રોષ કૃત્રિમ છે એમ પણ કોઈ કહી શકતું નથી ! અત્યારે તે આપણી સલાહ લેવા અહીં આવવાના છે એ ખરૂં, પરન્તુ તે પહેલાં મંત્રીશ્વરને પણ તેમણે એ વિષે કાંઇક પૂછ્યું હશે, છતાં મંત્રીશ્વર પોતાના મનમાં નિશ્ચિત નહિ હોય કે રાજાજી પોતાની સલાહ પ્રમાણે જ ચાલશે ! મહારાજા જાણે છે બધુંએ, પરન્તુ આચરે છે પોતાની બુદ્ધિ અને મરજીને આધારે ! આવી તેમની ખૂબી હોવાથી અનેક વખત મંત્રણાઓ ચાલતી અને જ્યારે રાજમાતા મિનળદેવી જીવતાં હતાં ત્યારે તો હું, મહારાજા, રાજમાતા અને મંત્રીશ્વર ઘણી વાર ગુપ્ત મંત્રણામાં બેસતા. કોઇ વાર મહારાજા એ મંત્રણામાં મંત્રીશ્વરને ન બોલાવતા, તો કોઇ વાર રાજમાતાને પણ જાણી જોઇને વિસરી જતા ! કોઇ વાર શિકારને બ્હાને સીમમાં જઇને ખેડુતના માળામાં બેસી ગુપ્ત રાજપ્રપંચની ચર્ચા કરતા અને કોઇ વાર દેવચંદ્ર યતિના અપાશરામાં આખી રાત બેસીને ધડમથલ ચલાવતા ! બીજી વાત શાને કરે છે ? આ શિવાલયમાં જ સૌરાષ્ટ્રમાં ચ્હડાઇ લઇ જવા પૂર્વે અર્થાત્ આજથી ત્રીશેક વર્ષ અગાઉ એક આખી રાત સુધી હું અને મહારાજા બેસી રહ્યા હતા. રાણકદેવીમાં મોહમુગ્ધ થવાથી મહારાજાએ એ ચ્હડાઇ કરવાનો નિશ્ચય કર્યો હતો અને મેં તેમાં વાંધો લીધો હતો. જ્યાંસુધી રાણકદેવી ખેંગારને પરણી નહોતી, ત્યાંસુધી તો ઠીક, પરન્તુ તે પરણી ગયા પછી ખેંગારના રાણીવાસમાંથી તેને ઉપાડી લાવવી એ અધર્મનું કાર્ય હતું અને તેથી મેં સૌરાષ્ટ્રના દૂરના મુલકમાં ચ્હડાઇ લઇ જવાની ના કહી હતી. મારા પક્ષમાં પટ્ટરાણીનો ટેકો હતો અને તેમણે પણ રાજાજીને ગભરાવ્યા હતા કે જો મહારાજા રાણકદેવીને લાવીને રાણીવાસમાં રાખશે તો પોતે આપઘાત કરીને મહાકાળીનું ખપ્પર ભરી નાંખશે ! રાણકદેવીને લાવવામાં આવે તો પટ્ટરાણીની કેવી વ્યવસ્થા કરવી તેની ચિન્તામાં મહારાજા પડી ગયા હતા અને તે વિષે મારી સલાહ માંગી હતી. એ કામમાં તો છેવટે તેમણે મારૂં કહ્યું ન જ માન્યું અને પટ્ટરાણીની પણ અવગણના કરી પરન્તુ તેનું પરિણામ સારૂં ન આવ્યું એ તું જાણે છે. બાર–બાર વર્ષની મહેનતને પરિણામે ખેંગાર મરાયો અને તે પણ દગાથી ! રાણકદેવી બળી મૂઇ, તેના દીકરાઓને મારી નાંખીને મહારાજાએ કલંક વહોર્યું અને લશ્કરની ખરાબી થઇ તે જૂદી ! બીજાં ઘણાં યુદ્ધોમાં હું મહારાજાની સાથે ગએલો પરન્તુ સૌરાષ્ટ્રની ચ્હડાઇ વેળાએ તો હું હસ્તિસ્થળીમાં છાનોમાનો બેસી રહ્યો

હતો. વળી કાંઇ નવો મુશ્કેલીનો પ્રસંગ ઉભો થયો હશે એટલે આજે મહારાજા અહીં આપણી સાથે મંત્રણા કરવાને આવવાના હશે."

પિતાની આ વાત પુત્ર શાન્ત રીતે સાંભળી રહ્યો. તેને કાંઇક વિશ્વાસ બેઠો કે આજની મંત્રણાનો વિષય કાંઇક મોટી અગત્યનો હોવો જોઇએ. તે બોલ્યો: "ત્યારે મંત્રણા પૂરી થયા પછી આપણે શહેરમાં જઇ શકીશું નહિ. કારણકે આપણી સલાહ લેવાય છે એ વાત પણ સરદારો અને સામંતોથી ગુપ્ત રાખવાની હશે."

"હા; રાતોરાત આપણે પાછા દધિસ્થળી જઇ પહોંચીશું." વૃદ્ધ બોલ્યો.

"ત્યારે મહારાજા હજી કેમ ન આવ્યા? શું આપણે મધરાતે પણ પાછા નહિ ફરી શકીએ? કે પછી અહીં જ સ્હવાર પડશે?"

"તે અત્યારથી કાંઇ કહેવાય નહિ. જરા બહાર જઇને જોઇ આવ કે કોઇ અહીં આવે છે કે નહિ?" વૃદ્ધે આજ્ઞા કરી.

પુત્ર તુરત ઉઠયો. શિવાલયની આસપાસ એક વિશાળ ચોતરો હતો અને ચોતરાની આજુબાજુમાં બીલીનાં થોડાં વૃક્ષો હતાં. વૃક્ષોથી થોડે દૂર બે મથોડાં જેટલી ઉંચી દિવાલ ચોમેર આવી રહેલી હતી. દિવાલની બે બાજુએ બે પ્રવેશદ્વાર હતાં, જેમાંનું મુખ્ય દ્વાર મોટું અને બીજું દ્વાર નાનું તથા સાંકડું હતું. જુવાન તેમાંના મુખ્ય દ્વાર તરફ ચાલ્યો અને દ્વાર ઉઘાડવા માંડયું તો તેને અંદરથી તાળું મારીને બંધ કરવામાં આવેલું જણાયું. તે તુરત બીજી તરફના દ્વાર પાસે ગયો તો તેને પણ બંધ કરવામાં આવેલું જણાયું. જુવાન આશ્ચર્ય પામ્યો અને પિતાની પાસે પાછા આવીને હકીકત નિવેદન કરી.

પુત્રના વદન ઉપર ગંભીરતાસૂચક રેષાઓ જોઇને પિતાએ અનુમાન કર્યું કે પુત્રના મનમાં કાંઇક વહેમ પેઠો છે. તે વહેમનું નિરસન કરવાને વૃદ્ધ કહ્યું: "એ તો રાત્રે દ્વાર બંધ કરવાનો નિયમ હશે એટલે પૂજારીએ તેમ કર્યું હશે. પૂજારીની પાસેથી કુંચીઓ લઇને દ્વાર ઉઘાડ."

જુવાન પૂજારીની કોટડી પાસે ગયો. વાંસની ચીપોથી બનાવેલી જાળીમાં એક દર્ભની સાદડીપર પૂજારી સુતો હતો. જુવાને તેને ઘણીએ બૂમો મારી પણ તે જાગ્યો નહિ. જાળીની અંદર પણ તાળું મારવામાં આવ્યું હતું. છેવટે એક લાંબા વાંસવડે પૂજારીને ગોદા મારીને જગાડયો અને તેના પાસેથી કુંચીઓ માંગી. પૂજારી જેમ અર્ધનિદ્રિત અને અર્ધજાગૃત હોય તેમ બોલ્યો: "ઉંહુ ઉંહુ, અત્યારે કોણ છે? જાઓ મારી પાસે કુંચીઓ નથી!" એમ કહીને તે ઉઠયો અને ઓરડામાં ચાલ્યો ગયો.

જુવાન પાછો પિતાની પાસે આવ્યો અને હકીકત નિવેદન કરી. પિતા કાંઇક વિચારમાં પડયો અને તે કાંઇ જવાબ આપે તે પહેલાં તો જુવાન શિવાલયનાં પગથીયાં ઉતરીને આંગણામાં આવ્યો. એક બીલીના વૃક્ષના થડ સાથે બે અશ્વોને બાંધેલા હતા, તેમાંના એકને છોડીને તે તેના ઉપર સ્વાર થયો. અશ્વને દિવાલ પાસે લઇ જવાથી દીવાલની પેલીમેરનો સર્વ પ્રકાર તેના જોવામાં આવ્યો. ચારે બાજુએ આવેલી દિવાલની પાસે પાસે અશ્વને ચલાવીને તેણે જોઇ લીધું કે પિતા પુત્ર બન્ને મહારાજાની કપટજાળમાં બરાબર સપડાઇ ગયા છે !

પ્રકરણ ૨ જું.

ઉપકારનો બદલો !

એ પિતા અને પુત્ર, ત્રિભુવનપાળ અને તેનો સૌથી નાનો પુત્ર કુમારપાળ હતો. ત્રિભુવનપાળ અત્યારે પોણોસો વર્ષની વયે પહોંચ્યો હતો અને કુમારપાળની વય ચાળીસ–બેંતાળીસ વર્ષની હતી. તેના મોટા ભાઇઓમાં સૌથી મોટો મહીપાળ હતો જેને પચાસ વર્ષ થયાં હતાં અને તેનાથી નાનો કીર્તિપાળ મહીપાળથી માત્ર બે વર્ષે નાનો હતો. કુમારપાળે અશ્વ ઉપરથી નીચે ઉતરીને પિતાની પાસે આવી સઘળી વસ્તુસ્થિતિનું નિવેદન કર્યું. ત્રિભુવનપાળ એ સાંભળીને આભો બન્યો અને જાણે કે કુમારપાળ કાંઇ મૂર્ખાઇભર્યું બોલતો હોયની એમ માનીને ઉઠયો. તેણે અશ્વ ઉપર ચડીને પોતાની મેળે આસપાસનું સઘળું દશ્ય જોયું અને તેની પણ ખાત્રી થઇ કે સિદ્ધરાજ પોતાની સાથે દગો રમ્યો છે !

ત્રિભુવનપાળ વૃદ્ધ હતો અને વૃદ્ધાવસ્થાનું સૂચન કરતી કરચોલીઓ તેના આખા શરીરપર હતી તથા પહેલાં કરતાં કૌવત પણ હવે કાંઇક કમી થતું જતું હતું, છતાં વિચારોની તીવ્રતા અને સ્વભાવની ઉન્મત્તતા તો જુવાનીના જેવી જ હજી ટકી રહીં હતી. જ્યારે તેનાં નેત્રો ક્રોધ અને શૌર્યથી લાલ થઈ જતાં ત્યારે તેનું શરીર એકદમ કમ્પી ઉઠતું અને મૂછ તથા ચોભીયાંના સફેદ વાળ ઉપર વારંવાર તેના જમણા હાથની આંગળીઓ ચાવીને આમથી તેમ ફરવા લાગતી ! તે સમયે તેના શરીરના કમ્પને કોઇ ભૂલથી વૃદ્ધાવસ્થાનો કમ્પ સમજતું તો તત્ક્ષણ તેની તે ભૂલ ભાગી જતી કારણકે ત્રિભુવનપાળનો ક્રોધ કદાપિ નિષ્ફળ જતો જ નહિ

અને તેનું કાંઇ ને કાંઇ પરિણામ અવશ્ય તુરતમાં જ આવતું. સિદ્ધરાજનો આ ભયાનક કપટાચાર જાણીને ત્રિભુવનપાળની આંખોમાંથી અગ્નિકણો વરસવા લાગ્યાં. ભૂતકાળના અનેક પ્રસંગોનાં સ્મરણોએ ત્રિભુવનપાળને ઘેલો બનાવ્યો અને તેણે કુમારપાળની પાસે આવીને કહ્યું: "કાંઇ ફીકર નહિ! સિદ્ધરાજનું બાયલાપણું હું સમજ્યો છું. જુવાનીમાં મને તેણે છેડયો નહિ પણ મારી વૃદ્ધાવસ્થામાં મને છેડીને હવે તે પોતાને વિશેષ પરાક્રમી મનાવવા ચાહે છે; પણ કાંઇ જ ફીકર કરવાની નથી. દેવપ્રસાદના પુત્ર ઉપર હાથ ઉગામવો કેટલો ભારે છે એ તેને હું આજે બરાબર બતાવી આપીશ."

"પણ મહારાજા શા હેતુથી આ કપટ રમ્યા છે તે કાંઇ સમજાય છે?" કુમારપાળે પૂછ્યું.

"હા, સમજાય છે. તારી સાથે મને બોલાવ્યો છે તે ઉપરથી હવે મને ખરૂં સમજાય છે. તારા જન્માક્ષરમાં ગુજરાતનું રાજ્ય લખ્યું છે તે મહારાજા જાણે છે અને વળી હવે મને સાંભર્યું કે આઠેક દિવસ અગાઉ કાન્યકુબ્જના એક જોશીને બોલાવીને મહારાજે પોતાની જન્મકુંડળી બતાવી હતી."

કુમારપાળ ગુપચુપ ઉભો રહ્યો. ત્રિભુવનપાળ આગળ બોલ્યો: "એ દુષ્ટ સિદ્ધરાજ એના મનમાં શું સમજતો હશે? ગુજરાતની ગાદીએ બેસવાનો જો ત્રિભુવનપાળે નિશ્ચય કર્યો હોત, તો કોનું ગજું હતું કે તેની સામે ચૂં કે ચાં કરી શકે? મહારાજા કર્ણદેવ મરણ પામ્યા ત્યારે જો આ ત્રિભુવનપાળ ન હોત તો એ સિદ્ધરાજનો કે તેની મા મિનળદેવીનો શો આશરો હતો? ઘડીના છઠ્ઠા ભાગમાં તેમને એક ફૂંક મારીને ઉડાડી મેલવાનું સામર્થ્ય તે વખતે મારામાં હતું અને જો મેં ઇચ્છા રાખી હોત તો ગુજરાતની ગાદી મને વરી ચૂકી હોત; પરન્તુ તે વખતે મને એ બાળકની અને રાજ્યમુકુટ તથા અધિકારને માટે ફાંફાં મારતી એની માતાની ખુશામતભરી કાકલુદીથી દયા આવી અને ગુજરાતના વીરોએ મને સોંપવા ઇચ્છેલી ગુજરાતની ગાદીનું મેં તેને દાન કર્યું; આજે તે જ હરામખોરે મને સપડાવ્યો છે!" ત્રિભુવનપાળ ક્રોધ અને તિરસ્કારથી હસ્યો.

કુમારપાળ આસ્તેથી બોલ્યો: "ત્યારે હવે આપણે બન્નેએ મહારાજની સેના સામે લડીને પ્રાણ અર્પવાના છે?"

"હા; બીજું કાંઇ કરવાનું નથી. સિદ્ધરાજ અહીં જરૂર આવશે અને હું તેની છાતીમાં માથું મારીને મરીશ; પણ જો તે અહીં ન આવે,

તો જીવતા રહીને તેની સામે જઇ તેને બે શબ્દો કહ્યા પછી મરવાનું આવે તો સારૂં, એવી મારી ઇચ્છા છે." ત્રિભુવનપાળે જણાવ્યું.

કુમારપાળ જરા વાર વિચાર કરીને બોલ્યોઃ "મારો વિચાર કાંઇક જૂદો છે. તમે વેશ બદલાવીને અહીંથી નીકળી જાઓ. લશ્કર હજી કાંઇક દૂર પડયું છે અને ચારે બાજુએ અંધકાર છે. દ્રોહી પૂજારીને સૌથી પહેલાં યમદ્વાર પહોંચાડી દઇએ અને તેનાં કપડાં પહેરીને તમે છટકી જાઓ."

ત્રિભુવનપાળે કસાણું મ્હોં કરીને કહ્યુંઃ "ના, ના, બ્રહ્મહત્યા તો ન કરવી. ગમે તેવું સંકટ આવી પડે તોપણ શું થઇ ગયું ? તે બિચારાએ રાજાની આજ્ઞા માત્ર પાળી છે." છેવટે વૃદ્ધ ક્ષત્રિયનો ઉદાર ભાવ ઉપર તરી આવ્યો.

"તો ભલે એમ. એને મારી નહિ નાંખીએ, પણ એક વાર તેને કેદ કરવો જોઇશે. નહિતો તે દ્વાર ખોલીને બહારનાં માણસોને અંદર આવવા દેશે." કુમારપાળે જણાવ્યું.

"પણ હું અહીંથી છટકી જઉં ? તેમ કદી બનવાનું નથી. હું તો સિદ્ધરાજના રાજમુકુટ ઉપર મારૂં લોહી છાંટીને તેને એવો શાપ આપવાનો છું કે જેથી એક રાજભક્ત નિર્દોષ આપ્તજનનો પ્રાણ લેવાનું કાર્ય જીવતાં સુધી તેને સાંભરે."

"ત્યારે તમે કેવી ગોઠવણ સૂચવો છો ?"

"તું હરકોઇ રીતે છૂટી જા અને દધિસ્થળી જઇ પહોંચી ત્યાંના માણસોને સાવચેત કર. સિદ્ધરાજ વિચક્ષણ પુરૂષ છે; તે આપણું એકલાનું જ નહિ પણ આપણા બધા પરિવારનું કદાચ નિકંદન કરવા ઇચ્છતો હશે એવું હવે મને સૂઝે છે."

કુમારપાળના ધ્યાનમાં એ વાત આવી ગઇ. તે બોલ્યોઃ "એમ બનવું સંભવિત છે. પરન્તુ તે સાથે હું એક બીજી ગોઠવણ ધારૂં છું. હું દધિસ્થળી જઇ પહોંચું અને ત્યાં લશ્કરની તૈયારી કરીને જેટલાં માણસોની ગોઠવણ કરી શકાય તેટલાં માણસો સાથે તાબડતોબ પાછો અહીં આવી પહોંચું. તેટલો વખત આપ પૂજારીને બાંધી રાખજો અને શિવાલયનાં બન્ને દ્વાર બંધ રાખી રહેજો."

ત્રિભુવનપાળ હસ્યો અને બોલ્યોઃ "એટલે શું તું મને છોડાવવાને લશ્કર લઇને રાતોરાત પાછો અહીં ફરીશ ?"

"હા." કુમારપાળે જવાબ આપ્યો.

"માર્ગમાં કેટલાં વિઘ્નો સિદ્ધરાજે તૈયાર રાખ્યાં હશે તેની કાંઇ કલ્પના આવે છે?" ત્રિભુવનપાળે પૂછ્યું.

"ગમે તેટલાં વિઘ્નો હોય, તોપણ શું થઇ ગયું? હું એ સઘળાં વિઘ્નોને પાર કરીશ તે તમે જોઇ લેજો." કુમારપાળે દૃઢતાથી જણાવ્યું.

"વાહ! હવે તું દેવપ્રસાદનો પૌત્ર ખરો! પરન્તુ જો હું જીવતો રહીશ તો તારી એ ચતુરાઇ હું જોઇશ. હવે જા, વિજયી થા. મોડું ન કર." ત્રિભુવનપાળે આજ્ઞા આપી: "પણ રહે, તું અહીંથી કેવી રીતે નીકળવા ધારે છે?"

"તેની આપ ચિંતા ન કરો. હું કેવી રીતે નીકળું છું તે જોવું હોય તો ચાલો." એમ કહી કુમારપાળ આગળ થયો અને ત્રિભુવનપાળ પાછળ ચાલ્યો.

શિવાલયનો પૂજારી પોતાની ઓરડીમાં નિર્ભય સૂતો હતો. ધાંટાધાંટ કરીને તેને જગાડવાનો યત્ન કુમારપાળે કર્યો નહિ. તે લાગલો જ એક વૃક્ષ ઉપર ચડીને ઓરડીના છાપરા ઉપર ઉતર્યો અને એક ઠેકાણેથી નળીયાં ઉખેડી નાંખીને છાપરૂં તોડી અંદર કૂદી પડચો. ખરી રીતે પૂજારી જાગતો જ સૂતો હતો. તે બ્હેબાકળો ઉઠચો. કુમારપાળે તેની ગરદન પકડી અને ધીમેથી પણ પુરતા જુસ્સાથી કહ્યું: "મહારાજ! ત્રિભુવનપાળના પુત્રની પાસે તમારી લુચ્ચાઇ ચાલી શકવાની નથી, માટે જલ્દી દરવાજાની ચાવીઓ આપી દો, નહિતો ક્ષત્રિયને હાથે બ્રહ્મહત્યા થશે."

પૂજારીની ગરદન ઉપર કુમારપાળનો હાથ પડચો ત્યારથી જ તેનાં મોતીયાં મરી ગયાં હતાં. તે હાથ જોડીને બોલ્યો: "મહારાજ! ચાવીઓ આપું છું, પણ મને મારશો નહિ." તુરત જ તેણે દરવાજાની ચાવીઓ આપી. જાળીની અંદરથી તાળું વાસેલું હતું તેની ચાવી પણ તે ઝુમખામાં જ હતી. ચાવીઓ કબ્જામાં લઇને કુમારપાળે પૂછ્યું: "હવે બોલો, અમને કેદ કરવાની આજ્ઞા તમને કોણે આપી હતી?"

"મહારાજ! અન્નદાતા! આ ગરીબ બ્રાહ્મણને ક્ષમા કરો. તે મારાથી કહી શકાશે નહિ! તેથી તો મારૂં મોત ઉભું થાય." પૂજારી ભયથી થરથરતો બોલ્યો.

"તે મોત જરા દૂર છે, પણ આ મોત નજીક છે—આ ક્ષણે છે, માટે ખરી વાત માની જવામાં જ તમારો લાભ છે." એમ કહી કુમારપાળે તલ્વારપર હાથ નાંખ્યો અને બ્રાહ્મણ ભયથી કંપી ઉઠચો.

તે બોલ્યો: " કૃપાવંત ! ખરૂં કહું તો મહારાજની આજ્ઞાથી કરણુ-દાન ગઢવી મારી પાસે આવ્યો હતો અને મને સઘળું સમજાવ્યું હતું."

" શું સમજાવ્યું હતું ? " કુમારપાળે પ્રશ્ન કર્યો.

" તેણે એમ સમજાવ્યું હતું કે આપને અને આપના પિતાને અહીં કેદ કરવા છે માટે મારે શિવાલયના કોટનાં બન્ને દ્વારો બંધ કરીને ચાવીઓ મારી પાસે રાખવી અને કોઇ માંગે તો આપવી નહિ. મહારાજનું લશ્કર કેટલેક દૂર બહાર ઉભું રહે અને જ્યારે મારી ઓરડી ઉપર પથ્થર પડવા લાગે ત્યારે દ્વાર ઉઘાડવાની નિશાની થએલી સમજીને મારે દ્વાર ઉઘાડી લશ્કરને દાખલ કરવું."

" મહારાજા તે સાથે આવવાના છે કે નહિ ? "

" તે હું જાણુતો નથી મહારાજ ! ગઢવી મને જેટલું કહી ગયો હતો તેટલું મેં આપને કહ્યું." પૂજારી બોલ્યો.

કુમારપાળે ક્ષણભર એ વિષે વિચાર કર્યો અને તુરત જ પૂજારી પાસે તેનાં કપડાં માંગ્યા. ભય પામેલા પૂજારીથી ના કહી શકાય તેમ હતું જ નહિ. તેણે એક ધોતીઉં, બંડી અને માથે કાન ઢંકાય તેવી ટોપી, રૂદ્રાક્ષની માળા તથા એક દોરીલોટો આપ્યાં. કુમારપાળે તે સઘળું લઇને પોતાના શરીર ઉપર ધારણ કરી લીધું. કટાર, જમૈયો વગેરે શસ્ત્રો કપડાંની અંદર છુપાવી દીધાં. કટારનું સોનાનું મ્યાન બ્રાહ્મણને આપતાં કહ્યું: " લ્યો આ તમારાં કપડાંની કીંમત ! "

પૂજારી બોલ્યો: " નહિ મહારાજ ! મને તેની કીંમત જોઇતી નથી. મારાં કપડાં કરતાં આ સોનાના મ્યાનની કીંમત અનેકગણી વધારે હશે, હું તે લઇને શું કરૂં ? "

કુમારપાળ બોલ્યો: " મને અત્યારે એ વસ્ત્રોની જરૂર છે અને બ્રાહ્મણનાં વસ્ત્રો હું મુફત નહિ લઉં; માટે હું જે આપું છું તે લઇ લો." એમ કહી તેણે મ્યાન બ્રાહ્મણના હાથમાં મેલ્યું અને પોતે જાળીનાં દ્વાર ઉઘાડી બહાર નીકળ્યો. જાળીના બારણાને અંદરથી જે તાળું લગાવ્યું હતું તે જ તેણે બહાર લગાવીને પૂજારીને તેમાં કેદ કર્યો અને પછી પોતે પિતાને મળ્યો. પૂજારી પાસેથી મળેલી સઘળી હકીકત તેણે પિતાને નિવેદન કરી. ત્રિભુવનપાળે ક્રોધ અને તિરસ્કારની મિશ્રિત લાગણી સાથે તે શ્રવણ કરી અને પછી કહ્યું: " ઠીક છે ! આપણું અનુમાન ખરૂં છે. ખુદ મહારાજનું જ આ કાવતરૂં છે. હુ તે સૌને પહોંચીશ; તું જા ! આ વેશ લીધો તે વાત મને ન ગમી."

"કેમ વારૂ ?"

"આપણી ક્ષત્રીવટને એટલી હીણપત લગાડી કહેવાય."

"પણ જ્યારે અનેક શત્રુની સામે બચાવ કરવો હોય ત્યારે કપટનો આશ્રય લેવો એમાં કાંઇ ખોટું નહિ." કુમારપાળે સામી દલીલ કરી.

"તે હું સમજ્યો. એ વાણીયાશાઇ નીતિનો પ્રચાર ગુજરાતમાં થતો જાય છે અને ક્ષત્રિયો પણ તે ગ્રહણ કરવા લાગ્યા છે તે મારા ધ્યાનની બહાર નથી; પણ હશે, હવે તું જા. તેમાં તારો કાંઇ દોષ નથી, માત્ર કાળનો દોષ છે."

પિતાની આજ્ઞાને માન્ય કરી કુમારપાળ કોટની પાછલી બારી પાસે આવ્યો. ચાવીવડે દ્વાર ઉઘાડીને ચાવીઓ તથા તાળું પાછાં પિતાને સોંપ્યાં. ત્રિભુવનપાળે પુનઃ દ્વાર બંધ કર્યું અને કહ્યું: "સંભાળીને જજે. માર્ગમાંથી ગમે તેમ કરીને ઘોડો મેળવી લેજે."

કુમારપાળે બહાર નીકળીને અંધારામાં ઉભા ઉભા ચોમેર દૃષ્ટિ કરી. લશ્કરની નાની નાની ટુકડીઓ થોડે થોડે દૂર પડેલી–અંધારામાં વૃક્ષોનાં નાનાં નાનાં ઝુંડના જેવી દેખાતી હતી. નજીકમાં તાપણાં સળગતાં હતાં તેના પ્રકાશમાં જોઇ શકાતું હતું કે એ ઘોડા તથા પાયદળ લશ્કર જ છે અને ઝાડવાં નથી. કુમારપાળ તે જોઇને મનમાં હસ્યો અને બડબડયો: "અહો ! એક ત્રિભુવનપાળ અને તેના પુત્રને પકડી કેદ કરવા માટે આટલું બધું લશ્કર અને આવડી મોટી તૈયારી !!"

કુમારપાળ જરા આગળ ચાલ્યો અને જમીનપર સુઇ કાન દઇ સાંભળવા લાગ્યો. સર્વત્ર શાન્તિ વ્યાપી રહી હતી. કશો અવાજ સંભળાયો નહિ. દૂરથી ઘોડા આવતા હોય તો તેમનો પદપ્રહાર એવી રીતે સાંભળી શકાય પરન્તુ તેવું કશું કુમારપાળના સાંભળવામાં આવ્યું નહિ. પુનઃ તે ઉઠયો અને આગળ ચાલ્યો. થોડે દૂર જતાં એક વૃક્ષ ઉપરથી અવાજ આવ્યો: "કોણ જાય છે એ ?"

કુમારપાળે સ્વર બદલાવ્યો અને ઉત્તર આપ્યો: "એ તો હું છું, શિવાલયનો પૂજારી છું."

"કોણ સોમેશ્વર ? અત્યારે કેમ બહાર નીકળ્યા છો ? તમને સોંપેલું કામ–"

કુમારપાળ વચમાં બોલ્યો: "જી હા, હું તે જાણું છું અને તે કામની ચિંતા માટે જ બહાર નીકળ્યો છું. વખત તો વીતી ગયો છતાં હજી કોઇ કેમ ન આવ્યું તેની તપાસ કરવા માટે જરા આગળ જઉં છું. કોઇ રખેવાળને પૂછું કે મોડું થવાનું કારણ શું ?"

ઝાડ ઉપરથી ઉત્તર મળ્યોઃ "હા, ધાર્યા કરતાં મોડું તો થયું છે ખરૂં. ઠીક, કોઇને પૂછી આવો; પણ અંદરથી બરાબર જાપતો રાખ્યો છે ને ?"

"હા, તેમાં મને કાંઇ જ કહેવું પડે નહિ." એમ કહી કુમારપાળ આગળ ચાલ્યો. થોડે દૂર જઇને તેણે પોતાનો માર્ગ બદલાવ્યો. ચોતરફ અંધકાર વિસ્તરી રહ્યો હતો છતાં તારાઓનું ઝાંખું અજવાળું માર્ગદર્શક થઇ પડતું. થોડે દૂર ધીમે પગલે જઇને પછી તે ઉતાવળો ચાલ્યો.

કુમારપાળ ગયો એટલે ત્રિભુવનપાળ ક્રોધથી ફફડતો બેઠો. ઘણી વાર સુધી તેણે રાહ જોઇ પણ કશો નવો બનાવ બન્યો નહિ. છેવટે બેસી રહેવાથી થાકીને તે શિવાલયમાં જઇને સૂતો અને દ્વાર બંધ કર્યાં. ઉંઘ ન આવી, પણ તે જાગતો પડયો રહ્યો. ભૂત અને વર્તમાનના અનેક વિચારો તેના મગજમાં ઘોળાયા કર્યા. સિદ્ધરાજની કૃતઘ્નતા ઉપર તે પુનઃ પુનઃ દાંત કચકચાવતો હતો.

એ જ શાન્ત સ્થિતિમાં મધરાત વીતી ગઇ અને રાત્રિના ત્રીજા પ્રહરનો અમલ ચાલુ થયો. એકાએક એક મોટો પત્થર જોરથી આવીને શિવાલયના ઘુમ્મટ ઉપર અથડાયો કે તુરત જ ત્રિભુવનપાળ બેઠો થયો. તેણે કાન માંડયા પણ બીજો કાંઇ ઘોંઘાટ સંભળાયો નહિ, પણ એટલામાં એક પછી એક બે-ત્રણ પત્થર શિવાલયની બાજુની પરશાળ ઉપર આવીને પડયા. પત્થર બહુ જોરથી પડતા હતા, તે ઉપરથી ત્રિભુવનપાળે અનુમાન કર્યું કે ગોફણનો ઉપયોગ કરવામાં આવતો હોવો જોઇએ. એવી જ રીતે દશ-બાર પત્થર શિવાલય ઉપર, ચોકમાં અને પરશાળપર આવીને પડયા, પછી પુનઃ શાન્તિ વ્યાપી. ત્રિભુવનપાળ શિવાલયના ગર્ભદ્વારમાંથી બહાર નીકળીને ઓટલાપર આવીને ઉભો.

એકાદ બે ઘટિકા શાન્તિમાં વ્યાપી ગયા પછી શિવાલયના કોટના મુખ્ય દ્વાર પાસે કાંઇ ખળભળાટ થતો ત્રિભુવનપાળના સાંભળવામાં આવ્યો. તે સમજ્યો કે હિતશત્રુઓ આવી પહોંચ્યા છે. તે તુરત જ પોતાનાં હથીયારો સંભાળતો તે દ્વાર તરફ ધીમે પગલે ચાલ્યો. વીસ પચીસ માણસોનો પગરવ થતો હોય એવું તેણે અનુમાન કર્યું. તે ગુપચુપ ઉભો રહ્યો, એટલામાં બહારથી સ્વર સંભળાયો: "આટલા બધા પત્થર નાંખ્યા, તોએ પૂજારી ઉંઘતો હશે કે શું ?"

ત્રિભુવનપાળે સ્વર ઓળખ્યો. તે ગઢવી કરણદાનનો જ સ્વર હતો. તેણે દાંત પીસ્યા. એટલામાં આગળ વાતચીત સંભળાઇઃ "કદાચ પત્થર બરાબર તેની ઓરડીના છાપરા ઉપર નહિ પડયા હોય."

"પણ તેથી શું થયું? ગોફણથી મોટા પત્થર ફેંકાય તો ગમે તેટલા દૂર સૂતા હોઇએ, તોપણ જાગી જવાય! પૂજારી કોઇ મોટો અઘોરી હોય એમ લાગે છે. ચાલો, બરાબર તેની ઓરડી ઉપર થોડા પત્થર ફેંકો."

તુરતજ બે ચાર માણસોએ ઓરડીના છાપરા ઉપર પડે એવી રીતે કેટલાક પત્થર અને ઇંટાળા ફેંક્યા. વળી થોડી વાર રાહ જોઇ, પણ દ્વાર ઉઘડયું નહિ. કોઇએ કહ્યું: "પણ ગઢવી! પૂજારીને આ બારણું ઉઘાડવાનું કહ્યું હતું કે પાછળનું નાનું બારણું?"

ગઢવી કાંઇક જુસ્સાથી રોષમાં બોલ્યો: "આ બારણું જ ઉઘાડવાનું કહ્યું હતું અને તેને બરાબર સમજાવ્યું હતું."

"ત્યારે પૂજારી કદાચ જૂદી રીતે સમજ્યો હશે, માટે ચાલો પાછળને બારણે તજવીજ કરીએ; કદાચ તેણે એ જ બારણું ઉઘાડયું હશે."

સૌ પાછળને બારણે ગયા. ત્રિભુવનપાળ મૂછમાં હસ્યો અને દ્વારપરથી પાછો શિવાલયના ઓટલાપર આવીને ઉભો અને મનમાં બોલ્યો: "સાબાશ છે, કુમારપાળ! તારી યુક્તિને!"

પાછળને બારણે થોડી વાર અવાજ સંભળાયો પણ તે ઉઘડયું નહિ. ગઢવી પૂજારી ઉપર બહુ ગુસ્સે થયો અને હવે શું કરવું તે માટે મુંઝાયો. એટલામાં પાસેના ઝાડ ઉપરથી એક માણસ ઉતરીને ત્યાં આવ્યો. તે બોલ્યો: "પૂજારી સોમેશ્વર તો બહાર ગયો છે તે પાછો આવ્યો જ નથી!"

ગઢવી ચમકયો. તેણે પૂછ્યું: "શામાટે બહાર ગયો છે?"

"શામાટે મોડું થયું છતાં કોઇ ન આવ્યું તેની તપાસ કરવાને તે તમારી તરફ ગયો હતો, પણ તે પાછો આવ્યો નથી!"

"અમારી પાસે તો કોઇ જ આવ્યું નથી!" ગઢવી આશ્ચર્ય પામતાં બોલ્યો: "તું બરાબર કહે છે કે એ સોમેશ્વર જ હતો?"

"હા, મેં તેનાં લુગડાં બરાબર ઓળખ્યાં."

ગઢવી વિચારમાં પડી ગયો. સ્વલ્પ સમય તે કિંકર્તવ્યવિમૂઢ બનીને ઉભો, એટલામાં અંધાર પિછોડી ઓઢીને બે જણ ત્યાં આવ્યા. તેમાંનો એક સિદ્ધરાજ અને બીજો તેનો માનીતો સામંત ગજસિંહ હતો. ગઢવીએ સિદ્ધરાજને નમન કરીને કહ્યું: "મહારાજ! આપણો રખેવાળ કહે છે કે સોમેશ્વર બહાર ગયો છે તે પાછો આવ્યો નથી."

સિદ્ધરાજ બોલ્યો: "પણ સોમેશ્વરનું શું કામ છે? તમે સૌ અંદર પેસો."

"દ્વાર અંદરથી બંધ છે: મુખ્ય દ્વાર પણ બંધ છે."

"થઇ ચૂક્યું. શત્રુ આપણી યુક્તિ સમજી ગયો છે; નહિતો સોમેશ્વર બહાર ગયા પછી અંદરથી દ્વાર બીજું કોણ બંધ કરે ?" સિદ્ધરાજે જણાવ્યું.

ગઢવીએ કિંચિત્ કંપ અનુભવ્યો. તે બોલ્યોઃ "ત્યારે હવે શી આજ્ઞા છે ?"

"કોટ ઉપર થઇને એક જણ અંદર પ્રવેશ કરો અને દ્વાર ઉઘાડી નાંખો." સિદ્ધરાજે કહ્યું. તુરત જ બે ત્રણ જણ "હું જઉં છું," "ચાલો, હું ઉપર ચઢું છું" એમ કહેતા આગળ ધસી આવ્યા. એકના ખભા ઉપર ચડીને બીજો દિવાલ ઉપર ચડયો અને જ્યાં અંદર ઉતરવા જાય છે, ત્યાં સણુસણાટ કરતું એક તીર આવીને તેના કાળજામાં પેઠું અને કોટની બહાર તે પછડાઇ પડયો !

અંદર પેસવાની આ યુક્તિ સિદ્ધરાજને હવે બરાબર લાગી નહિ. તેણે શિવાલયનું દ્વાર તોડી નાંખવાની જ આજ્ઞા આપી. શિ
છળ આવેલું નાનું બારણું બરાબર મજબૂત નહોતું તેથી તેને તોડી નાંખતાં બહુ વાર થઇ નહિ. દ્વાર તૂટતાં જ સઘળા સૈનિકો એકદમ માંહે ધસી ગયા. સિદ્ધરાજ અને ગજસિંહ બહાર ઉભા રહ્યા. સૈનિકોને પોતાના શત્રુની શોધ કરવામાં કાંઇ મુશ્કેલી નડી નહિ. સામે શિવાલયના ઓટલા ઉપર જ અંધકારમાં ફરકતી લાંબી સફેદ મૂછોવાળો ત્રિભુવનપાળ હાથમાં નાગી તલવાર સાથે ઉભો હતો !

ગઢવી તેને એવી અડગ રીતે સાવધ બનીને ઉભેલો જોઇને જરા રહે ખાઇ ગયો ! તેની આંખો કુમારપાળને શોધવાને મથન કરવા લાગી પણ તે ક્યાંય જોવામાં આવ્યો નહિ. પોતાના સૈનિકોની સાથે તે એકદમ ત્રિભુવપાળની સામે ધસી ગયો અને શિવાલયના ઓટલા ઉપર ચડી ગયો. ત્રિભુવનપાળે જરા હાસ્ય કરીને કહ્યું: "રહે, રહે, કરણુદાન ! તું અહીં કેમ આવ્યો છે ?"

કરણુદાને જુસ્સાને જરા મર્યાદામાં દબાવી રાખ્યો અને કહ્યું: "તમારી મુલાકાતે જ."

"પણ મારી મુલાકાતે મહારાજા સિદ્ધરાજ આવવાના હતા તે ક્યાં છે ?"

"તેમણે મને મોકલ્યો છે—પોતે બજાવવાનું કામ મને બજાવવાનું ફરમાવ્યું છે."

૨

"તો આટલા બધા સૈનિકોની સાથે શામાટે આવ્યો છે ?" ત્રિભુવનપાળે હવે ખુલ્લો તિરસ્કાર દર્શાવતાં ઉશ્કેરાઇને કહ્યું: "તું જુવાન છે અને હું વૃદ્ધ છું, ચાલો આપણે લડીએ અને જગતને બતાવી આપીએ કે કોની માની શેર સુંઠ ખાધી હતી !"

"કાકા ! મહારાજે મને લડવા મોકલ્યો નથી, પરન્તુ તમને અને કુમારપાળને દેહાંતદંડ કરીને તેનો અમલ કરવા સારૂ મોકલ્યો છે."

"અમને દેહાંતદંડ ? અમારો કાંઇ દોષ ?"

"તે મહારાજ જાણે."

"તો મહારાજને જ પોતાની આજ્ઞાનો અમલ કરવા સારૂ હાથમાં તલવાર આપીને મોકલ. તેમની પાસેથી હું અને મારો પુત્ર અમારો દોષ સાંભળીશું અને જો તે ખરો હશે તો શિર ઝુકાવીને તેમની તલવારની નીચે ઉભા રહીશું." ત્રિભુવનપાળે ઉત્તર આપ્યો.

"મારે કાંઇ એવા સવાલ જવાબ કરવાના નથી. હું તો મહારાજાની આજ્ઞાનો અમલ કરીશ." કુરણદાન બોલ્યો.

"અમલ કરીશ ?" એ પ્રમાણે ગુસ્સાથી સામું બોલતાં જ ત્રિભુવનપાળે ગઢવીને જોરથી ધક્કો માર્યો અને ગઢવી એ ઉંચા ઓટલાપરથી ભોંયપર પછડાયો. તે જ ક્ષણે ત્રિભુવનપાળ ઉપર એકીસામટી વીસ તલવારો ઉંચકાઇ ! ત્રિભુવનપાળ અસાવધ નહોતો. પોતાની સામે આવનાર એક સૈનિકના ખભા ઉપર એણે એવા જોરથી તલવાર મારી કે તે ઉભો ચીરાઇ ગયો અને નીચે પડચો. બીજે હાથે ભેઠમાંથી કટાર ખેંચી કાઢીને પોતાની બાજુ તલવાર ઉગામી ચૂકેલા એક સૈનિકના પેટમાં ઘેંચી દીધી. ત્રીજાના માથા ઉપર તેની તલવારનો ઝટકો પડચો, તે સાથે તેની પોતાની પીઠ ઉપર પણ તલવારનો ઘા પડચો. પરન્તુ આ વખતે તેને તે ઘાનું ભાન નહોતું. તે મરણીયો થઇને શત્રુની સામે ઝઝૂમી રહ્યો હતો. જોકે સઘળા સૈનિકોના હાથમાં તલવારો ચમકતી હતી, તોપણ સઘળા મરી જવાને તૈયાર નહોતા—ધૈર્યશીલ નહોતા. બે ચાર જણા ખુલ્લી તલવારો સાથે દૂર ઉભા રહીને આમ તેમ ઝરતા હતા અને જાણેકે ત્રિભુવનપાળ ઉપર તલવારનો ઝટકો મારવાને યત્ન કરતા હોય તેવી રીતે પેંતરા ભરતા હતા. બીજાઓ તેને ઘેરી વળીને શસ્ત્રપ્રહાર કરતા હતા, પરન્તુ ત્રિભુવનપાળ તેમને ફાવવા દેતો નહિ. તે શિવાલયના ગભારામાં આમથી તેમ તલવાર ફેરવતો અને લાગમાં આવે તેને કાપી નાંખતો ઘુમી રહ્યો હતો. છેવટે આઠ જણાને યમદ્વાર પહોંચાડચા

એટલે તે થાક્યો ! તેના સઘળા અવયવોમાં નાના મોટા ઘા વાગી ચૂક્યા હતા અને તેમાંથી પુષ્કળ લોહી વહી જતું હતું. હવે વધારે શ્રમ વેઠવાને એ વૃદ્ધ શરીર ટકી રહે તેમ નહોતું. જોકે હજી ત્રિભુવનપાળ શત્રુથી પોતાનો બચાવ કરવાને પૂરો સાવધ હતો, તોપણ હવે તેને લાગ્યું કે વધારે વખત ટકાવ કરી શકાશે નહિ. એટલામાં પોતાના મરતા સૈનિકોની ગભરાટની ચીસો સાંભળીને સિદ્ધરાજ અંદર આવી પહોંચ્યો અને તે ત્રિભુવનપાળની નજરે પડ્યો. તત્ક્ષણ તેનામાં એવડું જોર આવ્યું અને શિવાલયના ઉંચા ઓટલાપરથી કૂદીને–છેડાએલો સિંહ પોતાના શિકાર ઉપર ફાળ ભરે તેવી રીતે–સિદ્ધરાજ ઉપર પડ્યો. સિદ્ધરાજ સાવચેત બનીને તલવાર ખેંચતો પાછો હઠ્યો અને ત્રિભુવનપાળ તેની બરાબર સામે નીચે ઉભો. તે બોલ્યો: "ઓ કૃતઘ્ની રાજા ! શાને સૈનિકોનું લોહી રેડાવે છે ? ચાલ, આપણે બે લડીએ ! મહારાજા કર્ણદેવની ગાદીએ બેસવાનું જો ત્રિભુવનપાળે ઇચ્છયું હોત તો તું અત્યારે આ સ્થિતિએ ક્યાંથી હોત ? પરન્તુ તેનો ઇરાદો તારા ઉપર ઉપકાર કરીને ગુજરરાષ્ટ્રની શાંતિ–સમાધિને જાળવી રાખવાનો હતો ! તું મારો કટ્ટો વિરોધી હોવા છતાં મારૂં આખું જીવન મેં તારી બાજુએ ઉભા રહેવામાં–તને મદદ કરવામાં ગાળ્યું છે : તે સઘળા ઉપકારનો આ બદલો ? દુષ્ટ ! ધૂળ પડી તારા જીવનમાં ! એ તો પ્રભુએ ગુજરાત ઉપર મોટો ઉપકાર કર્યો છે કે તારી દુષ્ટતાનો વારસો મેળવનારો તારા લોહીથી ઉત્પન્ન થએલો પુત્ર તને પ્રભુએ આપ્યો નથી, નહિતો ભવિષ્યમાં તારો વંશજ આ દેશની પાયમાલી કરનારો નીવડત !"

સિદ્ધરાજ આ મ્હેણાથી બળીજળી રહ્યો. તે ગર્જના કરી ઉઠ્યો : "અરે ગઢવી ! આ નીચ હજુ કેમ જીવે છે ?" ગઢવીની કેવી દશા થઇ છે તે સિદ્ધરાજ જાણતો નહોતો.

ત્રિભુનપાળ જુસ્સાભેર સિદ્ધરાજની સામે ધસ્યો અને બોલ્યો : "ચાલ, તું જ મારા લોહીની અંજલિનો શાપ લ !" એમ બોલતાં ત્રિભુવનપાળ જરા આગળ વધ્યો. પોતાનું ઘવાએલું મસ્તક સિદ્ધરાજની છાતીમાં મારવાનો તેનો ઇરાદો હતો, પરન્તુ તે તેમ કરી શકે તે પહેલાં સામંત ગજસિંહની તલવાર ઉંચકાઇ અને ત્રિભુવનપાળનું મસ્તક સિદ્ધરાજના પગ આગળ પડ્યું.

પ્રકરણ ૩ જું.

કુમારપાળનું પરાક્રમ.

ત્રિભુવનપાળ મૂઓ એટલે તુરત જ સિદ્ધરાજના મુખમાંથી પ્રશ્ન નીકળ્યો: "હવે કુમારપાળ ક્યાં છે ?"

આ પ્રશ્નનો ઉત્તર કોઇ આપી શક્યું નહિ. કોઇને અત્યારસુધી કુમારપાળ સાંભર્યો જ નહોતો. હવે સૌનું ધ્યાન શિવાલય તરફ ખેંચાયું. સૌએ ધાર્યું કે તે શિવાલયમાં સંતાઇ રહ્યો હશે. સિદ્ધરાજ બોલ્યો: "શિવાલય તરફ શું જુઓ છો ? તે અહીં હોય તો અત્યારસુધી બહાર નીકળ્યા વિના રહે ? જરૂર તે છટકી ગયો હોવો જોઇએ !"

કોઇ કાંઇ બોલી શક્યું નહિ. શાંતિ પ્રસરી રહી. એટલામાં સૌને કાને પુજારીની બૂમ પડી. તે પોતાની જાળીમાં કેદ પુરાએલો ઉભો હતો અને ક્યારનોએ બૂમો પાડતો હતો, પરન્તુ ધમસાણમાં તેની બૂમ કોઇ સાંભળતું નહોતું, તે હવે સૌના સાંભળવામાં આવી. "ઓ મહારાજ ! અહીં આવો, અહીં આવો !" સૌ તે તરફ ગયા, તો પુજારીને કેદ પુરાએલો જોયો ! સૌને આશ્ચર્ય થયું. હવે ખરી વાત સૌના જાણવામાં આવી કે કુમારપાળ જ પુજારીનો વેશ પહેરીને નાસી ગયો હોવો જોઇએ. પુજારીએ જે વૃત્તાંત તે વખતે કહી સંભળાવ્યો તે ઉપરથી સૌની ખાત્રી થઇ કે એ નાસી છૂટ્યો છે. સિદ્ધરાજની આંખ ક્રોધથી વધારે લાલ થઇ. તે બોલ્યો: "એણે આપણને બરાબર થાપ આપી છે, પણ ફીકર નહિ; ગઢવી ક્યાં છે ?"

એક સૈનિકે કહ્યું: "ગઢવીને પછાડ વાગવાથી કળ ચડી છે અને ઉભા થવાની આય રહી નથી."

"ઠીક, ગજસિંહ ! પચાસ ઘોડેસ્વારો સાથે તમે દધિસ્થળી તરફ મારી સાથે ચાલો ! એ દુષ્ટ હજી માર્ગમાં હશે, અને તે ત્યાં પહોંચે, તે પહેલાં તેને પકડી પાડવો જોઇએ." સિદ્ધરાજે ફરમાવ્યું.

તુરત જ ગજસિંહમાં ચંચળતા આવી. તે આગળ થયો અને સૈનિકો તેની પાછળ ચાલ્યા. પચાસ ઘોડેસ્વારો લેવાને કાંઇ બહુ દૂર જવું પડે તેમ નહોતું. ત્રિભુવનપાળને શિવાલયમાં ઘેરવાને થોડે થોડે છેટે ઘોડેસ્વારોની ટુકડીઓ રાખવામાં આવી હતી તેનો તુરત જ ઉપયોગ કરી શકાય તેમ હતું. શિવાલયની બહાર નીકળીને સિદ્ધરાજ સૈનિકોની સાથે ઉભો અને ગજસિંહ એકલો દૂર અંધકારમાં અદૃશ્ય થયો. કેટલીક વારે સિદ્ધરાજની આજ્ઞા પ્રમાણે પચાસ અશ્વારોહી સૈનિકોની સાથે ગજસિંહ ત્યાં આવી

પહોંચ્યો. સિદ્ધરાજને માટે પણ એક ઘોડો તે લાવ્યો હતો. સિદ્ધરાજ તે ઉપર સ્વાર થયો અને એકદમ દધિસ્થળીને માર્ગે વિદાય થયો. બીજા સૈનિકોએ શિવાલયમાં ઘાયલ થઇને પડેલા સૈનિકોની તથા મરણ પામેલાના મૃતદેહોની યોગ્ય વ્યવસ્થા કરી.

કુમારપાળ બહુ દૂર પહોંચે તે પહેલાં તેને પકડી પાડવાને સિદ્ધરાજ ઉતાવળે આગળ વધ્યે જતો હતો. તે માનતો હતો કે કુમારપાળ બ્રાહ્મણને વેશે પગપાળો છટકી ગયો છે એટલે બહુ દૂર જઇ શક્યો નહિ હોય. રાતોરાત તેને પકડી પાડી, ઠાર કરીને પરોઢ થયા પહેલાં પાછા પાટણના રાજગઢમાં પેસી જવું એવો તેનો ઇરાદો હતો. માર્ગમાં જે કોઇ વટેમાર્ગુઓ કે ખેતરના રખેવાળો મળતા તેઓ સઘળાને પૂછવામાં આવતું કે "આગળ કોઇ બ્રાહ્મણ સામો મળ્યો ?" એ પ્રશ્નનો ઉત્તર સૌ તરફથી નકારમાં વાળવામાં આવતો. સિદ્ધરાજને એથી કાંઇક આશ્ચર્ય લાગતું, અને જ્યારે તેણે બળતી મશાલો સાથે ઘોડેસ્વારોના દાબડા પડતા દૂરથી સાંભળ્યા, ત્યારે તો તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ !

જેમ જેમ વખત જતો હતો તેમ તેમ એ દાબડા વધારે જોરથી પડતા અને નજીક આવતા સંભળાતા હતા. જાણે કોઇ લશ્કરી ટુકડી દોડતે ઘોડે સામે ધસી આવતી હોય એવું સિદ્ધરાજે જોયું અને તે વિચારમાં પડયો. તેણે પોતાના ઘોડેસ્વારોને ઉભા રાખ્યા અને આગન્તુક સૈન્ય તરફ તીવ્ર દૃષ્ટિથી જોઇને કહ્યું: "ગજસિંહ ! આ બળતી મશાલો સાથે ભૂતાવળ જેવું સામે આવતું શું જણાય છે ?"

ગજસિંહ બોલ્યો: "મહારાજ ! એ ભૂતાવળ ન હોય. જુઓને ઘોડાનાં પગલાં સંભળાય છે. જરૂર દધિસ્થળીથી ઘોડેસ્વાર લશ્કર આવતું હોય એમ લાગે છે !"

"શું કુમારપાળ એટલો ઉતાવળો દધિસ્થળી પહોંચી ગયો હશે કે જેથી તે પાછો લશ્કર લઇને પાટણની નજીક આવી પહોંચ્યો છે ?" સિદ્ધરાજે આશ્ચર્ય વ્યક્ત કરતાં પ્રશ્ન કર્યો.

"કોઇ સમજણ પડતી નથી !" ગજસિંહે જવાબ આપ્યો.

"પણ કુમારપાળ સિવાય બીજા કોઇનું લશ્કર નહિ હોય, એમ શા ઉપરથી કહી શકાય ?"

"બીજો કોઇ આપની સામે થવાની હામ બીડી શકે તેમ નથી. આપના પ્રતાપથી ચોર અને બ્હારવટીયા પણ દેશ મૂકીને નાસી ગયા છે, નહિતો અત્યારે કદાચ હું એમ માનત કે એ કોઇ બ્હારવટીઉ મંડળ હશે અને

કોઇ ગામડા ઉપર ધાડ પાડીને કે લૂંટ ચલાવીને જતું હશે." ગજસિંહે ખુશામતીઆનો પાઠ બરાબર રીતે ભજવ્યો.

"ઠીક, એ ગમે તેનું લશ્કર હોય, પણ આપણે હથિયાર સજ્જ કરીને સાવધ રહો." સિદ્ધરાજે આજ્ઞા કરી અને તે સાથે પચાસે ઘોડેસ્વારોએ પોતાની તલવારો મ્યાનમાંથી બહાર કાઢી અને આખું મંડળ આગળ નહિ વધતાં આગંતુક સૈન્યની રાહ જોતું ઉભું. પોતાની સાથે જેટલા માણુસો હતા તેના કરતાં આગંતુક સૈન્ય ઘંણું વધારે હતું એવું સિદ્ધરાજના લક્ષમાં તુરત આવી ગયું. મશાલોના અજવાળામાં તે સૈન્યના વિસ્તાર સંબંધે સહજ અનુમાન કરી શકાતું હતું. સિદ્ધરાજ તેથી ડર્યો નહિ, પણ તેને લાગ્યું કે એ સૈન્ય જો કુમારપાળનું જ હશે, તો સખ્ત કસોટીમાંથી પસાર થવું પડશે.

પરન્તુ વધારે રાહ જોવડાવ્યા વિના જ એ સૈન્ય નજીકમાં આવી પહોંચ્યું. સિદ્ધરાજે પોતાની સાથે અજવાળા માટે મશાલો જેવું કશું સાધન રાખ્યું નહોતું, તેથી અંધકારમાં એ મંડળને ગુપચુપ ઉભેલું જોઇને સામા લશ્કરમાંથી એક જણે હોકારો કર્યો અને પૂછ્યુંઃ "કોનાં ઘોડાં ઉભાં છે ?"

ગજસિંહે સામો ઉત્તર આપ્યોઃ "મહારાજા સિદ્ધરાજ જયસિંહનાં." તુરત જ સિદ્ધરાજની આજ્ઞાથી ગજસિંહે સવાલ કર્યોઃ "તમે કોણ છો ?"

"અમે કોણ છીએ તે હમણાં બતાવીએ છીએ." સામેથી ઉત્તર મળ્યો. એ ઉત્તરનો સ્વર સિદ્ધરાજે તુરત ઓળખી લીધો. એ સ્વર કુમારપાળનો હતો. સિદ્ધરાજે ગજસિંહને ધીમેથી કહ્યુંઃ "ગજસિંહ ! અત્યારે ખરેખરી કસોટીનો વખત આવ્યો છે. જેને આપણે મારવા જઇએ છીએ, તે જ આપણી સામે આપણાથી વધારે સૈનિકો લઇને સામે આવ્યો છે અને અહીં આપણે જેટલા આવ્યા છીએ તેટલા પાછા સલામત જવાના નથી."

"તેમાં શી ફીકર છે મહારાજ ? આપણી અને આપણા સૈનિકોના શૌર્યની ખરેખરી કસોટી તો આવે વખતે જ થાય છે. શત્રુ પાસે આપણા કરતાં વધારે માણસો છે, તેથી શું થઇ ગયું ? જુઓ તો, હમણાં તેઓની ઉપર તૂટી પડીને તેમને વિખેરી નાંખું છું !" ગજસિંહ બોલ્યો. કુમારપાળને આક્રમણ કરવાની તક મળે તે પહેલાં તો ગજસિંહે જ પોતાના સૈનિકોને શત્રુપર આક્રમણ કરવાની પરવાનગી આપી અને સૈનિકો ઘોડા દોડાવતા શત્રુની સામે ધસ્યા. સઘળા સારી પેઠે જાણતા હતા કે કુમારપાળને ઠાર કરવો એ જ આ આક્રમણનો હેતુ છે. સામા પક્ષના વધારે સૈ-

નિકો હોવાથી કદાચ પાછો પગ લેવો પડે એ સંભવિત હતું, પરન્તુ કુમારપાળને ઠાર કરવાનો હેતુ જો પાર ઉતરે તો મહારાજા પોતા ઉપર પ્રસન્ન થાય એવી કલ્પના પ્રત્યેક સૈનિકના મગજમાં આવી ચૂકી હતી.

સિદ્ધરાજના સૈનિકોને પોતા ઉપર ધસી આવેલા જોઇને કુમારપાળ તુરત સજ્જ થયો. તેણે પોતાના સૈનિકોને સાવધ કર્યા. જે જે સૈનિકોના હાથમાં મશાલો હતી તે તેમણે સઘળાએ ફેંકી દીધી અને કામઠાં ઉપર તીર ચડાવીને છોડયાં. બન્ને પક્ષો ભેટભેટા થાય, તે પહેલાં તો સિદ્ધરાજના સૈનિકો ઘવાયા. કુમારપાળ ખાસ લડવાને જ જતો હોવાથી તેના સૈનિકો પાસે શસ્ત્રાસ્ત્રની સઘળી તૈયારી હતી, ત્યારે સિદ્ધરાજ તો એકલા કુમારપાળને પકડવાને જ પચાસ સૈનિકો સાથે નીકળ્યો હોવાથી તલવાર અને ભાલાં સિવાય બીજાં કાંઇ હથિયારો સૈનિકો પાસે નહોતાં. આ ગેરલાભ હોવા છતાં સિદ્ધરાજના સૈનિકો પાછા હઠયા નહિ. તીક્ષ્ણ અણીવાળાં ભાલાં આગળ કરીને તેઓ આગળ ધસ્યા અને કુમારપાળના સૈનિકોની નજીક આવી પહોંચ્યા. કુમારપાળને પાછળ રાખીને તેનું બધું લશ્કર મોખરામાં ઉભું હતું તેથી આખું લશ્કર ભેદીને સિદ્ધરાજના સૈનિકો કુમારપાળ સુધી પહોંચી શકે તેમ નહોતું. વળી એ અંધકારમાં કુમારપાળને ઓળખી કાઢવો એ પણ મુશ્કેલ કાર્ય હતું. તારાઓના ઝાંખા અજવાળામાં અને બુઝાઇ જતી મશાલોના આછા પ્રકાશમાં બન્ને પક્ષના સૈનિકો વચ્ચે ભારે યુદ્ધ મચ્યું અને બન્ને પક્ષોમાં કેટલાક ઘવાયા તથા મૂઆ. સિદ્ધરાજના સૈનિકોએ એક વાર હલ્લો કર્યો તો ખરો, પરન્તુ તુરત જ તેઓ સમજ્યા કે એકેએક સૈનિકની ખાંભીઓ જ ત્યાં થવાની છે; છતાં તેઓ શરણે જવાને બદલે હિંમતથી લડયા અને મૂઆ. કેટલાક ઘવાઇને ઘોડાના પગ તળે છુંદાતા નીચે પડયા અને તુરત જ મરણ પામ્યા, ત્યારે કેટલાક ઘાયલ થવાથી બેભાન થઇને પડયા. ગજસિંહને પણ તલવારનો એક સખ્ત ઝટકો વાગ્યો કે તુરત જ તે છટકયો અને પોતાના સૈનિકોની દશા જોઇને ગભરાયો. કેટલેક દૂર એક વૃક્ષ તળે સિદ્ધરાજ ઉભો હતો તે તરફ તેણે પોતાનો ઘોડો દોડાવ્યો.

શત્રુનો એક સૈનિક છટકી જાય છે, એવું દૂર ઉભેલા કુમારપાળના જોવામાં આવ્યું. પોતાના બીજા સૈનિકોનું તે તરફ લક્ષ નથી, એવું જોઇને કુમારપાળે તુરત જ તેની પાછળ પોતાનો ઘોડો દોડાવ્યો. કુમારપાળને તે તરફ જતો જોઇને તેના પાંચ–સાત સૈનિકોએ પણ તેની સાથે પોતાના ઘોડાને દોડાવ્યા. ગજસિંહે સિદ્ધરાજની પાસે જઇને પોતાના સૈનિકોની સ્થિતિ

વિષે વાત કહી અને સિદ્ધરાજ ઠંડોગાર થઇ ગયો, પણ બીજી જ ક્ષણે તે સાવધ થયો. પાંચ સાત ઘોડેસ્વારોને પોતા તરફ આવતા તેણે જોયા અને બોલ્યો: " ગજસિંહ ! હવે શત્રુ આપણા પોતા ઉપર ધસી આવ્યો છે અને જો હવે અહીં વધારે વાર ઉભા રહીશું તો જીવના જઇશું."

ગજસિંહ તરફથી પ્રત્યુત્તર મળે તે પહેલાં તો તેણે પોતાના ઘોડાને એડી મારીને નસાડયો અને ગજસિંહ તેનો અનુગામી થયો. કુમારપાળે દૂરથી જોઇ લીધું કે વૃક્ષ તરફ એક સૈનિક ગયો અને પુનઃ ત્યાંથી બે સૈનિકો નીકળ્યા, માટે એ વધારાનો સૈનિક ખુદ સિદ્ધરાજ અથવાતો રાજ્યનો કોઈ મોટો સરદાર હોવો જોઇએ. તેણે પોતાના સૈનિકોની સાથે એ બન્ને જણની પૂંઠ પકડી.

પાટણનો કિલ્લો ત્યાંથી ત્રણ કોસ જેટલો દૂર હતો અને પાટણથી દધિસ્થળીનો આખો માર્ગ સરસ્વતી નદીને કિનારે કિનારે જતો હતો. કોઇ સ્થળે ચાલવાને માટે સારો માર્ગ મળતો ત્યારે કોઇ સ્થળે રેતાળ ભોં હોવાથી ઘોડાઓ બરાબર દોડી શકતા નહિ. આ કારણથી સિદ્ધરાજ અને કુમારપાળ બન્નેના ઘોડા એકસરખી દોડ કરવાથી થોડી વારમાં થાક્યા. ગજસિંહના ઘોડાને ઝપાઝપીમાં તલવારનો એક ઘા પડયો હતો અને તેમાંથી લોહી વહી જતું હતું તેથી તે વધારે થાકેલો જણાયો. તેના મ્હોંમાંથી ફીણ ચાલ્યાં જતાં હતાં અને શ્વાસોચ્છ્વાસ વધારે જોરથી ચાલતા હતા. ગજસિંહને લાગ્યું કે બીજી રીતે નહિ પણ ઘોડાને કારણે કદાચ કુમારપાળના કેદી થવું પડશે, અને તેનો એ ભય તુરત જ ખરો પડયો. તેનો ઘોડો સિદ્ધરાજની પાછળ રહી ગયો હતો અને ગમે તેટલા જોરથી તેને હાંકતાં છતાં હવે તે બરાબર દોડતો નહોતો. આ કારણથી પાટણનો કિલ્લો એકાદ કોસ જેટલો દૂર રહેતાં ગજસિંહ કુમારપાળના હાથમાં પડયો. તે ઘાયલ થએલો હતો અને વળી થાકેલો હતો, તેથી તેણે લડવાનું પસંદ કર્યું નહિ અને હથિયારો કુમારપાળને સોંપી દીધાં. કુમારપાળે પૂછ્યું: " આગળ કોણ જાય છે ?" પણ ગજસિંહે ઉત્તર આપ્યો નહિ. કુમારપાળે કહ્યું: " ગજસિંહ! તું ઘાયલ થયો છે એટલે મારી સાથે યુદ્ધ કરવાને લાયક નથી, તેમજ તને નિર્બળને અત્યારે મારી નાંખવો એ ત્રિભુવનપાળના પુત્રને ઘટિત લાગતું નથી, નહિતો અત્યારે તને આ શમશેરથી ઉડાવી દેત ! આગળ નાસી જનાર સિદ્ધરાજ હોય કે તેનો મંત્રી હોય, પણ હું તેને પકડયા વિના રહેનાર નથી, માટે ખરૂં કહી દે તો તારા લાભની વાત છે, અને નહિતો–"

એક સૈનિક વચમાં બોલ્યો: " કુંવરજી ! ઘાયલ થએલાને મારવો

હોય તો ભલે, પણ જો એ જવાબ ન આપે તો તેનું નાક કાપી લેવાની પરવાનગી મને આપજો."

ગજસિંહ હવે ગભરાયો અને તેણે જવાબ આપ્યો: "આગળ જનાર મહારાજા સિદ્ધરાજ પોતે છે."

કુમારપાળે પૂછ્યું: "અને મારા પિતા ક્યાં છે?"

"તે તો શિવાલયમાં ઠાર થઇ ચૂકયા છે!" ગજસિંહે જણાવ્યું.

આ ખબર સાંભળતાં જ કુમારપાળની આંખે અંધારાં આવી ગયાં. જે હેતુથી તે આટલો શ્રમ વેઠીને પાછો પાટણ જતો હતો, તે હેતુ અફળ ગયો અને તે નિરાશ થયો, પરન્તુ તુરત તેનામાં ચૈતન્ય આવ્યું. પોતાના પિતાનો ઘાત કરનાર પ્રતિક્ષણે દૂર ને દૂર નાસતો જાય છે, એ તેને સાંભર્યું અને તેણે પોતાના સૈનિકોને ફરમાવ્યું: "ત્રણ સૈનિકો ગજસિંહને પકડી રાખીને અહીં રહો અને બીજાઓ મારી સાથે ચાલો." તત્ક્ષણ કુમારપાળ અને તેની સાથે બીજા ત્રણ સૈનિકો સિદ્ધરાજને પકડવાને તેની પછવાડે પડયા.

પિતાનો ઘાત થવાના ખબર મેળવવાથી ઉશ્કેરાએલો કુમારપાળ વાયુવેગે ઘોડો દોડાવતો ચાલ્યો. તેના બીજા સૈનિકો તેની પાછળ પડી ગયા અને તે એકલો આગળ વધ્યો. ગજસિંહને પકડવાને થોડી વાર રોકાવાથી સિદ્ધરાજ કાંઇક દૂર નાસી જઇ શકયો હતો, પરન્તુ તે અંતર કુમારપાળે થોડી વારમાં કાપી નાંખ્યું અને તે સિદ્ધરાજની લગભગ પહોંચ્યો.

એટલામાં કુતરાના ભસવાનો અવાજ કુમારપાળના સાંભળવામાં આવ્યો. તેણે જાણ્યું કે પાટણ હવે નજીક આવી ગયું છે. સિદ્ધરાજને પકડવા માટે પાટણના કિલ્લા સુધી પહોંચી જવામાં સમાએલું જોખમ કુમારપાળ સમજતો હતો. બરાબર એ જ વખતે સિદ્ધરાજે ચતુરાઇ વાપરી. તેણે સરસ્વતીના પ્રવાહમાં ઘોડા સાથે પ્રવેશ કર્યો. પાણી ઘુંટણપુરથી વધારે નહોતુ એટલે ઘોડો પાણીની છોળો ઉડાડતો તેમાં થઇને ચાલ્યો. ત્યાંથી જરા આડફેટા જવાથી સરસ્વતી ઉપર બાંધેલો ઘાટ આવતો હતો અને ઘાટની નજીકમાં જ શ્રાવકોનું એક દહેરૂં આવેલું હતું. એ દહેરા સુધી પહોંચી જવાથી પોતે શત્રુના હાથમાંથી બચી જઇ શકશે એવી ધારણાથી સિદ્ધરાજે એ આડો માર્ગ લીધો. કુમારપાળ તેની એ કળા સમજી ગયો. સિદ્ધરાજની પાછળ તેણે પણ નદીના પટમાં પ્રવેશ કરીને ઘોડાને દોડાવ્યો. સિદ્ધરાજનો ઘોડો કાંઈ હવે બહુ દૂર નહોતો. કુમારપાળે હાક મારીને કહ્યું: "ઓ કાકા! એમ નાસો છો શાને? તમે ભલે મારા પિતાના ઘાતક હો,

પણ હું તમને મારી નાંખવાનો નથી! જો તમને મારે મારવા હોત તો તીરનું ભાથું મારી સાથે છે. ગુજરાતના ધણીનો હું એવી રીતે ઘાત કરીશ નહિ, પણ જરા ઉભા રહો અને જો ખરૂં પરાક્રમ દર્શાવવું હોય તો શ્રાવકોના દહેરામાં સંતાઇ જવાને બદલે સરસ્વતીના તીર ઉપર ઉભા રહીને ભત્રીજા સાથે દ્વંદ્વ યુદ્ધ લડો!"

પરન્તુ સિદ્ધરાજે તેનો કાંઇ જ જવાબ વાળ્યો નહિ અને નદીને ઉલ્લંઘીને તે દહેરા તરફ નાઠો! કુમારપાળ નદીના તટ ઉપર ઉભો અને હવે પોતે સિદ્ધરાજને પકડવામાં ફાવી શકશે નહિ એવું જોઇને ત્યાંથી પાછો વળ્યો.

પ્રકરણ ૪ થું.

દામુ શેઠ.

"ઓ ભગવાન્! વખત બદલાતો જાય છે! સિદ્ધરાજ જેવા પરાક્રમી રાજાનું રાજ્ય ન હોય, તો આ પાટણ ક્યારનું ઉજજડ થઇ ગયું હોત!" દામુ શેઠ એમ બરબડતા બરબડતા ખડકીમાં પેઠા, તે તેમની પાછળ આવતી તેમની પુત્રી સુભગાએ સાંભળ્યું. સુભગા દહેરે દર્શન કરીને પિતાની પાછળ આવતી હતી પણ દામુ શેઠને તેની ખબર નહોતી.

સુભગા બોલી: "એ શું કહ્યું બાપાજી? પાટણને વળી શું થયું છે?"

શેઠે ચમકીને પાછું જોયું અને સુભગાને જોઇને હસીને બોલ્યા: "હું ધીમેથી બોલ્યો, તે પણ તેં સાંભળી લીધું? તું પાછળ આવે છે એવી જો મને ખબર હોત તો હું બોલત જ નહિ."

"એમ કેમ? શું કાંઇ મને કહેવા જેવી વાત નથી?" સુભગાએ પૂછ્યું.

"હા દિકરી! તમારે–છોકરાંએ એવું કાંઇ જાણવાની હજી જરૂર નથી! એ તો મોટેરાંની વાતો છે." શેઠે જવાબ દીધો.

"એવી તે કેવી વાત છે બાપાજી? તમે તો અધૂરૂં અધૂરૂં બોલીને મારી જિજ્ઞાસાને ઉશ્કેરો છો! આજે એ વાત હું તમારી પાસેથી જરૂર સાંભળવાની છું." સુભગા જરા લાડમાં બોલી.

શેઠથી ફરીથી હસી જવાયું. તે બોલ્યા: "મને ખાત્રી જ હતી કે તને વાત કહ્યા વિના મારો છૂટકો જ નથી! શી ખબર શાથીએ હું તારી હઠ આગળ હારી જઉં છું!"

"એ તો ઠીક હવે." પિતાના ખેસનો છેડો ખેંચતી સુભગા બોલીઃ "પણ ઝટપટ મને એ વાત કહોને!"

"કહું છું, કહું છું. જા, તારી બાને બોલાવીને મેડી ઉપર આવ એટલે તમને બન્નેને એ વાત કહું છું." શેઠ બોલ્યા અને પછી તે મેડીપર ગયા.

સુભગા ઉતાવળી પોતાની માતાને બોલાવવાને ઓરડામાં દોડી. દામુ શેઠ ખેસ અને પાઘડીને ખીંટીપર ભેરવીને ગાદીપર બેઠા, એટલામાં તો સુભગા પોતાની માતા અમૃતબાઇ સાથે ત્યાં આવી પહોંચી. બન્ને જણુ શેઠની સામે ગાદીની કોરણપર બેઠાં. શેઠાણીએ પૂછ્યુંઃ "સુભગાને શામાટે મને તેડવા મોકલી હતી?"

શેઠ સ્વસ્થ અને સાવધ બનતા ધીમેથી બોલ્યાઃ "તને કેટલુંક કહેવાનું છે. સાંભળ! હવે બહુ સાવચેત બનીને રહેવાનું છે. વખત બદલાતો જાય છે. મને તો પાટણનું ભવિષ્ય ફરતું દેખાય છે."

શેઠાણી એકાએક આવી પ્રસ્તાવના સાંભળીને ચમક્યાં અને બોલ્યાંઃ "પણ એવું શું થયું છે? કાંઇ રાજ્યબદલો થાય એમ છે?"

"અત્યારે તો કાંઇ કહેવાય નહિ. ગઇ રાત્રે શું બન્યું તેની તને ખબર છે?"

"ના, હજી હું ઘરની બહાર નીકળી નથી, પછી હું ક્યાંથી કાંઇ પણ જાણું?" શેઠાણીએ કહ્યું.

સુભગા બોલીઃ "હું દહેરે ગઇ હતી, પણ મેં કાંઇ સાંભળ્યું નથી.

"સાંભળ! ગઇ રાત્રે ત્રિભુવનપાળ અને કુમારપાળે શહેરની બહાર આવેલા મહાદેવના મોટા મંદિરમાં ધાડ પાડી! મોટા ઘોડેસ્વાર લશ્કર સાથે બન્ને જણ આવેલા, પણ કાંઇ લૂંટી શક્યા નહિ, કારણકે મહારાજાને અગાઉથી ખબર મળેલી, તેથી તે પણ લશ્કર સાથે નજીકમાં હાજર રહ્યા હતા! શિવાલયમાં મારામારી ચાલી અને તેમાં ત્રિભુવનપાળ મરાયો પણ કુમારપાળ છટકી ગયો!"

શેઠાણી ચમક્યાં અને બોલ્યાંઃ "ઓ મા! એક રાતમાં આટલું બધું બની ગયું?"

"અરે! હજી સાંભળ તો ખરી! પછી મહારાજ લશ્કર સાથે કુમારપાળની પાછળ ગયા અને કુમારપાળના લશ્કરને પકડ્યું. કુમારપાળનાં ઘણાં માણસોને માર્યાં પણ છેવટે કુમારપાળ છટકી ગયો! મહારાજનાં કેટલાંક માણસો મૂઆં, એમાં ગજસિંહનું નામ પણ બોલાય છે! કુમાર-

પાળની પૂંઠેથી પાછા ફરીને પરોઢીએ મહારાજ નદીતીરે સંભવનાથના દહેરામાં પધાર્યા હતા અને તપાસ કરી હતી કે લુંટારાઓએ ત્યાં કાંઇ નુકસાન કર્યું છે કે નહિ? સ્હવારસુધી મહારાજ એકલા ત્યાં રહ્યા હતા!"

"હાય! હાય! ત્રિભુવનપાળ અને કુમારપાળ આવા લુંટારા નીકળ્યા?" શેઠાણીએ આશ્ચર્ય દર્શાવ્યું.

"તને ખબર છે? આ તો રાજ્યનો મામલો કહેવાય! ઘરડી વયે ત્રિભુવનપાળે તો હવે બ્હારવટું લીધું છે! સિદ્ધરાજ મરે અને પોતાને રાજ્ય મળે એવી આશા હવે રહી નહિ, એટલે પછી આવો પાપી માર્ગ એમણે લીધો. એ બધી વાત તો ઠીક, પણ તને કહેવાની ખરી વાત તો હજી રહી જાય છે. ત્રિભુવનપાળનું વૈર એના ત્રણે દિકરા લીધા વિના રહેશે નહિ, અને કોઇ વાર પાટણ ઉપર ધાડ લાવશે. એવે વખતે આપણા જેવાનાં ઘર સૌથી વધારે જોખમમાં આવી પડે, માટે છોકરાંને ઘરેણાં પહેરાવવાનું હમણાં બંધ રાખજે! ક્યારે શું બનશે એની કોઇને ખબર નથી. માત્ર હલકાં ઘરેણાં પહેરવાને બહાર રાખવાં અને બીજાં બધાં ભોંયરામાં ભંડારી રાખવાં! હું પણ દુકાનના ઝવેરાતની એવી જ ગોઠવણ કરવાનો છું. મેં કહી એ બધી વાત ધ્યાનમાં ઉતરે છે?"

"હા, હા. અત્યારથી જ વહુઓ પાસેથી ભારે દાગીના લઇ લઉં છું, પછી શું? વખત બારીક આવે ત્યારે ચેતીને તો ચાલવું જ જોઇએ!' શેઠાણીએ પણ શેઠને અનુકૂળ અભિપ્રાય દર્શાવ્યો.

અત્યારસુધી સુભગા છાનીમાની એ સઘળી વાત સાંભળી રહી હતી તે હવે બોલી: "પણ બાપાજી! આ તો મને નવાઇ જેવી વાત લાગે છે! મહાદેવનું મંદિર તો આ બાજુએ રહ્યું અને સંભવનાથનું દહેરૂં તો ક્યાંનું ક્યાં નદીને કાંઠે રહ્યું. મહાદેવના મંદિરમાં ધાડપાડુઓ આવ્યા હતા અને મહારાજ સંભવનાથના દહેરામાં તપાસ કરવા ગયા એ તે કેવી વાત? વળી સંભવનાથના દહેરામાં કાંઇ લૂંટાયું નથી એવી ખબર તરત મહારાજને મળી ગઇ હશે, પછી સ્હવાર પડતાંસુધી ત્યાં શામાટે રોકાયા હશે એ તો મારાથી સમજાતું નથી!"

શેઠ અને શેઠાણી બન્ને સુભગાના વદનની સામે આશ્ચર્યથી જોઇ રહ્યાં. સુભગાની દલીલનો ઉત્તર કોઇથી આપી શકાયો નહિ, પણ શેઠ તે દલીલની ઉપેક્ષા કરતા બોલ્યા: "સ્હવાર પડતાંસુધી શામાટે તુરત ન ચાલ્યા ગયા, તેનું આપણને શું કામ છે? આપણે તો આપણી વાત સમજીએ કે

સાવધ રહેવું ! આ ઉંચાં હવેલાં જોઇને અને ઝવેરીનું ઘર ધારીને ધાડ સૌથી પહેલી આપણે ઘેર આવે, માટે ચેતીને ચાલવું !"

સુભગા બોલીઃ "એ તો ખરી વાત કહી બાપાજી ! પણ મને લાગે છે કે ત્રિભુવનપાળ જેવો ધામિષ્ઠ માણસ આવું કામ કરે નહિ ! તે દિવસે હઠીસીંગ બારોટ આપણે ત્યાં આવ્યો હતો તે નહોતો કહેતો કે ત્રિભુવનપાળ જો ન હોતં તો સિદ્ધરાજ પાટણનું રાજ્ય જાળવી શક્યો પણ ન હોત ! જુનાગઢની રાણીનું હરણ કરવાને સિદ્ધરાજે સ્વારી કરી, ત્યારે ત્રિભુવનપાળ તેની વિરૂદ્ધ પડયો હતો અને સ્વારીમાં સાથે ગયો નહોતો; તો એવો ટેકીલો માણસ મંડુકેશ્વર મહાદેવના આશરા હેઠળ રહીને શું મહાદેવનું મંદિર લૂંટે ખરો ?"

સુભગાના મ્હોંમાં આવી મોટી વાત સાંભળીને દામુ શેઠને હસવું આવ્યા વિના રહ્યું નહિ. તેના તરંગો ઉપર થોડું હાસ્ય કરીને શેઠ બોલ્યાઃ "આખું પાટણ જે વાત કરે છે તે ખોટી અને મારી સુભગા ઘરમાં બેસી રહીને પોતાના તરંગો દોડાવે તે ખરા !"

શેઠની આ ટીકાથી સુભગા શરમાઇ ગઇ અને માતાની સોડમાં ભરાઇ. તેને લાગ્યું કે પોતાની કલ્પના પિતાજીને વાજબી લાગી નથી, પણ લાંબો વિચાર કરતાં છતાં તેને પોતાની કલ્પના ખોટી માલૂમ પડી નહિ. સુભગા તેર વર્ષની બાળા હતી અને તીવ્ર બુદ્ધિની હતી. તેનું મનોબળ વિલક્ષણ હતું. મોટાં કે ઘરડાં જે કાંઇ કહે તે વિચાર કર્યા વિના એકદમ માની લેવાની તેને ટેવ નહોતી. પ્રત્યેક વ્યાપારમાં તે પોતાના બુદ્ધિબળને કસી જોતી અને બુદ્ધિના અનુકૂળ કે પ્રતિકૂળ અવાજને આધારે તે પોતાનું વર્તન રાખતી. આ બાલ્ય સંસ્કારોને ખાસ પુષ્ટિ મળે તેવા કશા સંયોગો દામુ શેઠના ઘરમાં નહોતા, તોપણ દામુ શેઠને ત્રણ દિકરા અને માત્ર એક જ સૌથી નાની દિકરી હતી એટલે લાડકોડમાં ઉછરી હોવાથી સુભગાના તરંગોને સ્વાભાવિક રીતે પુષ્ટિ મળ્યે જતી હતી. આ કારણથી કોઇને સુભગા ડાહી લાગતી તો કોઇને તરંગી અને ઉચ્છૃંખલ લાગતીઃ કોઇ એને વિચારશીલ અને ઠરેલા સ્વભાવની કહેતું તો કોઇને મન તે દોઢડાહી અને બહુબોલી જણાતી. આમ હોવા છતાં સુભગા ઉપર કે તેના કથન ઉપર કોઇને ગુસ્સો આવતો નહિ. કોઇ કોઈ વાર શેઠાણીને માત્ર તેના ઉપર ગુસ્સો આવતો, પણ તે વખતે ચેતી જઇને સુભગા એવી રીતે વર્તતી અને માતાને પટાવીને રાજી કરતી કે પુનઃ માતા અને પુત્રી આનંદમાં રહેતાં. બાળીઓમાં તો સુભગા એક રમકડા જેવી હતી, એટલું જ નહિ પણ તેઓને

સુભગા એક અમૂલ્ય મંત્રીની ગરજ સારતી હતી. ઘરમાં દેરાણી-જેઠાણી અને સાસુ-વહુ વચ્ચે ઘણી વાર નજીવી વાતોમાંથી બખેડા થતા; એવે વખતે એમાંથી જે પક્ષ સૌથી પહેલાં સુભગાનો આશ્રય લેતો તેના તરફથી સુભગા સુલેહના મંત્રીનું કામ બજાવતી અને સામા પક્ષને હરકોઇ રીતે શાન્ત કરી, સમજાવી કે પટાવીને અબોલા દૂર કરાવતી. જ્યારે બન્ને પક્ષો એકસરખા તીવ્ર રોષમાં હોય ત્યારે સુલેહનું કામ બજાવતાં સુભગાને વધારે મુશ્કેલી પડતી, તોપણ એક, બે કે ત્રણ દિવસે તો છેવટે તે પોતાનું કામ બજાવવામાં અવશ્ય ફત્તેહ મેળવતી.

દામુ શેઠ પોતાની પત્નીને આ નવી વાત સંભળાવીને પાછા પાઘડી પહેરી ચૌટામાં ચાલ્યા, એટલે અમૃત શેઠાણીએ ત્રણે વહુઓને એકઠી કરી શેઠનો હુકમ કહી સંભળાવ્યો અને જણાવ્યું: "સૌ સૌની પાસે જે કાંઇ કીંમતી જોખમ હોય તે દાબડામાં ભરીને મને સોંપી દો. આજે રાત્રે જ તેને ઠેકાણે પાડવાનું છે."

પ્રકરણ ૫ મું.

ઐતિહાસિક પરિસ્થિતિ.

પોતાની ચાણાક્ષતા અને પરાક્રમવડે આખા આર્યાવર્તમાં નામના મેળવનાર ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહના રાજત્વકાળના અંતીમ વિભાગમાં આપણી કથાનો પ્રસંગ ચાલે છે. તેણે પોતાના જીવનનાં ધારી રાખેલાં કાર્યો હવે લગભગ સમાપ્તિએ પહોંચ્યાં હતાં અને તેથી તે પોતાની વૃદ્ધાવસ્થા શાન્તિ-સમાધિમાં ગાળવાને ગુજરાતના પાટનગર પાટણમાં જ રહેતો હતો. સહસ્રલિંગ તળાવનું મહાભારત કામ એક બાજુએ પૂરૂં થયું અને બીજી બાજુએ તેણે માળવાના રાજા યશોવર્માને હરાવીને કેદ કર્યો. માળવા સાથે ગુજરાતનું વૈર ઘણા લાંબા વખતથી ચાલ્યું આવતું હોય તેમ ઇતિહાસ ઉપરથી માલૂમ પડે છે. ભીમ બાણાવળી, સિદ્ધરાજ જયસિંહ અને ગુજરાતના બીજા રાજાઓના વખતમાં પણ માળવાના રાજા સાથે ઘણે ભાગે અણબનાવ રહેલો હોવાનું જણાય છે. માળવાની ચડાઇમાં સિદ્ધરાજે બાર વર્ષ સુધી ખંત દર્શાવીને પોતાની ધારણા પૂરી કરી હતી. ત્યારપછી તેણે સિંધુ દેશના રાજાને હરાવીને માર્યો હતો. સિદ્ધરાજના અંતીમ રાજત્વના આ બનાવો પછી તેણે બીજાં કાંઇ મોટાં કાર્યો કર્યાં ન હ.

જીંદગીનો છેવટનો સમય શાંતિમાં પસાર થાય-રાજકાર્યો, યુદ્ધો અને પ્રવાસોના અનેક વર્ષોના થાકને અંતે કાંઇક વિશ્રાંતિ મળે એવા હેતુથી તે પાટણમાં સ્થિર રહ્યો હતો; પરન્તુ જેને શિરે રાજ્યમુકુટ રહેલો હોય છે તેને શિરે ચિંતા પણ હમેશાં નિવાસ કરી રહેલી હોય છે.

સિદ્ધરાજને એકે પુત્ર નહોતો અને પોતાની વૃદ્ધાવસ્થા થવાથી પાછળથી કોણ ગાદીપર આવશે તેની ચિંતા તેને થયા કરતી હતી. તેની એવી ઇચ્છા હતી કે પોતાની પાછળ કોઈ એવો પુરૂષ ગાદીએ બેસે કે જે પોતાના ઋણ હેઠળ દબાએલો હોય અને પોતાની કીર્તિના પ્રસારની સાથે પોતાના પુરોગામી રાજાની કીર્તિનો પ્રસાર કરે તથા સંપૂર્ણ કૃતજ્ઞ નીવડે. પોતાની પાછળ ગાદીનો હક્ક તો ત્રિભુવનપાળનો હતો તેવું તે સારી પેઠે સમજતો હતો, પરંતુ ત્રિભુવનપાળ વૃદ્ધ હોવાથી પોતે પહેલો મરણ પામશે કે ત્રિભુવનપાળ પહેલો મરણ પામશે એ સંબંધે તે ચોક્કસ નહોતો, એટલે સ્વાભાવિક રીતે જ ત્રિભુવનપાળના પુત્રો ગાદીના અધિકારી હતા. સિદ્ધરાજનો પિતા કર્ણ સોલંકી અને ત્રિભુવનપાળનો પિતામહ ક્ષેમરાજ એ બે ઓરમાન ભાઇઓ થતા હતા અને સિદ્ધરાજને બીજો ભાઈ નહોતો એટલે સ્વાભાવિક રીતે વંશવૃક્ષની બીજી ડાળી-ત્રિભુવનપાળ અને તેના પુત્રો ગુજરાતના અધિપતિ થવાનો અધિકાર ધરાવતા હતા. ત્રિભુવનપાળના ત્રણ પુત્રોમાં સૌથી મોટો મહીપાળ હતો અને સૌથી નાનો કુમારપાળ હતો. જો ત્રિભુવનપાળ સિદ્ધરાજની પહેલાં મરણ પામે તો રાજ્યનો ખરો માલીક મહીપાળ હતો. પરન્તુ મહીપાળ કરતાં કુમારપાળ ઉપર સિદ્ધરાજનો ડોળો વધારે બેસી ગયો હતો અને તેનું એક ખાસ કારણ હતું. પોતાની જન્મોત્રીની તપાસ જ્યોતિષીઓ પાસે કરાવવાથી સિદ્ધરાજને એવું માલૂમ પડયું હતું કે પોતાની પાછળ ગુજરાતની ગાદીપર કુમારપાળ રાજા થવાનો હતો. એક-બે વાર જ્યોતિષીઓના આવા કથન ઉપર તેણે વિશ્વાસ રાખ્યો નહિ, પણ જ્યારે કાન્યકુબ્જથી બોલાવેલા એક વિદ્વાન્ જ્યોતિષીએ પણ એવો જ અભિપ્રાય આપ્યો અને વિશેષમાં ત્રિભુવનપાળ તથા કુમારપાળના જન્માક્ષરો ઉપરથી એ જ વાત મળતી આવી, ત્યારે સિદ્ધરાજનું મન ખિન્ન બની ગયું. પોતાના પિતા કર્ણ સોલંકીના મરણસમયે ત્રિભુવનપાળના પિતા દેવપ્રસાદે રાજ્ય લેવાને ભારે ખટપટ કરેલી પરન્તુ તેમાં તે ફાવ્યો નહિ અને સરસ્વતીને તીરે જીવતો બળી મૂઓ, એ વાત સિદ્ધરાજ જાણતો હતો. પિતાના મરણસમયે સિદ્ધરાજ બાળક હતો પણ હજી દેવપ્રસાદની ખૂનસથી ભરેલી આંખોને તે ભૂલી ગયો નહોતો. ત્રિભુ-

વનપાળ પોતાના તીખા પણ ઉદાર સ્વભાવથી સિદ્ધરાજની સાથે મળતો રહ્યો હતો અને સિદ્ધરાજ પણ તેના ઉપર સ્નેહ તથા મમતા દર્શાવતો હતો, તોપણ તે એટલું ભૂલી ગયો નહોતો કે પોતાના એક વખતના શત્રુ દેવપ્રસાદનો તે પુત્ર હતો ! સિદ્ધરાજ પૂર્ણ ચતુર હતો. પોતાના મનનો ભેદ તે કોઇને કળવા દેતો નહિ. આથી છેવટસુધી ત્રિભુવનપાળ તેના અંતરના કાપટ્યને જાણી શક્યો નહોતો. ત્રિભુવનપાળ ઉપરના વૈરભાવને લીધે તેનો પુત્ર પોતાની પાછળ ગાદી ઉપર આવે એ સિદ્ધરાજને અસહ્ય લાગ્યું. બીજી રીતે ત્રિભુવનપાળની સ્ત્રી કાશ્મીરાદેવી કાશ્મીરના કોઇ હલકા ક્ષત્રિય કુળની હોવાથી સિદ્ધરાજને ત્રિભુવનપાળના પુત્રો ઉપર જરા પણ મમત્વ આવી શક્યું નહિ. વૈર અને કુળાભિમાને સિદ્ધરાજને દુષ્ટ કૃત્ય કરવાને ઉશ્કેર્યો અને જ્યોતિષીઓનું કથન ખરૂં ન પડે તેટલા માટે ત્રિભુવનપાળનો કાંટો જ કાઢી નાંખવાને તે તૈયાર થયો.

મનુષ્ય પોતાના શૌર્ય અને ચાતુર્યનો બે રીતે ઉપયોગ કરી શકે છે. એક રીતે તેનો ઉપયોગ કરવાથી તે લોકોમાં પ્રિય અને પૂજ્ય થઇ પડે છે, ત્યારે બીજી રીતે તેનો ઉપયોગ કરવાથી તે લોકોમાં નિન્દાને પાત્ર બને છે. ઉભય રીતોમાં શૌર્ય અને ચાતુર્યનો વ્યય તો એકસરખો જ કરવો પડે છે. અનેક રાજાઓને નમાવીને દિગંતોમાં પોતાના પરાક્રમોની નામના ગજાવી ચૂકેલા સિદ્ધરાજ જયસિંહને પણ આ સમયે પોતાના શૌર્ય અને ચાતુર્યનો કુમાર્ગે વ્યય કરવાની બુદ્ધિ સૂઝી. દીર્ઘ વિચાર કરીને તેણે એક કપટજાળની યોજના કરી અને તે જાળમાં ત્રિભુવનપાળ તથા કુમારપાળને ફસાવવાનો નિશ્ચય કર્યો. આ યોજના પોતાથી એકલાથી પાર પડે તેમ નહિ હોવાથી તેણે બીજાઓની સહાયતા તેમાં લીધી પરન્તુ જેઓની સહાયતા તેણે લીધી હતી તેઓ રાજકાર્યમાં મુખ્ય ભાગ લેનારા નહોતા. સામંત ગજસિંહ અને ગઢવી કરણદાન સિદ્ધરાજના અંગત મિત્રો હતા અને તેઓને જ આ કાર્યમાં શામેલ રાખવાની તેણે ગોઠવણ કરી. તે કામમાં જોઇતા બીજા માણસોની પણ તેણે ગુપ્ત રીતે વ્યવસ્થા કરી.

રાજકાર્યના નિયત કર્મચારીઓ આ ગુપ્ત યોજના વિષે કશું જાણતા નહોતા. એ વખતે દંડનાયકની પદવી ઉપર શાંતિદાસ શેઠનો પુત્ર ધર્મપાળ હતો અને મંત્રીશ્વરની પદવી શંકરદાસ નામના એક શૈવધર્મી વણિકને આપવામાં આવી હતી. આ બન્ને મુખ્ય અધિકારીઓની સલાહ લગભગ સઘળાં રાજ્યકાર્યમાં સિદ્ધરાજ લેતો હતો, પરન્તુ આ કાર્ય તેણે તેઓને કાને જવા દીધું નહિ, કારણકે પોતે નીતિથી ઉલટા માર્ગે ચાલવાનો હતો

એ તે સમજતો હતો અને એવા કાર્યમાં એવા અધિકારીઓ સંમતિ ન આપે એ સંભવિત હતું. ગુપ્ત રીતે જ તેણે એ વ્યવસ્થા કરી દીધી, પરન્તુ ખરી વાત ગુપ્ત રાખીને કૃત્રિમ વાતનો ફેલાવો કરવા માટે તેને બીજા માણસોની મદદ લેવાની જરૂર પડી. સ્હવાર પડતાં જ ત્રિભુવનપાળના મરણની તેમ જ પોતાના મૂએલા અને ઘાયલ થએલા સૈનિકો વિષેની વાત પાટણમાં ફેલાઇ જવાની હતી એ તો નિશ્ચિત હતું, પરન્તુ એ વાત ફેલાતાંની સાથે લોકોના મનમાં કાંઇ જ વસવસો રહેવા ન પામે, કિંવા લોકોને તે બનાવનાં કારણો વિષે કાંઇ અનુમાન કરવાની જરૂર ન પડે, તેટલા માટે એ બનાવ વિષે કૃત્રિમ વાત ફેલાવવાની પણ તેણે યોજના કરી. કુમારપાળના પંજામાંથી છટકીને તે શ્રાવકોના દહેરામાં પેસી ગયો હતો, ત્યાં જ તેણે એ કૃત્રિમ વાતનો પહેલો ફેલાવો કર્યો. કુમારપાળનું લશ્કર આસપાસમાં ફરી વળ્યું હોવાનો ભય તેના ચિત્તમાંથી દૂર થયો નહોતો તેથી પ્રભાત થતાંસુધી તો તે દહેરામાં જ રહ્યો અને પ્રભાતમાં તે શિવાલયમાં પહોંચ્યો. હજી ત્યાં તેના ઘાયલ થએલા અને મરણ પામેલા સૈનિકો પડ્યા હતા. ગઢવી કરણદાનને ચડેલી કળ ઉતરી હતી પરન્તુ તેનો ઉત્સાહ નાશ પામી ગયો હતો. સિદ્ધરાજ સત્વર તેની પાસે ગયો અને છાની રીતે સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. ગઢવી બ્હીનો અને સિદ્ધરાજનું ભયભીત અંતઃકરણ પારખી લીધું. તે બોલ્યોઃ " ગઢવી ! એમ ભય પામ્યે કાંઇ દહાડો વળે નહિ; ચાલ ઉઠ, હજી તો તારે ઘણું કામ કરવાનું છે. "

" પણ મહારાજ ! મારામાં તો ઉભા થવાની શક્તિ નથી અને એ કામ હું કેવી રીતે કરીશ ? કુમારપાળ ફાવી ગયો અને આપણાં માણસો મૂઆં, હવે વાત ગુપ્ત કેવી રીતે રહેશે ? "

" એ વાત ગુપ્ત રાખવાનું જ કામ તારે કરવાનું છે. " સિદ્ધરાજે કહ્યું. તે જાણતો હતો કે ખરી વાત છુપાવીને ખોટી વાત ઉડાડવામાં એ ગઢવીની સ્વભાવસિદ્ધ સહાયતા વિના ચાલી શકવાનું નથી.

ગઢવી જરા મોંઘો થયો. વખત વર્તી જવામાં તે કુશળ હતો. તે બોલ્યોઃ " ફરમાવો મહારાજ ! આપની આજ્ઞા હું શિરે ચડાવીશ, પરન્તુ મારાથી ઉઠી શકાતું જ નથી, તેનું કેમ થશે, કૃપાનાથ ? "

" જો, આ બનાવ છાનો રાખીને ત્રિભુવનપાળ તથા કુમારપાળ શિવાલય લુંટવાને આવ્યા હતા એવી વાત તારે ફેલાવવી. તે સાથે એટલું પણ કહેવું કે મહારાજને અગાઉથી ખબર મળેલી તે ઉપરથી મહારાજ ઘોડેસ્વારો સાથે આવી પહોંચ્યા અને લુંટારાઓ ઉપર હલ્લો કર્યો. તેમાં

ત્રિભુવનપાળ મરાયો અને કુમારપાળ તથા તેનું સૈન્ય છટકી ગયું. પણ મહારાજે તેની પૂંઠ પકડી અને કેટલેક દૂર લડાઇ કરીને લુંટારાઓને દધિસ્થળી તરફ નસાડી મેલ્યા."

"એ તો ઠીક, પણ ગજસિંહનું શું થયું ?" ગઢવીએ પૂછ્યું.

"ગજસિંહ ઘણે દૂરસુધી મારી સાથે હતો, પણ તે પાછળ રહી ગયો. ઘણું કરીને તે કુમારપાળના હાથમાં સપડાઇને માર્યો ગયો હશે !"

ગઢવી આશ્ચર્યથી અને ભયથી સ્તબ્ધ બની ગયો. ક્ષણભર અટકીને તે બોલ્યો: "મહારાજ ! આ કામ કોઇ બીજાને સોંપો તો ઠીક, હું ઉઠી શકતો જ નથી અને ગામમાં ફરીશ કેવી રીતે ?"

"ગઢવી ! એ કામ બીજા કોઇને સોંપાય તેવું નથી. પહેલું કામ તો અહીંના પૂજારીને આ બધો પાઠ પઢાવી દેવાનું છે."

"એને તો હું પઢાવીશ, પણ શહેરમાં વાત કેવી રીતે ફેલાવાશે ?"

"ગઢવી ! એમ નિરાશ ન થા ! હજી તો મારે તને ન્યાલ કરવાનો છે અને અત્યારથી થાકી જઇશ ?" સિદ્ધરાજે ચતુરાઇ વાપરી અને ગઢવીને લાલચ બતાવી.

હવે ગઢવીને ઉત્સાહ આવ્યો. તે બોલ્યો: "મહારાજ ! આપનું લૂણ ખાધું છે તે હલાલ કરીશ; આપ નિશ્ચિંત બનીને મહેલમાં પધારો."

સિદ્ધરાજ દોડતે ઘોડે મહેલમાં આવ્યો. હજી સૂર્યનો ઉદય થયો નહોતો. પનીહારીઓ પાણી ભરવાને નદીઘાટપર જતી હતી અને બજાર હજી ધીમે ધીમે ઉઘડતું જતું હતું. દેવમંદિરોમાં ઘંટાનાદ થતા હતા. વિદ્યાર્થીઓ અભ્યાસાર્થે ગુરૂને ત્યાં જતા દૃષ્ટિએ પડતા હતા. આ વખતે સિદ્ધરાજને એકલો અંધારપિછોડી સહિત દોડતે ઘોડે રાજમહેલ તરફ જતો જોઇને ઘણાઓને આશ્ચર્ય થયું લોકો એક બીજાને પૂછવા લાગ્ય પણ કોઇ કાંઇ ખુલાસો કરી શકયા નહિ.

થોડી વાર થઇ, એટલામાં તો આખું બજાર ઉઘડયું. દેવમંદિર તરફ જનારા લોકોથી અને બહારગામથી માલ લઇને આવેલા ખેડૂતોનાં ગાડાંઓથી બજાર ચિક્કાર બનવા લાગ્યું. કાંઇક અસાધારણ બનાવ બન્યો છે એવી વાત તો લોકોમાં ફેલાઇ ચૂકી હતી, પણ શું બન્યું છે તે કોઇ જાણતું નહોતું. એટલામાં જરા તડકો નીકળતાં એક પછી એક ચાર–પાંચ ડોળીઓ શહેર બહારથી દરવાજામાં આવી. સૌથી આગળ ગઢવી કરણદાનની ડોળી હતી. દરવાજામાં પેસીને જરા આગળ ચાલતાં "શું થયું છે, શું થયું છે ?" કહેતા લોકો ડોળીઓની આસપાસ ફરી વળ્યા. ગઢવીએ બીજા

સૈનિકોને પઢાવ્યા હતા, પણ તેઓ વાત કરવામાં કાંઇ ગુંચવણ ઉભી ન કરી નાંખે તે માટે વિસ્તારીને વાત કહેવાનું તેણે પોતાને માથે રાખ્યું હતું. એકઠા થએલા લોકોને તેણે મહાદેવના મંદિરમાં લુંટારા આવ્યા હતા વગેરે બનાવટી વાત ભારે અતિશયોક્તિ સાથે કહી. ગઢવીએ ડોળી ઉપાડનારાઓને આજ્ઞા કરી હતી કે લગભગ સઘળાં મોટાં બજારોમાં ફરીને પછી ડોળીઓને રાજમહેલમાં પહોંચાડવી. આ આજ્ઞા પ્રમાણે વર્તતાં માર્ગમાં પંદર–વીસ વાર ગઢવીને સઘળો વૃત્તાંત નિવેદન કરવાની જરૂર પડી અને એક પ્રહર દિવસ વીતી જતાં તો આખું પાટણ એ નવા બનાવની વાતોથી ગાજી રહ્યું. લોકોમાં જૂદા જૂદા પ્રકારની લાગણી વ્યાપી રહી. કોઇને ત્રિભુવનપાળના એવા નીચ કામ માટે ગુસ્સો આવ્યો, કોઇને પોતાના મરણ પામેલા સૈનિકો માટે ખેદ થયો, કોઇને સિદ્ધરાજના પરાક્રમની વાતથી આનંદ થયો, ત્યારે કોઇને ત્રિભુવનપાળના મરણને માટે દયા પણ આવી. પાટણમાં ત્રિભુવનપાળ લોકપ્રિય હતો. તેની નીતિ, તેનું વતન, તેનું પરાક્રમ અને તેનો ઉત્સાહ પાટણની પ્રજામાં એકકે અવાજે ગવાતાં. એ જ ત્રિભુવનપાળે આવું ખરાબ કામ કર્યું એ ઘણાઓને આશ્ચર્યની વાત લાગી, ઘણાઓ તે વાત માનતાં અચકાવા લાગ્યા, અને ઘણાઓને તેને એવી દુર્બુદ્ધિ સુજી એ માટે ખેદ થયો. કેટલાક ભોળા મનના લોકોને એવું પણ લાગ્યું કે સિદ્ધરાજ વૃદ્ધ થયો છે એટલે હવે ત્રિભુવનપાળે રાજ્ય લેવા માટે બ્હારવટીયાની પેઠે ફાંશાં મારવા માંડયાં છે! એવા અનેક વિચારોના મિશ્રણમાંએ સિદ્ધરાજ ઉપર લોકોની શ્રદ્ધા એટલી બધી હતી કે તેઓ તેમાં ત્રિભુવનપાળને જ દૂષિત માનવા લાગ્યા.

મંત્રીમંડળની ખટપટ સિદ્ધરાજના વખતમાં બહુ પ્રસરવા પામી નહોતી અને તેનું કારણ એ હતું કે તેણે પાટણના બે મુખ્ય ધર્મોની ખટપટનો જ અંત આણ્યો હતો. શૈવો અને જૈનોનું પ્રાબલ્ય એ સમયે વિશેષ હતું. સિદ્ધરાજ જૈન ધર્મની કે જૈન ધર્મગુરૂઓની નિંદા કરતો નહિ, તથાપિ તેણે દૃઢ રીતે જાહેર કર્યું હતું કે પોતાનો વંશપરંપરાનો ધર્મ શૈવ ધર્મ હતો અને પોતે પણ શૈવધર્મી જ રહેશે. જ્યાંસુધી તેની માતા મીનળદેવી જીવતી હતી ત્યાંસુધી તો તેણે જૈન ધર્મ ઉપર ઠીક ભાવ દર્શાવ્યો હતો, તથાપિ તેના મરણ પછી તેના હૃદયમાંથી એ ધર્મ પ્રત્યેની લાગણી ઓછી થઇ ગએલી જણાતી હતી અને શૈવ ધર્મ પ્રતિના પોતાના ઉંડા ભક્તિભાવનું તે દર્શન કરાવતો હતો. એ ભક્તિભાવના દર્શનરૂપે તેણે રૂદ્રમાળનું ગંજાવર કાર્ય ઉઠાવ્યું હતું. જૈનો આ વખતને વિચારી જવામાં બહુ

ચતુર બન્યા હતા. સિદ્ધરાજના પરાક્રમી સ્વભાવને તેઓ જાણતા હતા એટલું જ નહિ પણ એક વાર તેણે જણાવી દીધું કે પોતે શૈવધર્મી જ રહેશે ત્યારપછી તેઓ રાજકાર્યમાં કે અન્ય સ્થળે પોતાની જે કાંઇ અવગણના થતી તેને પણ સહનશીલ બનીને ગળી જતા હતા. આ કારણથી જૈનો અને શૈવોની હરીફાઇ રાજ્યકારણમાંથી દૂર થઇ ગઇ હતી. મંત્રીમંડળમાં દંડનાયક ધર્મપાળ હતો તે જૈન હતો પરન્તુ મુખ્ય મંત્રી શૈવ હતો. બીજા કર્મચારીઓમાં શૈવોનું પ્રમાણ ઘણું મોટું હતું તથાપિ જૈનો સંતુષ્ટ રહ્યા હતા, કારણકે સિદ્ધરાજની પાસે એ પ્રકારની ફરિયાદ લઇ જવામાં તેઓ ફાવી શકે તેમ નહોતું એવું તેઓ સમજતા હતા. ઉભય ધર્મો પ્રત્યે મુંજાલ મંત્રીના જેવી સમદૃષ્ટિ તેના મરણની સાથે સિદ્ધરાજના રાજત્વકાળમાં દૂર થઇ ગઇ હતી, તોપણ જૈનો સુરક્ષિત રહેતા અને તેથી તેઓ સમયવર્તી બનીને સંતુષ્ટ રહેતા. આ પ્રમાણે સિદ્ધરાજ ઉપર જૈનોનો પણ બીજા પ્રજાવર્ગની પેઠે સામાન્ય પ્રકારનો ભાવ હતો, અને રાજ્યતંત્ર કોઇ જાતની મોટી ખટપટ વિના સરળ રીતે ચાલ્યું જતું હતું.

પ્રકરણ ૬ ઠું.

મોતીની માળા.

બપોરે જમીને દામુ શેઠ પોતાની બેઠકમાં સોપારી કાતરી કાતરીને મ્હોમાં મેલતા બેઠા છે. સામે તેમનાં પત્ની અમૃતબાઇ બેઠાં છે. પાસે બીજું કોઇ નથી. શેઠ અને શેઠાણી વચ્ચે કાંઇ ગૃહસંસારની વાતો ચાલી રહેલી જણાય છે. શેઠ બોલ્યા: "એ કાંઇ બનવાનું નહિ. લોકો આપણે માટે શું ધારે એનો વિચાર કરવો જોઇએ કે નહિ ?"

"એ તો જેમ વિચાર કરવો હોય તેમ કરાય. એક બાજુએ કુળનો વિચાર છે અને બીજી બાજુએ એની પદવીનો વિચાર છે. ઉદો શેઠ ગમે તેવો તોએ મહારાજનો મંત્રી ખરો કે નહિ ?"

"ઠીક, પણ એ ઉદાની આગલી વાત તું જાણે છે ? મારવાડનો શ્રીમાળી વાણીઓ ખરો, પણ ભૂખે ગરતો પાટણ આવેલો અને શ્રાવકોના ઘરની એઠ ખાઇને મોટો થએલો. એ તો એનું ભાગ્ય પાંશરૂં અને કાંઇક બુદ્ધિશાળી પણ ખરો, એટલે ધન મળ્યું, ધંધો મળ્યો અને મોટી પદવી પણ મળી. એ બધું સિદ્ધરાજ મહારાજની કૃપાથી થયું, નહિતો એ મા-

રવાડીનો આ પાટણમાં કોઈ હિસાબ ગણે નહિ." શેઠે પોતાના ઉંચા પટણી શ્રીમાળી વણિકના કુળનું અવ્યક્ત અભિમાન દર્શાવતાં કહ્યું.

અમૃતબાઇ હસ્યાં અને બોલ્યાં: "એવું વિચારીએ તો સૌના કુળમાં એવી ઘણીએ ચડતી પડતી થઇ ગએલી હોય, પણ અત્યારે તેની કેવી સ્થિતિ છે એ જ જોવું જોઇએ. ઉદ્દા શેઠના બધા છોકરાઓમાં વાહડ મોટો છે અને વખત જતાં તે પાટણનો મંત્રી કે દંડનાયક થશે—"

દામુ શેઠ તિરસ્કારથી સ્મિત કરીને બોલ્યા: "અરે ઘેલી ન થા ઘેલી! મંત્રી કે દંડનાયકની પદવી શું એમ રસ્તામાં પડી હશે? એ તો ઉદ્દા ભાગ્યશાળી નીકળ્યો, પણ શી ખબર કે છોકરાઓમાં શું બન્યું હશે અને શું નહિ હોય?"

"બીજાનું ગમે તે કહો પણ ઉદ્દાના છોકરામાં એના સઘળા ગુણો ઉતર્યા છે. વાહડ તો ભારે વિદ્વાન્ છે તે તમે ક્યા નથી જાણતા? આંબડને મેં જોયો નથી, પણ ચાહડ ઉપર તો મહારાજના ચારે હાથ છે તે તમે જાણો છો. મને તો લાગે છે કે વખત જતાં વાહડને મંત્રીપદ મળશે અને જો સુભગા તેની વેરે આપીએ તો એ અધિકારને શોભાવે તેવી નીકળે?"

"બૈરાંઓમાં તો ઉલટું પોતાના કુળની મહત્તાનું અભિમાન હોવું જોઇએ અને તું આવી શિથિલ વાત કેમ કરે છે તે કાંઇ મારાથી સમજાતું નથી! ઉદ્દા શેઠને વ્હેવાઇ કરવામાં કાંઇ તું મોટું માન સમજતી હોય એમ લાગે છે! પણ જરા વિચાર તો કર, કે એ મારવાડી શ્રીમાળી અને આપણે પટણી શ્રીમાળી, આપણાથી એના હલકા કુળમાં કન્યા અપાય જ કેમ? અને આપીએ તો પટણીઓમાં આપણું નાક કપાઇ જાય."

"એ બધું તમે જાણો. હું તો એમ માનું છું કે ઉદ્દા શેઠના ઘરની જાન અને હાથીના હોદ્દાપર બેસીને વરરાજા આપણે ઘેર આવે એથી તો આખા દેશમાં આપણો ડંકો વાગી જાય! હું તમને બહુ દબાવીને તો કહી શકતી નથી, પણ કહું છું કે જ્યારે ખુદ ઉદ્દા શેઠે જ વાહડને માટે સુભગાની માંગણી કરી છે ત્યારે એ સંબંધ ગુમાવીશું તો આપણે ભૂલ કરી લેખાશે."

શેઠાણીનો આવો દૃઢ અભિપ્રાય સાંભળીને શેઠને પણ જરા વિચાર પડ્યો અને લાગ્યું કે એ દરખાસ્ત કેવળ ફેંકી દેવા જેવી નહોતી. તે બોલ્યા: "ઠીક છે, આપણી ન્યાતના બે–ચાર શેઠીયાઓનો મત લેઇને પછી હું ઉદ્દા શેઠના પત્રનો જવાબ વાળીશ."

શેઠાણીને હવે કાંઇક સંતોષ થએલો દેખાયો. એટલામાં શેઠની દુકાનનો ગુમાસ્તો એક અજાણ્યા રજપૂતને સાથે લઇને આવ્યો અને બોલ્યો:

" આ ઠાકોરને એક મોતીની માળા વેચવાની છે. " ઘરાક આવ્યું સમજીને શેઠાણી ઉઠી ગયાં.

દામુ શેઠે એ ઠાકોરની સામે જોયું. તેનાં ભરાવદાર કાળાં થોભીયાં અને ગંભીર ચહેરા ઉપરથી તે કોઈ તેજસ્વી રજપૂત દેખાતો હતો, પરન્તુ તેનાં કપડાં ઉપરથી શેઠને લાગ્યું કે તે કોઇ મોટો જાગીરદાર તો નહિ જ હોય. શેઠે ઠાકોરને આવકાર આપતાં કહ્યું: " આવો ઠાકોર, બેસો! તમારે મોતીની માળા વેચવાની છે? શામાટે વેચી નાંખો છો વારૂ?"

" શેઠજી! જાણો છો ને કે હાલમાં નવા બ્હારવટીયા જાગ્યા છે! પાટણનાં દેવમંદિરો પણ થકડવા લાગ્યાં તો અમારા જેવા ગામડાંવાળાઓનો શો આશરો? આવું જોખમ હવે અમે ઘરમાં રાખવામાં ડહાપણ માનતા નથી. એના રૂપિયા લઇને કોઇને ત્યાં પાટણમાં જ થાપણ મૂકીશું." એમ કહેતાં ઠાકોરે એક કપડાના કકડામાં બાંધેલી મોતીની માળા કાઢી.

દામુ શેઠે માળા હાથમાં લીધી અને તેનો એક એક દાણો જોતાં જ તે ચમક્યા. સરખો ગોળ અને તેજસ્વી મોટો દાણો જોતાં જ શેઠને લાગ્યું કે એવું કીંમતી ઝવેરાત એક સાધારણ રજપૂતના ઘરમાં ન હોય. તે ઉપરાંત શેઠને એક બીજો સંશય પણ પેઠો હતો, અને તેથી એ માળા એ રજપૂતની જ હોય તેને માટે તેમની ખાત્રી થઇ શકી નહિ. શેઠે એ સંશ એકદમ બહાર જણાવ્યો નહિ, પણ માળા જોતાં શેઠ બોલ્યા: " ઠાકોર! આવો કીમતી માલ હું ખરીદ કરૂં ખરો, પણ હું તમને ઓળખતો નથી; તમે જાણો છો કે આજકાલ મહારાજા સિદ્ધરાજ જયસિંહનું રાજ્ય ચાલે છે અને મહારાજાના કાયદા બહુ આકરા છે, એટલે જેની પાસેથી હું આ માલ લઉં તેને માટે મારે પૂરી ચોકસી કરવી જોઇએ."

" તમે મને ઓળખતા નથી તો હું તમને ઓળખાણ આપીશ. હું સુંદરીયાનો રખેવાળ છું અને સુંદરીયામાં મારી ઘણી જમીન જાગીર છે."

" તમારૂં નામ શું?" શેઠે પૂછ્યું.

" મારૂં નામ તેજસંગ."

શેઠ ગંભીરતાથી બોલ્યા:" ત્યારે તેજસંગ ઠાકોર! ખરી વાત કહું? આ કીંમતી માળા છે, તે તમારી પોતાની ન હોય."

તેજસંગ જવાબ આપતાં જરા અચકાયો, પણ તુરત જ મૂછ ઉપર હાથ મેલતો બોલ્યો:" શેઠ! એ તમે શું બોલ્યા? એક રજપૂતને ચોર કહેતાં જરા વિચાર કરો! સધરા જેસંગના રાજ્યમાં રજપૂત આવું અપમાન વેઠી નાહ શકે!"

ઠાકોરની આંખો જરા કરડી દેખાઈ. તેણે દામુ શેઠને ડરાવી મેલવાને આ સ્વરૂપ ધારણ કર્યું હતું, પરન્તુ સેંકડો ઠાકોરો, રાજાઓ અને રજપૂતોના પરિચયમાં આવેલો એ વાણીઆ એથી ડરી ગયો નહિ. તેણે ઠાકોરની કરડી આંખોની સામે તિરસ્કારનું ઇષત્ હાસ્ય કરીને કહ્યું: “ઠાકોર ! એમાં ગુસ્સો શાનો કરો છો ? આ મોતીની માળા તમારી નથી પણ દધિસ્થળીના મંડળેશ્વરની છે, અને તે તમારી પાસે કેવી રીતે આવી તે કહો, નહિતો તમારી ફજેતી થશે અને હું તે ખરીદીશ તો મારી પણ ફજેતી થશે.”

આ સાંભળીને તેજસંગ વધારે ચમક્યો અને બોલ્યો: “શું ત્રિભુવનપાળની આ માળા છે ? હું શું દધિસ્થળીમાંથી ચોરી લાવ્યો એમ તમે કહો છો ?”

“ત્યારે તમારા કયા પૂર્વજે આ માળા–આવી કીંમતી દશ હજાર સોનૈયાના મૂલ્યની માળા લીધી હતી તે કહો !”

“એનું તમારે શું કામ છે ? મારા દાદાને એ માળા કોઇ રાજા તરફથી બક્ષીસ મળી હતી.” તેજસંગે જવાબ આપ્યો. પહેલાં તેણે શેઠને ડરાવી મેલવાને જે જુસ્સો બતાવ્યો હતો તે જુસ્સો હવે તેનામાં રહ્યો નહોતો.

“તેજસંગ ઠાકોર ! ખરી વાત તો એ છે કે જ્યારે મહારાજા સિદ્ધરાજે મહોબકપુરના રાજાને હરાવીને પાટણમાં પ્રવેશ કર્યો, ત્યારે આ મૂલ્યવાન માળા તેમણે ત્રિભુવનપાળને તેમના શૌર્યના બદલામાં બક્ષીસ આપી હતી. એ લ્હડાઇમાં ત્રિભુવનપાળે ઘણું મોટું પરાક્રમ દર્શાવ્યું હતું અને તેમને એક મોટો ઘા વાગ્યો હતો. એ ઘા જેવડો લાંબો હતો તેના પ્રમાણમાં લંબાઇ ભરીને આ માળા મહારાજે તેમને કચેરી ભરીને પહેરાવી હતી. આ માળા મહારાજાને વેચાતી આપનાર પણ હું પોતે જ હતો ! હવે તમે બીજી–ત્રીજી વાતો કરો, તે હું કેવી રીતે માની શકું ? આ માળા હું રાખું અને કોઇ વાર મહારાજાના જોવામાં આવે તો તે શું માને ?”

તેજસંગનો ચહેરો હવે ફિક્કો પડી ગયો. આ નવી વાત સાંભળીને તે પણ અકળાયો અને હવે શું કરવું તેનો ઉપાય શોધવા લાગ્યો. એક ચતુર વણિક પાસે પોતે ફાવી શકશે નહિ એવું તેને લાગ્યું અને જરા ધીમેથી બોલ્યો: “જુઓ શેઠજી ! હું ખરી વાત કહી દઉં છું. આઠ–દશેક દિવસ ઉપર એક વાર રાત્રે મારે ગામ એક બ્રાહ્મણ આવ્યો હતો તેણે મને ઉંઘમાંથી જગાડીને કહ્યું કે મહારાજાના હુકમથી મારે દધિસ્થળીએ મહાદેવની પૂજાની તૈયારી કરવા માટે રાતોરાત જવું છે માટે મને ઘોડો

આપો. મેં કહ્યું કે ઘોડાના બદલામાં મને કાંઈ ઘ્હાનું આપો, હું તમને ઓળખતો નથી. તેણે કહ્યું કે હું મહારાજાનો માનીતો બ્રાહ્મણ છું અને છેક દરિદ્ર નથી. આ મોતીની માળા તમે રાખો; કાલે તમારો ઘોડો હું તમને પાછો પહોંચતો કરૂં એટલે એ માળા મને પાછી આપજો. મેં એવી શરતે એ માળા લીધી અને તેને ઘોડો આપ્યો. તેને આઠ-દશ દિવસ થયા પણ હજી એ બ્રાહ્મણ ઘોડો આપવા આવ્યો નથી અને માળા પણ લેવા આવ્યો નથી, એટલે મેં માળા વેચી નાંખવાનો વિચાર કર્યો છે. માળા કિંમતી છે એ હું જાણું છું; અને મારા ઘરમાં આવી માળા ન હોય એવું તમારૂં અનુમાન ખરૂં છે, પણ આવી વિચિત્ર રીતે મને માળા મળી છે એવું જો હું કોઇને કહું તો તે માને નહિ અને મને ચોર કે ઠગારો માને; એથી મેં આપને પહેલાં કહ્યું કે એ માળા મારી પોતાની છે. આ ખરેખરી વાત મેં તમને કહી છે. હવે તમારી મરજીમાં આવે તેમ કરો.”

શેઠ આ ચમત્કારિક વાત સાંભળીને વધારે નવાઇ પામ્યા. એક બ્રાહ્મણની પાસે એ માળા હોય તે તેમને બનવાજોગ લાગ્યું નહિ, પણ તેજસંગ જૂઠું બોલતો નહોતો એવી હવે તેમને ખાત્રી થઇ. તેથી તેમણે પ્રશ્ન કર્યો: “આ માળા તમારા હાથમાં આવ્યાને આઠ-દશ દિવસ થયા, એટલે કયે દિવસે?”

“ગયા સોમવારે; હા બરાબર, મહાદેવમાં ધાડ પડી તે જ રાત્રે.” તેજસંગ બોલ્યો.

“ધાડ પાડનાર તો ત્રિભુવનપાળ અને તેનાં માણસો હતાં, પણ તમે કહો છો તેવો બ્રાહ્મણ તેમની સાથે હોય નહિ અને હોય તો તેની પાસે ઘોડો હોય નહિ એવું પણ બને નહિ.” શેઠે તર્કપરંપરા ચલાવી.

“એ ગમે તેમ હોય; મેં તો તમને જે પ્રમાણે બન્યું તે પ્રમાણે કહ્યું છે.”

શેઠ વિચારમાં પડયા અને તકીઆને અઢેલીને મૌન બેસી રહ્યા. થોડી વારે તે બોલ્યા: “ગમે તેમ બન્યું હોય, પણ એ બ્રાહ્મણ ખરો નહિ હોય અને જો ખરો હોય તો તે જૂઠું તો અવશ્ય બોલ્યો હોવો જોઇએ. સિદ્ધરાજનો માનીતો બ્રાહ્મણ નહિ હોય પણ ત્રિભુવનપાળનો માનીતો બ્રાહ્મણ હશે, કારણકે આ માળા ત્રિભુવનપાળને ભરકચેરીમાં મહારાજાએ બક્ષીસ આપેલી તે મને સારી પેઠે સાંભરે છે અને માળાને હું બરાબર ઓળખું છું.”

"એ તો ઠીક; પણ હવે તમારી ખાત્રી થઈ હશે કે આ કાંઈ ચોરીનો માલ નથી. તમે તે ખરીદ કરશો કે નહિ?" તેજસંગે ઉત્સુકતાથી પૂછ્યું.

શેઠ અણુમાનતું વદન કરીને બોલ્યા: "માળા હું રાખીશ તો ખરો, પણ પાટણમાં મારાથી એ કોઈને બતાવાશે નહિ કે વેચાતી અપાશે નહિ. બહારગામના સોદામાં તેનો ઉઠાવ થશે એટલે તેને ઘણા વખત સુધી વેચાયા વિનાની રાખવી પડશે. વખત ઉડાઉડનો છે એટલે તમને હું તેના ત્રણ હજાર સોનૈયા આપીશ."

તેજસંગ એવો સપડાયો હતો કે હવે તેનાથી એ માળા બીજા કોઇ ઝવેરીને વેચાતી અપાય તેમ નહોતું. તેની એ સ્થિતિનો વિચાર કરીને જ દામુ શેઠ પણ માળાની કીંમત માત્ર ત્રીજા ભાગની જ બોલ્યા હતા. તેજસંગે કહ્યું: "શેઠજી! તમે પોતે જ કહેતા હતા કે આ દશ હજાર સોનૈયાની કીંમતની માળા છે અને તમે તેના ત્રણ હજાર સોનૈયા આપવાનું કહો છો, તો જરા વિચાર તો કરો!"

"જુઓ ઠાકોર! આ ઉઘાડા બજારનો સોદો નથી; ચોરી છૂપીનો સોદો છે, અને મારાથી વધારે નાણાં આપી શકાય તેમ નથી." શેઠે રોકડો જવાબ સંભળાવી દીધો.

તેજસંગે છેવટે એટલી કીંમત કબૂલ કરી અને શેઠે ગુમાસ્તા પાસે સોનૈયા મંગાવીને તેજસંગને ગણી આપ્યા. તેજસંગ ગયો, એટલે આનંદથી સ્મિત કરતાં શેઠે માળા હાથમાં લઇને ધારી ધારીને જોવા માંડી. એટલામાં પાછળ છજામાંથી સુભગા આવી પહોંચી અને પિતાના હાથમાં તેજદાર મોતીની સુંદર માળા જોઇને બોલી: "બાપાજી! આ નવી માળા વેચાતી લીધી કે શું? મોતી બહુ મોટાં અને મજેનાં છે હો?"

"હા, બેટા! પણ જા, તારી બાને બોલાવ; આ માળાને પણ ભોંયરાના ગુપ્ત ભંડારમાં મેલી દેવાની છે." શેઠે કહ્યું. સુભગા અમૃતબાઇને બોલાવી લાવી અને શેઠે તેને માળા સોંપતાં કહ્યું: "આ માળા ઘણી કીંમતી છે અને પાટણના બજારમાં વેચાય તેમ નથી, માટે તેને ઘરના દાગીનાની સાથે ભોંયરામાં મૂકી રાખજે."

પ્રકરણ ૭ મું.

સુભગાના સ્વપ્નમાં મંડુકેશ્વર.

બીજા દિવસના પ્રભાતમાં સુભગા વહેલી પિતાજીની પાસે આવી. તેના નેત્રમાં સ્મિત ચમકી રહ્યું હતું અને પિતાજીની આંખોની સાથે આંખો મળતાં એ સ્મિત મુખમાં આવીને વસ્યું. દામુ શેઠે તેના વદનના ભાવ ઉપરથી જ અનુમાન કર્યું કે "આજે સુભગા મને પજવવાને આવી હોય તેમ જણાય છે!" પરન્તુ દામુ શેઠને મન સુભગાની પજવણી એ પણ એક તરેહનો આનંદ હતો. એ સૌથી નાની લાડકવાઇ પુત્રીપર સૌનું ભારે હેત હતું અને વળી તેની ચતુરાઇની સાથે જેને જેને લડવાનો પ્રસંગ આવતો તેને તેને છેવટે પોતાની હાર વેઠીને પણ આનંદ ઉપજ્યા વિના રહેતો નહિ. આ કારણથી શેઠે પૂછ્યું: "કેમ બેટા! અત્યારમાં દહેરે જઇ આવી કે શું?"

"ના બાપાજી! હજી દહેરે ગઇ નથી; પણ એક નવાઇભરેલી વાત તમને કહેવા આવી છું; પછી તમે બહાર જતા રહો તેથી હું વહેલી આવી છું." સુભગા સ્મિત કરતી બોલી.

"એવી તે કેવી નવાઇભરેલી વાત છે વળી?" શેઠે પૂછ્યું.

"ગઇ રાત્રે મને એક સ્વપ્નું આવ્યું છે. સ્વપ્નું આવતાં પહેલાં તો હું બહુ બ્હી ગઇ, પણ પછીથી તો મારા હર્ષનો પાર રહ્યો નહિ. જાણે કે હું એક પર્વતના નીચા ઉંચા ટેકરા ચડી રહી છું અને ચાલવાથી થાકી ગઇ છું પણ ઘર હજી ઘણું દૂર છે તેથી ગભરાઉં છું. એટલામાં તો પર્વતની એક ઉંડી ગુફામાંથી એકાએક સેંકડો સાપ અને અજગરો નીકળી આવ્યા અને મારી તરફ ધસવા લાગ્યા. સાપને જોઇને હું થાકેલી હતી છતાં જોરથી દોડવા લાગી પણ એ આખું ટોળું મારી પાછળ જ દોડવા લાગ્યું. છેવટે એ સાપો મારી લગોલગ થઇ ગયા અને મને પગે ઠેસ વાગી એટલે હું એકાએક બેસી ગઇ. સાપ મારી તરફ ધસ્યા અને હું બ્હીની—જાણે કે મારો શ્વાસ રૂંધાઇ ગયો હોય અને જીવ ઉડી ગયો હોય એવું મને લાગ્યું. પણ સાપો મારા પગ પાસે આવતાં જ મને જરાએ અડકયા વિના બાજુએ થઇને ચાલ્યા જવા લાગ્યા. એ સેંકડો સર્પો ચાલ્યા ગયા પણ તેમાંથી એકકે પણ મને અડકયો નહિ. હવે મારા જીવમાં જીવ આવ્યો, પણ વળી પાછળ જોઉં છું તો કાળા દૈત્ય જેવા કેટલાક પુરૂષો મારી તરફ આવતા હતા! હવે મારા ભયનો પાર

રહ્યો નહિ. હું ભયથી કમ્પવા લાગી અને નાસી જવા માટે ઉઠીને ઉભી થઇ પરન્તુ ભય અને થાકથી એક ડગલું આગળ જતાં જ પડી ગઇ અને અર્ધ બેભાન જેવી બની ગઇ!"

પુત્રીનું આવું ભયજનક વર્ણન સાંભળીને દામુ શેઠની ઉત્સુકતા વધી. તે બોલ્યા: "હં, હં, પછી શું થયું?"

"પછી તેઓ મારી પાસે આવી પહોંચ્યા અને મને ઘેરીને ઉભા. મને લાગ્યું કે તેઓ મને કેદ કરીને પોતાની ગુફામાં લઇ જશે, તેથી હું બેભાન બની ગઇ. કેટલીક વારે મને ભાન આવ્યું, તો મેં જોયું કે મારી સામે એક શ્વેત વર્ણના પોઠીયા ઉપર બેઠેલા શંકર ભગવાન્ હતા. પેલા કાળા પુરૂષો તેમની આસપાસ ઉભા હતા. હું ભાનમાં આવી એટલે એ શંકર બોલ્યા: "દિકરી! તું જરા પણ ભયભીત થઇશ નહિ. હું મંડુકેશ્વર મહાદેવ પોતે છું અને તને તારા કલ્યાણનો આશીર્વાદ આપવાને અહીં આવ્યો છું. તારે હાથે ઘણાં મોટાં કામો થશે એવો મારો આશીર્વાદ છે." એમ કહીને તે તથા તેમની સાથેના પેલા કાળા પુરૂષો એકાએક અંતર્ધાન થઇ ગયા, અને તે સાથે જ મારૂં સ્વપ્ન પૂરૂં થયું! હું આંખ ઉઘાડીને જોઉં છું તો હું બિછાનામાં સૂતેલી અને નાની ભાભી મને જગાડી રહેલાં! બાપાજી! કહો, આ કેવું ચમત્કારિક સ્વપ્ન છે?"

"વાહ! આ સ્વપ્ન તો ઘણું જ નવાઇભરેલું અને વળી આનંદ ઉપજાવે તેવું! મંડુકેશ્વર મહાદેવે સ્વપ્નમાં તને આશીર્વાદ આપ્યો એ તો ઘણું સારૂં થયું! આવાં સ્વપ્નાં તો કોઇને જ આવતાં હશે!" દામુ શેઠે એ ઉત્તમ સ્વપ્નનું મહત્ત્વ વિચારતાં કહ્યું.

સુભગા બોલી: "બાપાજી! એ બધું તો ઠીક; પણ આજે હું દધિસ્થળીએ જઇ મંડુકેશ્વર મહાદેવનાં દર્શન કરી આવું! એમણે મારા ઉપર કૃપા દર્શાવી, તો મારે ત્યાંની જાત્રા કરવી જોઇએ."

શેઠે તુરત જવાબ ન આપ્યો. તે કાંઇક વિચારમાં પડ્યા. એટલામાં તો સુભગાએ અધીરાઇથી બીજી વાર પૂછ્યું: "કેમ જવાબ આપતા નથી? આજે જઇશ અને કાલે પાછી આવતી રહીશ! દધિસ્થળી ક્યાં બહુ દૂર છે?"

"જો બ્હેન!" શેઠ ગંભીરતાથી બોલ્યા: "આપણે શ્રાવક રહ્યા; આપણાથી મહાદેવનાં દર્શન કરવા જવાય?"

"એમાં વળી શું ખોટું છે? જેવા આપણા દેવ, તેવા એ બીજાના દેવ. આપણે મહાવીરસ્વામીને દેવ માન્યા અને શૈવોએ શંકરને દેવ માન્યા.

એમ તો સિદ્ધરાજ મહારાજ સોમનાથની જાત્રાએ ગયા હતા અને ઘણી વાર આપણા દહેરામાં પણ ઓચ્છવ કરવા આવે છે! એથી શું કાંઇ વાંધો આવે છે?"

"ઘેલી છોકરી! એ તો રાજા કહેવાય અને એ જે કરે તે શોભે. પણ આપણો તો બાપીકો ધર્મ શ્રાવકનો છે. આપણે મહાદેવનાં દર્શન કરીએ તો સંઘમાં આપણી નિંદા થાય. આચાર્ય મહારાજ જાણે તો આપણને પ્રાયશ્ચિત્ત લેવું પડે!" શેઠે સુભગાને સમજાવવા માંડી.

"એ ભલે ગમે તેમ થાય, પણ હું તો જવાની જ જવાની! મને તો એ સ્વપ્નું સાંભરે છે અને એવું થઇ જાય છે કે ક્યારે ઉડીને મંડુકેશ્વરના દહેરામાં જઇને પડું!"

"ના બેટા! એવી હઠ ન લેવાય! આપણી નિંદા થાય અને પછી દહેરામાં કે અપાસરામાં જતાં આપણો પગ ઉપડે નહિ. વળી અન્ય દેવ–મિથ્યાતીના દેવને આપણે માથું નમાવીએ તો આપણે આપણું સમકિત-રૂપી રત્ન ગુમાવ્યું લેખાય. કાગડાને ઉડાડવાને પથરો ફેંકાય, કાંઇ રત્ન ફેંકાય? તું શાણી થઇને આવી ભૂલ કેમ કરે છે?"

આ સાંભળીને સુભગાનું વદન ઓશિયાળું બની ગયું. તેને લાગ્યું કે હવે પિતાજી રજા આપશે નહિ. તે બોલી: "એમાં પાપ શાનું વળી? શાંતુ શેઠ તો ઘણી વાર મહાદેવના દહેરામાં જતા. મુંજાલ મંત્રી તો "જય મહાદેવ" ભરકચેરીમાં બોલતા. એ બધાએ શ્રાવક હતા અને વળી સંઘના આગેવાન હતા. તેમને પાપ ન થયું અને આપણને પાપ થાય?"

"સુભગા!" શેઠ જરા કરડા સ્વરથી બોલ્યા: "તું એવી હઠ કર નહિ! મારાથી તને દધિસ્થળીએ જવા દેવાય નહિ!"

એ જ ક્ષણે સુભગાની આંખોમાંથી આંસુની ધારા વહી નીકળી! તેને બહુ માઠું લાગ્યું અને તેથી તે ડુસકાં ભરવા લાગી. શેઠે ગમે તેવા કઠોર થવાનો યત્ન કર્યો, પરન્તુ એ લાડકવાઇ પુત્રીની આંખમાં આંસુની ધારા તો તેમનાથી જોઇ શકાઇ નહિ! તેમની પ્રકૃતિ એકદમ શિથિલ બની ગઇ અને સુભગાની પીઠ ઉપર હાથ ફેરવતા બોલ્યા: "બ્હેન! આવી ગાંડાઇ શાને કરે છે? હમણાં ઉડાઉડનો વખત છે અને ત્યાં જવાય? કોઇ ચોર કે લુંટારા મળે તો?"

"મંડુકેશ્વર મહાદેવની જાત્રાએ જતાં ચોર કે લુંટારા આવે જ નહિ! અને આવે તો મહાદેવ તેમને આંધળાભીંત બનાવી દે. તોએ હું સાથે માણસો લેતી જઇશ. હું અને મારી નાની ભાભી બે જણુ જઇશું. એક પા-

લખ્મી સાથે લઇશું. એક ચાકર, ચાર પાલખીવાળા અને વળી કહો તો હઠીસીંગ બારોટને સાથે તેડી જઉં. તે પોતાનો ઘોડો અને હથીઆર લઇને આવશે, પછી શો ભય છે? એ તો કાંઇ હરકત જેવું નથી, પણ તમે મને જવા દેવાની હા જ ક્યાં કહો છો?" એટલું કહેતામાં સુભગાની આંખોમાં પુનઃ બે અશ્રુબિંદુએ દર્શન દીધું.

શેઠ સુભગાના આંસુના છંટકાવથી નરમ બની ગયા હતા! તે હવે બોલ્યા: "હશે ત્યારે, ભલે તું જજે; પણ કાલે જરૂર પાછી આવજે હોં બ્હેન!"

"હા, કાલે તો પાછી જ આવીશ." સુભગા બોલી. તેના વદન-પર પુનઃ આનંદ ચમક્યો. પિતાની પાસેથી નીકળીને હવે તે માતાની પાસે ગઇ. તેની પાસે પણ પુનઃ સ્વપ્નનું વર્ણન કર્યું અને મહાદેવના દર્શનાર્થે જવાની પોતાના પિતાએ પરવાનગી આપી હોવાની વાત જણાવી. શેઠાણીએ પહેલાં તો આવા વખતમાં બહાર નહિ નીકળવાની બહુએ શિખામણ આપી, પરન્તુ સુભગાએ હઠ કરીને અને માતાને ઘણુંએ આડું અવળું સમજાવીને તેનું મન મનાવ્યું. શેઠ બહાર ગયા એટલે તેણે માતાને કહ્યું: "પણ બા! કાલે મારા પિતાજીએ જે નવી માળા લીધી છે તે હું પહેરી જવાની છું હોં!"

"ના! એ માળા બહાર કાઢવાની જ એમણે ના કહી છે, તે તને ખબર નથી?" શેઠાણીએ આંખો વિકસાવતાં કહ્યું.

"ના, બા! એ બહુ સારી માળા છે અને મને એક વાર પણ પહેરવા નહિ આપે?"

"તારા પિતાજી જાણે તો મને કેવું કેવું સંભળાવે? એ માળા તો હું તને નહિ આપું."

"પણ હું કોઇને જાણવા નહિ દઉં! તું મને માળા આપજે અને તે હું છુપાવીને પહેરીશ. પાછી આવીશ ત્યારે તને છાનીમાની પાછી આપીશ! પછી મારા પિતાજી એ વાત કેવી રીતે જાણશે અને તને કેવા રીતે ઠપકો આપશે?" સુભગાની ચતુરાઇએ માર્ગ કાઢ્યો.

માતાનું મન મનાવતાં સુભગાને આંસુ પાડવાનો પ્રયોગ અજમાવવો પડ્યો નહિ. અમૃતબાઇનો સ્વભાવ ભોળો હતો. તેમણે ધાર્યું કે સુભગા એક દિવસ એ માળા પહેરી જશે, એથી શું થઇ જવાનું છે? બિચારીને હોંશ છે તો ભલેને પહેરી જાય! છેવટે માતાની પાસેથી સુભગાએ માળા પહેરાવવાનું પણ વચન લીધું. સુભગાની સૌથી નાની ભાભી લીલાદેવી

ઘરના કોઇ કામકાજમાં પડી હતી, ત્યાં સુભગા દોડતી ગઇ અને ભાભીને કાનમાં કહી આવીઃ " લીલુ ભાભી ! કપડાં પહેરીને તૈયાર થજો ! આજે આપણે બેઉ દધિસ્થળીએ મંડુકેશ્વર મહાદેવનાં દર્શન કરવા જવાનાં છીએ ! "

પ્રકરણ ૮ મું.

ભૂપાળદેવી.

સિદ્ધરાજને પાટણના પાધરસુધી હાંકી કાઢીને કુમારપાળ તથા તેની સાથેના ઘોડેસ્વારો રાતોરાત દધિસ્થળી તરફ પાછા ફર્યા. માર્ગમાં તેમને પોતાના બીજા ઘોડેસ્વારો સામા મળ્યા, તેઓને પણ કુમારપાળે પાછા વાળ્યા અને બનેલી સઘળી વિગત કહી સંભળાવી. મંડળેશ્વરનું મરણ થયું એ વાત સાંભળીને સૌનાં રોમ ઉભાં થયાં, પણ દધિસ્થળીના નાના લશ્કરથી કાંઈ પાટણના કિલ્લા ઉપર ચઢાઇ કરી શકાય તેમ નહોતું એટલે સૌને લાચાર બની જવું પડ્યું. કુમારપાળ નાહિંમત થયો નહોતો, પણ તેને માત્ર એટલો જ અસંતોષ રહી ગયો હતો કે પોતે આટલો પરિશ્રમ કર્યો હોવા છતાં પિતાને મદદ પહોંચાડી શક્યો નહિ. બધું લશ્કર દધિસ્થળી તરફ પાછું ફર્યું. માર્ગમાં ગજસિંહને કેદ કરી રહેલા ઘોડેસ્વારો એક સ્થળે થોભ્યા હતા. ત્રિભુવનપાળનો ઘાત થવાથી સૌના મનમાં ક્રોધ વ્યાપી રહેલો હતો, એવામાં ગજસિંહને જોઇને સૌ વધારે ઉશ્કેરાયા અને કુમારપાળને કહેવા લાગ્યા કે " ગજસિંહનું માથું કાપીને તે સિદ્ધરાજને મોકલી આપવું જોઇએ. "

ગજસિંહની આસપાસ સૌ ફરી વળ્યા અને ક્રોધથી ઘેલા બની ગએલા કેટલાકોની તલવારો પણ મ્યાનમાંથી નીકળી. ગજસિંહ એક ભીરૂ સ્ત્રીની પેઠે માત્ર મોતની જ આશા રાખતો પગ સંકોચીને બેઠો હતો. તેનામાં શૌર્ય હતું પરન્તુ એ શૌર્ય બતાવીને મોત માંગી લેવા જેટલી હિંમત તેનામાં નહોતી. તે માનતો હતો કે હવે પોતાને કુમારપાળ જીવતો જવા દેશે નહિ અને આટલા બધા સૈનિકોની સામે લડીને પણ પોતે જીવતો રહેવાનો નથી. બન્ને રીતે પોતાને મરવાનું જ હતું, તોપણ લડીને મરવાનું કૌવત હવે તેના હૃદયમાં રહ્યું નહોતું.

" કુંવર ! રજા આપો એટલે એનું માથું છટકાવી નાંખું ! " એક રજપુતે પોતાના હાથમાંની તલવાર ઉંચી કરતાં કહ્યું.

કુમારપાળ બોલ્યોઃ "એને મારી નાંખવો એ સહેલી વાત છે, પણ મારી ઇચ્છા તેને મારી નાંખવાની નથી. તેની આંખો ફોડી નાંખો અને નાક કાપી લો, પછી તેને આ વગડામાં જ રઝળતો મૂકી દો !"

કુમારપાળના શબ્દો સાંભળીને ગજસિંહ ભયથી થરથરી ઉઠયો ! તે બોલ્યોઃ "કુમારપાળ ! મારી એવી દુર્દશા કરવાને બદલે તો મને મારી જ નાંખો તો હું તમારો ઉપકાર માનીશ !"

"અને હું તને જીવતો રાખું તો ?"

"પણ એવી દુર્દશામાં રહીને હું જીવતો રહેવા ઇચ્છતો નથી. જો તમે મને આમ ને આમ જીવતો જવા દેશો તો હું તમારો ઉપકાર જીંદગી સુધી વિસરીશ નહિ !"

કુમારપાળ હસ્યો અને બોલ્યોઃ "સ્વાર્થ સધાઈ રહ્યા પછી નગુણા—કૃતઘ્ની બનેલા ઘણા રજપૂતોને મેં જોયા છે !"

"પણ કુમારપાળ ! ગજસિંહ જૂદી જ તરેહનો રજપૂત છે હોં ! હું વચન આપું છું કે સિદ્ધરાજના આશ્રય નીચે રહ્યા છતાં હું તમને મદદ કરીશ—કોઇ અણીને વખતે મારી મદદ તમને કામની થઇ પડશે !"

"મારો શત્રુ મને મદદ કરે એ તો નવાઇની વાત ! પણ ગજસિંહ ! એક વાતે હું તને જીવતો જવા દઉં !" કુમારપાળે જણાવ્યું.

"કઇ વાત ?"

"મને અને મારા પિતાને મારી નંખાવવાનો મહારાજનો શો હેતુ છે ?"

"એ હેતુ હું અને કરણદાન સિવાય બીજું કોઇ જાણતું નથી; અને એ વાત બહુ માણસોને જણાવવા જેવી પણ નથી." ગજસિંહે કહ્યું.

"ત્યારે એ વાત તું મને છાની રીતે કહીશ ?"

"હા. જરા બાજુએ આવો એટલે હું તમારા કાનમાં કહીશ."

કુમારપાળ ઘોડાપરથી ઉતરીને બાજુએ ગયો. ગજસિંહ તેની પાસે ગયો. કુમારપાળનો એક માણસ બોલ્યોઃ "મહારાજ ! તેના હાથ બાંધવા દો; રખેને કાંઇ દગો કરે !"

"ભલેને દગો કરે ! મારી પાસે કયાં હાથ અને હથિયાર નથી ?" કુમારપાળે હસીને કહ્યું.

ગજસિંહે બાજુએ જઇને કુમારપાળને ધીમે સ્વરે કહ્યુંઃ "ભવિષ્યવેત્તાઓએ મહારાજને એવું કહ્યું છે કે તેમની પછી આપ ગાદીએ બેસશો, અને તમને ગાદીએ આવેલા જોવા મહારાજ ઇચ્છતા નથી તેથી તેમણે તમને પિતા—પુત્રને ફસાવવાને આ કાવતરૂં રચ્યું હતું. હવે હું તમારા હિતને

માટે કહું છું કે હમણાં થોડા વખતસુધી પાટણમાં પ્રવેશ કરશો નહિ, નહિતો કેદ પકડાશો અને કદાચ માર્યા જશો."

"ત્યારે તો મારા પિતાનું અનુમાન ખરૂં પડ્યું. વારૂ, પણ જ્યારે મહારાજની પછી ગાદીના ખરા વારસ મારા પિતા અથવા અમે તેમના પુત્રો છીએ અને અમને ગાદી ઉપર બેઠેલા જોવાની મહારાજની ઇચ્છા નથી, ત્યારે પોતાની પાછળ મહારાજ કોને ગાદીએ બેસાડવા માંગે છે."

"મહારાજ ! એ વાત તો મારા વિના બીજું કોઇ જ જાણતું નથી."

"અને તે વાત કહેવાની શરતે જ હું તને જીવતો જવા દઇશ એ હું તને કહી ચૂકયો છું." કુમારપાળે કહ્યું.

ગજસિંહે છૂપી રીતે કુમારપાળના કાનમાં એ નામ કહ્યું. એ સાંભળીને કુમારપાળ ચમકયો અને બોલી ઉઠયોઃ "એમ ! મહારાજની બુદ્ધિ શું ફરી ગઇ છે ? ક્ષત્રિય વંશનો—"

"મહારાજ ! ધીમે ધીમે બોલો. આ વાત હું, મહારાજ અને તમે એટલા જણા જ જાણીએ છીએ. ખુદ એ પોતે પણ જાણતો નથી કે મહારાજની આવી મરજી છે, જોકે કેટલાક વખત પછી તે એ વાત જાણશે ખરો !"

"કાંઇ ફીકર નહિ, ગજસિંહ ! હવે હું સાવધાન રહીશ. પણ તારા પર મને સંપૂર્ણ વિશ્વાસ કેવી રીતે બેસે ?" કુમારપાળ બોલ્યો.

ગજસિંહ બોલ્યોઃ "મહારાજ ! સિદ્ધરાજ તો અન્નદાતા છે, પણ તમે તો મારા જીવનદાતા–પિતારૂપ છો. તમે જ મને આજે જીવન આપ્યું છે, તે હું કદાપિ વિસરીશ નહિ."

"ઠીક, પણ તું એટલું વિશેષ કામ કર. હું સેનાપતિ કૃષ્ણદેવને મળવા ઇચ્છું છું અને એ મેળાપની ગોઠવણ તું મને કરી આપ !"

ગજસિંહ વિચારમાં પડયો. થોડી વારે તે બોલ્યોઃ "સેનાપતિ જાણે કે હું તમારી સાથે મળી ગએલો છું તો મારી શી દશા થાય ?"

"ત્યારે એક બીજું કામ કર ! આ મારા કટારને કૃષ્ણદેવ તુરત ઓળખી લેશે. એ કટારની મૂઠની સાથે હું એક ચિઠ્ઠી લખીને બાંધું છું. કોઇ પણ રીતે એ કટારને છાની રીતે કૃષ્ણદેવના ઘેર પહોંચાડજે; જોજે, કૃષ્ણદેવ સિવાય બીજા કોઇના હાથમાં તે પહોંચે નહિ, હાં !"

"હા, એ કામ હું કોઇ રીતે પાર પાડીશ !"

"પણ ગજસિંહ ! એટલું ધ્યાનમાં રાખજે કે આટલો વિશ્વાસ આપ્યા પછી જો દગો કરીશ, તો સૌથી પહેલાં તારો અને તારા પરિવા-

રનો અંત આણીશ. ત્રિભુવનપાળના પુત્રની આંખોમાં વસેલું વૈર તે કદાપિ ભૂલશે નહિ હોં! પાટણની ગાદીની પણ પરવા કર્યા વિના તે પોતાનું વૈર લેશે!"

"મહારાજાની છાનામાં છાની વાત મેં તમને કહી અને હજી શું અવિશ્વાસ રહે છે?"

"ના, પણ એ વિશ્વાસને દઢીભૂત કરવો એ હવે તારૂં કામ છે." એમ કહી કુમારપાળે ચકમક પાડીને નજીકમાં પડેલું થોડું સૂકું ઘાસ અને સાંઠીઓ સળગાવી. સાંઠીના એક કોયલાવડે કાગળ ઉપર ચિઠ્ઠી લખી અને ભેડે બાંધેલી પીછોડીની ચીંદરડી ઉતારીને તે વડે કટારની મૂઠપર તે ચિઠ્ઠી બાંધી દીધી. પછી એ કટાર ગજસિંહને સોંપ્યો અને કહ્યું: "આ ચિઠ્ઠી ખુલ્લી છે, તે તું વાંચીશ તો ભલે, એમાં કૃષ્ણદેવને મળવા સિવાયની બીજી વાત મેં લખી નથી; પરન્તુ એ વાત છાની છે—કોઇને જણાવવાની નથી હોં."

"હું બાપના બોલથી કહું છું કે તમારા વિશ્વાસનો ભંગ નહિ કરૂં, મહારાજ! આપ નિશ્ચિંત રહો." ગજસિંહે કહ્યું.

તુરત તેઓ પાછા લશ્કરમાં આવ્યા અને ગજસિંહને તેના ઘોડાપર બેસીને જવા દીધો. કુમારપાળ પોતાનાં માણસો સાથે દધિસ્થળીમાં આવી પહોંચ્યો ત્યારે સૂર્યનો ઉદય થયો.

* * * * *

ગજસિંહ કદાચ વિશ્વાસઘાત કરે એવો ભય કુમારપાળના અંતરૂમાં હતો, પરન્તુ એ ભય થોડા જ વખતમાં દૂર થઇ ગયો. તે દિવસે મધરાતને સુમારે કૃષ્ણદેવ ઘોડાપર બેસીને દધિસ્થળીમાં આવ્યો અને કુમારપાળે તેને ચિઠ્ઠીમાં લખી જણાવ્યા પ્રમાણે મંડુકેશ્વર મહાદેવના દહેરામાં મળ્યો. કુમારપાળે તેને પહેલાં પૂછીને ખાત્રી કરી તે ઉપરથી તેણે જાણ્યું કે ગજસિંહે એ કટાર કોઇ અજાણ્યા છોકરાની સાથે કૃષ્ણદેવને પહોંચાડયો હતો અને તેથી કૃષ્ણદેવ એ કટાર પહોંચાડનારનું નામ જાણતો નહોતો, તેમ જ કૃષ્ણદેવે તે કટાર લાવનાર છોકરાને પૂછયા છતાં તે ગજસિંહને ઓળખતો નહિ હોવાથી કોઇનું નામ આપી શકયો નહોતો. કુમારપાળને આથી ગજસિંહ ઉપર વિશેષ વિશ્વાસ ઉત્પન્ન થયો. ગજસિંહનું નામ તેણે કૃષ્ણદેવની પાસે પણ ખુલ્લું કર્યું નહિ.

કૃષ્ણદેવ સિદ્ધરાજનો મુખ્ય સેનાપતિ હતો અને વિશેષમાં તે કુમારપાળનો બનેવી થતો હતો. ત્રિભુવનપાળને બે પુત્રીઓ હતી જેમાંની મોટી

પ્રેમળદેવીને કૃષ્ણદેવ વેરે પરણાવવામાં આવી હતી અને નાની દેવળદેવીને સાકંભરીના રાજા અર્ણોરાજ વેરે પરણાવવામાં આવી હતી. કૃષ્ણદેવ સિદ્ધરાજનો સેનાપતિ હતો, પરન્તુ તે ત્રિભુવનપાળનો જમાઇ થતો હોવાથી પોતાના કાવત્રાની વાત સિદ્ધરાજે કૃષ્ણદેવના જાણવામાં આવવા દીધી નહોતી. ત્રિભુવનપાળના મરણથી પાટણમાં ચાલેલી વાત અને ત્રિભુવનપાળના શબને અગ્નિદાહ કરતી વખતે પાટણની પ્રજાએ તેને આપેલું ભારે માન એ સઘળી હકીકત કૃષ્ણદેવે કુમારપાળને કહી. સિદ્ધરાજે ફેલાવેલી કૃત્રિમ વાતથી પાટણની પ્રજા ત્રિભુવનપાળના વર્તન ઉપર કાંઇક ચ્હીડાઇ હતી ખરી, પરન્તુ તેનાં આગલાં પરાક્રમોની વાતો તે ભુલી ગઇ નહોતી અને તેથી અગ્નિદાહને સમયે તેણે ત્રિભુવનપાળને ભારે માન આપ્યું હતું. આ સઘળી વાત સાંભળીને કુમારપાળ બોલ્યો: “ મારા પિતા તો ગયા છે અને મારા દુષ્ટ કાકાએ જૂઠી વાત ફેલાવીને તેમની કીર્તિને કલંકિત કરી છે, તોપણ પાટણની પ્રજા તેમની સેવાને વિસરી ગઇ નથી એથી મને સંતોષ થયો છે. ”

પછી કુમારપાળે કૃષ્ણદેવની સલાહ પૂછી કે હવે પોતે શું કરવું. કૃષ્ણદેવે કહ્યું: “ સિદ્ધરાજ ઝેરી સાપ જેવો છે. તે કોઇ વાર દંશ દીધા વિના રહેશે નહિ. તેણે તમો બાપદીકરાને દાઢમાં ઘાલ્યા હતા એમાંથી તમે છટકી ગયા છો પણ ફરીથી તે પોતાની ધારણા પાર પાડ્યા વિના રહેશે નહિ.”

“ તેથી કાંઇ હું બ્હીતો નથી. સિદ્ધરાજ એવો છે તોપણ તે પાટણની પ્રજાથી બ્હીએ છે. ખુલ્લી રીતે અન્યાય કરવાની તેનામાં શક્તિ નથી અને તેથી હું દધિસ્થળીમાં રહીશ ત્યાંસુધી મારો કોઇ વાંકો વાળ કરનાર નથી. ” કુમારપાળ બોલ્યો.

“ એ તમારી ભૂલ છે. તે કાવતરાંબાજ છે. સિદ્ધરાજ દધિસ્થળી ઉપર હલ્લો નહિ કરે એ વાત ખરી છે, પરન્તુ કોઇ એવું કાવતરૂં કરશે કે જેમાં તમે ફસાઇ જાઓ ! જે રાજાનો કોપ થાય તે રાજાની હદમાં ન રહેવું જોઇએ, માટે મારી સલાહ એવી છે કે હાલમાં તમે દેશાટન કરવા નીકળી પડો, અને ગુપ્તવાસમાં જ રહેજો. ”

“ પણ હું આ સ્થળેથી જતો રહું, તો પછી પાટણમાં બનતા બનાવોની મને કેવી રીતે ખબર પડશે ? ”

“ તે માટે તમે નિશ્ચિંત રહો. તમે જ્યાં જાઓ, ત્યાંની મને ખબર આપતા રહેજો, એટલે હું તમને સઘળી બાબતોના સંદેશા પહોંચાડતો રહીશ. પણ હવે તમારે પાટણની હદમાં રહેવું એ સલામતીભરેલું નથી. ” કૃષ્ણદેવે સલાહ આપી.

કુમારપાળને એ સલાહ વાજબી લાગી. બન્ને જણ બીજી કેટલીક વાતચીત કરીને પછી છૂટા પડયા. કુમારપાળ પોતાના મોટા ભાઇઓની પાસે આવ્યો અને તેમને સઘળી વાત કહી સંભળાવી. ભાઇઓની સલાહ પણ કૃષ્ણદેવની સલાહને અનુસરતી જ મળી. પિતાની પાછળ દહાડો–પાણી કરવાનું કામ પોતે સારી રીતે પતાવશે એવી તેમણે ખાત્રી આપી. કુમારપાળને બીજી કાંઇ ચિંતા કરવા જેવું હવે રહ્યું નહોતું, એટલે બીજે જ દિવસે તેણે જટાધારી બાવાનો વેશ લીધો, પાસે થોડુંએક દ્રવ્ય રાખ્યું અને પોતાની સ્ત્રી ભૂપાળદેવીની રજા લઇને દેશાંતરમાં નિકળી પડયો.

ભૂપાળદેવી પતિના દેશાન્તરગમન પછી શોકમાં દિવસ ગાળ્યા કરતી હતી. પતિની સાથે રહેવાની તેણે બહુએ ઇચ્છા રાખી હતી પરન્તુ તે ઉચિત નહોતી. કુમારપાળ કાંઇ દેશે દેશ જોવાને માટે પ્રવાસે નીકળ્યો નહોતો, પરન્તુ બાવાના વેશમાં ગુપ્ત રહીને તેને વખત ગાળવાનો હતો. ભૂપાળદેવી તેની સાથે રહેવાથી તે કુમારપાળને તે કાર્યમાં મદદ કરવાને બદલે ઉલટો બોજો કરનારી થઇ પડે એવો વિશેષ સંભવ હતો. કુમારપાળે તેને એ મુશ્કેલી સમજાવી અને ભૂપાળદેવી સમયનો વિચાર કરી પતિની આજ્ઞાને અનુસરીને દધિસ્થળીમાં જ રહી. કુમારપાળ દધિસ્થળી છોડી ગયો છે એ વાત બીજે જ દિવસે આખા ગામમાં અને તુરત પાટણમાં પણ જાહેર થઇ ગઇ. કુમારપાળ કોઇ નિશ્ચિત સ્થળે જવાના ઇરાદાથી નીકળ્યો નહોતો, એટલે તેણે કોઇને પણ તે વિષે કશું કહ્યું નહોતું; પરંતુ તે જટાધારી બાવાનો વેશ ધારણ કરીને નીકળી ગયો છે એ વાત ભૂપાળદેવી સિવાય બીજું કોઇ જાણતું નહિ.

ભૂપાળદેવી એક ચતુર ક્ષત્રિયાણી હતી. પોતાનું શિરશ્છત્ર પરદેશ જવાથી પોતે કેવી રીતે સંભાળીને રહેવું જોઇએ તે તે સમજતી હતી. મહીપાળ તથા કીર્તિપાળ સુશીલ હોવાથી તેના તરફથી તેને કાંઇ ભય ઉત્પન્ન થાય તેમ નહોતું, પરન્તુ તેઓ ભોળા સ્વભાવના હોવાથી કદાચ સિદ્ધરાજના કાવતરાનો ભોગ થઇ પડે તેની ચિંતા ભૂપાળદેવીને હમેશાં રહ્યા કરતી હતી. કુમારપાળ કેવી રીતે ગયો છે, ક્યાં ગયો છે, શામાટે ગયો છે, એ જાણવાને સિદ્ધરાજ પ્રયત્ન કર્યા વિના રહેશે નહિ એવું તો તે સમજતી હતી. મહીપાળ અને કીર્તિપાળ કદાચ કોઇથી ભોળવાઇને કે ફસાઇને એ વાત કોઇને કહી દે, એવો ભય ભૂપાળદેવીને હતો, પણ તે કરતાંએ વિશેષ ભય તેના અંતઃકરણમાં બીજો હતો. કદાચ પોતાને કોઇ ફસાવીને એ વાત કઢાવવાનું દબાણ કરશે તો પોતે શું કરશે, એ જ તેનો ભય હતો. કુમાર-

પાળના સંબંધમાં સૌથી વધારે માહિતી તેની સ્ત્રી પાસે જ હોઇ શકે અને તેથી સિદ્ધરાજ તે મેળવવાને યત્ન કરે એ કાંઇ અસંભવિત નહોતું. આ ભયથી–સિદ્ધરાજના કાવતરા અને જુલમના ભયથી ભૂપાળદેવી હમેશાં થડકતી ને થડકતી રહેતી હતી. સિદ્ધરાજનું નામ સાંભળતાં તે ચમકી ઉઠતી હતી અને 'પાટણ' શબ્દ કાન સાથે અથડાતાં તત્સંબંધી કાંઇ નવીન વાત સાંભળવાને ઉત્સુક બન્યાં કરતી હતી.

એ જ સ્થિતિમાં અઠવાડીઉં વીતી ગયું. આજે ત્રિભુવનપાળના દશમા નિમિત્તે દરબારગઢના આંગણામાં બ્રહ્મભોજન ચાલતું હતું, અને મહીપાળ તથા કીર્તિપાળ એક છજામાં ઉભા ઉભા બ્રાહ્મણોના લાડુના વિતરણ તરફ દૃષ્ટિ કરી રહ્યા હતા, એટલામાં તેમની સમીપે હઠીસીંગ બારોટ નમન કરીને ઉભો અને બોલ્યો: "મંડળેશ્વરની જય ! બાપુ ! ખુશીમાં છો ને ?"

મહીપાળ અને કીર્તિપાળે બારોટની સામે નજર કરી અને તેને ઓળખ્યો. મહીપાળ બોલ્યો: "કેમ બારોટ ? કયાંથી–પાટણથી આવ્યા ?"

"હા બાપુ ! પાટણથી આવ્યાને થોડી વાર થઇ. દામુ ઝવેરીની દિકરી અને તેમના દિકરાની બહુ મહાદેવનાં દર્શન કરવા આવ્યાં છે, તેમની સાથે આવ્યો છું." હઠીસીંગે જણાવ્યું.

"ઠીક–ઠીક. કેમ હમણાં પાટણના શા વર્તમાન છે ?"

"વર્તમાન તો આપ જાણોછો ને ! મંડળેશ્વર મહાદેવનું મંદિર લૂંટવાને પાટણ આવેલા એવી વાત પાટણમાં ચાલે છે; કોઇ એ વાત ખરી માને છે, ત્યારે કોઇ નથી પણ માનતું. એ ગમે તેમ હોય, પણ બાપુ ! ત્રિભુવનપાળ મહારાજનું શબ જ્યારે પાટણના મશાણમાં બળ્યું ત્યારે આખું પાટણ ચોધાર આંસુએ રડયું છે ! ગુજરાતનો થંભ, સધરા જેસંગનો જમણો હાથ, પટણીઓની મૂછનો વાળ, ગરીબનો બેલી, રણક્ષેત્રનો સાદૂળો સિંહ અને સત્યવાદી હરિચંદ રાજાનો અવતાર એકાએક ચાલ્યો જાય તો કોનું દિલ કબજ રહે ? આપના તો બાપ ગયા છે એટલે આપને કેમ ન લાગે, પણ બાપુ ! પાટણની ભોમનો એવો ટેકીલો રજપૂત જતાં આજે તેનું નૂર ઝાંખું પડી ગએલું હું જોઉં છું."

કીર્તિપાળ બોલ્યો: "પણ પાટણની પ્રજાને મન એક લૂંટારો ગયો હોય તો પછી તેને અમારા પિતાના મરણથી તમે કહો છો એટલી બધી લાગણી કેવી રીતે થાય ?"

"બાપજી ! આ ગરીબ બારોટનું કહેવું આપ ખરૂં નહિ માનો. પાટણમાં જેને મ્હોંએ મેં વાત સાંભળી છે તે બધાએ એવું કહે છે કે મહા-

દેવનું દહેરૂં લૂંટતાં ત્રિભુવનપાળ મરાયા, પણ દરેકે દરેક જણુ એ વાતને પૂરી રીતે ખરી માનતાં અચકાય છે! કેમ ન અચકાય?

"કોકિલકી બાનીકોં જો સુનતા હૈ રાતદિન,
"કૈસે કહેગી કિ વહ કાગકા આવાજ હૈ?
"જંગલકે રાજાકી રાર કાન સુન કરકે,
"કૈસે મૃગ કહેં ઘાસ ખાતે બનરાજ હૈં?
"બિશ્નુ ભગવાન શિર મની રૂ માનેક દેખ,
"કૈસે કહેં જૌહરી કિ ફાટકકા તાજ હૈ?
"રાજા હરિચંદકી જો ટેકકોં પિછાનત હૈ,
"કૈસે કહેગી કિ વહ ઝૂટા નૃપરાજ હૈ?

"આ વાત ખરેખરી છે. બીજી કેવી રીતે ત્રિભુવનપાળ મરાયા હોય તે બાબત કોઇએ કાંઇ કલ્પના કરી શકતું નથી, પણ સૌના મ્હોંમાંથી એવો સવાલ નીકળે છે કે 'ત્રિભુવનપાળ શું આવું કામ કરે?' અરે, દૂર શાને લેવા જવું? દામુ ઝવેરીની દિકરી જેને હું મહાદેવનાં દર્શન કરવા તેડી લાવ્યો છું તેણે અત્યારે માર્ગમાં આવતાં મને પૂછ્યું કે 'બારોટ! ત્રિભુવનપાળ જેવો ટેકીલો રજપૂત મંડુકેશ્વર મહાદેવની છાયામાં વસીને આવું લૂંટનું કામ કરે ખરો?'"

બારોટનું આ ઉત્તેજક ભાષણ બન્ને ભાઇઓ મૌનપણે સાંભળી રહ્યા. તેમને મૌન રહેલા જોઇને બારોટને વધારે શૂરાતન છૂટયું અને ભાષણ આગળ ચલાવ્યું: "મંડળેશ્વર! ખરી વાત તો ગમે તેવી હોય, પણ ત્રિભુવનપાળે કર્ણદેવના મરણથી અત્યારસુધી મહારાજની પાસે રહીને ગુજરાતની ભુમિની જે સેવા કરી છે અને દેશપરદેશમાં પોતાના પરાક્રમવડે જે નામના કાઢી છે, તે ઉપરથી ત્રિભુવનપાળ મહાદેવનું મંદિર લૂંટતાં મરણ પામ્યા હોય એ વાત પટણીઓનું દિલ માનતું નથી! તેમને મન તો વનરાજની નગરીનો એક મોટો થાંભલો તૂડી પડયા જેવું થયું છે અને દેશનું દુઃખ જેમના દિલમાં વસ્યું છે તેઓ તો ઝારઝાર રડે છે! મંત્રી, દંડનાયક અને આખી પ્રજાએ કાળી પાઘડીઓ પ્હેરી છે! બાપલા! હું શું કહું?! ત્રિભુવનપાળ જતાં પાટણનું માન બીજા રાજ્યોમાં હવે ઘટતું જશે!" એટલું બોલતાં બારોટની આંખો જરા ભીની થઈ. પિતાના મરણનું દુઃખ પાટણને પણ આટલું બધું સાલે છે, એ જોઇને મહીપાળ તથા કીર્તિપાળની આંખોમાં પણ જળ ભરાઇ આવ્યું.

થોડી વાર શાંત રહીને બારોટે કહ્યું: "બાપુ! ખરૂં કામ તો હું વાતચીતમાં વિસરી ગયો. દામુ ઝવેરીનાં દિકરી કુમારપાળનાં રાણીને જરા

મળવાની ઇચ્છા રાખે છે. અમે સાંભળ્યું કે ત્રિભુવનપાળ મરણ પામ્યા તેને બીજે દિવસે કુમારપાળ પણ ક્યાંય ગુમ થઇ ગયા છે અને તેથી સૌ મોટી દિલગીરીમાં છે. તે ઉપરથી એમને એમ વિચાર થયો કે જ્યારે દધિસ્થળી સુધી આવ્યાં છીએ તો ભૂપાળદેવીને મળીને જઇએ તો ઠીક."

મહીપાળે જવાબ આપ્યો: "એમને હું પૂછાવું છું; અને તેમનો જવાબ આવે એટલે દાસી તેમને રાણી પાસે ઓરડામાં લઇ જશે."

"ભલે બાપુ! પુછાવો ત્યારે."

મહીપાળે એક દાસીને બોલાવીને હુઠીસીંગનો સંદેશો ભૂપાળદેવીને મોકલ્યો. ભૂપાળદેવી એ સંદેશો સાંભળતાં જ ચમકી ઉઠી. પાટણના ઝવેરીની દિકરી પોતાને મળવા આવે છે, તો તેમાં સિદ્ધરાજનું કાંઇ કાવતરૂં હશે એવી શંકા એકદમ તેના ચિત્તમાં ઉપસ્થિત થઇ. તે ભયથી ચોમેર જોવા લાગી અને દાસીને ઉત્તર આપ્યા પહેલાં કેટલીક વાર સુધી તેણે ઉંડો વિચાર કર્યો. એક વાર તેને નહિ મળવાની ઇચ્છા દર્શાવનારો જવાબ આપવાનો તેનો નિશ્ચય થયો અને બીજી વાર તેણે વિચાર્યું કે 'ભલેને આવે, જોઉં તો ખરી, એ મારી સાથે કેવી વાતચીત કરે છે, શા હેતુથી તે આવી છે અને તેના દિલનો ખરો મર્મ શો છે?' છેવટે તેણે દાસીને જવાબ આપ્યો કે: "જા, તેમને મોકલ અને કહે કે બાઇ તમારી રાહ જોતાં ઓરડામાં બેઠાં છે."

* * * * *

"તમે અહીં આવીને આવાં આવાં કુતૂહળ કરો છો, તો હું બાપાજીને કહી દેવાની છું."

"ના, ભાભી! એમ ન થાય! આમાં હું ક્યાં કુતૂહળ કરૂં છું? આપણે અહીંસુધી આવ્યાં છીએ તો પછી મંડળેશ્વરની બાઇઓને મળતાં જઇએ અને બે શબ્દ દિલાસાના કહેતાં જઇએ તો ઠીક દેખાય એમ ધારીને હું તેમને મળવા જવા માંગું છું. આપણે અહીં સાંભળ્યું કે કુમારપાળ ગુમ થયા છે એટલે કુમારપાળની વહુને મળવાનું કહાવ્યું છે એમાં શું ખોટું કર્યું?"

"એવી રીતે રાજા લોકોને મળવા જવું તે કાંઇ બાળકની રમત જેવું ન કહેવાય. બાપાજીની રજા વિના આપણાથી એમ કોઇને ત્યાં પરગામમાં અને અજાણ્યા લોકોમાં જવાય જ કેમ? તમે તો છોકરાં થઇને છૂટી જાઓ, પણ બાઇજી જાણે તો મારાં તો જટીયાં જ પીંખી નાંખે." લીલાદેવીએ સુભગાને કહ્યું.

"હશે, જે બન્યું તે બન્યું. જોઇએ છીએ બારોટ કેવા ખબર લાવે છે. તે હા કહાવશે તો જઇશું, નહિતો કાંઇ નહિ. બારોટને સમજાવીશું કે પાટણ ગયા પછી કોઇને વાત ન કહે."

"પણ વહેલી મોડી એ વાત બાપાજી જાણવાના અને મને ઠપકો મળવાનો."

"હશે હવે; ઠપકો મળશે તો સાંભળી લઇશું; એમાં એવાં પોચાં શાને બની જાઓ છો? મારા ભાઈ પાટણના દંડનાયક કે સંઘપતિ થાય તો પછી આવું પોચું દિલ રાખ્યું કેમ પાલવશે?" સુભગાએ જરા ટોળ કરી.

"હવે છાનાં રહોને વળી! મારાથી કાંઇ બીજું બોલી જવાશે!" ભાભીએ કટાક્ષ કરીને નણંદને શરમાવી. એટલામાં બારોટ ત્યાં આવી પહોંચ્યો અને સમાચાર આપ્યા કે "ભૂપાળદેવી તમને મળવાને તૈયાર થઇને બેઠાં છે."

લીલાદેવીને ધ્રાસ્કો પડ્યો. તેણે સુભગાની સામે જોઇને કહ્યું: "લ્યો! દામુ ઝવેરીનાં દિકરી! હવે પધારો!"

"તમે પણ સાથે ચાલો, ભાભી! એમ શું મને એકલી મૂકી દેશો?"

"મેં ક્યાં બાઇને મળવા જવાનું કહાવ્યું હતું?"

"હશે, આજે મારી ખાતર સાથે ચાલો. અત્યારે મારૂં આટલું કામ કરો, કોઇ વાર વળી હું તમારૂં કામ કરી આપીશ!" સુભગાએ ભાભીનો હાથ પકડ્યો.

બારોટ તેમની આ ચેષ્ટા જોઇને બોલ્યો: "હવે વળી જવાની આમ આનાકાની શાને કરો છો? બાઇએ તમને મળવાનું મોટું મન બતાવ્યું છે પછી શી હરકત છે?"

સુભગા બોલી: "બારોટ! મારાં ભાભી ડરે છે કે કદાચ આ વાત તમે બાપાજીને કહો અને બાપાજીની પરવાનગી વિના અમે બાઇને મળવા જઇએ છીએ તેથી તે ઠપકો આપે."

"એમાં ઠપકો શાને આપે? રાજા લોકને મળવા જવું એ તો ચતુરાઇનું કામ છે. તેથી તો ડહાપણ આવે અને રીતભાત આવડે."

"એ તો ઠીક, પણ તમે આ વાત બાપાજીને ન કહો તો મારાં ભાભીની હિંમત ચાલે અને મારી સાથે આવે." સુભગા બોલી.

"એમાં કાંઇ ચોરી કરવાની છે કે તે વાત બાપાજીથી છાની રાખીએ? પણ હવે તમારી એવી ઇચ્છા છે તો નહિ કહું, જાઓ!" બારોટે કહ્યું.

લીલાદેવીને હવે કાંઇક હિંમત આવી. નણંદ અને ભોજાઇ સાથે સાથે ચાલ્યાં. માર્ગમાં સુભગા ધીમેથી બોલી: "ભાભી! તમે મોટાં છો, એટલે બાઇ સાથે વાતચીત કરવાની શરૂઆત કરવાનું તમારે માથે હોં!"

"ઠીક, ઠીક! એમ બધુંએ મારે માથે ઢોળી પાડોને!" એમ કહી લીલાદેવીએ સુભગાના કાંડાપર ચુંટકી ખણી.

થોડી વારમાં બન્ને જણીએ બાઇઓના નિવાસના ઓરડાઓ પાસે આવી પહોંચી. બારોટ તે બન્નેની પાછળ ચાલ્યો આવતો હતો. એક દાસી ઓસરીમાં ઉભી હતી તે બન્ને જણીઓને ભૂપાળદેવીના ઓરડાભણી લઇ ચાલી અને બારોટ ત્યાંથી આગળ જતો અટકયો. દાસીએ તેમને ઓરડામાં દાખલ કરીને ભૂપાળદેવીને તે બન્નેની ઓળખાણ પાડી. ભૂપાળદેવીએ સ્મિત કરીને તેમને મળવા માટે હર્ષ બતાવ્યો અને કહ્યું: "દામુ ઝવેરીનું નામ મેં સાંભળેલું ખરૂં પણ એમના ઘરનાં કોઇને કોઇ વાર મળેલી નહિ. આજે તમને જોઇને મને બહુ સારૂં લાગ્યું."

લીલાદેવી બોલી: "અમે તો મહાદેવનાં દર્શન કરવાને જ આવ્યાં હતાં, પણ માર્ગમાં સાંભળ્યું કે કુમારપાળ મહારાજ એકાએક ગુમ થયા છે અને લોકો દિલગીર બની ગયા છે, એટલે અમે સહેજ તમને મળવાને આવ્યાં. મંડળેશ્વરના મરણનો શોક હજી તાજો જ છે, એવામાં વળી આપને આ એક બીજો પણ ચિંતાનો વિષય!"

ભૂપાળદેવી સાવધ હતી. પોતે તોળી તોળીને શબ્દો બોલવાના છે એવું તેના ધ્યાનમાં હતું. થોડી વાર રહીને તે બોલી: "તમે ખરૂં કહો છો. તે તો કોઇને કાંઇ પણ કહ્યા વિના જતા જ રહ્યા છે. હું પણ કશું જાણતી નથી એટલે મન હમેશાં ચિંતા અને ઉદ્વેગમાં રહ્યાં કરે છે."

"કેમ ન રહે? મોટી ઓથ દાદાજીની હતી તે જતા રહ્યા અને કુંવર પોતે પણ કયાં ગયા તેની ખબર નહિ, એટલે ઉદ્વેગ તો થાય જ." લીલાદેવી બોલી.

હવે આગળ વાતચીતનો વિષય કયો શોધી કાઢવો તે લીલાદેવીને સૂઝ્યું નહિ. તે થોડી વાર મૌન બેસી રહી. ભાભીની એ મુંઝવણ તુરત સુભગાના સમજવામાં આવી ગઇ; તેથી હવે વાતચીતનો વિષય પોતે ઉપાડી લેતાં બોલી: "દાદાજીના પરાક્રમથી તો પાટણ ગાંડું બન્યું હતું. એ તો મહારાજના જમણા હાથરૂપ હતા. પણ મહાદેવનું મંદિર લુંટવાની વાતની હજી કાંઇ સમજણ પડતી નથી. કોઇ કાંઇ કહે છે અને કોઈ કાંઇ કહે છે!"

ભૂપાળદેવી વિશેષ સાવધ બની. તેણે માન્યું કે સિદ્ધરાજ તરફ બાતમી પહોંચાડવા માટે આ બે બાઇઓ આવી હોવી જોઇએ અને તેથી તે વારંવાર આ એક જ પ્રકારની વાત છેડયા કરે છે. તેણે પૂછ્યું: "કેમ વારૂ ? પાટણના લોકો એ વિષે કેવી વાતો કરે છે ?"

"લોકોમાં એવી વાત ઉડી છે કે ત્રિભુવનપાળ અને કુમારપાળ મહાદેવનું મંદિર લૂંટવા આવેલા, તેમાંથી ત્રિભુવનપાળ મરાયા અને કુમારપાળ છટકી ગયા. પણ ત્રિભુવનપાળની નેક ટેક જાણનારાઓ તે વિષે શંકાશીલ છે. ત્રિભુવનપાળ એવું કામ કરે જ નહિ એમ તેઓ કહે છે."

"જો મંદિર લૂંટવા ન આવ્યા હોય તો બીજી કેવી રીતે મરાયા હોય તે વિષે લોકો શું બોલે છે ?" ભૂપાળદેવીએ પૂછ્યું.

"એ સવાલ થતાં સૌ જવાબ આપતાં ગુંચવાય છે ! દાદાજીના ઉગ્ર સ્વભાવ વિષે અને તેમની ટેક તથા ધર્મપરની આસ્થા વિષે હઠીસીંગ બારોટે મને ઘણી વાર વાતો કહેલી અને ત્રિભુવનપાળ મહાદેવનું મંદિર લૂંટવા આવ્યા હોય એ વાત માનતાં હુંએ અચકાઉં છું, પણ ત્રિભુવનપાળ બીજી કેવી રીતે મરાયા હોય તેનો વિચાર કરતાં મુંઝાઉં છું ! ખરી વાત તો કેવળી જાણે !"

લીલાદેવી બોલી: "ખરી વાત ગમે તેની હોય, પણ તે દિવસે જોયું હતુંને, તેમના મરણથી લોકોમાં કેટલી દિલગીરી હતી ? કહે છે કે મશાણમાં તો ઉભા રહેવાની પણ જગ્યા નહોતી અને જાણે કે આખું શહેર ઉઠીને મશાણમાં એકઠું થયું હોય એવો દેખાવ થઇ રહ્યો હતો. દાદાજી ઉપર લોકોનો ભાવ જરાએ ઓછો થયો નહોતો."

ભૂપાળદેવી બોલી: "એ વાત તો અમે પણ સાંભળી છે. હશે, બનવાનું હતું તે બની ગયું." ભૂપાળદેવીએ વાત સમેટી લેવા માંડી.

પણ સુભગાને તેટલાથી સંતોષ થયો નહિ. તેણે પૂછ્યું: "હેં બાઇસાહેબ ! ત્યારે પાટણમાં જે વાત ઉડી છે તે શું ખરી છે ?"

"ખરી હોય કે ખોટી હોય, હું તે વિષે કાંઇ કહું તે શા કામનું ? ત્રિભુવનપાળ તે મારા વડીલ—સસરા હતા અને તેમની સાથે હતા તે મારા શિરછત્ર હતા. તેમના તો હું ગુણ જ ગાઉંને ?" ભૂપાળદેવી બોલી.

સુભગા બોલી: "એમ કાંઇ જ ન કહેવાય. ક્ષત્રિયો કાંઇ વાણીયા બાઇ હોતા નથી. તેઓ ટેકીલા અને સાચાબોલા હોય છે. જેનામાં ગુણ હોય તેના જ તે ગુણ ગાય છે. સગો પુત્ર વાંક કરી આવે તો ખરાં ક્ષત્રિય પિતામાતા તેને ઘરમાં સંઘરતાં નથી—એવી ઘણી વાતો મેં સાંભળી છે."

"એ તો આગલા જમાનાની વાતો છે!" ભૂપાળદેવીએ સ્મિત કરીને વાતને ઉડાવી દેવા માંડી.

"આ જમાનો કાંઇ વટલાઇ ગયો નથી. ત્રિભુવનપાળ પોતે એ ખરા ક્ષત્રિયના નમૂનારૂપ હતા. તમે તેમનાં જ પુત્રવધૂ છો. તમે કહેશો તે અમે માનીશું." સુભગા બોલી.

"બ્હેન! તમારો આભાર માનું છું, પણ વખત બારીક છે એટલે હું એ બાબત વિષે કોઇને કાંઇ કહેતી નથી!" હવે ભૂપાળદેવીને પોતાના મનની ખરી વાત ખુલ્લી કરવી પડી.

સુભગાથી હવે કાંઇ બોલી શકાયું નહિ. તે મૌન બેસી રહી. તેને ખોટું ન લાગે તેટલા માટે ભૂપાળદેવી તેની સામે જોઇને બોલી: "બ્હેન! ખોટું ન લગાડ–" પણ આગળ બોલતાં તે અચકાઇ, કારણકે સુભગાની તરફ નજર કરીને તે ચમકી ગયા જેવી જણાઇ હતી. તેનો એ ભાવ સુભગા અને લીલાદેવી બન્નેના સમજવામાં તત્ક્ષણ આવી ગયો. બન્નેએ એકી સાથે જ પૂછ્યું: "કેમ બાઇ ચમક્યાં?"

"કાંઇ નહિ, એ તો સહજ." ભૂપાળદેવીએ વાત ઉડાવવા માંડી.

"નહિ, મારા સોગંદ! ખરી વાત કહો. તમારા મનમાં કાંઇક પડદો છે અને તે ખોલતાં તમે અચકાઓ છો." સુભગા બોલી.

"એ તો હું તમારા કંઠમાં આ મોતીની માળા જોઇને ચમકી. એના જેવી કિંમતી માળા એક વાર અમારી પાસે પણ હતી." ભૂપાળદેવીએ ખુલાસો કર્યો.

સુભગા બોલી: "આ માળા મારા પિતાજીએ માત્ર બે દિવસ પહેલાં જ એક જણ પાસેથી ખરીદ કરી છે."

ભૂપાળદેવીની આંખો વિકસિત થઇ. તે વિશેષ વિસ્મય પામી અને બોલી: "શું તમે ખરૂં કહો છો? માત્ર બે જ દિવસ પહેલાં એ માળા દામુ ઝવેરી પાસે આવી છે એ તમે બરાબર જાણો છો?"

"હા, હા, બરાબર જાણું છું. તે માળા લીધી ત્યારે મેં મારા બાપાજીને પૂછ્યું પણ હતું અને તેમણે કહ્યું હતું કે આજે જ તે માળા ખરીદ કરી છે!" સુભગાએ ખુલાસો કર્યો.

"ત્યારે તમારા કંઠમાંથી કાઢીને મને એ માળા જરા જોવા આપશો?" ભૂપાળદેવીએ માંગણી કરી.

સુભગાએ તુરત પોતાના કંઠમાંથી માળા કાઢીને ભૂપાળદેવીના હાથમાં મેલી. ભૂપાળદેવીએ તે હાથમાં લઇને ધારી ધારીને જોઇ. મોતી

ઓળખ્યાં અને તુરત જ તેની આંખોમાં પણ અશ્રુબિંદુરૂપી મૌક્તિક દર્શન આપવા લાગ્યાં. સુભગા તેની એ સ્થિતિ કળી ગઇ અને બોલીઃ "કેમ બાઇ! એ માળા જોઇને તમને કાંઈ માઠું લાગ્યું?"

"કાંઇ નહિ, એ તો મને સહજ દુઃખ લાગ્યું. આ જ માળા એક વાર અમારી હતી. આજે તે તમારી થઇ છે." ભૂપાળદેવીએ એમ બોલતાં તે માળા પાછી સુભગાના હાથમાં મેલી.

"શું આ માળા આપની જ છે? પણ મારા પિતાજીએ તો કોઇ બીજા પાસેથી વેચાતી લીધી છે!"

"તે હું જાણું છું." ભૂપાળદેવીએ ટૂંકો ઉત્તર આપ્યો.

સુભગા ભૂપાળદેવીની રીતભાત જોઇને–તેની ઓછું બોલવાની રીત જોઇને જરા નવાઇ પામી હતી. તે બોલીઃ "બાઇ! કહો કે ન કહો, પણ તમને કાંઇક વહેમ છે. તમે ખુલ્લા દિલથી વાત કરતાં નથી. અમે આવ્યાં તેથી તમને ઠીક ન લાગતું હોય, તો હવે અમે જઇશું."

"નહિ, નહિ, તમે થોડી વાર વધારે બેસો તો હું આનંદ પામીશ. તમે બહુ માયાળુ છો, પણ વખત બારીક છે એટલે કાંઇ રાજવંશી બાબતો વિષે હું બહુ બોલતી નથી. આ માળા જોઇને અત્યારે મારૂં દિલ ભરાઇ આવ્યું છે, પણ મારાથી એ વાત ખુલ્લી કરાય તેમ નથી."

"એમ કેમ વારૂ?" લીલાદેવીએ પ્રશ્ન કર્યો.

"સિદ્ધરાજનો અમારાપર કોપ થયો છે અને તમે એમની પ્રજા છો!"

સુભગા બોલીઃ "અમે સિદ્ધરાજની પ્રજા છીએ પણ સિદ્ધરાજનો આપના ઉપર કોપ છે એમ કોણે કહ્યું?"

"ઉભરામાં ને ઉભરામાં મારાથી તમારી પાસે આટલું બોલી જવાયું, પણ હું ન બોલી હોત તો સારૂં હતું, એમ હવે મને થાય છે."

"બાઇ! હવે મને સમજાયું કે તમે અમારાપર અવિશ્વાસ રાખો છો. અમે સિદ્ધરાજની પ્રજા છીએ પણ તેના નોકર નથી. અમારી પાસે કાંઈ વાત કહેવાથી તમને ભય જેવું નથી એમ નિશ્ચિત સમજજો. મંડુકેશ્વર મહાદેવ અને અમારા ચોવીસે તીર્થંકરના સોગંદ ઉપર હું કહું છું કે આ હું ખરી વાત કહું છું."

ભૂપાળદેવીને હવે કાંઇક પ્રતીતિ આવી, છતાં કુમારપાળ સંબંધે કશી વાત ન બોલી જવાય એવી સાવધાનતા રાખીને તે બોલીઃ "નહિ, નહિ, બ્હેન! હું કાંઇ અવિશ્વાસ રાખતી નથી, પણ સિદ્ધરાજના સંબંધમાં કાંઇ વાત તેમની પ્રજા પાસે બોલતાં વિચાર કરવો જોઇએ."

"તમારી વાત ઉપરથી હું એવું અનુમાન કરૂંછું કે મંડળેશ્વર અને મહારાજ વચ્ચે કાંઇક કડવાશ ઉત્પન્ન થઇ હોવી જોઇએ અને ત્રિભુવનપાળ મહારાજના મરણ સાથે એક કડવાશને કદાચ કાંઈ સંબંધ હોય!"

એ બાળાની ચતુરાઇથી ભૂપાળદેવીએ આશ્ચર્ય પામીને તેની સામે જોયું. ક્ષણભર રહીને તે બોલી: "તમારૂં અનુમાન ખોટું નથી. તમે જ સમજો છો કે ત્રિભુવનપાળ લૂંટનું કામ કરે નહિ અને તમારી એ સમજણ ખોટી નથી. તેમના પુત્ર લૂંટ કરવા ગયા નહોતા પણ મહારાજે તેમને કાંઇ કામનું બ્હાનું કરીને છાની રીતે મહાદેવના મંદિરમાં બોલાવ્યા હતા અને તેમાંથી આમ દગો કર્યો!"

"બાઇ! આ શું બોલો છો? મહારાજે આટલી બધી નીચતા કરી? એક તો પાપ કર્યું અને વળી ત્રિભુવનપાળની કીર્તિને પાટણની પ્રજામાં ખોટી વાત ફેલાવીને કલંકિત કરી?" સુભગા આશ્ચર્યથી બોલી.

"પણ આ વાત કોઇને કહીને શું કરવું? વાડ વેલાને ખાવા ધાય ત્યાં તે બિચારા વેલાનો શો આશરો? મારી આ વાત કોઇ માને પણ ખરૂં? એટલે હવે અમે છાનાંમાનાં બેઠાં છીએ."

"એ તો ડહાપણ કર્યું. મહારાજે મોટો અનર્થ કર્યો છે. કુમારપાળ તેમના કોપનો જ વિચાર કરીને ક્યાંય દૂર ચાલ્યા ગયા હોવા જોઇએ. પણ બાઈ! ત્રિભુવનપાળ મરાયા અને કુમારપાળ કેવી રીતે છટકી ગયા?"

"જો ધાર્યું હોત તો બન્ને છટકી જઇ શકત પણ દાદાજીને એમ કાયરની પેઠે નાસી આવવું ગમ્યું નહિ. એમના પુત્ર ત્યાંના પુજારીનો વેશ પહેરીને અને પુજારીને ઓરડામાં પૂરીને નીકળી ગયા. તેમનો વિચાર અહીંથી લશ્કર લઈ જઇને સિદ્ધરાજની સામે લડવાનો હતો. વેશ બદલાવીને નીકળેલા અને લશ્કર લેવા અહીં ઉતાવળે આવવું એટલે ઘોડાની જરૂર પડી. માર્ગમાં એક ગામડામાંથી પોતાની મોતીની માળા કંઠમાંથી કાઢી આપીને ઘોડો લીધો! આ એ જ મોતીની માળા એ ઘોડાના માલેક પાસેથી તમારા પિતાજીએ વેચાતી લીધી હશે! બ્હેન! એ માળા અમારી પાસેથી ગઈ અને એ માળાનું ઇનામ સિદ્ધરાજ પાસેથી મેળવનાર દાદાજી પણ ગયા!" એટલું કહેતાં ભૂપાળદેવીની આંખોમાં પુનઃ આંસુ આવ્યાં.

આ બધી વાત સાંભળીને સુભગા તો આશ્ચર્યથી દિગ્મૂઢ જેવી બની ગઇ. ભૂપાળદેવી જે વાત કહેતી હતી તે અક્ષરશઃ ખરી હતી એમ હવે તેને લાગ્યું. તે પોતાના વડીલના શિરપરનું કલંક ધોવા માટે જૂઠું બોલતી નથી પણ યથાઘટિત વાત કહે છે એવી તેની ખાત્રી થઇ. તેને

કુમારપાળ અને ભૂપાળદેવીની બહુ દયા આવી. राजा हरति सर्वस्वं शरणं कस्य जायते ? રાજા પોતે જ જ્યારે સર્વસ્વ હરી લે, ત્યારે કોને શરણે જવું ? એવી જ સ્થિતિ અત્યારે આ ખરા ક્ષત્રિયોની પણ થઇ ગઇ હતી અને સિદ્ધરાજની બુદ્ધિમાંથી જન્મેલો ક્રોધ તેનો કારણીભૂત હતો એ સ્પષ્ટ રીતે સુભગાના સમજવામાં આવી ગયું. તે બોલી: " બાઈ ! દિલગીર ન થાઓ ! સિદ્ધરાજ એક પરાક્રમી રાજા હોવા છતાં તેણે આવું પાપ કર્યું છે તો તેનો વિજય કદાપિ નહિ થાય ! રાજાના કોપથી ત્રિભુવનપાળના દિકરાને વગડામાં વાસ કરવાનો વખત આવ્યો છે, પણ ઇશ્વર તે સાંખી શકશે નહિ એમ ખાત્રીથી માનજો. તે તો પાપીનો પ્રલય અને સત્યનો વિજય જ કરે છે."

" સાચું કહો છો બ્હેન ! હવે તો ઇશ્વર ઉપર ભરોસો રાખીને જ બેઠાં છીએ. મંડુકેશ્વર મહાદેવની ધ્વજાની છાયા હેઠળ છીએ અને તે અમારૂં રક્ષણ કરશે. દાદાજી જવાથી અમે બહુ ગભરાયાં છીએ અને હવે તો તમારી પેઠે કોઇ તરફથી ધીરજના બે શબ્દો સાંભળવાનો પણ વખત નથી."

" ખરૂં કહો છો, બાઇ ! તમે આંજે અમારી પાસે અંતર ખુલ્લું કર્યું છે, પણ તેથી તમને કશો ગેરલાભ નહિ થાય એવો વિશ્વાસ રાખજો હો ! હું તો બાળક છું, આપની દિકરીના જેવી છું, એટલે આપને વિશેષ કહું ?"

" હા, તમે નાનાં છો, પણ તમારી ચતુરાઇ અને ડહાપણ છાનાં રહેતાં નથી."

" ત્યારે હવે આપની આજ્ઞા હોય તો અમે ઉઠીએ. બહુ વખત થયો."

" રાતોરાત પાછાં પાટણ જશો ?"

" ના. આજે અહીં જ રાત ગાળીશું અને વહેલાં ઉઠીને પાટણ તરફ વિદાય થઇશું."

" ત્યારે અત્યારે જમવાનું અહીં રાખો. મંડળેશ્વરના મહાલયમાં આવીને તમે ભૂખ્યાં જાઓ તો મને ઓછું આવે." ભૂપાલદેવીએ મમતાથી કહ્યું.

" અમે જમવાનું સાથે લઇને આવ્યાં છીએ બાઇ ! આપની કૃપા વિના અમને બીજું કાંઇ જોઇતું નથી." સુભગાએ ઉત્તર આપ્યો. તેઓ ઉઠયાં અને તેમને બારણાં સુધી વળાવવા જવાને ભૂપાલદેવી પણ ઉભી થઇ.

" વારૂ, પાછાં કોઇ વાર અહીં આવો તો મને જરૂર મળવા આવજો. તમારાં માતાપિતાને મારો આશીર્વાદ કહેજો." ભૂપાળદેવી બોલી.

" બાઇ ! તમે અમને એવી વાતો કહી છે કે જે મારાથી મારા પિ-

તાજીને કે બીજા કોઇને કહેવાય નહિ તેથી હું તમને મળવા આવી હતી એવી વાત પણ હવે મારાથી મારાં માતા–પિતાને કહી શકાશે નહિ."

"તમે ખરૂં કહો છો." એમ કહી ભૂપાલદેવી સુભગા અને લીલાદેવીની પાછળ ચાલી અને બારણાંસુધી તેમની સાથે ગઇ. સુભગા અને લીલાદેવી ગઇ એટલે તે ઓરડામાં પાછી આવી અને આજની મુલાકાત વિષે વિચાર કરવા લાગી.

પ્રકરણ ૯ મું.

નણંદ અને ભોજાઇ.

દધિસ્થળી શૈવધર્મીઓનું યાત્રાનું પવિત્ર સ્થળ હતું. મંડુકેશ્વર મહાદેવનું ભવ્ય શિવાલય અને દધિચી ઋષિના આરાને નામે સરસ્વતીના તીરપર ઓળખાતી જગ્યાનું માહાત્મ્ય ગુજરાતમાં સારી પેઠે વખણાએલાં હતાં. શ્રીસ્થળ–સિદ્ધપુર કે પાટણ સુધી આવનારા યાત્રાળુઓ સ્વાભાવિક રીતે જ નજીક આવેલા દધિસ્થળીની યાત્રા કરવા આવ્યા વિના રહેતા નહિ. આથી મહાદેવના મંદિરની આસપાસ બાંધેલી ધર્મશાળાઓમાં રોજ થોડા થોડા યાત્રાળુઓનો નિવાસ રહ્યા કરતો હતો. સુભગા અને લીલાદેવીએ પણ એવી એક ધર્મશાળામાં ઉતારો કર્યો હતો અને રાત્રિ ત્યાં જ ગાળીને પ્રભાતમાં પાછા પાટણ તરફ વિદાય થવાનો તેમનો સંકલ્પ હતો. ભૂપાળદેવીની મુલાકાત લઇને નણંદ અને ભોજાઈ પાછાં ધર્મશાળામાં આવ્યાં. પાલખી ઉપાડનારાઓએ પોતાને માટે ખાસ જૂદી રસોઇ બનાવી હતી. તેઓ જમવાના કાર્યમાં નિમગ્ન હતા. હઠીસીંગ સુભગા અને લીલાદેવીની સાથે સાથે ધર્મશાળામાં આવ્યો અને સુભગાને પૂછ્યું: "કેમ બ્હેન ! જમવાની શી ગોઠવણ કરી છે ? કહો તો કોઇ બ્રાહ્મણને બોલાવીને રસોઇ કરાવીએ."

સુભગાએ તેમ કરવાની ના કહી. તે પોતાની સાથે પાટણથી કેટલુંક ખાવાનું તૈયાર કરાવીને લાવી હતી. રસોઇની તરખડ કરવા કરતાં નણંદ–ભોજાઇએ તે ઉપર ચલાવી લેવાનું વાજબી માન્યું. બારોટે પણ તેમાંથી જ થોડું ખાવાનું લઇને ચલાવ્યું. મહાદેવની સંધ્યા–આરતી વખતે સૌ મહાદેવમાં ગયાં અને આરતીનાં દર્શન કરીને પાછાં ફર્યાં.

લીલાદેવીએ ધર્મશાળાના એક ઓરડામાં પોતાને માટે તથા સુભગાને માટે પથારીઓ કરાવી. આરતીનાં દર્શન કર્યા પછી બીજું કાંઇ કાર્ય

તેમને નહિ કરવાનું હોવાથી રોજ કરતાં વહેલાં જ આજે તેમણે શયનની સાધના કરી. સુભગાએ પોતાની પથારીમાં પડતાં ભાભીને જોરથી બાથ ભીડીને લાડ કરતાં કહ્યું: "કેમ ભાભી! આજે કેવું નવું નવું જાણવાનું મળ્યું?"

"બળ્યું તમારૂં નવું નવું! પણ બ્હેન, મને હવે જરા બાથમાંથી છોડો તો ખરાં? મારાથી તો દમ ખવાતો નથી! બળ્યું! આટલું બધું બળ ક્યાંથી આવ્યું?"

ભાભીને બાથમાંથી છોડતાં સુભગા હસીને બોલી: "હું તો તમારાથી નાની છું, અને મારામાં તમને બહુ બળ લાગ્યું? પણ ઠીક–ઠીક! એ તો હું સમજી! રોજ મારા ભાઇ પાસે એવાં નખરાં કરવાની તમને ટેવ પડી ખરીકની, એટલે આજે મારી પાસે પણ તમારાથી એવાં નખરાં થઇ ગયાં! વારૂ ભાભી! પણ ધારો કે હું તમારો પતિ છું અને તમે મારાપર ગુસ્સે થએલાં છો, તો પછી અત્યારે તમે મારા તરફ કેવું મ્હોં કરીને જૂઓ?"

સુભગાના ગાલપર ધીમી થપાટ મારીને લીલાદેવીએ કહ્યું: "જાઓ જાઓ હવે! પરાઇ બૈરીની લાજ લેવા આવ્યા છો તે!" લીલાદેવીએ કૃત્રિમ ગુસ્સો બતાવતાં કહ્યું. પછી નણંદ–ભોજાઇ એક બીજાની સામે જોઇને ખડખડાટ હસી પડયાં! લીલાદેવી બોલી: "તમે પણ ઠીક અત્યારથી નવદંપતીના ગૃહસંસારનું આવી રીતે શિક્ષણ લેવા માંડયું છે, હોં બ્હેન!"

"તે તમે જાણો! એમાં શિક્ષણ શાનું વળી?" સુભગાની ભ્રકુટી ચડી.

"પોતા ઉપર વાત આવે છે એટલે કેવો ગુસ્સો ચડે છે ને? પણ હવે એ બધું હાથ–વેંતમાં આવી પહોંચે છે, હોં!" લીલાદેવી બોલી.

"હાથ–વેંતમાં કેમ? એ નવી ખબર વળી તમે કયાંથી લાવ્યાં?" સુભગાએ જરા ઉત્સુકતા દર્શાવતાં પૂછ્યું.

"એ વાત કાંઇ એમ કહી દેવાય તેવી નથી! એના તો પૈસા પડશે!" લીલાદેવીએ ટોળ કરવા માંડી.

"અમારે કાંઇ આપવા નથી! એ વાતમાં તે એવો શો માલ હશે?"

"ત્યારે રહેવા દો. અમારી વાત ભલે અમારી પાસે રહી."

સુભગાએ પોતાની ઉત્સુકતાને છુપાવવાને યત્ન કર્યો પણ તે છુપાવી શકી નહિ. તેણે પૂછ્યું: "કહો, કેટલા પૈસા તમારી વાતના બદલામાં માગો છો?"

"ઉંહ! મન કેવું અધીરૂં બની રહ્યું છે ને? વાહ બ્હેન વાહ! કહો

છોને હજી તો નાનાં છો ?" લીલાદેવીએ ટોળમાં સુભગાના ગાલપર ચુંટકી ખણી.

"ભાભી ! એમાં મશ્કરી શાને કરો છો ? કહેતાં હો, તો કહોને હવે !"

"ત્યારે તમારાં નવાં હીરાનાં કર્ણફુલ મને આપી દેવાની શરત કરો."

"બાપાજીની પરવાનગીની શરતે એ કર્ણફુલ તમને આપ્યાં, જાઓ, હવે તમારી વાત જલ્દી કહો."

"ખંભાતથી ઉદયન મંત્રીનો પત્ર આવ્યો છે અને તેમાં તેમના મોટા પુત્ર વાહડને માટે તમારી માંગણી કરી છે; હવે તો તમે મંત્રીનાં પુત્રવધૂ થવાનાં !" લીલાદેવીએ જણાવ્યું.

સુભગા બહુ હસી. લીલાદેવી તેને આશ્ચર્યથી હસતી જોઇ રહી. હસવામાંથી નિવૃત્ત થઇને સુભગા બોલીઃ "ભાભી ! આ તમારી નવી વાત ? એમ કહીને મારાં કર્ણફુલ ઠગી લીધાં ?!"

"કેમ વારૂ ? એ શું જૂની વાત છે ? હજી તો ત્રણ દિવસ અગાઉ જ ખંભાતથી પત્ર આવ્યો છે એમ તમારા ભાઈ કહેતા હતા."

"બહુ સારૂં; તમે તો એટલું જાણો છો, પણ હું તો તેથીએ વધારે જાણું છું"

"શું જાણો છો વારૂ ?"

"મારાં કર્ણફુલ પાછાં આપવાની શરત કરો તો કહું." સુભગા સ્મિત કરતી બોલી.

"કેવી લુચ્ચાઇ કરો છો ? કહો હવે, હું ઠગારી કે તમે ઠગારાં ? જાઓ, તમારાં કર્ણફુલ તમને પાછાં આપ્યાં. હવે કહો જોઇએ."

"પણ જેવી રીતે આજના ભૂપાળદેવીની વાત પેટમાં દાટી રાખવાની છે, કોઇને પણ—મારા ભાઇને પણ—કહેવાની નથી, તેવી રીતે હું જે વાત કહું છું તે પણ તમારે કોઇને કહેવી નહિ, એવું વચન આપો."

"હું વચન આપું છું કે કોઇને નહિ કહું."

"ત્યારે સાંભળો. જે દિવસે પત્ર આવ્યો તે દિવસે બાપાજી મારી બા સાથે એ વિષે જ વાત કરતા હતા અને મેં તે સઘળી વાતચીત છજામાં ગુપચુપ ભરાઇ રહીને સાંભળી છે."

"એટલે હવે તમે ચોરી કરવામાં પૂરાં છો એ પણ જાણ્યું."

"હજી સાંભળો તો ખરાં ! બાપાજીનો વિચાર એ વેવીશાળ કરવાની વિરૂદ્ધ છે. પટણી શ્રીમાળીથી મારવાડી શ્રીમાળીને કન્યા ન અપાય એવો

તેમનો વાંધો છે. માતુશ્રીનું મન એ વેવીશાળ કરવાનું છે, તે ઉપરથી બાપાજીએ ન્યાતના બે મોટા માણસોની સલાહ લઇને ઉદયન મંત્રીને પાછો જવાબ લખવાનું ઠરાવ્યું છે."

"ઠીક, એથી વધારે બીજું કાંઇ છે ?"

"ના, પણ હવે એક બીજી વાત કહું તે સાંભળી લો. એ વાતચીત હું છજામાં રહીને સાંભળતી હતી કે તુરત જ એક ઠાકોર આ માળા વેચવાને બાપાજી પાસે આવ્યો. મેં આગલી જે વાતચીત સાંભળી હતી, તે ઉપરથી હું તો ત્યાં ને ત્યાં જ વિચારમાં સ્થિર બની ગઇ અને મારા સંબંધી વાતચીત પૂરી થઇ તોએ ત્યાંથી ચાલ્યા જવાનું મને ભાન રહ્યું નહિ, એટલે ત્યાં જ ઉભી રહી. ત્યારપછી ઠાકોર અને બાપાજી વચ્ચે આ મોતીની માળા વિષે વાતચીત ચાલી તે સઘળી મેં સાંભળી. બાપાજીએ કહ્યું કે આ માળા ત્રિભુવનપાળની જ છે, ત્યારે પેલા ઠાકોરે કહ્યું કે આ માળા ત્રિભુવનપાળનું મરણ થયું એ જ રાત્રે એક બ્રાહ્મણ પોતાને આપી ગયો હતો અને તેના બદલામાં એક ઘોડો લઇ ગયો હતો. આ ચમત્કારિક વાત સાંભળીને મારૂં કુતૂહળ જાગૃત થયું. ત્રિભુવનપાળ મહાદેવનું મંદિર લૂંટવા આવ્યા હોય એ વાત હું ખરી માનતી નહોતી અને મારી એ માન્યતા હું બાપાજીને પણ કહી ચૂકી હતી. મને લાગ્યું કે દધિસ્થળીમાં જઇને કોઇની પાસેથી ખરી વાત મેળવી શકાશે. એ ઉપરથી મેં દધિસ્થળી આવવાનો નિશ્ચય કર્યો."

"ત્યારે મહાદેવનાં દર્શન એ તો એક બ્હાનું જ કે ?"

"હજી સાંભળો તો ખરાં ! દધિસ્થળી આવવાની વાત પિતાજી એકદમ માને તેમ નહોતું એટલે મેં એક બાજી રચી. મંડુકેશ્વર મહાદેવે મને સ્વપ્નમાં આવીને આશીર્વાદ આપ્યો એવું મેં ધત્તીંગ ઉઠાવ્યું અને એ બ્હાને મહાદેવનાં દર્શન કરવાને અહીં આવવાની પરવાનગી મેં મેળવી. પણ મારી ઇચ્છા તો પેલી ત્રિભુવનપાળની માળા પહેરીને ત્રિભુવનપાળના જ ગામમાં આવવાની હતી, એટલું જ નહિ પણ મહીપાળ, કીર્તિપાળ કે કુમારપાળની રાણીમાંની એકની પાસે એ માળા પહેરીને જવાનો અને એ નિમિત્તે તેમની પાસેથી કાંઇક ખરી વાત કઢાવવાનો મારો પહેલેથી જ સંકલ્પ હતો ! હું જાણતી હતી કે દધિસ્થળી જતાં એ માળા પિતાજી મને કદાપિ પહેરવા આપવાના નહિ, એટલે મેં માતુશ્રી પાસેથી એ માળા ગુપચુપ પહેરવા લીધી. સારા ભાગ્યે પિતાજીએ એ માળા માતુશ્રીને મૂકવા આપેલી પણ તે વિષે લાંબી વિગત જણાવેલી નહિ, એટલે હું તે માળા

મેળવી શકી અને પહેરીને અહીં આવી. ત્યારપછી શું બન્યું તે તો તમે જાણો છો! હવે સાંભળો, આ માળા મેં પહેરી હતી તે વાત કોઇને પણ કહેવાની નહિ હોં; જો પિતાજી તે વાત જાણશે તો મારી દુર્દશા કર્યા વિના રહેશે નહિ અને તે સાથે માતુશ્રીને પણ ઠપકો મળશે."

"ઓહોહોહો! સુભગા'બ્હેન! તમારી આ કપટનિપુણતાને હવે મારે કહેવું શું? ત્રિભુવનપાળના મરણની એક ખરી વાત જાણવાને જ તમે આટલી બધી ખટપટ ચલાવી? હવે ભૂપાળદેવી પાસેથી તમે એ ખરી વાત મેળવી તો ખરી, પણ એ વાત મેળવીને તમને તેનું શું કામ હતું? આપણે વાણીયાનાં બૈરાં અને રાજખટપટની એવી વાતો જાણીને ફળ પણ શું? તમારી આ કુતૂહળવૃત્તિ કોઇ વાર તમને આફતમાં લાવી મેલશે હોં!"

સુભગા જવાબમાં માત્ર ભાભી સામે જોઇને હસી રહી. લીલાદેવી વિશેષ ગંભીર બનતી બોલી: "એમાં હસો છો શું? મને તમારાં આ બધાં લક્ષણ ભયભરેલાં લાગે છે. આટલી નાની વયે આટલી બધી હિંમત? પરમેશ્વરે તમને ભાયડો ઘડચો હોત તો કેવું સારૂં થાત?"

"ભાયડો ઘડચો હોત તો તમારા જેવી બૈરીને આવી પોચી વાણીયણ બનવા દેત નહિ, ભાભી!"

"ત્યારે તમે કેવાં-ક્ષત્રિયાણી જેવાં થશો?" લીલાદેવીએ પ્રશ્ન કર્યો.

"એ કાંઇ તમને અત્યારથી કહેવાનું નહિ."

"ઓહો! પ્રભુ જાણે તમારા મનમાં કેવી કેવી અભિલાષાઓ ભરી છે! તમે આટલાં ઉંડાં, કપટી, ખટપટી, કુતૂહલપ્રિય અને તોફાની હશો, તે તો મેં આજે જ જાણ્યું. તમારી આજની વાત સાંભળીને મને આખી રાત ઉંઘ આવવાની નથી."

"ચાલો, ચાલો, સૂઇ જાઓ, મારી હુંફમાં હું તમને ઉંઘાડી દઇશ."

નણંદ અને ભોજાઇ એમ વાતચીત કરતાં, એકી બીજાની ટોળમાં આનંદ લેતાં અને પરસ્પર સ્નેહભાવનો આસ્વાદ અનુભવતાં સૂતાં.

પ્રકરણ ૧૦ મું.

હેમાચાર્ય.

ઇ. સ. ૧૦૮૯ માં ધંધુકાના એક વણિકના ઘરમાં ચાંગદેવ નામનો જે એક બાળક જન્મ્યો હતો, તે આજે "કળિકાળસર્વજ્ઞ સૂરીશ્વર શ્રી હેમચંદ્રાચાર્ય" તરીકે આખા ગુજરાતમાં-બલકે સમસ્ત આર્યાવર્તમાં પ્-

સિદ્ધ થયો હતો ! ચાંગદેવનો પિતા ચાચિંગ એક મોઢ વણિક હતો અને તેની સ્ત્રીનું નામ પાહિની હતું. એક વાર ચાચિંગ બહારગામ ગયો હતો અને પાંચ વર્ષની વયનો ચાંગદેવ રમતો હતો. નજીકમાં જ શ્રાવકોનો એક ઉપાશ્રય હતો તેમાં દેવચંદ્રસૂરિ નામના જૈન યતિ ઉતર્યા હતા. ચાંગદેવ રમતો રમતો ઉપાશ્રયમાં પેઠો અને જે વખતે યતિ કાંઇ કામમાં ગુંથાયા હતા ત્યારે તેમની ગાદી ઉપર ચડી બેઠો ! યતિને એ છોકરાની રમત જોઇને આશ્ચર્ય થયું અને વિશેષ તો તેના તેજસ્વી લલાટથી તે ચમકી ગયા હતા. આચાર્ય અનેક વિદ્યાઓમાં કુશળ હતા અને સામુદ્રિક લક્ષણોની પરીક્ષા કરવામાં પણ નિપુણ હતા. તેમણે સહજ પરીક્ષા કરી, તો બાળકનું ભવિષ્ય અલૌકિક જોવામાં આવ્યું. દેવચંદ્રસૂરિને એ બાળકને પોતાના શિષ્ય તરીકે મેળવવાની ઇચ્છા થઇ અને તેમણે સંઘને એકઠો કરી પોતાની ઇચ્છા જણાવી કહ્યું: “ જ્યારે જ્યારે ધર્મની વિશેષ હાનિ થવાનો પ્રસંગ ઉભો થાય છે, ત્યારે ત્યારે તેની રક્ષાને માટે કોઈ યુગપ્રધાનનો અવતાર થાય છે. એ યુગપ્રધાન થવાને યોગ્ય મને આ બાળક માલૂમ પડે છે. ” આ ઉપરથી સંઘ અને સૂરિજી ચાચિંગને ઘેર ગયા. ચાચિંગ ઘેર નહોતો એટલે પાહિનીએ તેમને આવકાર આપ્યો. સંઘે ચાંગદેવ સંબંધી વાત પાહિનીને કહી અને કહ્યું કે “ એ કોઇ અવતારી પુરૂષ છે, માટે તેને સૂરિજીને સોંપી દો; તે તેમનું પાલન કરશે, વિદ્યાભ્યાસ કરાવશે અને એ રીતે તેનું પોતાનું તથા જનસમાજનું કલ્યાણ થાય એ પ્રમાણે કરશે. ” પાહિની પુત્ર ઉપર મમતા ધરાવતી હતી, તથાપિ તેને મોટા માણસોના કથન ઉપર શ્રદ્ધા હતી, તેથી તેણે લાંબો વિચાર કર્યા વિના ચાંગદેવને દેવચંદ્રસૂરિને આપી દીધો. સૂરિ પાંચ વર્ષના ચાંગદેવને લઇને કર્ણાવતી ચાલ્યા ગયા. પાછળથી પાહિનીનો પતિ બહારગામથી આવ્યો અને પાહિનીએ તેને સઘળી વાત કહી. તે વાત સાંભળીને તે દિલગીર થયો અને કર્ણાવતીએ આવીને સૂરિ પાસેથી પોતાનો પુત્ર પાછો માંગ્યો. ઉદયન મંત્રી–તે સમયનો ઉદો મારવાડી–ઉદો શેઠ કર્ણાવતીમાં હતો, તેણે ચાચિંગને સમજાવ્યો અને ચાચિંગ ચાંગદેવને સૂરિપાસે રહેવા દઇને જ પાછો પોતાને ઘેર આવ્યો.

ત્યારપછી માત્ર ચાર વર્ષમાં જ ચાંગદેવે પોતાનું સ્મૃતિસામર્થ્ય અને બુદ્ધિવિભવ બતાવી આપ્યાં. ઇ. સ. ૧૦૯૮ માં જ્યારે ચાંગદેવ નવ વર્ષનો થયો, ત્યારે તેના ગુરૂ દેવચંદ્રસૂરિએ દીક્ષા અંગીકાર કરવાના સર્વ ગુણો તેનામાં જોયા અને એ નવ વર્ષના કિશોર વયસ્ક બાળકને જૈન મુનિત્વ અંગીકાર કરાવ્યું. તેનું નામ મુનિ સોમદેવ રાખવામાં આવ્યું. નાની વયના એ

બાળકને દીક્ષા આપવામાં આવ્યા છતાં તેની યોગ્યતા ત્યારપછી તુરત જ પ્રકાશમાં આવવા લાગી. વિદ્યા અને જ્ઞાન ગ્રહણ કરવામાં સોમદેવની અતુલ શક્તિ પ્રકટ થવા લાગી અને લોકોમાં એ વિદ્વાન્ બાળક અત્યંત આનંદ આપનારો થઇ પડયો. તેની આ અતુલ વિદ્વત્તા આગળ 'સોમદેવ' જેવું નામ પણ કાંઇક હીનોપમા જેવું જણાવા લાગ્યું. આથી દેવચંદ્રસૂરિએ તેનું નામ હેમચંદ્ર અર્થાત્ 'સુવર્ણનો ચંદ્ર' એ પ્રમાણે રાખ્યું.

ધીમે ધીમે હેમચંદ્ર મુનિની વિદ્વત્તા આખા ગુર્જ્જર રાષ્ટ્રમાં પ્રસરી ગઇ. એ નાની વયના વિદ્વાન્ મુનિનાં દર્શન કરવાને તથા તેમની અતુલ વિદ્વત્તારૂપ ચમત્કારનો પરિચય કરવાને દૂર દેશના શ્રાવકો અને બીજાએ પણ પાટણમાં આવવા લાગ્યા. પોતાના અભ્યાસના વિષયના સેંકડો શ્લોકો નિત્ય કંઠસ્થ કરવા એ તો હેમચંદ્ર મુનિને માત્ર રમત જેવું હતું. એક વાર શ્રવણ અને મનન કરેલો શ્લોક તેમને તત્ક્ષણ કંઠસ્થ થઇ જતો અને કોઇ પણ વખતે તે સ્મરણપટ ઉપર તરી આવ્યા વિના રહેતો નહિ. પંડિતો સાથે સંસ્કૃત કે માગધી આદિ ભાષાઓમાં વિવાદ કરવો અને યુક્તિપુરઃસર સ્વમન્તવ્યનું પ્રતિપાદન કરવું એ તો તેમને સહજસિદ્ધિતુલ્ય હતું. નવા ગ્રંથો અને નવા શ્લોકોની રચનાઓ કરવી એ તો માત્ર તેમને વાણીનો જ એક વ્યાપાર હતો. તેમની આવી અનુપમ શક્તિ જોઇને લોકોમાં તેમના સંબંધે ચિત્રવિચિત્ર વાતો ઉડવા લાગી હતી. કોઇ કહેતું કે તેમને સરસ્વતીનું વરદાન ફળ્યું છે અને કોઇ કહેતું કે તેમણે કોઇ મંત્રની સાધના કરીને સરસ્વતીને પોતાની જિહ્વાના અગ્રભાગ ઉપર બાંધી રાખી છે ! બુદ્ધિમાન્ પુરૂષો માત્ર એટલું કહેતા કે પૂર્વભવના સંસ્કારની પ્રબળતા વિના આટલી વયે આટલી વિદ્યા અને જ્ઞાન સ્વાભાવિક નથી.

હેમચંદ્ર મુનિની ૧૭ વર્ષની વયે ઈ. સ. ૧૧૦૬ માં તેમને 'આચાર્ય' ની મોટી પદવી નાગપુરમાં મોટા લોકસમુદાયની વચ્ચે મહોત્સવ ઉજવીને આપવામાં આવી. જૈન ધર્મનાં સર્વ શાસ્ત્રો અને સિદ્ધાંતોમાં પ્રવીણતા મેળવ્યા વિના એ પદવી આપવામાં આવતી નથી. આચાર્યની પદવીની સાથે ગચ્છના કાર્યભારની ધુરા વહન કરવાની અને બીજા નાના સાધુઓને અભ્યાસ કરાવી તેમની વિવિધ શંકાઓનું સમાધાન કરવાની જોખમદારી પણ આવે છે. આ જોખમદારી ઉપાડી લેવાની શક્તિ હેમચંદ્રાચાર્યમાં આવવાથી તેમને તે પદવી આપવાનું તેમના ગુરૂ તેમજ જૈન સંઘને ઉચિત લાગ્યું હતું. તે વખતે ગુજરાતમાં પ્રતાપી સિદ્ધરાજ જયસિંહનો અમલ ચાલતો હતો. સ્વાભાવિક રીતે જ એ વિદ્વાન્ જૈનાચાર્યનાં દર્શન કરવાનું મન સિદ્ધરા-

જને થયું. તેણે તેમની મુલાકાત લીધી અને પરિણામ એ થયું કે ત્યારથી સિદ્ધરાજને જૈન ધર્મનો પરિચય કરવાની પણ ઇચ્છા થઇ. હેમાચાર્યની ચતુરાઇ અને સમયવર્તિત્વ અનુપમ હતાં. તેમની તેજસ્વી તીવ્ર આંખો સામા માણસના હૃદયમાં પેસી જઇ તેનું બારીક અવલોકન કરીને તેનું પરાવર્તન તેમના મગજ ઉપર પાડતી હતી અને તેથી એ માણસની સાથે કેવી રીતે વાતચીત કરવી તથા કેવી રીતે તેના મનનું સમાધાન કરવું તેનો નિશ્ચય તે એક ક્ષણવારમાં કરી શકતા હતા. તેમનું લાવણ્ય એટલું મનોમુગ્ધકર હતું કે ગમે તેવા આવેશમાં આવેલા પુરૂષને પણ તેમનો એક શબ્દ સાંભળતાંની સાથે જ શિથિલ થઇ જવું પડતું અને તેમનો સંપૂર્ણ બોધ સાંભળ્યા પછી તો તે હેમાચાર્યનો શિષ્ય બનીને જ ઘેર જતો, તથા પુનઃ ગુરૂ પાસે આવીને તેમના બોધામૃતનું પાન કરવાની લાલસાને થોભાવી શકતો નહિ. પિતા અને ગુરૂની દૃષ્ટિ એટલી ઉદાર હોય છે કે તે પોતાના પુત્રને કે શિષ્યને પોતાથી વિશેષ ચતુર તથા વિદ્વાન્ જોઇને હમેશાં સંતુષ્ટ રહે છે. તેમનામાં તે વિષે કદાપિ ઇર્ષાભાવ જાગૃત થતો નથી. દેવચંદ્રસૂરિ હેમચંદ્રાચાર્યને કીર્તિ અને વિદ્યામાં પોતાથી પણ આગળ વધેલા જોઇને અત્યંત આનંદિત થતા અને પોતાની વૃદ્ધ અવસ્થા થતી જવાને લીધે બીજા શિષ્યોને પઠન પાઠન કરાવવાનું, વ્યાખ્યાન વાંચવાનું અને પોતાના સાધુસમુદાયની બીજી વ્યવસ્થા કરવાનું હેમચંદ્રાચાર્યને સોંપીને પોતે કેવળ નિવૃત્તિ તથા શાંતિ–સમાધમાં કાળક્ષેપ કરવા લાગ્યા.

હેમાચાર્યે પોતાના જીવનમાં એક મોટી ભાવના સિદ્ધ થએલી જોવાની અભિલાષા રાખી હતી; પરન્તુ અનેક વાર વિચાર કરતાં તેમને તે ભાવનાની સિદ્ધિમાં રાજાશ્રયની આવશ્યકતા જણાતી હતી. સિદ્ધરાજ જેવી રીતે જૈન ધર્મનો પરિચયી બન્યો હતો, તેવી જ રીતે જો તે જૈન ધર્માનુયાયી–જૈન ધર્મનો ભક્ત બની જાય, તો જ હેમાચાર્યની એ ભાવનાની સિદ્ધિ થઇ શકે અને તેમનું અભીષ્ટ જીવનસૂત્ર પાર પડી શકે. ધીમે ધીમે તેમણે એ દિશાએ પ્રયત્ન આરંભ્યો. સિદ્ધરાજ ઘણી વાર ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા આવતો, તેમ જ હેમાચાર્ય પણ સિદ્ધરાજના આમંત્રણથી કોઇ આકસ્મિક અવસરે રાજમહાલયમાં જઇને સિદ્ધરાજને મળતા. એ પ્રત્યેક પ્રસંગે સિદ્ધરાજ હેમાચાર્યને નવીન નવીન પ્રશ્નો પૂછતો અને હેમાચાર્ય સાવધાનતાથી તેના ઉચિત ઉત્તરો આપી રાજાના મનનું સમાધાન કરતા. જૈન ધર્મની રીતિઓ, તેના ઉપદેશો વગેરેમાં સિદ્ધરાજને ઘણી વાર નવીનતાઓ લાગતી અને તે વિષે જ્યારે તે હેમાચાર્યને પૂછતો

ત્યારે તે પ્રત્યેક રીતિ અને ઉપદેશનું રહસ્ય રાજાને એવી રીતે સમજાવતા કે તે તેના હૃદયનાં મર્મસ્થાનો સુધી અસર નીપજાવતું. એ રીતે જૈન ધર્મ પ્રતિનો સિદ્ધરાજનો ભાવ દિવસે દિવસે વૃદ્ધિંગત થતો જતો હતો. સિદ્ધરાજની વિદ્યા ઉપર પ્રીતિ જોઇને હેમાચાર્યે પણ તેની અનેક પ્રસંગે પ્રશંસા કરવા માંડી હતી. રાજાઓ પોતાની પ્રશંસાના ભૂખ્યા હોય છે, તેમ સિદ્ધરાજને પણ પોતાનાં એવાં કીર્તિગાન ગમતાં. હેમાચાર્યે તેની એવી વૃત્તિ જોઇને "સિદ્ધહૈમશબ્દાનુશાસન" એ નામનો એક વ્યાકરણનો ગ્રંથ લખીને સિદ્ધરાજનું નામ પોતાના પુસ્તકમાં અમર કર્યું. એ પ્રમાણે જૈન ધર્મ અને હેમાચાર્ય સિદ્ધરાજની વિશેષ પ્રીતિના વિષયો થતા ગયા.

પરન્તુ આ વસ્તુસ્થિતિ તરફ શૈવ મતાનુયાયી બ્રાહ્મણોનું લક્ષ ખેંચાયા વિના રહ્યું નહોતું. જૈન ધર્મ રાજ્યમાં વધારે પેસતો જતો હતો અને રાજ્યાધિકારીઓમાં જૈનોનું પ્રબળ વધતું જતું હતું તે તરફ તેઓ જાગૃત થયા હતા. જૈન ધર્મની સામે પોતાનું બળ દાખવવાનો યત્ન તેઓએ પણ આરંભ્યો હતો એક બાજુએ જૈનો રાજાને પોતાના વિશેષ પરિચયમાં રાખવાને યત્ન કરતા, ત્યારે બીજી બાજુએ શૈવો રાજાને જૈનોની સાથે બહુ રહેવા દેતા નહિ. જ્યાંસુધી મિનળદેવી અને મુંજાલ મંત્રી જીવતા હતા, ત્યાંસુધી તો બધું ઠીક ચાલતું હતું, પરન્તુ તેઓના મરણ પછી આ ઉભય ધર્મોનું પરસ્પર સંઘર્ષણ થવાની શરૂઆત થઇ ગઇ. હેમાચાર્ય પોતાની ભાવનાની સિદ્ધિને માટે એ જ અભિલાષામાં નિમગ્ન રહેવા લાગ્યા, પરન્તુ સામી બાજુનો પ્રત્યાઘાત હવે તેમને પણ વિચારણીય થઇ પડ્યો હતો.

સિદ્ધરાજના જીવનના અંત સુધી—આપણી કથાના સમય સુધી જૈનો અને શૈવોનું એ પરસ્પરનું સંઘર્ષણ ચાલુ રહ્યું હતું, પરન્તુ એટલા કાળમાં ચતુર હેમાચાર્ય અનેક બનાવો અને સંયોગોનો વિચાર કરીને એવા નિશ્ચય ઉપર આવ્યા હતા કે પોતાની ભાવનાની સિદ્ધિ સિદ્ધરાજના રાજ્યાશ્રયથી થઇ શકે તેમ નથી, તેમ જ સિદ્ધરાજે એક વાર સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે પોતે પોતાના વડીલોના ધર્મનો ત્યાગ કરશે નહિ તે ઉપરથી સિદ્ધરાજ જૈન ધર્મનો અનુયાયી બને એવો સંભવ પણ હવે રહ્યો નહોતો. સિદ્ધરાજ જૈન બને, તથાપિ તેની દ્વારા પોતાની ભાવનાની સિદ્ધિ થાય એમ હેમાચાર્યને લાગ્યું નહિ. "જૈન" બનનાર રાજામાં "જૈનત્વના" નૈસર્ગિક ગુણોનું કિંચિત્ તત્ત્વ હોવું જોઇએ, અને એવું તત્ત્વ હોય તો જ તેના વિકાસદ્વારા ભવિષ્યમાં તે આદર્શ જૈન બની શકે; પરન્તુ હેમાચાર્યે સિદ્ધરાજમાં જૈનત્વને પરિપુષ્ટ કરે એવા નૈસર્ગિક ગુણોની ખામી જોઇ હતી.

સિદ્ધરાજ બુદ્ધિમાન્ અને પરાક્રમી હતો, તેની કીર્તિ દેશવિદેશમાં પ્રસરેલી હતી, વિદ્વાનોને તે માન આપતો હતો, એ સર્વગુણસંપન્ન હોવા છતાં તે નિર્દય હતો, વ્યભિચારી હતો અને કપટી હતો, એવું હેમાચાર્યે તેના જીવનના અનેક પ્રસંગો ઉપરથી જોઇ લીધું હતું. સિદ્ધરાજને જૈન બનાવવાના અનેક પ્રયત્નોમાં હેમાચાર્ય નિષ્ફળ ગયા હતા અને તે ઉપરથી તેમણે નિશ્ચય કર્યો હતો કે જૈનત્વના સ્વલ્પ પણ સંસ્કારો વિના એક રાજા જૈન બની શકે નહિ અને કદાચ એવો રાજા બાહ્યતઃ જૈન બને, તોપણ તે પોતાનું જીવનસૂત્ર પાર પાડવામા સાહાય્યભૂત થઈ શકે નહિ. આવો નિશ્ચય થયા પછી તેમણ તદ્વિષયક પ્રયત્નો કરવાનું ત્યજી દીધું હતું, તોપણ સિદ્ધરાજનાં જાહેર અને ખાનગી કાર્યોની તપાસ રાખ્યા કરવામાં તે હમેશાં સાવધ રહેતા હતા. જૈનોની નિંદા પણ કોઇ કોઇ વાર સિદ્ધરાજને મુખે થતી એવું હેમાચાર્યના જાણવામાં આવતું અને એવી નિંદા કરાવવામાં શૈવો કેવી રીતે ભાગ લેતા, એ પણ તેમની જાણ બહાર નહોતું, તોપણ સમયવર્તી બનીને હેમાચાર્ય એ સઘળું ગળી જતા, ઉશ્કેરાઇ જતા જૈનોને શાંત કરતા અને કહેતા કે "ભાઇઓ! સમય પરિપકવ થાય ત્યાંસુધી આવરણ દૂર થવાની રાહ જુઓ!" જૈનો હેમાચાર્યના શબ્દોને સિદ્ધાંત વાક્ય તુલ્ય માન આપતા અને તેઓ તેમના ઉપદેશની કદાપિ અવગણના કરતા નહિ.

કોઇ પ્રસંગે સિદ્ધરાજ જૈન ધર્મ તરફ માનવૃત્તિ દર્શાવતો અને જૈન તીર્થોમાં દ્રવ્ય ખર્ચતો, તો કોઇ પ્રસંગે કોઇની ઉશ્કેરણીથી જૈનોને તિરસ્કારી નાંખતો પણ ખરો. આવે વખતે જૈનો ગુસ્સે થતા અને માનતા કે "આપણે જ પાટણની આબાદીરૂપ છીએ અને પાટણનો પ્રભાવ આપણે હોઇને જ જ્વલંત છે, તો પછી રાજા આમ આપણો તિરસ્કાર શામાટે કરે?" પાટણના ધનવાન્ વણિકોની કીર્તિ તે સમયે સર્વ દેશોમાં સુવિખ્યાત હતી અને કેટલાકો પોતાના ધનમદથી પણ રાજાનો એ રીતે તિરસ્કાર કરતા. જો કદાચ તેવા અધીરા શ્રાવકોની બુદ્ધિ પ્રમાણે પાટણના જૈનો વર્ત્યા હોત, તો સિદ્ધરાજના હઠીલા સ્વભાવ ઉપરથી કહી શકાય કે સિદ્ધરાજે શ્રાવકોને પાટણમાંથી હાંકી કાઢ્યા હોત. પરન્તુ ઘણા દીર્ઘદર્શી શ્રાવકો પણ પાટણમાં હતા અને હેમાચાર્યના શાંત તથા ચાતુર્યપૂર્ણ ઉપદેશથી તેઓ એવી રીતે વર્તતા કે સિદ્ધરાજ છેવટસુધી જૈનો તેમ જ શૈવો સાથે ઓછા કે વધારે પ્રમાણમાં મળતો રહ્યો હતો. રાજ્યકાર્યમાં જૈનો કરતાં શૈવો વધારે પ્રબળ બની ગયા હતા, તથાપિ સિદ્ધરાજની મધ્યમ રાજનીતિથી જૈનો કેવળ દબાઇ જવા પામ્યા નહોતા, અને

સિદ્ધરાજની એ મધ્યમ રાજનીતિ ટકી રહી તેનું કારણ પણ હેમાચાર્યનું દીર્ઘદર્શિત્વ હતું.

આપણી કથાને સમયે હેમાચાર્ય ખંભાતમાં પોતાના શિષ્યમંડળ સમેત બિરાજતા હતા. અત્યારે તેમનું વય પચાશેક વર્ષનું થયું હતું, પરન્તુ તેમના વદનપરની તેજસ્વિતા યૌવનના જેટલી જ ઉગ્ર પ્રતીત થતી હતી. ખંભાત મંડળના મંત્રીપદ ઉપર તે સમયે ઉદયન મંત્રી હતો અને ઉદયનના આગ્રહ તથા આમંત્રણથી હેમાચાર્યે ખંભાતમાં આવીને રહેવાનું સ્વીકાર્યું હતું. જૈન મુનિઓ ચાતુર્માસના ચાર માસ કરતાં વધારે સમય એક જ સ્થળે રહી શકતા નથી, છતાં કારણવશાત્ તેઓને કોઇ વાર એક જ સ્થળે લાંબા સમય સુધી ટકી રહેવાની પણ જરૂર પડે છે. ખંભાતના પ્રદેશ તરફ હેમાચાર્ય ઘણા વખત પછી આવ્યા હોવાથી તેની નજીકના અને દૂરના શ્રાવકોના સંઘો તેમના દર્શનાર્થે હમેશાં આવ્યા કરતા હતા. સૌરાષ્ટ્ર, માળવા, દક્ષિણ અને તેથી પણ દૂરના પ્રદેશોથી જૈન સંઘો ખંભાતમાં આવતા અને એ સંઘોને પ્રવાસ કરીને પહોંચતાં જ ત્રણ ચાર માસ કે તેથી વધારે સમય વીતી જતો. તેઓનો એ શ્રમ, તેઓનો ભક્તિભાવ અને તેઓની આશાનો વિચાર કરીને હેમાચાર્યે કેટલાક વખત સુધી ખંભાતમાં જ ટકી રહેવાનું ઉચિત માન્યું હતું. ભક્તિમાન્ શ્રાવકોનો શ્રમ એ રીતે સફળ થતો હતો અને સાથે હેમાચાર્યના શિષ્યમંડળનો અભ્યાસ વધારે સગવડ અને સરળતાથી આગળ વધતો જતો હતો. ઉદયન મંત્રી તો રોજ એક વાર હેમાચાર્યનાં દર્શન કર્યા વિના જમતો જ નહિ.

ખંભાતનો શ્રાવકસમુદાય પણ પાટણની પેઠે સમૃદ્ધિમાન અને પ્રભાવશાળી હતો. ખંભાતના બજારનો અને બંદરનો વેપાર લગભગ સર્વાંશે એ વર્ગના હાથમાં જ હતો અને ખેડૂતોમાં તથા અન્ય પ્રજાવર્ગમાં તેનો દાબ પણ ઘણો વધારે હતો. ખંભાત મંડળમાં ઉદયન મંત્રી જેવા શ્રદ્ધાળુ અને ભક્તિમાન્ વૃદ્ધ જૈન પુરૂષની મંત્રી તરીકે નીમણુક થયા પછી ખંભાતના શ્રાવકો કાંઇક વધારે જોરમાં આવ્યા હતા, તોપણ ઉદયન મંત્રીના પ્રતાપને લીધે શ્રાવકો કોઇની ઉપર કશો અત્યાચાર કરી શકતા નહિ. એવા સમયમાં હેમાચાર્યના ચાતુર્માસ અને નિવાસને લીધે ખંભાતમાં જૈનધર્મનો જયજયકાર વર્તી રહ્યો હતો.

ખંભાતનો ઉપાશ્રય—અપાશરો ઘણો વિશાળ અને સગવડવાળો હતો. હેમાચાર્યે તે ઉપાશ્રમમાં જ પોતાના શિષ્ય—પરિવાર સાથે નિવાસ રાખ્યો હતો. ઉપાશ્રયનો એક માળ હતો, તે ઉપર શિષ્યમંડળને બેસવા—ઉઠવાની

તથા અભ્યાસની એકાંત ગોઠવણ કરી આપવામાં આવી હતી અને ભોંયતળીએ હેમાચાર્ય પોતે એક સાંકડા ઓરડામાં બહુધા બેસી રહી કાંઇ લેખનકાર્ય કરતા કિંવા દર્શનાર્થે આવનારને ઉપદેશના બે શબ્દો સંભળાવતા. ઉપાશ્રયના ભોંયરામાં ગ્રંથભંડાર રાખવામાં આવેલો હતો. હેમાચાર્યની બેઠકના ઓરડાની બહાર વિશાળ બેઠક હતી અને રોજ એ બેઠકમાં હજારો સ્ત્રી પુરૂષોના સમુદાયની વચ્ચે હેમાચાર્ય ધર્મોપદેશ આપતા—વ્યાખ્યાન વાંચતા. એ બેઠકની બાજુએ ઓરડામાં બેસી રહ્યા છતાં ઉપાશ્રયમાં કોણ આવતું, મેડા ઉપર કોણ ચડતું અને કોણ ઉતરતું, એ બાબતનું સઘળું ધ્યાન હેમાચાર્ય રાખી શકતા અને શિષ્યમંડળના અભ્યાસ, વર્તન તથા સંગત ઉપર કડક દેખરેખ રાખતા. પોતાના કોઇ શિષ્યને એકાદ વાર કોઇ અનિષ્ટ માણસની સાથે બેઠેલો કે વાતચીત કરતો જો તે જોતા, તો શિષ્યને સૌથી પહેલાં ચેતવણી, પછી ઠપકો અને છેવટે પ્રાયશ્ચિત્ત આપ્યા વિના રહેતા નહિ. આ કારણથી ચારિત્ર્ય પાળવામાં અડગ અને અભ્યાસ કરવામાં ઉત્સાહી શિષ્યો વિના બીજાઓ હેમાચાર્યની દેખરેખ હેઠળ નભી શકતા નહિ. આ પ્રમાણે શાન્તિ—સમાધિમાં હેમાચાર્યનો સમય વહી જતો હતો.

એક વાર બપોરે ઉદયન મંત્રી એકલો હેમાચાર્યના દર્શનાર્થે આવી પહોંચ્યો. હેમાચાર્યને તેથી કાંઇક નવાઇ લાગી. બહુધા સ્હવારે જ ઉદયન વ્યાખ્યાન શ્રવણ કરવાને તેમની પાસે આવતો અને આજે બપોરે તે એકલો આવ્યો એ જ એ નવાઇનું કારણ હતું. ઉદયન હેમાચાર્યને વંદન કરીને તેમની સામે બેઠો. આચાર્યનો એક શિષ્ય તેમની પાસે અભ્યાસ સંબંધી કાંઇક શંકાની પૃચ્છા કરવાને આવ્યો હતો તે પૃચ્છા કરીને પાછો ચાલ્યો ગયો ત્યાંસુધી ઉદયન મૌન બેસી રહ્યો. આચાર્યે પૂછ્યું: " કેમ મંત્રીશ્વર ! આજે તો કાંઇ એકલા આવ્યા છો અને વળી જૂદે જ વખતે આવ્યા છો ! "

" હા પ્રભુ ! એક નવી વાત કહેવા આવ્યો છું. પાટણના કાંઇ ખબર સાંભળ્યા ? " મંત્રીએ ધીમેથી વાત ઉપાડતાં પૂછ્યું.

" કયા ખબર ? " આચાર્યે સાંભળવાની ઉત્સુકતા બતાવી.

" આજે મારા ઉપર દંડનાયકનો પત્ર આવ્યો છે. તેમાં તે લખે છે કે ત્રિભુવનપાળ અને કુમારપાળ પાટણના પાધરમાં એક શિવાલય લૂંટવાને આવેલા અને મહારાજના લશ્કર સાથે તેમને ઝપાઝપી ચાલી તેમાં ત્રિભુવનપાળ મરાયા અને કુમારપાળ નાસી છૂટયો. " મંત્રીએ કહી સંભળાવ્યું.

"એ તો લગભગ એક પખવાડીયા પહેલાં બનેલો બનાવ છે!" હેમાચાર્યે જણાવ્યું. ઉદયનને આચાર્યના વદન ઉપર કાંઇ આશ્ચર્ય પ્રકટ થતું દેખાયું નહિ.

"શું ત્યારે એ ખબર આપને મળી ચૂકી છે?" ઉદયન આશ્ચર્યચકિત થતો બોલ્યો: "શું ખંભાતના લોકોએ આ બનાવ મારા કરતાં પણ વહેલો જાણ્યો?"

"ખંભાતના લોકો હજી એ વાત જાણતા નથી."

"હેં પ્રભુ! આપ એ શું બોલ્યા? શું આપ એકલા જ એ જાણો છો?" ઉદયન એટલું પૂછતાં મોટા વિચારમાં પડી ગયો. તેનું શ્રદ્ધાળુ હૃદય હેમાચાર્યના યોગબળની સિદ્ધિની મૌન પ્રશંસા કરવા લાગ્યું. આચાર્ય ઉપર તેનો વિશેષ ભક્તિભાવ જાગૃત થયો. તેણે આગળ પૂછ્યું: "બીજી કાંઇ નવીન વાત આપના જાણવામાં આવી છે?"

"કુમારપાળ પોતાના સર્વ પરિવારને મેલીને દધિસ્થળીમાંથી ગુમ થઇ ગયો છે—નાસી ગયો છે." હેમાચાર્યે જણાવ્યું.

"ઓહો! આ તો મોટી રાજખટપટ જાગૃત થઇ! ત્રિભુવનપાળ જેવા વૃદ્ધ ક્ષત્રિયને લુંટફાટ કરવા જેવી કુબુદ્ધિ સૂજી, કુમારપાળ નાસી ગયો, આ બધા બનાવો મને કાંઇ અનિષ્ટ ભવિષ્યનું સૂચન કરાનારા જણાય છે. મહારાજની વૃદ્ધાવસ્થામાં આવા બખેડા જાગ્યા એ તો બહુ ખોટું થયું!" મંત્રી બોલ્યો.

હેમાચાર્ય કશો ઉત્તર નહિ આપતાં મૌન જ રહ્યા.

"પ્રભુ! આપ કાંઇ બોલતા નથી! શું આ રાજખટપટ અનિષ્ટ નથી?"

"ખટપટો હમેશાં અનિષ્ટ જ હોય છે; પણ આ ખટપટનું ખરૂં મૂળ અને તેનો પ્રકાર સમજ્યા વિના કેમ કશું કહી શકાય? વારૂ, દંડનાયકના પત્રમાં બીજી કાંઇ વિગત છે?" હેમાચાર્યે પ્રશ્ન કર્યો.

"બીજી વિગત તો એવી છે કે ત્રિભુવનપાળના મરણને દિવસે પાટણની પ્રજાએ એક દિવસની હળતાળ પાડી હતી અને રાજ્યમાં સૌએ કાળી પાઘડીઓ પહેરી છે."

"એ કાંઇ નવી ખબર નથી. એક લૂંટારાના મરણની પાછળ રાજાએ લોકોને હડતાળ પાડવા દીધા, શોક દર્શાવવા દીધો, એટલું જ નહિ પણ આખી પ્રજાએ ત્રિભુવનપાળના શબને શ્મશાનમાં લઇ જતી વખતે ભારે માન આપ્યું હતું એવી ખબર ઉપરથી હું અનુમાનો કરવામાં ગુંચવાઇ

ગયો છું. મંત્રીશ્વર! આ બનાવમાં મને કાંઇક રહસ્ય લાગે છે—સિદ્ધરાજના સ્વભાવના પરીક્ષણ ઉપરથી હું કહું છું કે તેમાં મને કાંઇક કાપટ્યની ગંધ આવે છે. તમે તે માટે પાટણમાં છૂપી તપાસ કરાવો."

"મને તો એમાં કાંઇ સમજણ પડતી નથી, પણ આપ કહો છો તો તપાસ કરાવીશ." મંત્રીએ કહ્યું. હેમાચાર્ય કિંચિત્ સમય સુધી મૌન રહ્યા. મંત્રીએ પુનઃ કહ્યું: "ચાહડને જ હું પત્ર લખું અને ખેપીઓ મોકલું."

"અરે ભોળા મંત્રીશ્વર! જોજો એમ કરતા! ચાહડ તમારો પુત્ર, પણ સિદ્ધરાજનો તો સેવક જ ને?"

"હા પ્રભુ! એ વાત ખરી; તેને એવી વાત ન પૂછી શકાય. ત્યારે બીજા કોઇને લખીશ, અને કોને લખવું તે બાબત વિચાર કરીને પછી આપને કહીશ." એમ કહી ઉદયન ઉઠયો, આચાર્યને પુનઃ વંદન કર્યું અને જવા માંડયું.

હેમાચાર્યે મંત્રીને પૂછ્યું: "વાહડ ક્યાં છે?"

"ઘેર જ છે. કોઈ પરદેશી બ્રાહ્મણો આવ્યા છે તેમની સાથે કાંઇ વાતચીત કરે છે. કેમ પૂછવું પડયું મહારાજ? આપને કાંઇ કામ હોય તો એને અહીં મોકલું."

"અત્યારે નહિ તો ભલે અવકાશે આવે; પણ કહેજો કે આજે જરૂર આવે."

"વારૂ." કહી ઉદયન ગયો. હેમાચાર્ય હાથમાં કોરો કાગળ લઇને કાંઇક લખવા લાગ્યા.

પ્રકરણ ૧૧ મું.

હેમાચાર્ય અને વાહડ.

ઉદયન ગયો અને થોડી જ વારમાં તેનો મોટો પુત્ર વાહડ (અથવા વાગ્ભટ્ટ) આચાર્યની પાસે આવી તેમને વંદન કરીને બેઠો. વાહડ બાવીશેક વર્ષની વયનો જુવાન હતો અને વિદ્યાભ્યાસંગમાં જ બહુધા સમય ગાળતો હતો. તે ચતુર અને બુદ્ધિમાન હતો અને પોતાના પિતાની વૃદ્ધ અવસ્થાને કારણે રાજ્યકાર્યમાં તેમને મદદ પણ કરતો હતો. બાકીનો સઘળો સમય તે સંસ્કૃત ભાષાનાં વિવિધ ગ્રંથોનો અભ્યાસ કરવામાં તથા કાંઇ નવી નવી ગ્રંથરચનાઓ કરવામાં ગાળતો હતો. સંસ્કૃત ભાષામાં તેની અતિ પ્રવીણતાને

કારણે દેશપરદેશના વિદ્વાનો તેનો પરિચય કરવામાં આનંદ માનતા હતા. હેમાચાર્યની પાસે તે આવીને બેસતો ત્યારે બહુધા ભાષાશાસ્ત્રના જ વાગ્વિનોદો થતા. આજે તો કાંઇ ખાસ કામને માટે પોતાને આચાર્યે બોલાવ્યો હતો એમ તે જાણતો હતો, એટલે આવતાં વાંત જ તેણે તેમને પૂછ્યું: “ કેમ ગુરૂદેવ ! મને શી આજ્ઞા છે ? ”

“ વાહડ ! તારૂં એક કામ પડચું છે. કાલે તું પાટણ જઇશ ? ”

“ કેમ મહારાજ ? ત્યાં મારે શું કાર્ય કરવાનું છે ? ” વાહડે ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો.

“ પાટણમાં રાજખટપટનાં નવાં પ્રકરણો ઉપસ્થિત થતાં જાય છે. ખરી ખબર હજી બહાર આવતી નથી. તું જાતે જઇને એ ખબર લઇ આવ ! ”

“ આપની આજ્ઞા ઉઠાવવા તૈયાર છું, પણ કયા બનાવને ઉદ્દેશીને આપ આવું કહો છો, તે હજી હું સમજી શકતો નથી. ”

“ કહે છે કે ત્રિભુવનપાળ પાટણનું એક શિવાલય લૂંટવા આવેલો તે મરાયો અને કુમારપાળ એકદમ ગુમ થઇ ગયો છે. તારા પિતા ઉપર આજે દંડનાયકનો એક પત્ર છે. ”

“ પણ એ ખોટી વાત છે, મહારાજ ! સિદ્ધરાજે ત્રિભુવનપાળને દગો કરી માર્યો છે. ” વાહડે જણાવ્યું.

હેમાચાર્યને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું: “ શા ઉપરથી તું એવું કહે છે ? ”

“મહારાજ ! એ કાંઇ પૂછશો નહિ ! એમ જ સમજો કે હું જાતે પાટણ જઇને સિદ્ધરાજના હૃદયમાં સૂક્ષ્મ રીતે પેસીને આ ખબર લઇ આવ્યો છું ! ”

વાહડના આ ઉત્તરથી હેમાચાર્ય દિગ્મૂઢ બની ગયા. તેમણે પુનઃ કહ્યું: “ વાહડ ! તારી આ વાત સાંભળીને હું બહુ નવાઇ પામું છું. મંત્રી હમણાં આવ્યા હતા તે કાંઇ કહેતા અને તું તો કાંઇ જૂદી જ વાત કરે છે. તેમની વાત તો દંડનાયકના પત્રને આધારે હતી, પણ તારી વાતનું મૂળ હું સમજી શકતો નથી ! ”

“ પ્રભુ ! એક વાર મેં કહ્યું કે એનું મૂળ હું પોતે જ છું એમ માની લો ! મારા ઉપર આપનો જેટલો વિશ્વાસ હોય તેટલો જ વિશ્વાસ આ ખબર ઉપર આપે રાખવો, એવી મારી વિનતિ છે ! ” વાહડે કહ્યું.

હેમાચાર્યે મન્દ સ્મિત કર્યું અને કહ્યું: “ ઠીક ! પણ કુમારપાળ શામાટે ગુમ થયો તે કાંઇ તું જાણે છે કે ? ”

“ તેના ઉપર પણ સિદ્ધરાજ કોપ્યો છે અને તેને પણ મારી નાંખ-

વાની તેની ઈચ્છા છે, એટલે તે બિચારો ક્યાંક નાસી ગયો છે–ક્યાં ગયો છે તે કોઇ જાણતું નથી !"

"અને સિદ્ધરાજની તબીયત કેવી છે ?"

"તે હું નથી જાણતો, મહારાજ. પણ દરમહિને મંત્રીશ્વરનો જે પત્ર અહીં આવે છે તેમાં તો મહારાજની તબીયતના સારા સમાચાર આવ્યા કરે છે." વાહડે જણાવ્યું.

"ઠીક ! આ ખબર મળ્યા, એટલે હવે તને પાટણ મોકલવાની જરૂર રહેતી નથી. તને બોલાવવાનું કારણ માત્ર આટલું જ હતું." હેમાચાર્યે જણાવ્યું.

"પ્રભુ ! અવિનય થાય તો ક્ષમા કરજો, પણ મારાથી આટલું પૂછ્યા વિના રહેવાતું નથી કે આ બધી રાજખટપટને માટે આપને આટલી ચિંતા કેમ થઇ વારૂ ?" વાહડે નમ્ર ભાવે પ્રશ્ન કર્યો.

હેમાચાર્યે સ્મિત કરીને સામો પ્રશ્ન કર્યો: "વાહડ ! એ ચિંતા તને શું નિરર્થક લાગે છે ?"

"ના, નિરર્થક તો લાગતી નથી; પણ એ ચિંતામાં જે કાંઇ અર્થ રહેલો છે તે અર્થને આપના એક સંયતિ તરીકેના જીવનને કાંઇ સંબંધ ખરો ?" વાહડે પોતાના પ્રશ્નનો સ્પષ્ટાર્થ કહ્યો.

"હવે તારા આ પ્રશ્નથી મને આનંદ થયો. વાહડ ! હું પૂછું છું કે સમાજની ઉન્નતિ કરવી એનો સંયતિના જીવન સાથે કાંઇ સંબંધ ખરો કે નહિ ?"

"હા, પ્રભુ ! પતિત સમાજનો ઉદ્ધાર કરવા માટે જ ત્યાગીઓ આ જગતમાં નિર્માએલા છે. તેઓ લોકોનું શ્રેયઃ કરવાની સાથે પોતાના આત્માનું પણ શ્રેયઃ કરે એવો તેઓના જીવનનો ઉદ્દેશ હોય છે. મહાવીર પ્રભુનો એ જ ઉપદેશ છે."

"પોતાનો ઉદ્ધાર તો સંયતિઓ મનઃસંયમવડે સાધી શકે, પરન્તુ સમાજનો ઉદ્ધાર ધર્મભાવનાના પ્રચાર વિના થતો નથી. અત્યારનો સમય હવે બદલાયો છે. ધર્મભાવનાના પ્રચાર માટે આજકાલ રાજાશ્રયની અપેક્ષા રહે છે. राज्ञि धर्मिणि धर्मिष्ठाः पापे पापाः समे समाः । लोकास्तदनुवर्तन्ते यथा राजा तथा प्रजाः* ॥ પ્રજામાં ધર્મભાવનાનો પ્રચાર કરવા

* અર્થ—રાજા ધર્મિષ્ઠ હોય તો પ્રજા ધર્મિષ્ઠ બને છે અને રાજા પાપી હોય છે તો પ્રજા પાપી બને છે, તેમ જ રાજા ધર્મ અને પાપમાં સરખો હોય છે તો પ્રજા તેવી જ બને છે. લોકો રાજકાર્યને જ અનુસરે છે. જેવો રાજા હોય છે તેવી પ્રજા થાય છે.

માટે †દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવનો વિચાર કરીને વર્તવાનું અમોને આ ‡પંચમ કાળમાં હવે પ્રાપ્ત થયું છે, વાહડ! તીર્થંકર ભગવાનોના સમયથી આ સમય કેવળ જૂદો છે."

"ખરી વાત કહી, ગુરૂદેવ! પરન્તુ તીર્થંકર ભગવાને કાંઇ ધર્મપ્રચારને માટે રાજાશ્રયની અપેક્ષા રાખેલી નહિ, જોકે છેલ્લા મહાવીર સ્વામી પોતે સંસારમાં એક રાજકુમાર હતા અને રાજાશ્રય પ્રાપ્ત કરવાની તેમને બહુ સરલતા હતી."

"વાહડ! મેં તને એક વાર કહ્યું કે એ સમયથી આ સમય કેવળ જૂદો છે. એ સમયે બ્રાહ્મણોના શુષ્ક ક્રિયાકાંડનું જોર બહુ વધી ગયું હતું અને યજ્ઞયાગાદિ નિમિત્તે હિંસા અને ઢોંગ વધી ગયા હતા. સમાજની ચોટલી બ્રાહ્મણોના હાથમાં હતી અને બ્રાહ્મણો પ્રજાને જેમ નચાવતા તેમ તે નાચતી. આ જોઇને મહાવીર સ્વામીએ કેટલાક બ્રાહ્મણોને જ જૈન ધર્મમાં લાવીને પોતાના શિષ્ય બનાવ્યા હતા. બ્રાહ્મણો ઉપર શ્રદ્ધા રાખતી પ્રજાને ધર્મભાવના તરફ વાળવા માટે મહાવીર સ્વામીએ બ્રાહ્મણ પંડિતોને પોતાના શિષ્ય બનાવ્યા; અત્યારનો સમય એ કરતાં જૂદી તરેહનો છે. સર્વત્ર ક્ષત્રિયોનું જોર વ્યાપી રહ્યું છે અને રાજસત્તાની પ્રબળતા અદ્વિતીય લેખાય છે. લોકોમાં ધર્મભાવનાનો પ્રચાર કરવાને એ અદ્વિતીય રાજસત્તાનું સાધન હોવું જોઇએ એવી મારી માન્યતા છે."

"ગુરૂદેવ! ધર્મભાવનાના પ્રચારમાં રાજસત્તા દાખલ થાય, તો કેટલાક અનર્થો થવાનો સંભવ નથી શું? મુસલમાનોના ધર્મપ્રચારના પ્રયત્નો વિષે આપે સાંભળ્યું હશે. એક હાથમાં કુરાન અને બીજા હાથમાં તલવાર

---

† હેમાચાર્યના સમકાલિન જિનવલ્લભસૂરિએ કહ્યું છે કે—

संविग्नाः सोपदेशाः श्रुतनिकषविदः क्षेत्रकालाद्यपेक्षा—

नुष्ठानाश्शुद्धमार्गप्रकटनपटवः प्रास्तमिथ्याप्रवादाः ॥

અર્થાત્—જેઓ સંવેગ-વૈરાગ્યને ધરનારા છે, સદુપદેશ આપનારા છે, આગમની કસોટી જાણનારા છે, (દ્રવ્ય), ક્ષેત્ર, કાળ (ભાવ) આદિની અપેક્ષાએ આચરણ કરનારા છે, જેઓ શુદ્ધ માર્ગને પ્રકટ કરવામાં ચતુર છે, જેઓ મિથ્યાત્વના વાદને દૂર કરનારા છે......તેવા સત્ સાધુઓ વંદનીય છે.

‡ જૈન ધર્મમાં કાળના બે વિભાગો પાડેલા છેઃ ઉત્સર્પિણી અને અવસર્પિણી. એ પ્રત્યેક વિભાગના પુનઃ છ છ ખંડો પાડેલા છે અને તેને 'આરા' કહેવામાં આવે છે. હાલમાં અવસર્પિણીનો પાંચમો આરો અથવા પંચમ કાળ ચાલે છે. છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી ચોથા આરાના અંતીમ ભાગમાં થઇ ગયા.

લઇને ધર્મપ્રચાર કરવો એવો તેઓનો સિદ્ધાંત છે. મહારાજ ભીમદેવના સમયમાં મુસલમાનોએ આ દેશને કેટલો રંજાડેલો એ ઇતિહાસ આપનાથી ક્યાં અજાણ્યો છે ?"

"વાહડ ! મારા કથનને સમજવામાં તેં એક ગંભીર ભૂલ કરી. તું ધર્મભાવનાનો અર્થ એવો સમજ્યો કે ચોક્કસ ધર્મની માન્યતાનો ફેલાવો કરવો, અને મારી દૃષ્ટિએ જૈન ધર્મનો ફેલાવો કરવો : પરન્તુ હું તો પાપની વિરોધિની ધર્મભાવનાની વાત કરૂં છું. એ ધર્મભાવનાના પ્રચાર માટે તલવારના ઉપયોગની જરૂર રહેતી નથી. વાહડ ! તલવારથી ફેલાવેલો ધર્મ ચિરંજીવી બની શકતો નથી."

"પણ આપ જુઓ છો કે આપણા દેશમાં પહેલાં એકે મુસલમાન નહોતો અને હવે કોઇ કોઇ સ્થળે મુસલમાનો જોવામાં આવે છે. સિંધુ દેશમાં અને ઇંદ્રપ્રસ્થમાં તો મુસલમાનો રાજ્ય કરે છે. મુસલમાનો પોતાના વિશેષ પરિચયવડે આ દેશમાં પેતાના ધર્મની પ્રજામાં શું વધારો કરી શકે નહિ ?" વાહડે પ્રશ્ન કર્યો.

"કરી શકે, પરન્તુ ધર્મની માન્યતા એ બળાત્કારથી પ્રાપ્ત થતી વસ્તુ નથી. કદાચ બળાત્કારે ફેલાવેલો ધર્મ એક વાર પોતાનો ચળકાટ બતાવી આપે, પરન્તુ શાંતિ–સમાધિથી અને રાજાશ્રયપૂર્વક ઉપદેશનો ફેલાવો કરીને તથા સમાજને સુધારીને જે ધર્મ–મત–પંથ ફેલાવવામાં આવે તે વિશેષ દૃઢ બને : જે ધર્માચાર્યો એ રીતે પોતાના મત કે પંથનો ફેલાવો કરશે તેઓ ભવિષ્યમાં આર્યાવર્તમાં વિશેષ દૃઢ રીતે પોતાનો પગ જમાવી શકશે : બળાત્કારે ફેલાવેલા ધર્મ ઉપર પણ એવો ધર્મ વર્ચસ્વ બતાવી આપશે. હું જે ધર્મભાવનાનો પ્રચાર આ દેશમાં થએલો જોવા ઇચ્છું છું તે એ જ રીતે થએલો જોવા ઇચ્છું છું. તે ભાવના જેટલા પ્રદેશમાં પ્રસરશે એટલા પ્રદેશમાં તો ચિરંજીવી બનશે જ."

"આપે કહ્યું કે જૈન ધર્મનો ફેલાવો, એ ધર્મભાવનાનો ફેલાવો નથી; તો પછી એ આપની ધર્મભાવના કઇ ?"

"કોઇ વાર તે તું જાણીશ."

"ત્યારે પ્રભુ ! એ ધર્મભાવનાના પ્રચારના યત્નમાં આપ એકલા કેમ ઉદ્યત રહો છો ? આપના વિશાળ શિષ્યસમુદાયની તેમાં યોજના કરો તો કેવું સારૂં ?"

"ભવિષ્યમાં તેઓ પણ એમ કરશે. અત્યારે રાજાશ્રયનું સાધન મેળવવાની જરૂર છે."

"આપના બાલચંદ્ર જેવા પંડિત શિષ્યને કોઇ બીજા મુલકમાં મોકલીને ત્યાં તે રાજ્યાશ્રય પ્રાપ્ત કરવામાં યત્નશીલ બને તો એ બેવડો યત્ન બેવડું ફળ આપનારો થઇ પડે, નહિ વારૂ ?"

હેમાચાર્યે સહજ સ્મિત કર્યું અને કહ્યું: "એ સમયને હજી વાર છે. કોઇ વાર તે વિષે હું તને વિશેષ કહીશ. અત્યારે તો ધર્મભાવનાના પ્રચારની મારી ચિંતા માટે તારા મનનું સમાધાન થયું ને ?"

"હા, ગુરૂદેવ !" એમ કહી વાહડે આચાર્યના ચરણને મસ્તક અડાડી વંદન કર્યું અને પછી તે ઘેર જવા માટે ઉઠયો.

પ્રકરણ ૧૨ મું.

દંડનાયક.

પ્રભાતનો સમય છે. સૂર્યોદય થઇ ગયો છે. પાટણનો દંડનાયક ધર્મપાળ પ્રભાતમાં દંતધાવનથી પરવારીને સ્નાનાદિ કાર્યમાં પ્રવૃત્ત થવાની તૈયારી કરી રહ્યો છે, એવામાં તેણે છજામાંથી એક ઉંટસ્વારને પોતાના મકાન તરફ ચાલ્યો આવતો જોયો. તે છજામાં સ્થિર થઇ રહ્યો, એટલી વારમાં તો ઉંટસ્વાર મકાનના દરવાજા આગળ થોભ્યો અને ઉંટને ઝોકારીને સ્વાર અંદર આવ્યો. તેણે જાણ્યું કે એ સ્વાર પોતાને માટે કાંઇ સંદેશો લાવ્યો છે, એટલે તુરત જ તે નીચે પોતાની બેઠકમાં આવ્યો. સ્વારે પત્ર લાવીને ધર્મપાળના હાથમાં આપ્યો.

લખોટો ફાડીને તેમાંનો પત્ર વાંચવાને ધર્મપાળ ગાદી ઉપર પડયો. જેમ જેમ તે પત્ર વાંચતો ગયો, તેમ તેમ તેના વદનપર આશ્ચર્યભાવની રેખાઓ પ્રકટ થવા લાગી. જ્યારે પત્ર પૂરેપૂરો વાંચી રહ્યો ત્યારે તો તે કિંકર્તવ્યવિમૂઢ બનીને તકીયાને અઢેલી બેસી જ રહ્યો ! એવી જ સ્થિતિમાં ઘણો વખત ચાલ્યો ગયો. સ્નાનને માટે મોડું થવા લાગ્યું પણ તેનું તેને કશું ભાન રહ્યું નહિ. છેવટે દામુ ઝવેરીએ ઓરડામાં પ્રવેશ કરીને "જુહાર દંડનાયકને" એવા શબ્દોનો ઉચ્ચાર કર્યો ત્યારે ધર્મપાળનું ધ્યાન ભગ્ન થયું. ધર્મપાળ દામુ ઝવેરીને આવકાર આપતો બોલ્યો: "આવો, ઝવેરી ! બેસો. અત્યારમાં તમે અહીં ક્યાંથી ?"

"જો ફુરસદ હોય, તો એક બાબત વિષે આપની સાથે થોડી વાતચીત કરવી છે, અને તે માટે જ આવ્યો છું." દામુ ઝવેરીએ ગાદીને એક ખૂણે બેસતાં કહ્યું.

" કહો, ફુરસદ જ છે."

" વાત એવી છે કે ખંભાતથી મારા ઉપર ઉદયન મંત્રીનો પત્ર કેટલાક દિવસ પહેલાં આવેલો. એ પત્રમાં તેમણે પોતાના મોટા પુત્ર વાહડને માટે મારી સુભગાની માંગણી કરેલી. વાહડ ચતુર છે, વિદ્વાન્ છે, એ તો આપ જાણતા હશો. ઉદયન મંત્રીની ઉંચી પદવી પણ દેશમાં જાણીતી છે. પણ એ રહ્યો મારવાડી શ્રીમાળી અને હું પટણી શ્રીમાળી, એટલે હું એને કન્યા આપું તો હીણું ન કહેવાય ?"

દામુ ઝવેરીનો એ પ્રશ્ન સાંભળીને ધર્મપાળની ભ્રકુટી ચડી. તે કાંઇ પણ ઉત્તર આપે તે પહેલાં તો ઝવેરીએ આગળ ચલાવ્યું: " આ માટે આપની સલાહ હું પહેલવહેલી જ લઉં છું. ઘરમાં બૈરાંનો વિચાર ઉદા શેઠની પદવી અને વાહડની ચતુરાઇ જોતાં તે વેવીશાળ કરવા તરફ વળે છે, પરન્તુ મારવાડી શ્રીમાળીઓનું કુળ હલકું કહેવાય એટલે મારૂં મન પાછું હડે છે."

ધર્મપાળના કપાળ ઉપરની નસો વધારે ખેંચાતી દેખાઇ. તે જરા ઉંચા સ્વરે, કિંચિત્ ક્રોધનો આવિર્ભાવ દર્શાવતાં બોલ્યો: " ઝવેરી ! તમારી આ વાત સાંભળીને મને બહુ ખેદ થાય છે. મને લાગે છે કે આપણા શ્રાવકોની હવે પડતી આવવા બેઠી છે. મને બહુ જ ખરાબ ચિન્હો માલૂમ પડે છે."

" કેમ વારૂ ? મારા કથન ઉપર આપને કાંઇ ગુસ્સો આવ્યો ?"

" ગુસ્સો કેમ ન આવે ઝવેરી ? તમે જાણો છો કે રાજ્યમાં કેવા અત્યાચારો ચાલી રહ્યા છે ? રાજાની મતિ હવે ફરી છે અને એને કોઇ કાંઇ પણ કહી શકતું નથી ! મુંજાલ અને મારા પિતાના દંડનાયક પદના વખતમાં પાટણની પ્રજામાં જે જોર હતું તે જોર હવે મને દૂર ચાલ્યું જતું જણાય છે; એવા વખતમાં વળી તમે કુળાભિમાનનો પક્ષ કરીને તમારી મજબૂત ગાંઠો બંધાતી અટકાવો છો ! જરા વિચાર કરો ઝવેરી ! શ્રાવકોનું બળ હરાતું જાય છે, તે મજબુત કરવાને તમારા અને ઉદા શેઠ જેવા મોટા મોટા શ્રાવકોની ગાંઠો બંધાવાની તો વધારે જરૂર છે. જો આમ કુળ, ન્યાત, પક્ષ, પંથ ઇત્યાદિના ભેદે કરીને છૂટા છૂટા પડતા જશો, તો યાદ રાખજો કે આજકાલ રાજાનું જોર વધતું જાય છે, તે તમને વીણી વીણીને મારશે, તમારૂં મહત્વ, તમારી પ્રભુતા, તમારૂં સમુદાય—બળ, તમારી ટેક, સઘળું એક ક્ષણમાં ચોળાઇ જશે !"

" ક્ષમા કરો, શેઠજી ! મારી ભ્રમણા હવે આપે ભાંગી. અભિમાનનાં

ચશ્મા આ જ ક્ષણે મારી આંખેથી દૂર થઇ ગયાં! હવે હું કોઇની સલાહ લેવાનો નથી; આપની સલાહ પ્રમાણે આ સંબંધ બાંધી વાળું છું. પણ આપ કહો છો તે ઉપરથી ખટપટનો કાંઇ ગંભીર પ્રસંગ ઉભો થયો હોય તેમ જણાય છે!"

"હા, એ વાત હજી પાટણમાં કોઇ જાણતું નથી, ત્યારે આચાર્ય મહારાજ ખંભાતના ખુણામાં બેઠા બેઠા જાણી શક્યા છે! અત્યારે તેમનો જ મારા પર પત્ર આવ્યો છે, અને તે વાંચીને હું તો ઠરી જ ગયો છું!"

"એવું શું છે વારૂ?" દામુ શેઠે ગંભીરતાથી પૂછ્યું.

"આ એક ગુપ્ત વાત છે અને તે ગુપ્ત રાખજો. આચાર્ય મહારાજ લખે છે કે રાજાએ દગો કરીને ત્રિભુવનપાળને માર્યો અને પાટણની પ્રજા એમાંનું કશું જાણતી નથી, એ તે કેવી વાત કહેવાય? કુમારપાળ દધિસ્થળીમાંથી નાસી ગયો છે એનું કારણ પણ એ જ છે કે રાજાનાં માણસો તેને મારવાને ફરે છે! રાજા આમ રાજવંશીઓ ઉપર આવો અત્યાચાર કરે છે, અને પાટણની પ્રજા તો ત્રિભુવનપાળને લુંટારો કહીને વગોવે છે! પ્રજા રાજાની આંખે દેખે છે, પણ જો રાજાને આવો અત્યાચાર કરવામાંથી વારવામાં આવશે નહિ તો ભવિષ્યમાં પોતાની કેવી સ્થિતિ થઇ પડશે તેનો વિચાર પણ પ્રજા કરતી નથી. અરે, પ્રજાનો વાંક હું શામાટે કાઢું? હું દંડનાયક મૂઓ છું અને રાજાના આ કપટ વિષે કશું જાણતો નથી!"

"ત્યારે આચાર્ય મહારાજને એ ખબર ક્યાંથી પડી?"

"એ તો સર્વજ્ઞ મહાપુરૂષ છે! જુઓ, રાજાના કાર્યની સામે થવાનું બળ હવે મંત્રીમંડળમાં નથી! કુસંપનું એ પરિણામ છે. મંત્રીશ્વર ડાહ્યા છે–પ્રતાપી છે, જો ધારે તો એ માટે રાજાને બે શબ્દો કહી શકે, પણ જો જાણે કે હેમાચાર્યે આ ખબર જણાવી છે, તો તુરત જ તેના મનમાં ધર્મવિરોધનો કીડો ચળવળી રહેવાનો, એટલે તે મૌન રહેવાનો હું. રાજાને કાંઇ કહેવા જઉં, પણ તેને ટેકો આપે તેવો બીજો કોઈ શ્રાવક મળે નહિ અને શ્રાવક વિનાના બીજાઓ તો બોલવાના જ નહિ!"

"ચાહડ આપણો શ્રાવક છે, તે ટેકો ન આપે?"

"અરે ઝવેરી! ઉદા શેઠનું એ પણ એક રત્ન છે, પણ શી ખબર શા કારણથી મારે ને એને બનતું નથી! મારી વાત આવે છે ત્યાં એ આડો પથરો મૂકે છે! તે દિવસે એને કર્ણાવતીની ઉપજ ઉઘરાવવા મહારાજાએ મોકલેલો, તે બધી ઉપજ સાધુઓને અને ગરીબોને ખવરાવી દેવામાં ઉડાડી નાંખી અને પોતે જેવો ગયો હતો તેવો જ પાટણમાં પાછો આવ્યો!

દંડનાયક તરીકે તે દિવસે મેં એને બે શબ્દો કહ્યા, ત્યારથી જ તે મારો શત્રુ બનીને બેઠો છે! અને મહારાજાને મન તો એનો કાંઇ દોષ જ વસતો નથી!"

"ત્યારે તો હાથપગ બાંધીને કામ કરવા જેવી જ આપની સ્થિતિ થઇ!"

"શું કરૂં! આવી આવી મુશ્કેલીવાળી પદવીનો ત્યાગ કરવાનો બહુએ વિચાર કરૂં છું, પરન્તુ આચાર્ય મહારાજનો આગ્રહ છે કે અધિકાર છોડવો નહિ, નહિતો શૈવોનું જોર મંત્રીમંડળમાં વધી જાય અને જૈનોને અન્યાય મળવાના અનેક પ્રસંગો ઉભા થાય! આ રીતે મારી તો કફોડી સ્થિતિ થઇ પડી છે."

"આચાર્ય મહારાજનું કહેવું કાંઇ ખોટું નથી. રાજાજી બન્ને પક્ષો ઉપર સમભાવ રાખતા નથી, તેથી આવો પક્ષભેદ પડ્યો છે અને ખેંચતાણ થવા લાગી છે. એવા વખતમાં જો આપણે દોરડું મેલી દઇએ તો સામો પક્ષ તે એક જ બાજુએ ખેંચી જાય અને આપણને હાનિ થાય! માટે મનને દબાવીને પણ હવે અધિકાર જાળવી રાખો!"

"તે તો જાળવીશ, પણ ત્રિભુવનપાળને મહારાજે આવી રીતે દગો કરીને માર્યો એ બનાવ મને બહુ સાલે છે. ત્રિભુવનપાળ તો પાટણનો જમણો હાથ હતો. તેને મારવાનું શું કારણ મહારાજને મળ્યું હશે તે મારાથી સમજાતું નથી. મને એમ થાય છે કે તે માટે મહારાજને બે શબ્દો કહું, પણ કહેવાનું કાંઇ સાધન મારી પાસે નથી, એટલે હું લાચાર છું." એમ કહી ધર્મપાળ કાંઇ ઉંડા વિચારમાં પડ્યો. દામુ ઝવેરી રજા લઇને ગયો એટલે ધર્મપાળે હેમાચાર્યનો પુત્ર પુનઃ વાંચ્યો અને પુનઃ તે વિચારમાં લીન બન્યો.

દ્વિતીય ખંડ.

પ્રકરણ ૧ લું.

કર્ણમેરૂપ્રાસાદના પુજારીઓ.

સિદ્ધરાજના પિતા કર્ણદેવે પોતાના રાજત્વસમયમાં એક મોટું શિવાલય બંધાવ્યું હતું અને તેનું નામ 'કર્ણમેરૂપ્રાસાદ' રાખવામાં આવ્યું હતું. આજે એ શિવાલયના પુજારીઓને સિદ્ધરાજે પોતાના રાજમહાલયમાં બ્રહ્મભોજનાર્થે આમંત્ર્યા હતા. બ્રાહ્મણોને અન્નદાનથી સંતોષવાથી ઉપાર્જન થતું પુણ્ય સિદ્ધરાજના ધ્યાનમાં હતું, તેથી આવાં બ્રહ્મભોજનો અનેક વાર થતા. માતાની, પિતાની, પિતામહની કે બીજાં આપ્તજનોની સંવત્સરીને દિવસે તો તે એવાં બ્રહ્મભોજનો ઉપરાંત બ્રાહ્મણોને તે સુવર્ણદાન પણ કરતો. આથી કર્ણમેરૂપ્રાસાદના પુજારીઓને રાજમહાલયમાં ભોજનાર્થે નિમંત્રણ કરવામાં આવે એ કાંઇ અસાધારણ બનાવ ન હતો; છતાં એમાં નવીનતા માત્ર એટલી જ હતી કે પૂર્વે કદાપિ નહિ બનેલું એવી રીતે કાંઇ જ ખુલ્લા કારણ વિના રાજાએ તેઓને રાજમહાલયમાં ભોજનાર્થે બોલાવ્યા હતા.

અત્યારે સિદ્ધરાજ પોતાની બેઠકમાં એક સુંદર આસન ઉપર આડો પડ્યો હતો. થોડીએક ક્ષણો પૂર્વે જ ભોજન કરેલું હોવાથી તે આરામ લઇ રહ્યો હતો. ગજસિંહ તેની બાજુએ બેઠો હતો અને રાજાની આજ્ઞાની રાહ જોઇ રહ્યો હતો. તેણે પૂછ્યું: "મહારાજ! મને અત્યારે કેમ બોલાવ્યો છે?"

"થોડુંએક કામ છે! ગઢવીને એક કામ ઉપર મોકલ્યો છે, તે હમણાં આવે એટલે હું તમને કહું છું." સિદ્ધરાજે જણાવ્યું.

થોડી વાર મૌન્ય ચાલ્યું. એટલામાં તો ગઢવી કરણદાન ઉતાવળે પગલે આવી પહોંચ્યો અને આસ્તેથી બોલ્યો: "મહારાજ! પુજારીઓ જમવા આવી ગયા છે; હમણાં જમવા બેસશે."

"ઠીક; ગજસિંહ! એક બહુ સારો લાગ મેં સાધ્યો છે! આજે કર્ણમેરૂપ્રાસાદના પુજારીઓને મેં જમવા બોલાવ્યા છે, તેમાં પેલો કુમારપાળ પણ આવ્યો હશે!"

ગજસિંહ ચમક્યો અને પૂછવા લાગ્યો: "શું કહ્યું મહારાજ? એ અત્યારે અહીં ક્યાંથી? અને બ્રાહ્મણોમાં તે કેવી રીતે પેઠો?"

"આજે એક વર્ષે ભટકતો તે પાછો અહીં આવ્યો છે અને બ્રાહ્મણ બનીને પુજારીઓમાં પેસી ગયો છે. આ ગઢવી એવી ખબર લાવ્યો હતો, તે ઉપરથી આજે મેં બધાએ પુજારીઓને જમવા બોલાવ્યા છે; હવે એમાંથી કુમારપાળને ઓળખીને, બધાએ જમી રહે એટલે તેને કેદ કરી લેવાનું કામ હું તમને સોંપું છું."

"પણ તે બધામાં કુમારપાળ છે એમ ગઢવીએ નક્કી કર્યું છે?" ગજસિંહે પ્રશ્ન કર્યો.

"ના. તે એને ઓળખી શકતો નથી એ જ મુશ્કેલી છેને! તે બે વાર શિવાલયમાં જઇને સઘળા પુજારીઓને જોઇ આવ્યો પણ તેમાંથી કુમારપાળને ઓળખી શક્યો નહિ!"

"ત્યારે એને ઓળખી કાઢવાનું કામ હું કરીશ."

"હવે તમે જલ્દી જાઓ. તેઓ જમવા બેસે એટલામાં તેને ઓળખીને તેના ઉપર બરાબર નજર રાખો!" સિદ્ધરાજે ફરમાવ્યું.

ગજસિંહ ઉઠ્યો. ઉત્સાહભર્યે પગલે તે ત્યાંથી ચાલ્યો. ગઢવી તેની સાથે ગયો. તેઓ ભોજનને સ્થળે પહોંચ્યા તે સમયે સ્થાનને પવિત્ર કરવાને બે બ્રાહ્મણો આસપાસમાં પાણીનો છંટકાવ કરી રહ્યા હતા. પછી સૌએ પોતપોતાનાં આસન ગોઠવ્યાં. ગજસિંહ અને ગઢવી દૂર ઉભા ઉભા એ સર્વ વ્યાપાર જોઇ રહ્યા. કુમારપાળ તેમના ઓળખવામાં આવ્યો નહિ. તેઓ જરા નજીક ગયા. બ્રાહ્મણોની પંક્તિ બરાબર ગોઠવાઇ ગઇ એટલે તેઓની સામે જઇને ગજસિંહ તથા ગઢવી તેઓને ધારી ધારીને જોવા લાગ્યા. લાંબી દાઢી અને મોટા ચોટલાની વચ્ચે આવી રહેલું કુમારપાળનું વદન ગજસિંહની આંખોએ ખોળી કાઢ્યું. તેની આ દશા જોઇને ગજસિંહને તત્ક્ષણ વિચાર થઇ આવ્યો: "રાજાની અકૃપાને કારણે આ બિચારાને આવી રીતે છુપાતા ફરવું પડે છે, નહિતો તેણે રાજાનો શો અપરાધ કર્યો છે?" કુમારપાળે પોતાને આપેલું જીવિતદાન ગજસિંહ વિસરી ગયો નહોતો. તેણે કુમારપાળને આપેલું વચન પણ હજી તેની સ્મૃતિમાં હતું. તેને વિચાર થયો: "ત્રિભુવનપાળને મહારાજાએ ઠાર કર્યો અને હવે તેમની દૃષ્ટિ આના ઉપર પણ લાગી રહી છેઃ તે એને પકડીને લૂંટ કરવાનો આરોપ મેલી ઠાર કર્યા વિના રહેવાના નથી! મને જીવિતદાન આપનારને હું જ આવી રીતે ફસાવું?" પૂર્વ પ્રસંગનું તેને સ્મરણ થયું. પોતાનું નાક કાપી લઇને તથા આંખો ફોડી નાંખીને રખડતો મેલી દેવાની શિક્ષા જ્યારે કુમારપાળે ફરમાવી ત્યારે પોતાના હૃદયની કેવી સ્થિતિ થઇ ગઇ હતી તે તેને સાંભર્યું અને આ વખતે તેના

હૃદયમાં દયા સ્ફુરી આવી. એટલામાં લાડુનું પિરસણુ નીકળ્યું. કુમારપાળ ભોજનની રાહ જોતો પાટલાપર બેઠો હતો, એટલામાં તેણે ગજસિંહને જોયો. ગજસિંહ પણ તેની સામે જ જોઇ રહ્યો હતો. બન્નેનાં નેત્રો મળ્યાં. કુમારપાળ જરા ચમક્યો પરન્તુ ગજસિંહની સામે જ જોઇ રહ્યો. ગજસિંહે નેત્રસંકેત કરીને ભયનું સૂચન કર્યું. તત્ક્ષણ કુમારપાળને પોતાની સ્થિતિનું ભાન થયું! તે ગભરાયો. પોતે બરાબર રીતે સિદ્ધરાજના હાથમાં ફસાયો છે એવું તુરત તેના લક્ષમાં આવ્યું. પાટલા ઉપર તે ચલવિચલ થયો. પોતાની બાજુએ બેઠેલા એક પુજારીને તેણે કહ્યું: "મહારાજ! મને જરા ઉલટી થાય છે માટે હું બહાર જઉં છું, તોપણ મારા ભાણામાં પિરસાવજો; હું હમણાં આવીને જમીશ." એમ કહીને તે તુરત પંક્તિમાંથી ઉઠયો અને બહાર ચાલ્યો.

ગઢવીએ ગજસિંહને પૂછ્યું: "કેમ સામંત! પેલો ઓળખાયો કે નહિ? મને તો આ બધાએ બ્રાહ્મણો જ લાગે છે."

ગજસિંહ બોલ્યો: "હું પણ હજી બધાના ચહેરા ધારી ધારીને જોઉં છું. હજીસુધી તો તે મારા લક્ષમાં આવ્યો નથી."

થોડી વાર થઇ અને પંક્તિમાં સઘળા બ્રાહ્મણોને લાડુ વગેરે ભોજનના પદાર્થો પીરસાઇ ગયા. પંક્તિની વચમાં ફરતા એક વૃદ્ધ બ્રાહ્મણે પ્રશ્ન કર્યો: "કેમ ભાઇઓ! હવે કોઇ રહે છે? હવે હરહર મહાદેવ કરો!"

એક પુજારી બોલ્યો: "કામેશ્વર જરા બહાર ગયો છે તે આવે એટલે પ્રારંભ કરીએ છીએ."

"કામેશ્વર કયો વળી? આમ પંક્તિમાંથી ઉઠીને કેમ જતો રહ્યો? પીરસાઇ ગયા પછી રાહ જોઇને કેમ બેસી રહેવાય?"

"એ બિચારાને ઉલટી થતી હતી તેથી ગયો."

"હશે, જરા રાહ જુઓ, આવે તો ભલે; નહિતો પછી પ્રારંભ કરો! પણ એ કામેશ્વર કયો?"

"થોડા વખતથી એ નવો પુજારી આવ્યો છે." એક બ્રાહ્મણે ઉત્તર આપ્યો. ગઢવીએ આ વાત સાંભળી અને તે તરફ ગજસિંહનું ધ્યાન ખેંચ્યું. ગજસિંહે પૃચ્છા કરી, તો જણાયું કે નવો આવેલો પુજારી ઉલટી કરવાને બહાર ગયો છે, તે બહુ વાર થઇ પણ હજી આવ્યો નથી. તુરત ગઢવી અને ગજસિંહ ત્યાંથી બહાર ચાલ્યા અને ઉતાવળે પગલે જઇને તીવ્ર દૃષ્ટિથી સઘળે જોઇ વળ્યા, પણ ક્યાંય તે જોવામાં આવ્યો નહિ. તેમણે આ ખબર એકદમ સિદ્ધરાજને આપ્યા. સિદ્ધરાજે ગઢવીને આજ્ઞા

કરી કે " દશ ઘોડેસ્વારો લઇને એની તપાસ કર અને મારી પાસે લાવ." ગઢવી પોતાની વાંકડી મૂછોએ હાથ નાંખતો ઉત્સાહમાં દોડયો. સિદ્ધરાજે ઉઠીને છજામાંથી મહાલયના આંગણામાં નજર કરી તો જણાયું કે પંક્તિમાં એક બેઠક ખાલી હતી અને 'કામેશ્વર' ની રાહ જોવાથી થાકેલા તથા ભાણામાં પડી રહેલા આખા લાડુને જોઇને અધીરા બનેલા બ્રાહ્મણો ભોજન-વ્યાપારમાં ક્યારનાએ મંડી પડયા હતા !

પ્રકરણ ૨ જું.

ક્ષત્રિયની ક્ષુદ્ર સ્થિતિ !

કુમારપાળ પંક્તિમાંથી ઉઠીને નાઠો અને પાછું વાળીને પણ નહિ જોતાં એકદમ કોટની બહાર નીકળી ગયો. એક વાર તેને એવો વિચાર થયો કે " હું કૃષ્ણદેવના ઘરમાં જઇને આશ્રય લઉં " પરન્તુ તેને તુરત જ ધ્યાનમાં આવ્યું કે એ કાર્ય સલામતીવાળું નહોતું. પાટણના કિલ્લાની અંદર રહેવામાં મોટું જોખમ સમાએલું હતું એવો અનુભવ તેને અત્યારે થઇ ચૂકયો હતો. તે જટાધારી બાવાના વેશમાં જયાં ત્યાં ફરીને વખત ગાળતો હતો, પરન્તુ પાટણમાં બનતા બનાવોની ખબર તેને બરાબર મળતી નહોતી. કૃષ્ણદેવ રાજખટપટની કેટલીએક વાતો કુમારપાળને લખી મોકલાવતો, પરન્તુ કુમારપાળનો સ્થિર વાસ નહિ હોવાથી કોઇ વાર તેને એ ખબર મળતા અને કોઇ વાર મળતા જ નહિ. લાંબા વખત સુધી પાટણની રાજખટપટો નહિ સાંભળવાથી ઉત્પન્ન થએલી અધીરાઇને લીધે છેવટે તે બ્રાહ્મણના વેશમાં કર્ણમેરૂપ્રાસાદના પુજારીઓમાં ભળી ગયો હતો, પરન્તુ સિદ્ધરાજના બાતમીદારોએ તેને તેમાંથી પણ ઓળખી કાઢયો અને એ વાત કરણદાનને કહી. સિદ્ધરાજ તેની શોધ કરાવ્યા કરતો હતો, એવામાં કુમારપાળ પાટણ આવી પહોંચ્યો છે એ સાંભળીને તેના વૈરમાં જાગૃતિ આવી અને તેણે પ્રપંચજાળ ગોઠવી. એ જાળમાંથી ગજસિંહની કૃપાથી એક વાર છટકી ગયા પછી પણ પાટણમાં રહેવું એ મોટા જોખમનું કામ હતું અને તે માથે ઉઠાવવાની હિંમત કુમારપાળ કરી શકયો નહિ. તે જેમ બને તેમ ઉતાવળે પાટણથી દૂર ને દૂર નાસી જવા લાગ્યો. શરીર ઉપર ભોજન વખતે પહેરેલું સણીઉં જ માત્ર હતું અને એ જ સ્થિતિમાં પ્રાણભયને લીધે તે વગડામાં ચાલ્યો જતો હતો.

લગભગ બે કોસ દૂર તે ચાલ્યો ગયો ત્યારે તેનો ભય કાંઇક શમ્યો.

શહેરની બહાર કેટલેક દૂર સુધી નાનાં મોટાં દહેરાંઓ, ધર્મશાળાઓ, ચોકીઓ, અશ્વશાળાઓ અને બગીચાઓનો વિસ્તાર હતો. કુમારપાળ પાટણથી બે કોસ જેટલે દૂર આવ્યો ત્યારે ખેતરોનો વિસ્તાર આવ્યો અને લોકોની બહુ આવજા જોવામાં આવી નહિ. બહુ ઉતાવળે ચાલવાથી તે થાકી ગયો હતો અને સૂર્યના સખ્ત તાપથી તથા ઉઘાડા શરીરથી તેને આખે શરીરે પરસેવો વળી ગયો હતો. દૂર એક ખેતરની વાડમાં આવેલા ઘટાદાર વૃક્ષની નીચે બેસીને જરા આરામ લેવાની ઈચ્છાથી તે તે તરફ ચાલ્યો. થોડી વારમાં તે વૃક્ષની શીતળ છાયા નીચે જઈ પહોંચ્યો પણ જ્યાં તે બેસવા જતો હતો, ત્યાં તેણે ઘોડાના દાબડાનો અવાજ સાંભળ્યો અને તે ચમક્યો. બેચાર પળ સુધી તે સ્તબ્ધ ઉભો રહ્યો, પણ પ્રતિપળે અવાજ નજીક ને નજીક આવતો જતો હતો અને આકાશમાં ધૂળનું વાદળું ચડતું હતું. પોતાની પાછળ સિદ્ધરાજનું લશ્કર છૂટી ચૂક્યું છે, એમ સમજતાં કુમારપાળને વાર લાગી નહિ. તે ક્ષત્રિયનો પુત્ર હતો, પરંતુ અત્યારે એક ક્ષુદ્ર કરતાં પણ અધમ સ્થિતિમાં આવી પડેલો હતો! મધ્યાહ્ન વીતી જવા છતાં પેટમાં અન્ન પડ્યું નહોતું, તાપ અને થાકથી તેનાં ગાત્રો ઢીલાં થઈ ગયાં હતા, શરીર ઉપર એક સણીયા વિના બીજું વસ્ત્ર નહોતું કે પગમાં પગરખાં નહોતાં, તો પછી ક્ષત્રિયનું નિત્યનું આભૂષણ તલવાર કે કટાર હોઈ શકે જ ક્યાંથી? આવેલા લશ્કરની સાથે લડાઈ કરવાની સ્થિતિમાં અત્યારે તે નહોતો! તે સમય વિચારી લઈને તુરત જ સૂર્યના તાપમાં આગળ વધ્યો અને સિદ્ધરાજના સૈનિકો પોતાને જોઈ શકે તે પહેલાં એકાદ આશ્રયસ્થાનની શોધ કરવાને તેની આંખો મથન કરવા લાગી. કેટલેક દૂર જતાં એક ખેડૂતને પોતાના ખેતરની આસપાસ કાંટાની વાડ બનાવતો તેણે જોયો. કુમારપાળ તેની પાસે આવ્યો અને તેને કહ્યું: "ભાઈ ખેડૂત! હું ગરીબ બ્રાહ્મણ છું, અને રાજાના માણસો મને પકડી જવાને પાછળ આવે છે, માટે કૃપા કરીને મને ક્યાંય સંતાડ. મહાદેવજી તારૂં ભલું કરશે."

ખેડૂતનું નામ ભીમસિંહ હતું. રાજાના અપરાધીને આશ્રય આપવા એકાએક તેની હિંમત ચાલી નહિ. તે બોલ્યો: "રાજાના અપરાધીને હું સંતાડું, તો મારા ભોગ મળે! આ સધરા જેસંગનું રાજ્ય છે."

"ભાઈ! હું તદ્દન નિર્દોષ માણસ માર્યો જઉં છું, એ પછીથી હું તને સમજાવીશ; પણ એક વાર મને સંતાડીને જીવિતદાન દે! તારો ઉપકાર હું કદાપિ નહિ ભૂલું." કુમારપાળે કરગરીને–બે હાથ જોડીને કહ્યું.

ભીમસિંહને દયા આવી અને તેણે કાંટાનો એક ઉપાડો દાંતાળીથી

ઉંચકીને કુમારપાળને કહ્યું: " તું અહીં બેસી જા અને તે ઉપર હું આ કાંટાનો ઉપાડો મૂકી દઉં છું, એટલે તને કોઇ જોઇ શકશે નહિ, તેમ જ મને પૂછશે તો કહીશ કે હું કાંઇ જાણતો નથી."

કુમારપાળનાં રોમ કંપ્યાં. શરીર ઉઘાડું હતું અને તે ઉપર કાંટાનો ઉપાડો આવતાં તેની કેવી સ્થિતિ થશે તેનો વિચાર કુમારપાળને થયો. પણ सर्वनाशे समुत्पन्ने ह्यर्धं त्यजति पंडितः એ ન્યાયે રાજાના કેદી થઇને મરણ પામવું તે કરતાં કાંટાનું દુઃખ સહન કરી લેવાનું તેણે વિશેષ ઉચિત માન્યું. તે તુરત જ નીચે બેસી ગયો અને તે ઉપર ભીમસિંહે કાંટાનો ઉપાડો મૂકી દીધો ! કુમારપાળના શરીરમાં સેંકડો કાંટા ભોંકાઈ ગયા અને રક્તનાં બિંદુઓ ઝમી આવ્યાં. જો બીજો કોઇ સમય હોત તો તેના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઇ હોત, પણ આ સમયે તો આંખો મીંચીને પણ એ દુઃખ મૌન્યપૂર્વક વેઠી લીધા વિના તેનો છૂટકો નહોતો !

એટલામાં તો કરણદાન અને તેની સાથેનાં ઘોડાં ધૂળ ઉડાડતાં ત્યાં આવી પહોંચ્યાં અને ભીમસિંહના ખેતર પાસે આવતાં કરણદાને તેને પૂછ્યું: " અલ્યા ! આ માર્ગે કોઇ બ્રાહ્મણ ગયો કે ? "

ભીમસિંહે ઉત્તર આપ્યો: " ના બાપજી ! મેં તો જોયો નથી. "

" પણ એક વટેમાર્ગુએ અમને ખબર આપી કે તે આ માર્ગે જ જાય છે. "

" પેલા લીંબડાના ઝાડ પાસેથી ત્રણ માર્ગ ફાટે છે, તો શી ખબર બીજા કોઇ માર્ગે તે ગયો હોય તો ! મેં તો અહીં આવતો જોયો નથી ! " ભીમસિંહે કરણદાનના મનનું સમાધાન થાય એવો ઉત્તર આપ્યો.

કરણદાન સૈનિકોની સાથે ત્યાંથી પાછો ફર્યો અને એ લીંબડાના ઝાડ પાસે જઇને પાંચ પાંચ સ્વારોને બાકીના બે માર્ગે મોકલ્યા. એક ટુકડી સાથે પોતે તપાસ કરવાને ચાલ્યો. એ રીતે ભીમસિંહની ચતુરાઇથી કુમારપાળનો બચાવ થયો.

કેટલીક વાર પછી ભીમસિંહે કુમારપાળને બહાર કાઢ્યો. તે વખતે તેના શરીરે રૂધિરની ધારાઓ ચાલી રહી હતી. શરીરે અનેક સ્થળે કાંટા ભોંકાયા હતા અને ઉઝરડા પડ્યા હતા. તે તુરત ભીમસિંહને પગે પડ્યો અને કહ્યું: " ભાઇ તમે હું—ગરીબને આજે જીવિતદાન દીધું છે. તમને આપવા માટે અત્યારે તો મારી પાસે બીજું કશું નથી, પણ જો જીવતો રહીશ, તો ભવિષ્યમાં કોઇ વાર હું તેનો બદલો વાળીશ; મને તમારૂં નામ કહો. "

" મારૂં નામ ભીમસિંહ ! " ખેડૂતે જવાબ આપ્યો. કુમારપાળ ભી-

મસિંહને ફરીથી પગે લાગ્યો અને ત્યાંથી આગળ ચાલ્યો. કોઇ વાર ભૂખ્યો નહિ રહ્યો હોવાથી આજની ભૂખ અને થાક તેને બહુ ત્રાસ આપવા લાગ્યાં; પરન્તુ પ્રાણનો ભય એ એક એવો ત્રાસ છે કે જે બીજા ત્રાસની ગણના કરવા દેતો નથી. તે ઉતાવળે પગે રણવગડામાં આગળ ચાલવા લાગ્યો.

ત્રીજો પ્રહર પૂરો થતાં તે એક બીજા ખેતરમાં આવી પહોંચ્યો. ત્યાંથી પાસેનું ગામડું બહુ દૂર જણાતું નહોતું. ખેતરમાં એક સ્ત્રી અને પુરૂષ મગની સીંગોની કાપણી કરતાં હતાં, ત્યાં જઇને કુમારપાળે પૂછ્યું: "ભાઇ! આ બાજુએ ગામ દેખાય છે તેનું નામ શું?"

ખેડૂતે જવાબ આપ્યો: "એ ગામનું નામ ચાંદરણું છે. પણ મહારાજ! તમે આવે વેશે સીમમાં કેમ ફરો છો?"

"ભાઇ! હું એક દુઃખી બ્રાહ્મણ છું. મારા દુઃખની વાત હું કોઇને કહેવા ઇચ્છતો નથી." એમ કહી કુમારપાળે ત્યાંથી ચાલવા માંડયું.

ખેડૂતની સ્ત્રીને એમ લાગ્યું કે પોતાને ખેતર આવેલો બ્રાહ્મણ ખાલી હાથે પાછો જાય એ ઠીક નહિ, તેથી તેણે કુમારપાળને રોકયો અને એક સુપડું ભરીને મગની સૂકી સીંગો આપવા માંડી. કુમારપાળ તે લેવાને હાથ લાંબો કરી શકયો નહિ! ત્રિભુવનપાળના પુત્રની એક ખેડૂતનું દાન લેવાની દશા?! એક પળમાં તેના મગજમાંથી અનેક વિચારો પસાર થઇ ગયા. પેટ ભૂખ્યું હતું અને હવે ચાલવાની શક્તિ પણ રહી નહોતી. ગામ નજીક હતું પણ ત્યાંથી ખાવાનું ખરીદ કરવાને તેની પાસે કશું દ્રવ્ય નહોતું, તેમ જ શરીર ઉપર સારૂં કપડું પણ નહોતું કે તેના બદલામાં તે અન્ન ખરીદી શકે! એવી સ્થિતિમાં એ મગ બાફીને ખાવાથી પણ ક્ષુધાની સ્વલ્પ શાન્તિ થશે એવો વિચાર તેના મગજમાં આવ્યો, પરન્તુ એ ક્ષત્રિયના પુત્રને હાથ લાંબો કરતાં બહુ વિચાર થઇ આવ્યો! પોતાની દીન-હીન દશાએ તેની આંખોને સજળ બનાવી. તેને એ સીંગો લેવાની આનાકાની કરતો જોઇને ખેડૂતની સ્ત્રી બોલી: "મહારાજ! અમારે ખેતર આવીને તમે ખાલી હાથે પાછા જાઓ, એ અમને શોભે નહિ; અમે અમારી શક્તિ પ્રમાણે આપીએ છીએ તે લો."

કુમારપાળે અણુમાનતે મને સણીયાનો એક છેડો લાંબો કરીને એ સીંગો લીધી. ખેતરની બાજુએ એ ખેડૂતે ખળું કર્યું હતું, તેમાં એવી જ સીંગોનો મોટો ઢગલો પડયો હતો. ખળું જોઇને કુમારપાળને સૂજ્યું કે એ સીંગોનું પોટલું ઉચકી જવાને બદલે તેમાંથી મગ કાઢીને તે લઇ જવા એ વધારે સારૂં. ખળાની વાડની પાસે છાયડામાં તે બેઠો અને સીંગોને કચરી, ઉપ-

ણીને તેમાંથી મગ કાઢ્યા. એ મગ લઇને તે ગામડા તરફ ચાલ્યો અને સાંજ પડતાં ગામની બહાર આવેલી એક હનુમાનની દહેરીની પાસે અર્ધી ભાંગીતૂટી પરશાળ હતી ત્યાં જઇને બેઠો.

ભૂખ એટલી કકડીને લાગી હતી કે એ કાચા ને કાચા મગ ચાવી ખાવાની તેને ઇચ્છા થતી હતી; પરન્તુ કોઇ વાર એવું કાચું અનાજ નહિ ખાધું હોવાથી તેણે તે મગ બાફીને ખાવાનો જ નિશ્ચય કર્યો. પરન્તુ મગ બાફવાને વાસણ જોઇએ તે તેની પાસે નહોતું. પરશાળને બીજે છેડે બે બાવાઓ ઉતર્યા હતા. તે બાવાઓની સાથે એક જુવાન બાવી પણ હતી. કુમારપાળે તેમાંના એક બાવાને પૂછ્યું: "બાવાજી! નજીકમાં કોઇ કુંભાર રહે છે?"

બાવાએ જવાબ આપ્યો: "જેવો તું છે એવા જ અમે છીએ! અમે એવા કુંભાર--હજામની ખબર રાખવા બેસતા નથી!"

આવો તોછડો જવાબ મળવાથી કુમારપાળે તેને કશું પૂછ્યું નહિ. તે ગામ તરફ ચાલ્યો અને એક માણસને કુંભારના ઘર વિષે પૃચ્છા કરી. તેણે બતાવ્યા પ્રમાણે કુંભારને ઘેર જઇ તેને થોડા મગ આપી તેના બદલામાં કુમારપાળે એક હાંલ્લી અને એક શકોરૂં મેળવ્યાં અને તે લઇને તે પાછો હનુગાનની દહેરી પાસેની પરશાળમાં આવ્યો.

હવે ક્ષુધાને શાન્ત કરવાની તૈયારી તેણે કરવા માંડી. પરશાળના પડી ગયેલા ભાગની ઇંટો જ્યાં ત્યાં રખડતી હતી તેમાંની થોડી ઇંટો ગોઠવીને તેણે ચૂલો બનાવ્યો અને આસપાસ પડેલાં સૂકા ઘાસ તથા લાકડાનાં ફોટીયાં એકઠાં કરીને બાવાજીની ધુણીમાંથી એક અંગારો લઇ તે વડે ચૂલો સળગાવ્યો. થોડે દૂર એક વાવ આવેલી હતી ત્યાં જઇને તે હાંલ્લીમાં પાણી ભરી લાવ્યો અને તેમાં મગ ઓરીને ચૂલે ચડાવ્યા. પછી ભૂત અને ભાવીનો વિચાર કરતો તે એક થાંભલીને અઢેલીને બેઠો.

પાસે ઉતરેલા બે બાવાઓ બે ગુરૂ શિષ્ય જેવા દેખાતા નહોતા, પરન્તુ યુવાન વયના હતા. તે બન્ને સાથે આવેલા હોવા છતાં બન્નેએ એક બીજાથી કેટલેક દૂર પોતાના મુકામો નાંખ્યા હતા અને બાવી તો એ બન્નેથી અલગ જ બેસી રહી હતી. આ ઉપરથી કુમારપાળને લાગ્યું કે તેઓ પરસ્પર કાંઇક રોષમાં હોય તેમ જણાય છે, પરન્તુ તેણે તેમને કાંઇ પૃચ્છા કરવાની જરૂર જોઇ નહિ.

પ્રકરણ ૩ જું.

દુર્ભાગ્યની પરિસીમા.

કુમારપાળ હાંડીમાંના મગને વારંવાર સંભાળતો અને ચુલામાંની આગને સચેત રાખતો શાંત બેસી રહ્યો હતો. એવામાં પેલા બાવામાંના એકે બીજાને ધાંટો પાડીને કહ્યું: " અરે, કુબેરગીર ! અહીં આવ ! તેં શું ધાર્યું છે તે મને કહે; બસ, આજથી હું તને કહું છું કે તારે મારી સાથે ફરવું નહિ અને આ યમુનાનો પણ નિવેડો કરી નાંખ."

કુબેરગીર બોલ્યો: " તારી ઇચ્છા ન હોય તો હું જૂદો ફરીશ અને યમુનાનો પણ નિવેડો કરવાનો જ શો છે ? હું જ તેને આપણા ગુરૂજીની પાસે લાવ્યો હતો અને તેને જમાતમાં મેળવી હતી, એટલે તે મારી સાથે રહેશે ! "

" ચાલ સાલા ! ગુરૂજીનો હું મોટો શિષ્ય છું, અને યમુના ઉપર મારો પહેલો અધિકાર છે; મારી આજ્ઞા વિના તું તેને તારી સાથે રાખી શકે જ નહિ ! ચાલ, યમુના ! અહીં આવ; મારી પાસે બેસ ! " રામગીરે યમુનાની સામે જોઇને આજ્ઞા કરી.

પણ યમુના ઉઠી નહિ. તે માત્ર બન્ને બાવાઓ ભણી ટગર ટગર જોયાં કરતી હતી. કુબેરગીર બોલ્યો: " રામગીર ! હું સાચી વાત કહું છું કે તું આ હઠ છોડ; નહિતો હું કે તું મરીશું, પણ જ્યાંસુધી હું જીવતો છું, ત્યાંસુધી યમુનાને તારા હાથમાં હું આવવા દેવાનો નથી ! "

" જોઉં છું કે કોણ મને મારવા આવે છે ? " એમ કહેતો રામગીર ઉભો થયો. તે શરીરે લઠ્ઠપઠ્ઠ હતો અને કુબેરગીર પાતળા શરીરનો હતો, એટલે કુબેરગીરને હરાવવાને પોતાના બળનું તેને મોટું અભિમાન હતું. પણ કુબેરગીર કાંઇ પોચા મનનો નહોતો. તે પણ ઉભો થયો અને રામગીરની સામે લાલ આંખો કરીને બોલ્યો: " ચાલ, ચાલ, આવી જા મેદાનમાં; જ્યાંસુધી હું તારી ગરદન મરડી નહિ નાંખું, ત્યાંસુધી તું તારી જક છોડવાનો નથી ! "

કુબેરગીર એ શબ્દો બોલી રહે તે પહેલાં તો રામગીરે એવા જોરથી કુબેરગીરને ઠોંઠ મારી કે તત્ક્ષણ તેના મુખમાંથી લોહી વહેવા માંડયું. કુબેરગીર કાંઇ એ માર સહન કરી લે તેવો નહોતો. તેણે રામગીરના જાડા શરીરને બાથમાં ઘાલીને પછાડી નાંખ્યું, પરન્તુ રામગીર તુરત પાછો બેઠો થયો અને બન્ને જણ બાથંબાથા આવ્યા. કુમારપાળ આ

સઘળો તમાશો જોઇ રહ્યો હતો તે હવે ઉભો થયો. તેણે એ બન્ને જણને છૂટા કરાવવાનો વિચાર કર્યો. પરન્તુ બન્નેએ એટલા બધા જુસ્સામાં આવેલા હતા કે તુરતમાં તેમને છૂટા પાડવાનું કામ શક્ય નહોતું. બે મલ્લો જેવી રીતે એક બીજાને હરાવવાને એક બીજાનાં અંગોને બાથમાં લેવાનો યત્ન કરે છે, તેવી રીતે એ બન્ને મલ્લોની લડાઇ ચાલી રહી હતી. એકવાર બન્ને છૂટા પડતા, તો પુનઃ તેઓ પાછા એક બીજાની સામે ધુરકીને લડી પડતા અને મારામારી ચલાવતા. પરશાળમાં ધમસાણુ મચી રહ્યું. એવામાં તેઓ એક બીજાની સાથે અફળાતા કુમારપાળની હાંલ્લીની પાસે આવ્યા અને કુમારપાળ હાંલ્લીને બચાવી લેવાને દોડે તે પહેલાં તો હાંલ્લી અડફેટમાં આવીને ફૂટી ગઇ અને તેમાંના મગ તથા પાણી ચુલ્લામાં અને ભોંયપર પડયાં!! છતાં બન્નેનું યુદ્ધ તો ચાલુ જ રહ્યું. કુમારપાળ બબડયોઃ "અરે ભલા માણસો! તમે મારી હાંલ્લી ફોડી અને મગ નકામા ગયા; લડી મરો તો ભલે, પણ બીજાનું જાન થાય છે તેનો કેમ વિચાર કરતા નથી?" પરન્તુ તેનો એ બડબડાટ બન્ને યોદ્ધાઓમાંથી કોઇએ સાંભળ્યો નહિ!

કુમારપાળ પાછો નિરાશ બનીને બેઠો. દુર્ભાગ્યની પરિસીમા આવી રહી. ક્ષત્રિયના પુત્રે એક ખેડૂતનું દાન લઇને પણ પેટનું ભાડું ભરવાની તત્પરતા બતાવી, પણ રૂઠેલા દૈવને એ પણ રૂચ્યું નહિ! જેના ઉપર મંડુકેશ્વર મહાદેવની છાયા હતી, જેના ભાગ્યમાં ગુજરાતનો રાજમુકુટ લખેલો હોવાનું જ્યોતિષીઓ કહેતા હતા, અને જે પોતાની સામે એક સો સૈનિકો આવે તે છતાં તેમની સામે થવાની હિંમત બીડી શકતો હતો, તે જ કુમારપાળના ભાગ્યમાં આજે બાફેલા કે કાચા મગ પણ રહેવા પામ્યા નહિ! અહો દૈવ! તારો કેવો ચમત્કાર છે? ફૂટી ગએલી હાંલ્લી પાછી આખી થાય તેમ નહોતું અને ચૂલામાં પડીને બળી ગએલા મગ પાછા હાથ લાગે તેમ નહોતું, એટલે બની ગએલા બનાવને માટે વિલાપ કરવાથી કશું વળશે નહિ, એમ માનીને કુમારપાળ પોતાના દુર્ભાગ્યનો જ માત્ર વિચાર કરતો બેસી રહ્યોઃ

"*મોતી કેરી માળ, જેને કંઠે શોભતી,
"કુટિલ થયો તું કાળ? તેના ઉપર કેમ હા?
"સુવર્ણ પાત્ર વિશાળ, ભોજનને શોભાવતું,
"આજે તેને કપાળ, હાંલ્લી પણ આખી નહિ!

---

* સોરઠા.

"બત્રીસ ભોજન થાળ, પિરસાતો'તો એક ક્ષણ,
"મૂઠી મગની દાળ, લલાટ આજ લખી નહિ!!"

થોડી વારે બન્ને બાવાઓ લડતા છૂટા પડયા ખરા પરન્તુ પરશાળની દિવાલ સાથે માથું અફળાવાથી કુબેરગીરના માથામાંથી પુષ્કળ લોહી વહેવા લાગ્યું. એક બાજુએ મ્હોંમાંથી અને બીજી બાજુએ કપાળમાંથી લોહી વહેવાથી તે નાહીંમત થઇ ગયો હતો અને રામગીરની સાથે લડવાનું બંધ કરવાની તેને ફરજ પડી હતી. રામગીર યુદ્ધમાં જય પામવાથી કુબેરગીરને ગાળો સંભળાવતો પાછો પોતાની ધૂણી પાસે આવીને બેઠો અને યમુનાને કહેવા લાગ્યોઃ "દેખ, યમુના! હવે તારે મારી આજ્ઞા માનવાની છે, અને હું કહું ત્યાં તારે મારી સાથે આવવાનું છે." પણ યમુના કશો જવાબ નહિ આપતાં મૌન બેસી રહી.

કેટલીક વાર પછી રાત્રિનું અંધારૂં થવા લાગ્યું. કુમારપાળ ભૂખ્યો એક બાજુએ સોડીઉં વાળીને પડી રહ્યો. ભૂખ અને ચિંતાથી તેના શરીરની અસ્વસ્થતા વધતી જતી હતી તેથી નિદ્રા તેનાથી દૂર નાસી ગઇ હતી. તે અનેકાનેક વિચારો કરતો, ભૂપાળદેવીનું અને ભાઇઓનું સ્મરણ કરતો તથા ગુજરાતનું રાજ્ય મેળવવાને બદલે જીવન પણ ટકી રહેવાની આશાનો ત્યાગ કરતો હતાશ બનીને પડયો હતો. રાત્રિનો અંધકાર જરા ફેલાગો એટલે પુનઃ પેલા બાવાઓની ધાંટાધાંટથી તેની વિચારતંદ્રાનો ભંગ થયો. તેણે ઉઠીને જોયું તો જણાયું કે રામગીર રાત્રે ને રાત્રે ત્યાંથી ચાલ્યો જવાને તૈયાર થઇ રહ્યો હતો અને યમુનાને આજ્ઞા કરી રહ્યો હતો કે "તું મારી સાથે ચાલ." પરન્તુ યમુના રામગીરની સાથે જવાને ઇચ્છતી નહોતી. આથી રામગીર ગુસ્સે થઇને યમુનાને ભય બતાવતો હતો કે "જો હું મંત્ર ભણીશ તો તને બાળીને ભસ્મ કરી નાંખીશ." પરન્તુ યમુના તેથી ડરી નહિ. છેવટે રામગીરે યમુનાનો હાથ પકડીને તેને ખેંચીને પોતાની સાથે લેવા માંડી. કુબેરગીરથી આ સહન થઈ શકયું નહિ એટલે તે ઉઠયો અને યમુનાને રામગીરના હાથમાંથી છોડાવવાનો યત્ન કરવા લાગ્યો. પરન્તુ એ યત્નમાં તે ફાવ્યો નહિ. રામગીર સાથેના યુદ્ધમાં હારીને તેણે પોતાનું આત્મબળ ગુમાવ્યું હતું, તેથી રામગીરની એક લાતની સાથે જ તે ભોંયપર પછડાયો અને રામગીર યમુનાને ખેંચી જવા લાગ્યો. યમુના ભયથી ચીસો પાડવા લાગી.

ગામની નજીકમાં જ યમુનાની ચીસો સંભળાવાથી કદાચ કોઇ આવી પહોંચશે એવા ભયથી રામગીરે યમુનાના હાથ બાંધ્યા અને તેના મ્હોંમાં

કપડાનો ડુચો માર્યો. કુબેરગીર આ સઘળું જોઇ રહ્યો પરન્તુ યમુનાને બચાવવાની હવે તેનામાં શક્તિ રહી નહોતી ! યમુનાને રામગીર ખેંચી જવા લાગ્યો અને યમુના ભયથી ગભરાતી તથા બૂમ નહિ પાડી શકવાથી અકળાતી તરફડીયાં મારતી હતી. કુમારપાળની આંખોથી આ ક્રૂરતા સહન થઈ શકી નહિ. તેનું ક્ષાત્ર રૂધિર એક અબળા ઉપર આવો જુલમ ગુજરતો જોઇને એકદમ ઉછળી આવ્યું અને યમુનાને રામગીરના હાથમાંથી બચાવવાને તે દોડયો. પહેલાં તો તેને મારવાને પાસે પડેલી એક ઇંટ લઇને તે સામે થયો. તેણે રામગીરને ઇંટ મારી અને તે તેના વાંસામાં વાગી પરન્તુ તેણે પોતાના હાથમાંનો લોઢાનો ચીપીયો એવા જોરથી કુમારપાળના માથામાં માર્યો કે તત્ક્ષણ કુમારપાળ બેભાન બનીને ભોંયપર પછડાઇ પડયો ! અબળાને બચાવવા જતાં ક્ષત્રિયની દુરવસ્થા થઇ ! !

પ્રકરણ ૪ થું.

શ્મશાનમાં.

કુમારપાળ બેભાન બનીને ભોંયે પડયો તે જોઇને રામગીર ગભરાયો. તેને એમ સંશય આવ્યો કે કદાચ એ બ્રાહ્મણ મરી ગયો જ હશે અને પોતાનો શત્રુ કુબેરગીર ત્યાં હાજર હોવાથી તે ગામમાં જઇને ખબર આપશે તથા પોતાને પકડાવીને કેદમાં પુરાવશે. આ ગભરાટને લીધે યમુનાનો હાથ છોડીને તેણે કુબેરપાળને ઢંઢોળવા માંડયો પણ તે જાગૃત થયો નહિ એટલે તે વધારે ગભરાયો. તેણે પોતાના મનથી નિશ્ચય કર્યો કે એ જરૂર મરી ગએલો હોવો જોઇએ. આ નિશ્ચયને અંતે તેનાં હાજાં નરમ થઇ ગયાં. હવે ત્યાંથી ચાલ્યા જવામાં પણ ભય હતો અને ત્યાં રહેવામાં પણ ભય હતો. ગભરામણે રામગીરને નરમ બનાવ્યો અને તે કુબેરગીરની પાસે આવ્યો. બિચારા કુબેરગીરને સખ્ત વાગ્યું હતું તેથી તે એક સ્થળે બેસી રહ્યો હતો. તેની પાસે આવીને રામગીર ધીમે સ્વરે બોલ્યોઃ " કુબેરગીર ! આ બ્રાહ્મણને મેં માથામાં ચીપીઓ માર્યો તે સાથે જ તેના તો પ્રાણ ઉડી ગયા ! "

કુબેરગીર ચમકયો અને ગુસ્સે થતો બોલ્યોઃ " ત્યારે હમણાં હું ગામના પટેલને બોલાવીને તને કેદમાં પુરાવું છું. તેં ખુન કર્યું છે ! "

રામગીર ગરીબડું મ્હોં કરીને બોલ્યોઃ " દેખ યાર ! એમ કરીશ તો હું તારો ગુરૂભાઇ શૂળીએ ચડીશ, તેમાં તને શો લાભ થશે ? "

"તેં મને માર્યો છે તેનું વેર તો વળશે ! બસ, મારે બીજું કાંઇ જોઇતું નથી !" કુબેરગીરે ઉત્સાહમાં આવતાં કહ્યું.

"ફીકર નહિ, તું એમ કહીશ તો હું પટેલને કહીશ કે તેં જ એ બ્રાહ્મણનું ખૂન કર્યું છે અને હું તો કાંઇ જ જાણતો નથી !"

"પણ યમુના સાક્ષી આપશે કે નહિ ? તેં એને પજવી છે એટલે તે જરૂર ખરી સાક્ષી પૂરશે અને તને જ પકડાવશે !" કુબેરગીરે કહ્યું.

રામગીરને એ વાત ખરી લાગી અને તે સમજ્યો કે પોતે બરાબર ફસાયો છે. તે બહુ અકળાઇ ગયો અને કુબેરગીરને પગે લાગીને બોલ્યોઃ "ભાઇ ! આપણે બેઉ એક જ ગુરૂના શિષ્યો છીએ અને મારો અપરાધ માફ કરીને આ વખતે તું મને બચાવ. યમુના આજથી તારી થઇ; મને તે નહિ જોઇએ, જા. હવે તો તું મારીપર દયા કર !"

યમુનાની લાલચથી કુબેરગીર લલચાયો અને તેણે રામગીરનું કહેવું કબૂલ કર્યું. બન્ને પાછા એકત્ર થઇ ગયા અને એવું નક્કી કર્યું કે કુમારપાળનું મુડદું ઉંચકીને મશાણમાં કોઇ ચિતા બળતી હોય તેમાં નાંખી આવવું ! એમ કરવાથી મુડદું બળી જશે અથવા ભુંજાઇ જશે અને કોઇને કાંઇ ખબર પડશે નહિ, એમ સમજીને બન્ને તે કાર્ય કરવાને સંમત થયા. રામગીરે પોતાના લોટાની દોરી કાપીને તે વડે કુમારપાળના પગને બાંધી લીધા અને છૂટા પડેલા હાથ તથા શરીરને પણ ફરતી દોરી બાંધી લીધી કે જેથી તેને ઉપાડતાં સારી રીતે ફાવે. એમ કરતાં એક પ્રહર રાત્રિ જેટલો અંધકાર થયો એટલે રામગીર અને કુબેરગીરે કુમારપાળના બેભાન દેહને ઉંચક્યો અને બન્ને જણ સ્મશાન ભણી ચાલ્યા.

સ્મશાન ત્યાંથી લગભગ અર્ધા કોસ જેટલું દૂર હતું. ગામડાનું સ્મશાન નદીને કાંઠે જ નક્કી કરવામાં આવેલું એક સ્થળ હોય છે, તે પ્રમાણે ત્યાંનું સ્મશાન પણ એક વહેળાને કાંઠે રેતમાં આવી રહેલું હતું. સપાટ મેદાનમાં આવી પહોંચતાં રામગીર અને કુબેરગીરે દૂરથી જોયું કે તેઓના સદ્‌ભાગ્યે એક ચિતા સળગી રહી હતી. ચોતરફ ઘોર અંધકાર વિસ્તરેલો હતો, તેમાં એ ચિતા જ થોડો થોડો પ્રકાશ ફેલાવતી હતી. સર્વત્ર શાંતિ ફેલાએલી હતી, તેમાં કોઇ કોઇ વાર ગામડાંની અંદરનાં કૂતરાંના ભસવાનો ધ્વનિ અને તેના ઉત્તરમાં સ્મશાનમાંનાં કૂતરાંનો ભસવાનો ધ્વનિ એ શાંતિને ભગ્ન કરતો કર્ણગોચર થતો હતો. નજીક આવતાં બળતાં હાડકાં અને માંસની દુર્ગંધ આવવા લાગી. જૂદે જૂદે સ્થળે પડેલા રાખના ઢગલા રેતીમાં કોઇ સોડ તાણીને સૂતું હોય એવી ભ્રમણા કરાવતા હતા. વહેળાને સામે કિનારે

ઉગી નીકળેલાં ઝાંખરાંનો સમૂહ એ શ્મશાન ભૂમિમાં એકત્ર થએલાં ભૂતડાંના ટોળા જેવાં દેખાતાં હતાં અને પવનથી જ્યારે તે ખખડતાં ત્યારે એ ભૂતડાંના અટ્ટ હાસ્યનું ભાન થતું હતું અને રામગીર તથા કુબેરગીરનાં હૃદયોમાં ભયનો સંચાર કરતું હતું. વહેળાનો ખળખળ ધ્વનિ કોઇની ધીમી વાતચીત ચાલતી હોય એવી આશંકાને ઉત્પન્ન કરતો હતો. એવામાં એક બાજુએ એકાએક ભડકો જોવામાં આવ્યો અને તે હોલવાઇ ગયો. બન્નેના કાળજામાં ભૂતાવળનો ભ્રમ પેઠો. થોડે દૂર જતાં તેવો જ એક ભડકો થઇને હોલવાઇ જતો તેમના જોવામાં ફરીથી આવ્યો. ત્યાં ચિતાઓ સળગતી નહોતી છતાં ભડકા થતા જોઇને બન્ને બાવાઓ બીધા અને મનમાં ને મનમાં મંત્ર જપવા લાગ્યા. જરા આગળ વધીને કુબેરગીરે ધીમેથી કહ્યું: "ભાઇ રામગીર ! આ મશાણમાં ભૂતાવળનું બહુ જોર લાગે છે. બીજું બધું તો ઠીક પણ આપણી ખાંધે જેનું મુડદું છે એ બ્રાહ્મણ તો ભૂત નહિ થાય ને ?" અત્યારસુધી એ બ્રાહ્મણના ભૂતની કલ્પના રામગીરને આવી નહોતી, તે કુબેરગીરની વાત સાંભળીને હવે એ નવી ભ્રમણામાં પેઠો અને કાંઈ જવાબ આપી શક્યો નહિ. આગળ ચાલતાં એક કૂતરાનું મુડદું પગ સાથે અથડાયું અને બન્ને ગભરાયા. કુબેરગીર બોલ્યો: "મુડદાને અહીં પટકીને હવે પાછો ચાલ, નહિતો હું જઉં છું. મને બહુ બીક લાગે છે."

રામગીર બોલ્યો: "હવે ચિતા બહુ દૂર રહી નથી. કાળજું કઠણ કરીને થોડે દૂર ચાલ !"

બન્ને જણ પુનઃ આગળ ચાલવા લાગ્યા. ફરીથી જ્યાં ત્યાં ભડકા થતા તેમના જોવામાં આવ્યા. ગામમાં ભસતાં કૂતરાંનો અવાજ અહીંસુધી સંભળાતો હતો. જંગલમાં વસતાં શિયાળીયાંની ચીસો પણ કોઇ વાર કાનના પડદાને ફાડી નાંખતી હતી અને બન્નેનાં કાળજાં થડકી ઉઠતાં હતાં. હૃદયનો ભય અંદરથી અને પવનની ચમકી બહારથી રોમને થરથરાવી મેલતી હતી. એવામાં બળતી ચિતા તરફથી એકાએક મનુષ્યનો ઘોર અવાજ સંભળાયો: "કોણ છે ?"

રામગીર અને કુબેરગીરની હિંમતનો હવે અંત આવી રહ્યો ! તેઓ કુમારપાળના દેહને એકાએક ભોંયપર પછાડીને મૂઠીઓ વાળતા પાછા નાઠા ! કોઇ પિશાચ કે ચૂડેલ પોતાને વળગીને જીવ લેશે એવા ભયથી તેઓ ગર્ભગલિત જેવા બની ગયા હતા અને તેથી જ્યાંસુધી બળતી ચિતા તેમની નજરે પડી ત્યાંસુધી તેઓએ એકસરખા જોરથી દોડયા કર્યું.

કુમારપાળનો બેભાન દેહ જ્યાં પડેલો હતો ત્યાં થોડી વારે એક પ્રચંડ શરીરનો લાંબી દાઢીવાળો અને અંધકારમાં ભળી જતા કાળા રંગનો બાવો આવીને ઉભો રહ્યો. તેણે નીચે નજર કરી તો મુડદું જોવામાં આવ્યું અને તે આનંદથી હસતો બોલ્યોઃ " ઓહ ! કોઇ મુડદું બાળવા આવ્યા હશે, તે મારી ત્રાડ સાંભળીને મુડદું અહીં જ ફેંકીને નાસી ગયા ! બિચારા બ્હી ગયા હશે ! ઠીક, આ આખું મુડદું મારા કામમાં આવશે ! " બાવાએ તુરત જ કુમારપાળના દેહને ઉંચક્યો અને બળતી ચિતા પાસે લઇ જઇને તેને નાંખ્યો. બાવાએ કુમારપાળના દેહની આસપાસ બાંધેલા દોરીના બંધ છોડી નાંખ્યા અને તે સાથે જ તે ચમક્યો ! તેને માલૂમ પડયું કે એ મુડદું નહોતું પણ એક જીવતું મનુષ્ય હતું અને તેનો શ્વાસોચ્છ્વાસ હજી ચાલતો હતો ! તેનો તેજસ્વી ચહેરો અને તે ઉપરની રેષાઓ જોઇને વળી બાવો વધારે આશ્ચર્ય પામ્યો. એક બળતો અંગારો પોતાના ચીપીયાવડે નજીક લાવીને તેના પ્રકાશમાં તેણે કુમારપાળની હસ્તરેષાઓ જોઇ અને તે આશ્ચર્યમાં લીન બન્યો. તે એક ભાગ્યશાળી રાજવંશી પુરૂષ હોવાની તેની ખાત્રી થતાં જ તેણે તેને ભાનમાં લાવવાના યત્નો કરવા માંડયા. તેની બેભાન અવસ્થાનું કારણ તે બાવો સમજી શકયો નહિ, પરન્તુ તેના અંગોપાંગને ગરમી આપવાથી તે ભાનમાં આવશે એવી સામાન્ય ધારણાથી તેણે ધીમેથી કુમારપાળના દેહને ઉંચકયો અને ચિતાની પાસે લઇ જઇને તેના શરીરને તપાવવા માંડયું. એ તાપથી તેની શિથિલતા દૂર થઇ, મગજ જાગૃત થયું અને માથે વાગેલા ઘાનું દુઃખ પણ કાંઇક ઓછું થયું. કેટલીક વારે તે જાગ્યો પરંતુ આંખો ઉઘાડીને જોતાં તે સ્વપ્નમાં હોય એવી ભ્રમણાથી પુનઃ બેભાન બન્યો ! ચોતરફ ગાઢ અંધકારમાં પાસે પડેલો અંગારાનો ઢગલો, ઉંચે કાળા આકાશમાં તગતગી રહેલા તારાઓ, નીચે રેતીની શય્યા, પાસે બેઠેલો ભયાનક સ્વરૂપનો બાવો, શિયાળ અને કૂતરાંના ભયાનક અવાજો, એ સઘળું દશ્ય પોતાની તત્સમયની સ્થિતિને સમજી શકયું નહિ અને તે પુનઃ મૂર્છિત થઇ ગયો. બાવાના યત્નોથી કેટલીક વારે તેની મૂર્છા વળી અને આંખો ખોલીને તેણે આસપાસ જોયું. તત્ક્ષણ ભયથી તે આંખો મીંચી ગયો. તેના માથાના વાળ ઉભા થઇ ગયા. કાળજું વધારે જોરથી થડકવા લાગ્યું અને શરીર કમ્પી ઉઠયું ! ! તેને લાગ્યું કે કાંતો પોતે સ્વપ્નમાં છે અથવા તો પોતે મરણ પામી ગયો છે અને અત્યારે તે નરકની યાતના વેઠી રહ્યો છે ! સામે ઉભેલો જમડો એ બળતી ચિતામાં પોતાને હોમી દેવાને તૈયાર થઇ રહ્યો છે !

એક બે વાર આંખો ઉઘાડીને પુનઃ તેને મીંચી જતો જોઇને બાવો બોલ્યોઃ "બચ્ચા ! હવે તને કેમ છે ?"

કુમારપાળે આંખો ઉઘાડી અને બાવાની તરફ એકીટશે જોયું પણ હજી તેનો સ્વપ્નભ્રમ દૂર થયો નહોતો, તેથી તેના મુખમાંથી વાચા નીકળી શકી નહિ. થોડી વારે બાવાએ પુનઃ તે જ પ્રશ્ન પૂછયો એટલે કુમારપાળ બોલ્યોઃ "હું નરકમાં છું કે સ્વપ્નામાં છું ?"

"તું સ્વપ્નામાં નથી કે નરકમાં પણ નથી, પરન્તુ જીવતો છે તથા જાગૃત છે અને અહીં શ્મશાનભૂમિમાં એક બળતી ચિતાની પાસે પડેલો છે." બાવાએ ઉત્તર આપ્યો.

કુમારપાળ આ ઉત્તર સાંભળીને આશ્ચર્યથી બાવાની સામે ટગરટગર જોઇ રહ્યો અને કાંઇ બોલ્યો નહિ. બાવાએ તેની મુખમુદ્રા ઉપરથી તેનું આશ્ચર્ય કળ્યું અને કહ્યુંઃ "બચ્ચા ! આ ખરેખર શ્મશાનભૂમિ છે. તને કોઇ માણુસો મુડદું ધારીને અહીં મૂકી ભયથી નાસી ગયા છે !"

કેટલીક વારે કુમારપાળને પોતાની સ્થિતિનું સ્મરણુ થયું અને તે બોલ્યોઃ "ખરી વાત ! કદાચ હું મરી જ ગયો હોત, પરન્તુ હજી વધારે દુઃખ વેઠવાને જીવી શકયો છું !"

"તું કોણુ છે બેટા ? કોઇ રાજવંશમાં તારો જન્મ થયો છે."

કુમારપાળ અચંબો પામ્યો. તે ઉત્તર આપતાં બોલ્યોઃ "બાવાજી ! મારો જન્મ ગમે તેવા ઉંચા કુળમાં થયો હોય, પણુ તેથી શું ? અત્યારે મારા જેટલો દરિદ્ર આ જગત્માં બીજો કોઇ જ નહિ હોય ! આ જગત્નું એક તણુખલું પણુ મારૂં સગું નથી અને એક મુઠી અન્ન પણુ મારા ભાગ્યમાં લખ્યું નથી ! ભૂખથી મારા દેહમાં જરા પણુ ચૈતન્ય નથી, છતાં હું જીવતો રહી શકયો છું એ એક નવાઇ છે !"

"બેટા ! તું ભૂખ્યો છે, તો લે આ ખા !" એમ કહીને બાવાએ પોતાનું એક કાળું પાત્ર તેની સામે ધર્યું. કુમારપાળ ખાવાની આશાએ બેઠો થયો અને પાત્ર હાથમાં લીધું અને તેમાં નજર કરતાં જ તે ચમકયો અને પાત્ર પાછું નીચે મૂકીને બાવાની સામે ભયભીત મુદ્રાએ નિહાળી રહ્યો.

"કેમ પાત્ર નીચે મૂકયું ? એ સેકેલું નરમાંસ છે, તે ખા એટલે તારી ક્ષુધાનું નિવારણુ થશે અને તારા દેહમાં ચૈતન્ય આવશે !" બાવાએ કહ્યું.

"નરમાંસનું હું ભક્ષણુ કરૂં ? ભૂખથી મરી જઉં તે બહેતર, પણુ એ અઘોર કાર્ય હું નહિ કરૂં !" એમ કહી તેણે એક તિરસ્કારપૂર્ણુ દૃષ્ટિથી તે પાત્ર તરફ જોયું.

બાવો બોલ્યો: "તો જેવી તારી ઇચ્છા! જો કદાચ તું જીવતો છે એવી મને ખબર ન પડી હોત તો અત્યારે તારૂં માંસ પણ સેકાઇને મારી હોજરીમાં ક્યારનુંએ પડી ગયું હોત!" એમ કહી એ ઘોર ભીષણ રાત્રિમાં બાવો ખડખડાટ હસી પડયો અને એ પિશાચચેષ્ટા જોઇને કુમારપાળનાં રોમ કંપ્યાં.

"આપે મને જીવિતદાન દીધું છે, તો એ ઉપકાર હું કદાપિ નહિ ભૂલું. મને હવે મારા દેહ ઉપર વિશ્વાસ નથી, છતાં જો હું જીવીશ તો કોઇ વાર આપે કરેલા ઉપકારનો બદલો વાળીશ."

"બહુ સારૂં; પણ મને તારૂં નામ કહે જોઇએ?"

"મારૂં નામ કુમારપાળ!"

"કુમારપાળ?!" બાવો બહુ જ ચમકયો. તે કુમારપાળની સામે એકીદૃષ્ટે જોઈ રહ્યો. તેણે હવે તેને બરાબર ઓળખ્યો હોય તેમ જણાયું. ધીમે ધીમે બાવાની મુખમુદ્રા વધારે ગંભીર બનતી જતી હતી એમ કુમારપાળે જોયું. બાવાના આશ્ચર્યથી કુમારપાળ પણ આશ્ચર્ય પામ્યો પરન્તુ બાવાના આશ્ચર્યનું કશું અનુમાન તે કરી શકયો નહિ. કેટલીક વાર પછી બાવાએ કહ્યું: "બહુ સારૂં બેટા! હવે અહીંથી સત્વર ચાલ્યો જા. હું મારી ગુફામાં જઉં છું. પણ કોઇ વાર મારા આ ઉપકારને યાદ કરજે!" એમ કહી બાવાએ ચાલવા માંડયું. કુમારપાળ તેની તરફ અત્યંત આશ્ચર્યથી જોઇ રહ્યો. બાવાના હૃદયમાં કાંઇક ભેદ હતો એમ તેની ચંચળ આંખોએ જાણી લીધું પરન્તુ એ ભેદ કળી શકવામાં તે સફળ થયો નહિ. થોડી વારમાં બાવો અંધકારમાં અદૃશ્ય થઈ ગયો અને કુમારપાળ ઉઠીને ધીમે પગલે એ શ્મશાનભૂમિની બહાર નીકળી ગયો.

પ્રકરણ ૫ મું.

અજાચક વ્રત.

કુમારપાળ શ્મશાનભૂમિમાંથી બહાર નીકળીને અંધકારમાં અથડાતો કુટાતો આગળ ચાલ્યો અને વિધિ જ્યાં લઇ જાય ત્યાં જવું તથા જે દશામાં મૂકે તે સ્વીકારી લેવી એવા મનોનિશ્ચય સાથે તે પોતાના ચેતનહીન બનેલા પગને આગળ ને આગળ વધવાની આજ્ઞા કરતો હતો. ગાઢ અંધકારમાં દિશા પણ સૂજતી નહિ તેથી તે ગમે તેમ આડે અવળે માર્ગે ચાલતો હતો. એમ કરવાથી કોઇ વાર તે થોરીયાની વાડોમાં જઈ પડતો,

કોઇ વાર ઉંચા નીચા ટેકરા ચડતો ઉતરતો, કોઇ વાર પત્થરની ઠેશો ખાતો, તો કોઇ વાર ચોતરફ વેરાએલા કાંટામાં પગ પડતો અને ઉઘાડા પગનાં કોમળ તળીયાંમાં કાંટા ભચાભચ પેસી જતા. કાંટાના જાળામાં સંતાવાથી શરીરે લોહીનાં બિંદુઓ જામી ગયાં હતાં, માથામાં રામગીરનો ચીપીઓ વાગવાથી સખ્ત દર્દ થતું હતું અને હવે આગળ ચાલવાને જવાબ આપી રહેલા એકલા નિમકહલાલ પગની પણ દુર્દશા થતી હતી, પરન્તુ કુમારપાળ તે સઘળું સહન કરીને આગળ ચાલ્યો જતો હતો. ઘણી વાર તેના મનમાં વિચાર થઇ આવતોઃ " ઓહો ! ત્રિભુવનપાળના પુત્રની અત્યારે આ દશા ? ! મારા ભાગ્યમાં ગુજરાતનું રાજ્ય લખ્યું છે એ કેટલો ભયાનક અસત્યવાદ હશે તે હવે મને સમજાય છે ! જે માણસ હવે થોડા વખત પછી ભૂખના દુઃખથી મરી જવાનો છે, તે શું રાજા થાય ? કેવી અસંભવિત વાત ? ! જ્યાંસુધી આ પગ જવાબ આપે છે ત્યાંસુધી હું આ રણવગડામાં ભટકીશ અને છેવટે આ ખુલ્લા મેદાનમાં મરીને જંગલી પ્રાણીઓની ઉજાણીના સાધનરૂપ બનીશ ! ઓ પિતાજી ! સિદ્ધરાજે તમને પોતાની તલ્વારથી માર્યા, પણ પાટણની પ્રજાએ તમને ચંદનની ચિતામાં બાળ્યા તથા તમારી પાછળ સ્નેહનાં આંસુ પાડયાં; પરન્તુ આ તમારો વ્હાલો પુત્ર સિદ્ધરાજના ત્રાસથી રણવગડામાં અથડાઇને, ભૂખે વ્યાકુળ થઇને, શરીરે પીડિત થઇને, મરણ પામવા તૈયાર થયો છે ! તેની પાછળ અત્યારે કોઈ બે આંસુ પાડનાર નથી કે તેના મૃતદેહને કોઇ અગ્નિસંસ્કાર કરનાર નથી ! એ દુર્ભાગી મનુષ્ય આ વગડાનાં શિયાળીયાંનો ખોરાક થશે ! સિદ્ધરાજ ! ઓ સિદ્ધરાજ ! તું મારો પૂર્વ ભવનો વૈરી જ હોઇશ કે જેથી આજે મને આમ રખડવું પડે છે, ખાવાને અન્ન પણ મળતું નથી કે આશ્વાસન આપવાને એક સેવક પણ પાસે નથી ! અથવા ભવિષ્યવાદી જ્યોતિષીઓ ! તમે જ મારા શત્રુઓ છો ! આ રણવગડાનો ક્ષુધાતુર ભિખારી ગુજરાતનો ભવિષ્યનો રાજા હોવાનું અસત્ય કથન જો તમે ન કર્યું હોત, તો મારી આ દશા અત્યારે ન હોત ! પિતાનો દધિસ્થળીનો ગીરાસ અમારે માટે પૂરતો હતો ! અમને રાજ્ય મેળવવાની આકાંક્ષા નહોતી ! અરે ! બિચારી ભૂપાળદેવી ! અત્યારે તેની દુર્દશા મારાથી કેમ જોઇ શકાત ? ઓ પ્રભુ ! મને તું હવે તારી પાસે બોલાવી લે, પરન્તુ એ અબળા ઉપર તું આટલો ઘાતકી ન બનીશ ! " આમ વિચારતો વિચારતો કુમારપાળ ચાલ્યો જતો હતો, એટલામાં એક વૃક્ષના થડ સાથે તેનું મસ્તક અફળાયું અને તમ્મર આવવાથી તે ભોંયે બેસી ગયો. પગે કાંટા વાગવાથી બહુ દર્દ થતું હતું. શરીરે પહેરેલું એક સણીઉં કાંટાનાં

ઝાંખરાંમાં ભરાવાથી અર્ધુંપર્ધું ચીરાઇ ગયું હતું; તેમાંથી એક કકડો ફાડીને શરીરે થએલા કેટલાક તાજા ઉઝરડા ઉપરનું લોહી તેણે લુછી નાંખ્યું, અને પછી વડ સાથે અઢીંગીને તે બેઠો. થાકના અતિરેકને લીધે સહજ નિદ્રા આવી અને થોડા સમયને માટે એ માનસિક અને શારીરિક વેદના વિસારે પડી. અહો ! નિદ્રાનું આશ્વાસન કેટલું મધુર છે ? રોગીનું અમૃત, થાકેલાનો વિસામો અને ચિંતાતુરની ધીરજ એ એક માત્ર નિદ્રા—સ્વપ્નરહિત નિર્મળ નિદ્રા જ છે.

જ્યારે કુમારપાળની આંખ ઉઘડી ત્યારે એક પ્રહર દિવસ ચડી ગયો હતો. કોઇ કોઇ વટેમાર્ગુઓ નજીકનાં ગામડાંઓ તરફ આવજા કરતા જોવામાં આવતા હતા. ખેડૂતો સાથે ભાતનું પોટલું બાંધીને ખેતર તરફ ચાલ્યા જતા હતા અને ક્ષુધાતુર કુમાળપાળનું હૃદય તે જોઇને દુઃખી દુઃખી થઇ જતું હતું ! તેણે ઉંચે નજર કરી તો પોતે જે વૃક્ષની નીચે બેઠો હતો તે વડનું વૃક્ષ જણાયું, પરન્તુ કુમારપાળના દુર્ભાગ્યે એ વડ ઉપર કાચા કે પાકા ટેટા પણ નહોતા, નહિતો કુમારપાળને તે અમૃત જેવા મીઠા લાગત !

ક્ષુધાથી ચેતનહીન, શરીરની વેદનાથી વ્યાકુળ અને મનોદુઃખથી હતાશ બની જઇને કુમારપાળ માત્ર વિધિના હાથમાં પોતાનો જીવનતંતુ મેલીને એ વૃક્ષની નીચે ધૂળમાં સૂતો ! પક્ષીઓના કલરવથી અત્યારે તેને આનંદ થતો નહોતો કે વૃક્ષના મૂળમાં દર પાડીને રહેલા ઉંદરેના ધમસાણથી તેને કશો કંટાળો આવતો નહોતો. તેને મન એક માત્ર મરણ જ સુખરૂપ હતું અને જેમ તે ઉતાવળે આવે તેમ સારૂં, એવી હવે તેની એક ઇચ્છા હતી. અનેકાનેક વિચારતરંગોમાં અટવાતો તે પડ્યો રહ્યો અને જાણે યમદેવનાં પગલાં પોતાના કાને સાંભળતો હોય તથા અંતસમયની તૈયારી કરી રહ્યો હોય એવી રીતે અંકુકેશ્વર મહાદેવના નામનો મૌન જાપ તે કરવા લાગ્યો.

કેટલીક વારે પાંચ—સાત વટેમાર્ગુઓ આવીને તે જ વૃક્ષ નીચે શીતળ છાયાનો સારો વિસ્તાર જોઇને થોભ્યા. એક કપડું પાથરીને તેઓ તે ઉપર બેઠા અને ભોજનનો સમય થયો હોવાથી તેઓ પોતપોતાના ભાતાના દાબડા છોડીને ખાવા બેઠા. ખાતાં ખાતાં અનેક પ્રકારની વાતો કરવા લાગ્યા. કુમારપાળની નજર તેઓ ઉપર ગઇ. દેહને ટકાવી રાખવાને ખોરાકની જરૂર હતી, પરન્તુ તેઓની પાસેથી તેની યાચના કરનારૂં વચન એ ક્ષત્રિયપુત્રના મ્હોંમાંથી નીકળી શકયું નહિ ! વટેમાર્ગુઓએ જોયું હતું કે પોતાથી કેટલેક દૂર કોઇ ભિખારી સૂતો હતો, પરન્તુ તે ભૂખ્યો હતો—મરણકાંઠે પડેલો હતો એમ તેઓ જાણતા નહોતા, અને તેથી બેદરકાર રીતે તેઓ ગામ—ગપાટા

મારતા ખાતા હતા. જો કુમારપાળે તે વખતે થોડા ખોરાકની યાચના તેઓની પાસે કરી હોત, તો તેથી તેની ક્ષુધાની નિવૃત્તિ થાય અને પગમાં પુનઃ થોડું બળ આવે એટલું ખાવાનું તેને તેઓની પાસેથી મળત; પરન્તુ એ ટેકીલા રજપૂતે પોતાના મનને કહ્યું: "ઓ મન! ક્ષત્રિય થઇને–ત્રિભુવનપાળ જેવા પિતાનો પુત્ર થઇને ધાસ શાને ખાય છે! મરણુ આવતું હોય તો તેને ઉમંગથી સ્વીકારી છે; ક્ષત્રિયને માટે એ પણ એક પુણ્યરૂપ મરણ છે, પરન્તુ શું ભીખ માંગીને જીવનનો નિર્વાહ કરીશ? ધિક્ છે તને કે અત્યારે તને એ અનિષ્ટ વિચાર સૂજ્યો!!"

આ જ પ્રકારના વિચારો કુમારપાળના મગજમાં ચાલી રહ્યા; એટલામાં તો વટેમાર્ગુઓ ખાઇ રહ્યા અને પાણી પીને પોતાના ગાંસડા પોટલાં બાંધવા લાગ્યા. પોટલાંમાંથી કપડાં વગેરે સામાન આસપાસ વેરાઇ ગયો હતો તે એકઠો કરીને પાછો બાંધ્યો. થોડી વાર બેસી, ચલમો ફૂંકીને તેઓ ત્યાંથી આગળ ચાલ્યા. કુમારપાળની વિચારશ્રેણીએ તેની આંખોમાં આંસુ આણ્યાં! તે બોલ્યો: "ઓ વિધિ! હવે તો તું મારી સમક્ષ આવીને ભોજનનો થાળ મૂકીને કહે કે 'આમાંથી ખાઇ લે' તો જ આ કુમારપાળનું જીવન આ જગત્માં ટકી રહેશે, અને નહિતો—"

તે આગળ બોલવા જતો એટલામાં એક ચમત્કારિક દશ્ય તેની નજરે પડ્યું. એક ઉંદરડો પોતાના દરમાંથી ડોકું બહાર કાઢીને પોતાની ચંચળ આંખોને આમ તેમ ફેરવતો હતો અને તેના મ્હોંમાં કાંઇ ચળકતો પદાર્થ હતો! કુમારપાળે તેની તરફ જોયાં કર્યું, એટલામાં તો તે ઉંદર બહાર નીકળ્યો અને કુમારપાળની નજર સમીપે પણ જરા દૂર પોતાના મ્હોંમાંથી એક રૂપિયો ભોંયપર મૂક્યો અને તુરત તે પાછો દોડીને પોતાના દરમાં પેસી ગયો! એ રૂપિયો જોઇને કુમારપાળ આશ્ચર્યમાં ગરક બની ગયો. કુમારપાળ તે રૂપિયો હાથમાં લઇને જોવા જતો હતો, એટલામાં ઉંદર પોતાના દરમાંથી બીજો રૂપિયો લઇને બહાર આવ્યો અને પહેલો રૂપિયો મૂક્યો હતો તે જ જગ્યાએ એ રૂપિયો પણ મૂક્યો! કુમારપાળ તો આશ્ચર્યથી દિગ્મૂઢ બની ગયો! તેણે કલ્પના કરી કે અહીં રૂપિયાની ખાણુ તો નહિ હોય? થોડી વારે ઉંદર ત્રીજો રૂપીઓ લાવ્યો, અને એ પ્રમાણે એક પછી એક એમ એકવીસ રૂપિયા ઉંદરે પોતાના દરમાંથી કાઢીને તેની ઢગલી બનાવી અને પછી દરમાં પેસી ગયો તે બિલકુલ પાછો આવ્યો જ નહિ!

આ બનાવ ઉપર કુમારપાળે અનેક વિચારના ઘોડા દોડાવ્યા. એક વાર તેણે ધાર્યું કે એ ઉંદર પૂર્વ ભવનો પોતાનો કોઇ મિત્ર તો નહિ હોય કે

બરાબર આ વખતે જ તેણે એને દ્રવ્ય આપ્યું? બીજી વાર તેણે કલ્પના કરી કે સ્વયં મંડુકેશ્વર મહાદેવ પોતાના ભક્તને આવી દુર્દશામાં જોઇને તેને દ્રવ્ય આપવા નહિ આવ્યા હોય! વળી તેણે વિચાર કર્યો કે એ એકવીસ રૂપિયાની મૂડીના મોહથી પરભવમાંના કોઇ લોભી માણસે ઉંદરનો અવતાર તો નહિ ધારણ કર્યો હોય? આવી અનેક કલ્પનાઓ કરીને તેણે એ રૂપિયા હાથમાં લીધા. ખરેખર, સિદ્ધરાજના નામની જ મુદ્રાવાળા એ રૂપિયા હતા અને તે જોઇને કુમારપાળના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. એ રૂપિયા હાથમાં લઇને તે વિચાર કરવા લાગ્યો: "અહો! આ થોડું દ્રવ્ય અત્યારે મને કેટલો આનંદ આપે છે? એક વખત એવો હતો કે એક નિર્જીવ કીંમતના ઘોડાના બદલામાં હજારો સોનૈયાની કીંમતની મોતીની માળા ખર્ચી નાંખતાં મેં પાછું વાળી જોયું નહોતું, તે જ હું અત્યારે આ દ્રવ્યમાં મારૂં જીવન ટકી રહેલું જોઉં છું!" દ્રવ્ય હાથમાં આવતાં તેના પગમાં જરા ચૈતન્ય આવ્યું અને તે ઉઠયો. હાથમાંના ચળકતા રૂપિયાને તે આનંદથી જોઇ રહ્યો હતો, એવામાં પાછળથી કોઇએ ત્રાડ મારી: "પકડો એ હરામખોરને, એ જ સાલો ચોર છે! જુઓ, એના હાથમાં જ રૂપિયા છે!"

કુમારપાળે પાછું વાળીને જોયું તો જે વટેમાર્ગુઓ થોડી વાર પહેલાં એ વડ નીચે ભાતું ખાવા રોકાયા હતા તેઓ જ માલૂમ પડયા. તેઓમાંના એકે કુમારપાળને ઠોંઠ મારીને તેના હાથમાંથી રૂપિયા પડાવી લીધા અને બીજાએ તેનું બાહુડું પકડીને કહ્યું: "સાલા ચોર! દેખાય છે તો બ્રાહ્મણ જેવો અને આવી ચોરી કરવાનો ધંધો લેઈ બેઠો છે?"

કુમારપાળ આ સઘળું જોઇને આશ્ચર્ય પામ્યો. તેનું તેજ અને શક્તિ સઘળાં હરાઇ ગયાં હતાં અને તે દીન-હીન જેવો બની ગયો હતો. તેણે ગરીબડું મ્હોં કરીને કહ્યું: "ભાઇઓ! મેં તમારા રૂપિયા ચોર્યા નથી, પણ મને એ રૂપિયા કેવી રીતે મળ્યા તે વિષે હું તમને ખરી વાત કહીશ. હું અહીં સૂતો હતો, તે વખતે એક ઉંદરે પોતાના દરમાંથી કાઢીને મને આ એકવીસ રૂપિયા આપ્યા!"

આ સાંભળીને સઘળા વટેમાર્ગુઓ ખડખડાટ હસી પડયા! એક જણે કહ્યું: "મહારાજ! ચોરી કરતાં તો આવડી પણ તે સાથે તમને જૂઠું બોલતાં બરાબર આવડતું નથી! એ તો તમે બરાબર પકડાઈ ગયા છો; પણ હવે અમે તમને છોડવાના નથી. અમારે ગામ ચાલો અને પછી વગર ભાડાની કોટડીનું સેવન કરો!"

કુમારપાળ બોલ્યો: "ભાઇ! તમે મારી વાત જૂઠી માનો છો તો

ભલે ! મેં તો તમને ખરી વાત કહી છે. મેં ચોરી કરી જ નથી, તો હું કેદમાં શામાટે જઉં ?"

બીજો વટેમાર્ગુ ગુસ્સો કરીને બોલ્યોઃ "ચાલ, સાલા સત્યવાદીના છોકરા ! અમારી એકવીસ રૂપીયાની ચીંથરી ખોવાઇ હતી તે જ એકવીસ રૂપીયા તારા હાથમાંથી પકડાયા છે, તોએ કહે છે કે મેં ચોરી કરી નથી! સધરા જેસંગના રાજ્યમાં ચોરી કરનારને કેવી સજા થાય છે તે જાણે છે ને ? ચાલ સીધો, નહિતો માર પડશે !" એમ કહેતાં તેણે ડાંગ ઉગામી.

કુમારપાળ લાચાર બની ગયો. તેની નસોમાં ક્ષત્રીવટનું લોહી ઉછળી આવ્યું, પરન્તુ તેના હાથમાં હથિયાર નહોતું કે શરીરમાં કૌવત નહોતું ! તે બોલ્યોઃ "હશે ભાઇઓ ! તમે કહેતા હો તો હું કબૂલ કરૂં છું કે મેં ચોરી કરી છે, પણ હવે મને કૃપા કરીને જવા દો !"

"એમ તે શાના જવા દઇએ ? ચોરને તો બાવળના થડ સાથે બાંધીને માર મારવો જોઇએ, પણ તારા ઉપર દયા કરીને અમે તને માત્ર કેદમાં જ પુરાવીશું, માટે ચાલ પાધરો, નહિતો હમણાં ડાંગ પડશે !"

કુમારપાળને એ અત્યાચારને તાબે થયા વિના ચાલ્યું નહિ. તેના પગમાં જરાએ કૌવત નહોતું છતાં તે ધીમે ડગલે આગળ ચાલ્યો, અને વટેમાર્ગુઓ પાછળ ચાલ્યા. એટલામાં એક સીગરામ ત્યાં આવી પહોંચ્યો. તેમાં એક નવયૌવના બાળા અને તેની સખી બેઠેલાં હતાં અને બે બાજુએ બે રખવાળો તલ્વાર બંદૂક બાંધીને સીગરામની સાથે સાથે દોડયા જતા હતા. એ બાળાએ સીગરામનો પડદો ઉંચો કરીને જોયું તો ધીમે પગલે ચાલતો દુઃખી બ્રાહ્મણ અને તેની પાછળ ચાલતા વટેમાર્ગુઓ ઉપર તેની નજર પડી. તે બાળાએ વટેમાર્ગુઓને પૂછ્યુંઃ "ભાઇ ! એ બ્રાહ્મણે તમારો તમારો શો અપરાધ કર્યો છે ?"

પૂછનાર બાળાને એક ઉંચા કુળની અને શ્રીમંતની સ્ત્રી જોઇને એક વટેમાર્ગુએ સઘળો ખુલાસો કર્યો અને કુમારપાળનો અપરાધ કહી સંભળાવ્યો. પછી તે બાળાએ કુમારપાળને તે વિષે પૂછ્યું, એટલે તેણે કહ્યુંઃ "બ્હેન ! હું એક દુર્ભાગી મનુષ્ય છું એટલે મારી વાત કોઇ ખરી નહિ માને ! મારી વાત એવી છે કે એક ઉંદરે પોતાના દરમાંથી એક પછી એક ૨૧ રૂપિયા કાઢીને મારી પાસે મૂકયા અને તે મેં લીધા હતા. તેથી વધારે હું કશું જાણુતો નથી."

આ વાત સાંભળીને એ સ્ત્રીને બહુ નવાઇ લાગી. બ્રાહ્મણના મ્હોં ઉપરથી તે જૂઠું બોલતો હોય તેમ લાગ્યું નહિ, ત્યારે વટેમાર્ગુઓના રૂપિયા

ખોવાયા હતા એ વાત નક્કી હતી. તેણે કુમારપાળને પૂછ્યું: "મહારાજ! તમે એ ઉંદરનું દર બતાવશો?"

"હા, બ્હેન! તે દર આ વડના ઝાડની નીચે જ છે." એમ કહીને તે આગળ થયો અને ઉંદરનું દર બતાવ્યું.

તે સ્ત્રીએ પોતાના મનનું કુતૂહળ શમાવવાને પોતાના એક માણસ પાસે દરને ખોદાવ્યું તો તેમાંથી એક અર્ધી પર્ધી કરડી ખાધેલો, મેલો અને જૂનો કપડાનો ટુકડો નીકળ્યો! તે જોઇને એક વટેમાર્ગુ બોલ્યો: "હા, એ જ કપડામાં મારા રૂપિયા બાંધ્યા હતા!"

હવે બ્રાહ્મણની વાત ખરી મનાઇ. વટેમાર્ગુઓએ કુમારપાળની ક્ષમા માંગી અને તેઓ ચાલ્યા ગયા. એ સ્ત્રી કે જેનું નામ શ્રીદેવી હતું તેણે એને એક દુઃખી બ્રાહ્મણ માનીને તેને પોતાની પાસેનું કેટલુંક ચોખ્ખું ખાવાનું આપ્યું અને કહ્યું: "મહારાજ! તમે બહુ દુઃખી જણાઓ છો અને જો આટલામાં તમારૂં વતન હોય તો મારા સીગરામમાં બેસી જાઓ, હું તમને તમારે વતન પહોંચાડીશ."

ક્ષુધા શાન્ત થવાથી કુમારપાળના શારીરિક દુઃખની પણ શાંતિ જણાવા લાગી. આવી ખરાબ સ્થિતિમાં ભટકતા કરતાં દધિસ્થળીનાં જઇને ભાઇઓને તથા સ્ત્રીને મળવું અને પછી વખત વિચારીને વર્તવું એ કુમારપાળને વાજબી લાગ્યું; તેથી તેણે કહ્યું: "બ્હેન! મારૂં વતન તો દધિસ્થળી છે, પણ એ અહીંથી ઘણું દૂર હશે."

"હા દૂર તો છે. પણ એ ગામ સિદ્ધપુરની નજીક જ છે અને મારા માર્ગમાં સિદ્ધપુર વચ્ચે આવશે. હું ચંદ્રાવતીથી મારા પિતાને ઘેર જઉં છું અને તમે માર્ગમાં સિદ્ધપુરમાં ઉતરી પડી તમારે વતન જઇ શકશો. માટે જરા પણ સંકોચ વિના મારા સીગરામમાં બેસો."

કુમારપાળે એ માંગણીને સ્વીકારી લીધી અને કહ્યું: "બ્હેન! હું તમારા ઉપકારથી જ જીવતો રહ્યો છું, નહિતો બે દિવસની ભૂખના દુઃખથી હું આજે મરણ કાંઠે પડયો હતો. એ ઉપકારનો બદલો વાળવાનો પ્રસંગ કોઇ વાર પ્રભુ મને આપે, તો હું તે વાળી શકું, માટે મને તમારી ઓળખાણ આપો."

શ્રીદેવીએ કહ્યું: "મહારાજ! હું દેવસિંહ શેઠની પુત્રી છું અને મારૂં નામ શ્રીદેવી છે. ચંદ્રાવતીમાં મારૂં સાસરૂં છે. પણ તમે બે દિવસથી ભૂખ્યા શામાટે રહ્યા? પાસેના ગામડામાંથી ભિક્ષાવૃત્તિ કરીને પણ તમે તમારો નિર્વાહ કરી શકત!"

"બ્હેન! મારે અજાચક વ્રત છે; હું કોઇની પાસેથી માંગીને લેતો નથી!" એમ કહીને કુમારપાળ સીગરામમાં બેઠો અને તુરત બળદો ઘુઘરા ખણખણાવતા દોડયા.

પ્રકરણ ૬ ઠું.

દધિસ્થળી પર હલ્લો.

એક પ્રહર રાત્રિ વીતી ગઇ છે. સિદ્ધરાજ ભોજન કરી રહીને મહાલયની અગાશીમાં આમતેમ ફેરા મારી રહ્યો છે. શીતળ પવન ત્વચાને સુખકર જણાય છે. બગીચામાંનાં સુગંધી પુષ્પોના પરાગનું હરણ કરીને વિહરતો વાયુ નાસિકાને પણ તૃપ્ત કરી રહ્યો છે. આજે સ્હવારથી સિદ્ધરાજે એક વાત સાંભળી છે તેથી આખો દિવસ તે વિચારમાં જ નિમગ્ન રહ્યો છે. એ વાત તેને ગઇ રાત્રે કરણદાને આણી આપી હતી અને તે એ હતી કે "પાટણના શ્રાવકોમાં છાની રીતે એવી વાત ફેલાઇ છે કે ત્રિભુવનપાળને સિદ્ધરાજે દગાથી ઠાર કર્યો હતો, અને કુમારપાળ તેમાંથી બચી ગયો હતો; ખરી રીતે તેઓ શિવાલય લૂંટવાને આવ્યા નહોતા, પરન્તુ મહારાજે તેમને છાના બોલાવ્યા હતા અને પછી દગો કર્યો હતો." ખાસ કરીને શ્રાવકોમાં જ આ વાત ફેલાએલી સાંભળીને સિદ્ધરાજને બહુ આશ્ચર્ય થયું હતું અને તે કાંઇક વિચાર તથા ચિંતામાં પણ પડ્યો હતો. એ વાત પોતાના જ માણસોમાંથી ફૂટી હોય તો આખા ગામમાં ફેલાઇ હોવી જોઇએ, પરન્તુ જ્યારે એકલા શ્રાવકોમાં જ તે ફેલાઇ છે તો તેનું કાંઇ ભેદયુક્ત કારણ હોવું જોઇએ, એવી કલ્પના કરતો સિદ્ધરાજ તેનું કારણ શોધવાને પોતાના મનથી મથન કરી રહ્યો હતો, પરન્તુ કાંઇ કારણ સમજાતું નહોતું. જે કાંઇ કાર્ય પોતે ગુપ્ત રીતે કર્યું હતું તે કાર્યની ફેલાએલી વાતની તપાસ પણ ગુપ્ત રીતે જ થઇ શકે અને તેથી વિશ્વાસુ માણસો વિના બીજાઓને એ વાતના મૂળનું શોધન કરવાનું કામ સોંપી શકાય તેમ નહોતું તેણે ગજસિંહ અને કરણદાનને એ મૂળની શોધ કરવાનું સોંપ્યું હતું, પરન્તુ સાંજ પડતાં સુધી તેઓ કશી ખબર લાવી શકયા નહોતા.

અગાશીમાં થોડી વાર ફરીને સિદ્ધરાજ દિવાનખાનામાં બેસવા જતો હતો, એટલામાં કરણદાન દોડતો આવ્યો. તેના વદન ઉપર ઉત્સાહ સ્પષ્ટ રીતે ચમકી રહ્યો હતો અને તેથી તેને દૂરથી જોતાં જ સિદ્ધરાજ કળી ગયો કે છેવટે કરણદાન એ વાતનું મૂળ શોધી લાવ્યો હોવો જોઇએ. તે

સિદ્ધરાજની પાસે પહોંચ્યો કે તુરત તે બોલી ઉઠયો: "મહારાજ! એક નવી ખબર!"

સિદ્ધરાજની આંખો ચમકવા લાગી. તેણે પૂછ્યું: "વાતનું મૂળ મળ્યું?"

"ના મહારાજ! એ તો કાંઇ મળ્યું નથી, પણ એક નવી ખબર અત્યારે મને આપણા જાસૂસે પહોંચાડી. કુમારપાળ દધિસ્થળીમાં આવ્યો છે!"

"હેં!" સિદ્ધરાજ ચમકયો. ક્ષણભર આશ્ચર્યમાં મગ્ન રહીને તે આગળ બોલ્યો: "શું એ ખરી વાત?"

"હા, મહારાજ! દધિસ્થળીમાં આપણે રાખેલો માણસ પોતે અત્યારે દોડતે ઘોડે આવીને મને ખબર આપી ગયો. હવે જો એને પકડવો હોય તો તુરત તૈયારી કરો."

"ગઢવી! એમાં જરા વિચાર કરવાનો છે! આજે સ્હવારે તેં ખબર આપી કે શ્રાવકોમાં ખરી વાત ફેલાઇ અને હજી આપણે એ વાતનું મૂળ જાણી શક્યા નથી; એવામાં જો આપણે કુમારપાળને પકડવા દધિસ્થળી તરફ ખુલ્લી રીતે લશ્કર મોકલીએ તો આપણો ભેદ ઉઘાડો પડી જાય!"

કરણદાને ચાતુરી ચલાવી: "મહારાજ! આપ ભૂલો છો! લૂંટારાને પકડવો એ તો રાજ્યની ફરજ છે; પછી ખુલ્લી રીતે લશ્કર મોકલતાં શામાટે સંકોચાવું જોઇએ?"

"પણ લૂંટારાને પકડવાને અત્યારે લશ્કર મોકલીએ તો ત્રિભુવનપાળના મરણ પછી બીજે જ દિવસે તેને પકડવાને દધિસ્થળી ઉપર લશ્કર કેમ ન મોકલ્યું એ સવાલનો જવાબ આપણે આપવો જોઇએ!"

"એને માટે તો આપણી પાસે સુંદર બ્હાનું છે! ત્રિભુવનપાળનું તેરમું વીતી જાય ત્યાંસુધી કુમારપાળને પકડવાને દધિસ્થળી ઉપર લશ્કર મોકલ્યું નહિ, એ તો ત્રિભુવનપાળના માનની ખાતર જ માત્ર હતું; તેથી લૂંટારાને હમેશાં છૂટો મેલવો જોઇએ એમ કોણે કહ્યું?"

"એ જવાબ ઠીક છે; પણ જ્યારે આ વાત શ્રાવકોમાં ફેલાઇ છે, ત્યારે શ્રાવકના હાથ હેઠળ જ દધિસ્થળી સામે લશ્કર મોકલીએ, તો ઠીક; એમ થાય તો પાટણના શ્રાવકોથી બીજું કાંઇ બોલી શકાય નાહ!"

કરણદાનને પણ સિદ્ધરાજનો આ બુદ્ધિચમત્કાર ગમ્યો. તેણે તેમાં સંમતિ આપી. તુરત જ સિદ્ધરાજે પ્રતિહારને બોલાવ્યો અને તેને આજ્ઞા આપી કે: "મંત્રીશ્વર શંકરદાસ, દંડનાયક ધર્મપાળ. સેનાપતિ કૃષ્ણદેવ, રાજધરદ્દ ચાહડ, સામંત ગજસિંહ, ન્યાયમંત્રી વિષ્ણુપ્રસાદ, અને

કોશાધિકારી કર્મસિંહને ખબર આપ કે તેઓ બે ઘડીની અંદર અહીં આવી જાય; રાજ્યની એક અગત્યની બાબતમાં મંત્રણા ચલાવવાની છે."

સર્વ મંત્રીઓને રાજાની આજ્ઞા નિવેદન કરવાને પ્રતિહાર ત્યાંથી દોડતો રવાના થયો. સિદ્ધરાજ કરણુદાનની સાથે વાતચીત કરતો દિવાનખાનામાં જ બેસી રહ્યો. સૌથી પહેલાં સામંત ગજસિંહ જ ત્યાં આવી પહોંચ્યો. રાજમહાલયની નિકટમાં જ તેનું નિવાસસ્થાન હતુ અને રાજાનાં ગુપ્ત કાર્યોમાં બહુધા તેની શામેલગીરી હોવાથી સિદ્ધરાજને ઘણી વાર તેની જરૂર પડતી હતી. ગજસિંહને સિદ્ધરાજે સઘળી વાત કહી અને દધિસ્થળી સામે લશ્કર મોકલવાનો પોતાનો વિચાર જણાવ્યો. ગજસિંહે સ્વલ્પ વિચાર કરીને ઉત્તર આપ્યો: "મહારાજ ! દધિસ્થળી પર લશ્કર મોકલવામાં આવે તે ભલે, પરન્તુ આપણા અનુભવ ઉપરથી હું કહું છું કે દધિસ્થળીના માણસો ખરેખરી કાપાકાપી ચલાવવા દીધા વિના એકદમ કુમારપાળને પકડાવા દેશે નહિ."

"એ ખરી વાત છે; ભલેને કાપાકાપી ચાલે ! મારો વિચાર ત્યાં કોઇ શ્રાવકને જ લશ્કર લઇને મોકલવાનો છે, કારણકે શ્રાવકને હાથે જ એ હલ્લો થાય તો શ્રાવકોમાં ચાલતી પેલી વાતચીત ડૂબી જાય !" સિદ્ધરાજે જણાવ્યું.

એટલામાં કોશાધિકારી કર્મસિંહ આવી પહોંચ્યો. તે શ્રાવક હતો એટલે સિદ્ધરાજ અને ગજસિંહની પ્રસ્તુત વાતચીતનો અંત આવ્યો. કર્મસિંહે આવતાં વાંત જ પ્રશ્ન કર્યો: "કેમ મહારાજ ! કાંઇ નવીન પ્રકરણ ઉપસ્થિત થયું છે કે શું ?"

કરણુદાન જ કર્મસિંહના પ્રશ્નનો ઉત્તર આપતાં બોલ્યો: "શેઠજી ! સધરા જેસંગના રાજ્યમાં દેશનો કોઇ રાજા પણ પાટણ ઉપર ચડી આવવાની હિંમત ભીડી શક્યો નથી, અને દધિસ્થળીનો એક ગીરાસીઓ પાટણનું શિવાલય લૂંટવા આવે તે મહારાજથી કેમ સહન થાય? એ લૂંટારાને પકડવાનો મહારાજે દઢ વિચાર કર્યો છે."

કર્મસિંહ શેઠ સાઠેક વર્ષની વયના હતા પરન્તુ તેમના શરીરની કાઠી મજબૂત હોવાથી ભાગ્ય જ તેમનાં એટલાં વર્ષ કોઇ કળી શકતું હતું. શરીર સ્થૂળ પણ મજબૂત હતું અને સિદ્ધરાજે તેમને કોશાધિકારીનું કામ સોંપ્યું હતું, તોપણ જુવાનીમાં એમણે ઘણી વાર તલ્વાર બાંધીને લડાઇની નોકરી પણ કરી હતી. કર્મસિંહ શેઠના ખરી ચતુરાઇ તેમની આંખોમાં સમાઇ રહેલી હતી. ચરબીને લીધે ઉપસી આવેલાં આંખનાં પોપચાંના વચ્ચે બેઠેલી

વિદ્યુતના ચમકારા જેવી તેમની આંખ મિત્રને સમજાવવાનું કે શત્રુને દબાવવાનું કામ એકસરખી રીતે બજાવતી હતી. કરણદાનના શબ્દો સાંભળીને કર્મસિંહ શેઠ જરા વિચારમાં પડી ગયા. હજી મંત્રીશ્વર, દંડનાયક વગેરે કોઇ આવ્યું નહોતું એટલે કર્મસિંહને કરણદાનના કથનને અનુમતિ આપવાનો કે તેનો પ્રતિકાર કરવાનો ઉદ્દ્ગાર કાઢતાં વિચાર થઇ પડયો. તેમણે પોતાની તીવ્ર આંખોવડે સિદ્ધરાજની મુખમુદ્રા જોઇને તેનું હૃદય તપાસી લીધું પરન્તુ તેના વિચારને ટેકો આપવામાંએ શેઠને બહુ વિચારવા જેવી કેટલીક બાબતો હતી. આ કારણથી ' મગનું નામ ' પાડવાનું કર્મસિંહની વણિક બુદ્ધિને ઉચિત લાગ્યું નહિ. તેમણે કહ્યું: " હું સમજ્યો; તેટલા માટે જ મહારાજાએ અત્યારે મંત્રીમંડળને એકત્ર કર્યું હશે ! "

સિદ્ધરાજ સમજી ગયો કે એ ચતુર વાણિયાના મુખમાંથી સ્પષ્ટ ઉદ્દ્ગાર નીકળ્યો નહિ. એટલામાં એક પછી એક બીજા મંત્રીઓ પણ આવવા લાગ્યા. જેમ જેમ તેઓ આવતા ગયા તેમ તેમ કરણદાને તેમને મંત્રીમંડળ એકત્ર કરવાનું કારણ જણાવ્યું. સિદ્ધરાજના મંચકની એક બાજુએ મંત્રીશ્વર શંકરદાસે અને બીજી બાજુએ દંડનાયક ધર્મપાળે બેઠક લીધી અને બીજા મંત્રીઓ સિદ્ધરાજની સામે બિછાવેલી એક રેશમી ગાદી ઉપર ગોઠવાઇને ગોળાકારમાં બેઠા. લગભગ મધરાતનો અમલ થવા આવ્યો ત્યારે સર્વ એકત્ર થઇ ગયા અને તુરતમાં જ મંત્રીશ્વરે મંત્રણાનો પ્રારંભ કરતાં કહ્યું: " હવે કહો, મહારાજની શી આજ્ઞા છે ? "

સિદ્ધરાજ એકદમ પોતાનો ક્રોધાવિર્ભાવ દર્શાવતો ભ્રૂસંકોચન કરીને બોલ્યો: " હું વૃદ્ધ થતો જઉં છું તેથી કાંઇ મારો અમલ વૃદ્ધ થતો જતો નથી ! તમો સઘળા મંત્રીઓ આટલા જાગૃત છો, પ્રતાપી છો, તેજવાળા છો, છતાં દધિસ્થળીના લૂંટારાઓ પાટણનું શિવાલય લૂંટવાને આવ્યા એ ન સહન થઇ શકે એવું છે; શું મારો પ્રતાપ મારી ઉતરતી વયે ઓછો થતો ચાલ્યો ? શું મારા મંત્રીઓનો પ્રતાપ પણ ઓછો થાય છે ? "

" ના, મહારાજ ! એમ કોણ કહી શકે ? આપનો પ્રતાપ હજી એકસરખો જ્વલંત છે; અમો આપના રાજ્યની સેવામાં એક સરખા તત્પર છીએ. આપના બાહુબળે લૂંટારાને હાથ બતાવ્યો છે એ ઉપકારને પાટણની પ્રજા ભૂલી ગઇ નથી ! " મંત્રીશ્વરે કહ્યું.

" હા, મારા વડીલ બંધુ તુલ્ય ત્રિભુવનપાળનું મરણ હજી મને શલ્ય તુલ્ય ખૂંચે છે; પણ હું શું કરૂં ? રાજ્યના સંરક્ષણાર્થે મને એ આપ્તજન ઉપર હાથ ઉગામવો પડયો ! તત્કાળમાં તો મારાથી ત્રિભુવનપાળના મર-

ધુના શોકને લીધે કાંઇ બની શક્યું નહિ પણ કુમારપાળ એ લૂંટમાં શામેલ હતો અને હજી તે પોતાના દુષ્ટ ઇરાદાને પાર પાડવાને પાટણમાં આવવાની હામ ભીડી શકે છે!"

"શું કુમારપાળ પાટણમાં? એ તો દધિસ્થળીમાંથી એક વરસથી ગુમ થઇ ગયો છે તે પાછો દેખાયો જ નથી, અને તે પાટણમાં ક્યારે આવ્યો?" ન્યાયમંત્રી વિષ્ણુપ્રસાદે આશ્ચર્યનો ઉદ્ગાર કાઢતાં પૂછ્યું.

"હજી બે દિવસ પહેલાં જ કર્ણમેરૂપ્રાસાદના પૂજારીઓને રાજમહાલયમાં જમવાનું નિમંત્રણ કર્યું હતું તેમાં એ બ્રાહ્મણનો વેશ લઇને પેસી ગયો હતો. આ વખતે તેનો વિચાર રાજમહાલય લૂંટવાનો હશે, એટલે તે એવી રીતે રાજમહાલયની તપાસ કરવાને કે પહેરેગીરોની વ્યવસ્થા જાણી લેવાને આવ્યો હશે!" સિદ્ધરાજે કહ્યું.

આ વાત સાંભળીને સઘળા મંત્રીઓ મોટા આશ્ચર્યમાં પડ્યા. વિષ્ણુપ્રસાદ અને શંકરદાસના મુખમાંથી તો ઉદ્ગાર નીકળી પડ્યોઃ "શી હિંમત?!" વિષ્ણુપ્રસાદ એકલો આગળ બોલ્યોઃ "વિનાશનો કાળ નિકટ આવે છે ત્યારે મનુષ્યને વિપરીત બુદ્ધિ સૂઝે છે! નહિતો ત્રિભુવનપાળ અને કુમારપાળનાં આવાં કાર્યો હોય?"

સિદ્ધરાજ બોલ્યોઃ "પણ રાજ્યના રક્ષણને અર્થે હવે હું આપ્તજનોનો પણ વિચાર કરવાનો નથી! અહીંથી કુમારપાળ છટકી જઇ શક્યો છે અને અત્યારે તે દધિસ્થળીમાં છે એવા ખબર આપણો જાસૂસ લાવ્યો છે. એ લૂંટારાને પકડીને પાટણના બંધીખાનામાં પૂરવો એવી હવે મારી ઇચ્છા છે."

ચાહડ બોલ્યોઃ "એ યથાર્થ છે, મહારાજ! આજે જો એક ફાવ્યો, તો કાલે બીજા લૂંટારા અને બ્હારવટીઆ પાટણને રંજાડશે અને પછી ખંડીયા રાજાઓ ઉપર પણ તેની માઠી અસર થશે; માટે કુમારપાળને પકડવો જોઇએ અને ન્યાયમંત્રીને તેનાં કાર્યોની તપાસ ચલાવી યોગ્ય શિક્ષા કરવાનું સોંપવું જોઇએ."

ન્યાયમંત્રીએ તે સૂચનાને ટેકો આપતાં કહ્યુંઃ "હા, એમ જ થવું જોઇએ. મહારાજાને મન પોતાનો આપ્તજન કે પ્રજાજન, શ્રીમંત કે ગરીબ, રાજા કે રંક સૌ સરખા છે, અને ન્યાયની તુલામાં જેના અપરાધનું જેટલું વજન થાય તેટલી શિક્ષા તેને થવી જ જોઇએ એ ન્યાયપ્રિય રાજાનું રાજ્યસૂત્ર લેખાય છે."

કૃષ્ણદેવ વ્યંગમાં બોલ્યોઃ "અપરાધીને શિક્ષા થાય અને નિરપરાધીને મુક્તિ મળે એ તો ઇશ્વરના ઘરનો પણ નીતિનિયમ છે; કુમારપાળ મારો

સગો થાય છે, તોએ મારે તો કહેવું જોઇએ કે તેનો અપરાધ સિદ્ધ થાય તો તેણે શિક્ષા ખમવી જોઇએ."

આ વાત સિદ્ધરાજને બરાબર રૂચતી થઇ નહિ. તેની ઇચ્છા કુમારપાળની ન્યાયપુરઃસર તપાસ ચલાવ્યા વિના જ તેને બંધીખાનામાં નાંખવાની અને પછીથી તેને યોગ્ય લાગ મળ્યે ઠાર કરવાની હતી, એમાં ચાહડ, ન્યાયમંત્રી અને કૃષ્ણદેવના શબ્દોથી જરા તેનું મન ગુંચવાયું. તોએ તે બહારથી સંપૂર્ણ ઉદાર દેખાવથી બોલ્યો: "ખરી વાત છે; મારૂં રાજ્યશાસન અપરાધીને જ શિક્ષા કરવા માટે છે–નિરપરાધીને નહિ. પણ તે આમ વેશબદલો કરે છે, સંતાતો ફરે છે, એ જ બીના એના અપરાધને સિદ્ધ કરવાને બસ છે. હવે તેને દધિસ્થળીમાંથી પકડી આણવા માટે હું ત્યાં લશ્કર મોકલવા ધારૂં છું. દધિસ્થળીના બીજા હરામખોરો પણ કુમારપાળના કામમાં શામેલ છે એટલે થોડીએક ઝપાઝપીનો પણ સંભવ છે. પાંચસો ઘોડેસ્વારો લઇને એક જણ ત્યાં જાય; મને શરીરે ઠીક નથી, નહિ તો હું પોતે જાત!"

ચાહડ બોલ્યો: "આજ્ઞા કરો તે જવા તૈયાર છે. કહો તો હું જ જઉં."

"નહિ, ત્યાં તારા જેવા જુવાન લડવૈયાનું કામ નથી. બની શકે ત્યાંસુધી લોહી ન રેડાય અને આપણું કાર્ય પાર પડે, તે માટે કોઇ શાંત પ્રકૃતિના માણસને ત્યાં મોકલવાની જરૂર છે." એમ કહી સિદ્ધરાજે એક પછી મંત્રીઓ ભણી નજર કરી અને છેવટે ધર્મપાળ તરફ નજર ટેકાવીને કહ્યું: "દંડનાયક! તમે પોતે જ લશ્કર લઇને જાઓ!"

અત્યારસુધી ધર્મપાળ એ ચાલતી વાતચીતમાં ભાગ નહિ લેતાં ચુપચુપ બેસી રહ્યો હતો. તે સઘળું સાંભળી રહ્યો હતો અને પ્રત્યેક મંત્રીના શબ્દો ઉપરથી તેનું મન પારખી લેવાનો યત્ન કરતો હતો. ધર્મપાળ ગંભીર વદન કરીને બોલ્યો: "મહારાજ! રાજ્યનું કાર્ય કરવું એ મારો ધર્મ છે, પરન્તુ દધિસ્થળી ઉપર ચઢાઇ લઇ જતાં પહેલાં ઘણા વિચાર કરવાના છે."

"કયા વિચાર કરવાના છે વારૂ?" સિદ્ધરાજે થડકતી છાતી સાથે પ્રશ્ન કર્યો.

"ત્રિભુવનપાળ લૂંટારો હતો એમ હજી પાટણની પ્રજા માનતી નથી!"

કર્મસિંહ સિવાયના સઘળા મંત્રીઓ આ શબ્દો સાંભળીને ચમકી ગયા! શંકરદાસ તો એકદમ બોલી ઉઠયો: "અરે દંડનાયક! તમે આ કહો છો?"

"મંત્રીશ્વર ! હું ખરી વાત કહું છું. પાટણની પ્રજાનો મોટો ભાગ જે વાત કહે છે અને માને છે તેમ જ મેં સાંભળી છે એ વાત હું કહું છું. કેમ કર્મસિંહ ! તમે એ વાત સાંભળી છે કે નહિ ?"

"મેં પણ એવું સાંભળ્યું છે ખરૂં ! મહારાજનો પ્રતાપ એવો છે કે કોઇ એવો ઉદ્ગાર ખુલ્લી રીતે કાઢી શકતું નથી, પણ અંદરથી એ વાત ધુંધવાયા કરે છે !"

મંત્રીશ્વરે કહ્યું: "પણ સૌ કોઇ કહે છે કે એ પિતા અને પુત્ર શિવાલય લૂંટવા આવ્યા હતા, અને જો તેઓ લૂંટારા નહોતા તો તેનું પ્રમાણ શું છે ?"

ધર્મપાળ જરા ઉશ્કેરાતો બોલ્યો: "તેનું પ્રમાણ ત્રિભુવનપાળનું પોણોસો વર્ષનું એક ટેકીલા ક્ષત્રિય તરીકેનું જીવન છે ! મંડુકેશ્વરની ધ્વજા તળે આશ્રય લઇ રહેલા એ ક્ષત્રિય કુટુંબનું આવું ગેરવર્તન પહેલાં આપણે પ્રમાણસિદ્ધ કરી આપવું જોઇએ."

સિદ્ધરાજ બોલી ઉઠ્યો: "દંડનાયક ! તમે કહો છો એનો અર્થ એટલો જ કે પાટણની પ્રજા મને જુઠો, લુચ્ચો અને દગાખોર માને છે. બસ, એવું કહેનારનું નામ મને આપો !"

"કહેનારનું નામ આપને જોઇએ છે મહારાજ ? હું પોતે એવું કહું છું; ત્રિભુવનપાળની પેઠે મારૂં ડોકું પણ છટકાવી નાંખવું હોય તો ભલે ! પણ પાટણની પ્રજાએ કોઇ વાર ધાસ ખાધું નથી અને સધરા જેસંગને હાથે તે ધાસ નહિ ખાય !" ધર્મપાળે રોષ કરીને ખુલ્લું કહી દીધું.

મંત્રીશ્વરે કહ્યું: "જરા ધીરજ રાખો, દંડનાયક ! એમ ઉશ્કેરાઓ નહિ. મહારાજની સામે એવું બોલતાં જરા વિનય રાખો."

"એ વિનય ખુશામતીયાઓને સોંપો ! પાટણના જમણા હાથનું મરણ પાટણને સાલે છે અને પાટણની નાડ પારખીને રાજ્ય ન ચલાવવું હોય તો ભલે મહારાજા સઘળા મંત્રીઓને રજા આપે !"

દંડનાયકનું આ સ્પષ્ટ કથન સાંભળીને સૌ હીબકી ગયા. સિદ્ધરાજ પણ અંતરથી થરથર્યો. મુંજાલ અને શાંતિદાસના મરણ પછી પોતાને આવી રીતે થરથરાવી મેલનાર કોઇ પણ મંત્રી હજીસુધી સિદ્ધરાજને મળ્યો નહોતો. તે અંતર્માં જરા ડગ્યો પણ બહારથી સંપૂર્ણ પ્રતાપ દર્શાવતો બોલ્યો: "પ્રજાની મૂર્ખાઇભરી કલ્પનાઓ પ્રમાણે નાચનારો હું એક ઢીંગલો નથી ! જે કાર્ય હું પ્રજાના સંરક્ષણને માટે કરૂં છું તે જ કાર્યની સામે થતી મૂર્ખ પ્રજાની ઉપર રાજ્ય કરવા કરતાં એ પ્રજાને મુલકમાંથી હાંકી કાઢવી એ વધારે ઉચિત છે !"

"બહુ સારૂં, મહારાજ! એ મૂર્ખ પ્રજાને હાંકી કાઢો અને પછી આ રાજ્યમહેલમાં રહીને પાટણનાં ખંડેરો ઉપર રાજ્ય ચલાવજો!"

"દંડનાયક! હું એવી રીતે કાંઈ ડરી જવાનો નથી. તમે દધિસ્થળી ઉપર ચ્હડાઇ ન લઇ જવાના હો, તો હું બીજાને મોકલીશ! કર્મસિંહ! તમે જશો કે?"

"હા, હું જઉં તો ખરો, પણ એવી રીતે લશ્કર લઇને જઉં નહિ. જો આ સઘળા મંત્રીઓની વચ્ચે આપ કુમારપાળને અભયવચન આપો, તો હું તેને સમજાવીને અહીં લાવું અને મારે ત્યાં રાખીને તેની તપાસ ન્યાયમંત્રી પાસે ચલાવરાવું. તેમાં જો એ અપરાધી ઠરે તો શિક્ષા ખમે." કર્મસિંહે વચલો માર્ગ કાઢયો.

"એક લૂંટારાને તો ઘેરીને પાટણના ગઢમાં લાવવો જોઇએ! તેને એમ સમજાવીને લાવવાથી પ્રજા એમ માને કે હું લૂંટારાઓથી પણ બીહું છું. પછી ખંડીયા રાજાઓ મારી આણ કેવી રીતે માનશે? કર્મસિંહ! મારી પ્રજામાં તમે મને એવી રીતે હલકો પડેલો જોવા ઇચ્છો છો?"

"એમાં હલકા પડવાનું નથી, મહારાજ! જ્યાંસુધી તે લૂંટારો સિદ્ધ ન થાય ત્યાંસુધી તેને લૂંટારો માની લેવો જોઇએ નહિ." કર્મસિંહે કહ્યું.

"એવી વાણિયાવિદ્યા મને નથી જોઇતી. બસ, કરણદાન અને ગજસિંહ! તમે લશ્કર લઇને દધિસ્થળીપર ચ્હડો અને એ લૂંટારાને અહીં પકડી લાવો! જાઓ, વિલંબ ન કરો!" સિદ્ધરાજે છેવટની આજ્ઞા કરી.

તુરત જ ગજસિંહ અને કરણદાન ઉઠયા અને તેની પાછળ ધર્મપાળ પણ ઉઠયો. ત્યારપછી કર્મસિંહ, કૃષ્ણદેવ, વિષ્ણુપ્રસાદ વગેરે ઉઠયા. સૌ ચાલ્યા ગયા અને પાછળ મંત્રીશ્વર તથા સિદ્ધરાજ રહ્યા. સિદ્ધરાજે પૂછયું: "કેમ, મંત્રીશ્વર! તમને મારી આજ્ઞા અનુચિત લાગે છે શું?"

"ના મહારાજ! તેમાં અનુચિત કાંઇ નથી. રાજાએ પોતાનો પ્રતાપ જાળવી રાખવો જોઇએ, પણ જો દંડનાયકે કહ્યું એવી વાત લોકોમાં ખરેખર ઉડી હોય, તો તેનું સમાધાન કરવું જોઇએ; પાટણની પ્રજા બહુ વિલક્ષણ છે."

"પ્રજા વિલક્ષણ છે એટલે શું? શું એક રાજા પ્રજાથી બ્હી જશે? પ્રજાની એવી મૂર્ખ વાતો સાંભળીને હું શું મારા રાજધર્મથી ભ્રષ્ટ થઉં?"

"ના મહારાજ! એમ હું નથી કહેતો, પણ પાટણના પ્રજામતની સામે થવું એ જરા વિકટ કાર્ય છે. ભૂતકાળની વાતો આપને સાંભરતી હશે."

" ભૂતકાળની વાતો ?! અરે મંત્રીશ્વર ! એ બધાં નિર્બળ રાજતંત્રનાં પરિણામો હતાં. રાજાઓની નિર્બળતાથી પ્રજા ફાટી જાય એટલે રાજા માત્ર નામનો થઇ પડે અને મંત્રી કે દંડનાયક રાજ્ય ચલાવે; પણ સિદ્ધરાજ એવો બાયલો નથી ! તે ઘરડો થયો છે, પણ હજી તેનામાં રાજ્ય ચલાવવાનું જોર છે. મારા પિતાના વખતમાં શ્રાવકોનાં તોફાનો બહુ ફાવી ગયાં હતાં અને અત્યારે પણ શ્રાવકોએ જ આ તોફાન માંડયું છે, પણ હું તેમને સ્વપ્ને પણ ફાવી જવા દઇશ નહિ." સિદ્ધરાજે કહ્યું.

" શ્રાવકોનું તોફાન ? આ વાતમાં શ્રાવકોનો કાંઇ હાથ છે ?"

" જોયું કે નહિ ? ધર્મપાળ અને કર્મસિંહ બન્ને શ્રાવકો જ વિરૂદ્ધ થયા !"

" પણ ચાહડ કાંઇ ન બોલ્યો."

" ચાહડ તેમના તંત્રમાં ભળે તેવો નથી !"

મંત્રીશ્વર જરા વિચારમાં પડયા. શ્રાવકોના પક્ષનું જ આ તોફાન હોય તો તેને પ્રબળતાથી દાબી દેવું જોઇએ એવું તેમને લાગ્યું અને કહ્યું: " ત્યારે તો આપનો વિચાર બરાબર છે. તેમની વાતને બહુ ગણકારવાની જરૂર નથી." એમ કહી મંત્રીશ્વર ઉઠયા અને ચાલ્યા ગયા.

પ્રકરણ ૭ મું.

નમ્યો—નમાવ્યો !

ક્રોધથી વિહ્વળ બનેલો ધર્મપાળ ઘર તરફ ચાલ્યો અને કર્મસિંહ પણ તેની સાથે જ રહ્યો. બન્ને મૌન મૌન ચાલ્યા જતા હતા. માર્ગમાં કર્મસિંહે કાંઇક પ્રશ્ન પૂછવા માંડયો પરન્તુ ધર્મપાળે કહ્યું: " ઘેર ગયા પછી જે કાંઇ પૂછવું હોય તે પૂછજો."

બન્ને જણ ધર્મપાળને ઘેર ગયા. બેઠકમાં શાંતિથી બેસીને કર્મસિંહે પૂછયું: " દંડનાયક ! મહારાજા સાથે આટલો બધો વિવાદ થયો પણ ત્રિભુવનપાળને મહારાજાએ દગો કરીને માર્યો તેનું પ્રમાણ કયાં છે ?"

" તેનું પ્રમાણ ? પ્રમાણો તો મારી પાસે અનેક છે. તેવાં પ્રમાણો વિના દંડનાયક મહારાજાને આટલું કહેવાનું સાહસ કેમ કરે ? હવે તમે એક કામ કરો. અત્યારે ને અત્યારે ખંભાત ઉટસ્વાર મોકલો અને વાહડને બોલાવો."

" વાહડ ?! વાહડ તો કાલે જ અહીં આવ્યો છે. ઉદા શેઠની તબી-

યત સારી નથી, તેથી ખંભાત મંડળની આયપતનાં ગાડાં ભરાવીને લાવ્યો છે અને સ્હવારથી તેની ગણત્રી તથા હિસાબનું કામ ચાલવાનું છે."

"ઓહો! એ તો ઘણું સારૂં થયું. હવે સ્હવાર પડતાં જ જે મુખ્ય કાર્ય કરવાનું છે તે એ છે કે આખા સંઘને એકત્ર કરવો અને તેની સમક્ષ આ વાત મૂકીને પાંચ ગૃહસ્થોને મહારાજાની પાસે મોકલી વિનતિ કરાવવી કે રાજ્યના ભાયાતો ઉપર એકદમ સખ્તાઇનાં પગલાં ભરતાં પહેલાં ન્યાય-પુરઃસર તપાસ ચલાવવી અને લોકોને રંજાડવા નહિ."

"એ ખરી વાત કહી; પણ તેનું ફળ શું? મહારાજા જવાબ આપશે કે બહુ સારૂં એમ કરીશું; પરન્તુ તેથી સંઘનું માન શી રીતે સચવાશે?"

"ત્યારે તમે બીજી કેવી સલાહ આપો છો?"

"મારી સલાહ એવી છે કે ગામમાં હડતાળ પાડવી અને જ્યાંસુધી ત્રિભુવનપાળના મરણનો ખુલાસો મહારાજા કરે નહિ ત્યાંસુધી તે ઉઘાડવી નહિ."

"એ કામ આપણાથી ન થાય; સંઘ એવો ઠરાવ કરે તો ભલે; પણ હડતાળ પડવાથી ગરીબ લોકો ભૂખે મરે અને રાજ્યના અધિકારીઓ તરીકે આપણાથી એવી સલાહ કેમ અપાય? એ તો રાજ્યદ્રોહ અને પાપનું કામ કહેવાય." દંડનાયકે કહ્યું.

"રાજ્યદ્રોહ કેમ કહેવાય? રાજ્યનો અધિકાર જો આડે આવતો હોય તો આ ક્ષણે છોડી દઇએ." કર્મસિંહે કહ્યું.

"એ સાહસ કરતાં પહેલાં વિચાર કરવો જોઇએ. રાત્રે હું તે વિષે વિચાર કરીશ."

"ઠીક ત્યારે, હું જઉં છું." એમ કહીને કર્મસિંહ ઉઠયો.

કર્મસિંહ ચાલ્યો ગયો એટલે ધર્મપાળ શાન્ત ચિત્તે વિચાર કરવા લાગ્યો. પરસ્પર અનેક બનાવોનું ઘર્ષણ થતું હતું અને તેમાંથી જે જવાળા જાગવાનો સંભવ હતો, તેનું પરિણામ કેવું આવશે તે વિષેના વિચારો તેના મગજમાં ઘોળાતા હતા. હડતાળ પાડવામાં તેની બુદ્ધિએ તેને સંમતિ આપી નહિ. સંઘ તરફથી પાંચ આગેવાનોને મહારાજા પાસે મોકલવાથી પણ એ ચતુર રાજા તેમને ઉડાવી જશે એવો ધર્મપાળને સંપૂર્ણ ભરોસો હતો, પણ ત્યારે કરવું શું? રાજાને આવાં અન્યાયનાં કામો કરવામાં આગળ વધવા દેવો જોઇએ જ નહિ, એવું નીતિશિક્ષણ તો પાટણની પ્રજાને ગળથુથીમાં પાએલું હતું એટલે રાજાની આ નિરંકુશતા સહન કરી લેવાની

બુદ્ધિ તો ધર્મપાળમાં આવી શકી જ નહિ. કોઇ પણ રીતે રાજાને અન્યાય કરતાં અટકાવવો જોઇએ, નહિતો પ્રજા પણ ભયમાં મેલાશે, પ્રજાની આબાદીને હાનિ થશે, પ્રત્યેક દેશમાં પાટણની મહત્તા ગવાઇ રહી છે તે ખંડિત થઈ જશે એવા સ્વદેશાભિમાન–સંરક્ષણના વિચારો જ ધર્મપાળના મગજમાં આવવા લાગ્યા. વિચારમાં ને વિચારમાં રાત્રીનો ત્રીજો પ્રહર પૂરો થયો અને ચોઘડીયાં વાગ્યાં, વિચારપ્રવાહને અટકાવીને હવે ધર્મપાળ ઉઠયો અને બિછાનામાં જઇ સૂતો. થોડી વાર આળોટતાંની સાથે જ સહજ નિદ્રા આવી.

એકાદ ઘડી વ્યતીત નહિ થઇ હોય, એટલામાં તો કોઇએ ધર્મપાળની ડહેલી ઉઘડાવી. ચાકરે ડહેલી ઉઘાડી તો ચાર પાંચ જણ તેના જોવામાં આવ્યા અને તેમણે ચાકરને કહ્યું: “ દંડનાયકને જગાડો, અમારે બહુ જરૂરનું કામ છે. ”

ચાકરે કહ્યું: “ શેઠ હજી હમણાં જ સૂતા છે અને માંડમાંડ ઉંઘ્યા હશે એટલામાં શાને જગાડો છો ? સ્હવાર થવાને હવે બહુ વાર નથી ! ”

આવેલાઓમાંના એક ડોસાએ હાથમાંનું ડંગોરૂં ઉછાળતાં કહ્યું: “ ચાલ, ચાલ, મૂર્ખા ! રાજા પાટણની પ્રજાને ઉચાળા ભરાવે છે અને દંડનાયકને ઉંઘ શેની આવે છે વારૂ ? ચાલ, જગાડે છે કે હું ઓરડામાં પેસી જઉં ? ”

ચાકરને લાચારી સાથે ધર્મપાળને જગાડવો પડયો અને કોઇ ચાર–પાંચ જણા આવેલા હોવાની ખબર આપી. ધર્મપાળ ઉઠીને બેઠકમાં જઇ બેઠો અને આવેલાઓને પોતાની પાસે આવવા દીધા. પેલા ડોસાએ કહ્યું: “ સંઘપતિ આપને બોલાવે છે–અત્યારે ને અત્યારે બોલાવે છે. ”

“ શામાટે વારૂ ? ”

“ કેમ આવો સવાલ પૂછો છો ? દંડનાયક થઇને કાંઈ અજાણ્યા બનો છો ? મહારાજા પાટણની પ્રજાને હાંકી કાઢવાના છે એ વાત ખરી કે નહિ ?”

“ તમને એ બધું કોણે કહ્યું ? જે હોય તે ભલે હોય, પણ એમ ઉતાવળા થવાની જરૂર નથી. જાઓ, સંઘપતિને કહેજો કે હું એમને સ્હવારે અપાશરામાં મળીશ. ”

“ એમ કાંઇ ચાલવાનું નથી, દંડનાયક ! સ્હવાર પડતાં પહેલાં તો અપાશરામાં આખો સંઘ મેળવવાની ગોઠવણ કરવાની છે. પાટણના શ્રાવકો એમ મુંગા બેસી રહેશે નહિ, માટે સંઘપતિને ત્યાં ચાલો. પગે ચાલતાં તસ્દી પડતી હોય તો પાલખીમાં બેસી જાઓ, અમે ઉંચકી લઇશું. ”

ધર્મપાળથી હવે ના કહેવાઇ નહિ. તે ઉઠયો અને કપડાં પહેરી લીધાં. તુરત તે બહાર નીકળ્યો. હજી પરોઢ થયું હતું પણ રોજ કરતાં આજે કાંઇ

વધારે હીલચાલ શહેરમાં જોવામાં આવતી હતી. એકલા શ્રાવકો જ નહિ પણ બીજા કેટલાકો આમથી તેમ અંધકારમાં દોડાદોડ કરી રહ્યા હતા અને કાંઇ અસાધારણ પ્રકાર બન્યો હોવાનું સૂચન સ્પષ્ટ રીતે થતું હતું. દંડનાયકને જોતાં જ બે–ચાર શ્રાવકો એકત્ર થઇ ગયા અને પૂછવા લાગ્યાઃ “ કેમ શેઠ ! શું થયું છે ?”

“ અરે ભાઇઓ ! કાંઇ જ થયું નથી; તમે તમારે ધંધે લાગો. ” ધર્મપાળે તેમને એવો જવાબ આપ્યો પણ તેથી લોકોના મનનું સમાધાન થયું નહિ. થોડે આગળ જતાં દામુ ઝવેરી અને હઠીસીંગ બારોટ વાતચીત કરતા દંડનાયકને સામા મળ્યા અને તેમણે દંડનાયકને ઉભા રાખ્યા. ઝવેરીએ કહ્યું: “ શેઠ ! મહારાજાએ આ બધું શું કરવા માંડયું છે ? એક ગઢવાના હાથમાં પાટણનું લશ્કર સોંપતાં તેમણે કાંઇએ વિચાર કર્યો નહિ ?! ”

“ તમે શું કહો છો તે હું સમજતો નથી. ” દંડનાયકે કહ્યું.

“ આ હઠીસીંગ ખબર લાવ્યો છે કે કૃષ્ણદેવે પોતાનું સેનાપતિપદ છોડી દીધું છે અને તે પોતાને ગામ જવા ચાલી નીકળ્યો છે. મહારાજાએ મુખ્ય સેનાપતિનું પદ કરણદાનને આપ્યું છે, એવી વાત ગામમાં ફેલાતાં જ સઘળા ભીલ, રજપૂત અને ઠાકરડાઓ કકળી ઉઠયા છે ! ”

દંડનાયકે આ એક નવી વાત સાંભળી. તેણે હઠીસીંગને પૂછ્યું: “ હઠીસીંગ ! તને એ ખબર કોણે કહી ? ”

“ શેઠ સાહેબ ! એ ખબર આખા ગામમાં ફેલાઇ ગઇ છે; જુઓને ! ” એમ કહી હઠીસીંગ થોભ્યો. તેણે આજુબાજુએ નજર કરી તો પાસેની ગલીમાંથી એક રજપૂત નીકળ્યો. તેને જોતાં જ હઠીસીંગે તેને ઉભો રાખીને કહ્યું: “ અરે માનસીંગ ! જરા થોભ ! દંડનાયક પૂછે છે કે અત્યારે કયાં જાય છે ? ”

માનસીંગ થોભ્યો, પણ પાસે દંડનાયક ઉભા છે તેનું તેને ભાન નહોતું. હઠીસીંગના શબ્દોથી તેની નજર તે તરફ ગઇ અને તેણે નમન કરીને કહ્યું: “ મહારાજે આજ્ઞા કરી છે કે મુખ્ય સેનાપતિ કરણદાન થાય ! શેઠજી ! કરણદાન—એક ખુશામતીયો ગઢવો અમારો ઉપરી થાય એ તે કેમ બને ? અત્યારે અમે બધાએ સહસ્ત્રલિંગને કાંઠે એકઠા થઇએ છીએ. ”

ધમપાળ એ સાંભળીને ઉંડા વિચારમાં પડયો. થોડી વારે તેણે પૂછ્યું: “ તમને કોણે એકઠા કર્યા છે ? ”

“ એકઠા કોણ કરે ? અમે અમારી મેળે એકઠા થઇએ છીએ. કૃષ્ણદેવે શામાટે અધિકાર છોડી દીધો તે અમે જાણતા નથી, પરન્તુ મહા-

રાજાએ રાજ્યમાં કાંઇક બખેડો ઉભો કર્યો હોય તેમ લાગે છે—અથવાતો કરણદાનનાં પોતાનાં જ કાંઇ કારસ્થાન હોય !”

“ઠીક, તારે જવું હોય ત્યાં જા. દામુ ઝવેરી ! તમે મારી સાથે ચાલો, સંઘપતિને ત્યાં.” દંડનાયકે જણાવ્યું. ઝવેરી, દંડનાયક અને તેમની સાથેના બીજાઓ સંઘપતિને ત્યાં ગયા.

સંઘપતિ તો ક્યાંય બહાર જવાને તૈયાર થયા હોય તેવી રીતે સફાળાં વસ્ત્રો ધારણ કરીને પોતાની બેઠકમાં બેઠા હતા. સીત્તેર વર્ષની વયના તે એક વૃદ્ધ શ્રાવક હતા, પરન્તુ તેમના ધાંટામાં એટલું જોર હતુ કે ગમે તેવા પ્રતાપી પુરૂષને પણ તે એક વાર થરથરાવી મેલતા. ધર્મપાળને જોતાં જ તે ઉઠ્યા અને બોલ્યાઃ “આવો દંડનાયક ! આજે મેં આ શું સાંભળ્યું ? મહારાજાએ તમારૂં અપમાન કર્યું ! પાટણના સંઘને મહારાજ શું બાયલો સમજે છે ?”

“શેઠ ! એમ ઉશ્કેરાઓ નહિ ! મારી અને મહારાજની બાબતમાં પાટણના શ્રાવકોને શો સંબંધ છે ? એ તો રાજકાર્યની વાત કહેવાય.” દંડનાયકે ઉત્તર આપ્યો.

“તમારો અધિકાર તમારી પાસેથી આવી વાત બોલાવે છે. શાંતિદાસ શેઠ દંડનાયક હતા અને શ્રાવક પણ હતા, પણ તમારા જેવો જવાબ આપતા નહિ. તમારા અધિકારમાં પાટણના શ્રાવકોનો પણ હિસ્સો છે, હાં શેઠ !” સંઘપતિએ કહ્યું.

“એટલે હવે તમારી શી આજ્ઞા છે ?”

“આજ્ઞા કાંઇ જ નથી, પણ પાટણનો સંઘ તમારા અપમાનને પોતાનું અપમાન સમજે છે, એટલું જ નહિ પણ પાટણના ગઢમાં રાજા અન્યાયથી માણસોનાં ખૂન કરે એ પાટણથી સંખાશે નહિ. આચાર્ય મહારાજના સંદેશા ભૂલી ગયા કે શું ?” સંઘપતિએ આંખો ફાડતાં કહ્યું.

“ખરી વાત છે; માટે આપણે મહારાજને વિનતિ કરવા એક પંચ મોકલવું જોઇએ.”

“એમ નહિ બને દંડનાયક !” સંઘપતિએ તિરસ્કાર અને ગુસ્સાથી કહ્યું: “રાજાનું માથું છે, તે એવી વિનતિઓથી ઠેકાણે આવે નહિ. હું અત્યારે સંઘ એકઠો કરૂં છું; સ્હવારથી ગામમાં હડતાળ પડશે અને રાજા કહાવશે તો પછી પંચ જશે; નહિતો—” સંઘપતિનો ગુસ્સો શિખરે ચડવા લાગ્યો. શ્રાવકોના વડવાઓનાં પરાક્રમો સંઘપતિના મગજમાં ઘૂમી રહ્યાં હતાં. રાજા ન માને તો પાટણને ઉજ્જડ કરીને ચાલ્યા જવાનું અને

પરાઇ હદમાં નવું ગામ વસાવવાનું સામર્થ્ય તે વખતના શ્રાવકોમાં હતું. તે આગળ બોલ્યાઃ "નહિતો પછી ભલે પાટણનાં ખાલી હવેલાંઓ ઉપર સુધરો જેસંગ રાજ્ય કરે !"

દંડનાયકે જાણ્યું કે સંઘપતિની સાથે વધારે વાતચીત કરવી એ તેમના ગુસ્સાને વધારે ઉંચે ચડાવવા બરાબર હતું; તેથી તેણે કહ્યું: "ઠીક છે; આપની નજરમાં આવે તેમ કરો; પણ હું તો સંઘમાં નહિ આવું."

"કેમ નહિ આવો ? તમારે સંઘમાંથી છૂટા થવું છે ?"

"ના; પણ જો તમારી આજ્ઞા હોય તો દંડનાયકનો અધિકાર છોડીને સંઘમાં આવું. મારી પાસે રાજ્યનો અધિકાર છે, ત્યાંસુધી હું રાજ્યની સામે નહિ થઉં."

દામુ ઝવેરીએ વચમાં કહ્યું: "તો ભલે; પણ અધિકાર છોડશો નહિ; તમે અધિકાર છોડશો તો પછી મંત્રીમંડળમાંથી શ્રાવકોનો પગ જતો રહેશે."

"તમે તમારી મેળે અધિકાર નહિ છોડો, તો મહારાજા પાણીચું આપશે એટલે છોડશો કે નહિ ? એવું અપમાન વેઠવા કરતાં માનભેર છોડી દોને ?"

"નહિ શેઠ ! આચાર્ય મહારાજની આજ્ઞા છે કે અધિકાર તો ન જ છોડવો. રાજા છોડાવે તો ભલે, પણ તેમ કરવાની એ અત્યારે હિંમત બીડી શકે તેમ નથી." દામુ ઝવેરીએ જણાવ્યું.

"ભલે ત્યારે, પણ અરે કલ્યાણચંદ ! તમારે જેટલા માણસો જોઇએ તેટલા લઇને બધે ખબર કહાવો કે સૌ શ્રાવકો દેવચંદ્રસૂરિના અપાશરામાં સ્હવાર પડતાં એકઠા થાય. મેં કહ્યું તે બરાબર સમજ્યા કે ?" સંઘપતિએ ફરમાવ્યું.

કલ્યાણચંદ તુરત ઉઠયો અને પછી દંડનાયકે પણ રજા લીધી. ત્યારપછી થોડી વારે સૂર્યોદય થયો.

* * * * *

આજે પાટણનું પ્રભાત કેવળ જૂદી જ તરેહનું ઉગ્યું. માત્ર રાત્રિના એક પ્રહરમાં ઘેરઘેર કાંઇ કાંઇ અફવાઓ ઉડી રહી હતી. કોઇ કહેતું કે રાજા ગામ ખાલી કરાવે છે, કોઇ કહેતું કે રાજા બધા ભાયાતોને શૂળીએ ચડાવવાના છે, કોઇ કહેતું કે લશ્કરમાં બંડ જાગ્યું છે, તો કોઇ કહેતું કે રાજાને ધન જોઇએ છે માટે તેણે પ્રજાને રંજાડવા માંડી છેઃ સૌ પોતપોતાની મેળે જૂદી

જૂદી વાત કરતું. એક બાજુએ હેમચંદ્રસૂરિના અપાશરામાં શ્રાવકોનો સંઘ એકઠો થયો, ત્યારે બીજી બાજુએ સહસ્ત્રલિંગના કાંઠાપર રજપૂતો, ભીલો અને ઠાકરડા એકઠા થયા. શ્રાવકો જરા ડહાપણથી વર્ત્યા. અપાશરામાં લોકસમુદાય ઘણો એકત્ર થયો પણ રાજાના કાર્ય વિષે વિચાર ચલાવવાને તો સંઘના થોડા આગેવાનો જ માત્ર દૂર જઇને બેઠા અને તેમની વચ્ચે સઘળી વાત બહાર આવી. વાહડે પોતે જે કાંઇ જાણતો હતો તે સઘળી વાત કહી અને રાજાએ ત્રિભુવનપાળને દગાથી માર્યો છે અને કુમારપાળનું પણ તેવી જ રીતે મોત નિપજાવવાનો તેનો ઇરાદો છે એવી વાત તેણે અનેક પુરાવાઓ સાથે કહી સંભળાવી અને સૌની ખાત્રી કરી બતાવી. રાજ્યના ભાયાતો ઉપરનો આવો ખુલ્લો અન્યાય સાંભળીને શ્રાવકો અકળાયા અને સૌએ હડતાળ પાડવાનો ઠરાવ કર્યો. આગેવાનોએ પોતાનો નિર્ણય સંઘની વચ્ચે ખુલ્લો કહી સંભળાવ્યો અને શ્રદ્ધાળુ લોકસમુદાય તેને શિરસાવંદ્ય માનીને વિખરાયો.

રજપૂતો વગેરેના અસંતોષનું કારણ તેથી કેવળ જૂદું જ હતું. તેઓ ત્રિભુવનપાળ અને કુમારપાળની હકીકત જાણતા નહોતા. હઠીસીંગ બારોટે દામુ ઝવેરી પાસેથી એ વાત જાણી હતી. તે પણ સહસ્ત્રલિંગના કાંઠાપર હાજર થયો હતો. તેણે એ વાત બધાઓમાં ફેલાવી અને સૌમાં હાહાકાર મચી રહ્યો. એકઠા થએલા હજારો માણસોના ટોળામાં થોડા પાવરધા માણસો જેમ કહેતા તેમ સૌ હાએ હા કરતા. કરણદાન સેનાપતિ થાય એ વાત સાંભળીને સૌ ગુસ્સે થઇ જતા દેખાતા અને દધિસ્થળીના ભાયાતો ઉપરના જુલ્મની વાત સાંભળીને તો સૌ ત્રાસી જતા હતા. બે–ચાર ઉતાવળીઆ બૂમો પાડીને બોલ્યાઃ “ રાજાનાં હથીઆર રાજાને સોંપી દો; આપણે હવે નોકરી કરીશું નહિ,” અને ગાડરિયા પ્રવાહની પેઠે બીજાઓ પણ એમ જ બોલવા લાગ્યા. એક પ્રહર દિવસ ચડતાંસુધી સૌ ત્યાં જ રહીને મરજીમાં આવે તેમ બોલીને, બૂમરાણો મચાવીને, કે ગપાટા મારીને વીખરાયા. તેઓમાં બહુમત કે એકમત જેવું કશું નહોતું. કશું બંધારણ કે નિર્ણય પણ નહોતો. ટોળાબંધ લોકો આવ્યા તથા ગયા અને મરજી પ્રમાણે વાતો કરીને વીખરાયા. કેટલાક ઘરડા અને સમજુ હતા ત્યારે ઘણા જુવાન અને ઉછાંછળા હતા. તેઓમાંથી જુવાનોનું એક મોટું ટોળું સીધું દરબારગઢ તરફ ચાલ્યું અને ગઢની અંદર પોતાની તલવારો, કટારો વગેરે જે કાંઇ હથીયારો પોતાની પાસે હતાં તે ફેંકી દઇને ચાલવા લાગ્યું. એકનું જોઇને બીજો અને બીજાનું જોઇને ત્રીજો એ પ્રમાણે એક પછી એક હથીયારો ફેંકી દઇને

ચાલતા થવા લાગ્યા. સિદ્ધરાજ જ્યારે ઝરૂખામાં આવીને ઉભો રહ્યો ત્યારે તેણે દરબારગઢના આંગણામાં હથિયારોનો એક મોટો ગંજ થએલો જોયો અને ગઢની બહાર થતો લોકોનો કોલાહલ તેના સાંભળવામાં આવ્યો.

તે જ વખતે કરણદાન દધિસ્થળીથી લશ્કર સાથે પાછો આવ્યો. માર્ગમાં તેના ઘોડાને ચાલવાની જગ્યા પણ મળી નહિ. કામ ધંધો નહિ હોવાથી લોકોનાં ઝુંડનાં ઝુંડ માર્ગમાં એકઠાં થઇને ઉભાં હતાં. દુકાનદારોએ હડતાળ પાડી હતી. શ્રાવક નહિ એવા દુકાનદારોને પણ શ્રાવકોએ બળાત્કારે દુકાનો ઉઘાડવા દીધી નહોતી. રહવારનું રહવારે અને સાંજનું સાંજે લાવીને ખાનારાઓ આટો–દાળ લેવાને આમથી તેમ ફેરા મારતા હતા પણ તેઓને કશું મળી શકતું નહોતું. ગામડાંમાંથી જૂદી જૂદી જાતનો માલ ભરીને પાટણમાં વેચવા આવેલા ગામડીયાઓ પીઠાંઓમાં પોતાનાં ગાડાં છોડીને રાહ જોઇ બેસી રહ્યા હતા પણ તેમનો માલ કોઇ તોળતું નહોતું અને ખરીદતું પણ નહોતું. રજપૂતો અને ભીલો પણ હથીયારો ફેંકી આવવાને ટોળાબંધ જતા હતા અને માર્ગમાં એકઠા થએલા લોકો તેમને ઉત્તેજન આપતાં બૂમો પાડતા હતા. લોકોની આવી મેદનીને લીધે સ્ત્રીઓ ચૌટામાં નીકળતી નહોતી. પ્રભાતનો સમય હોવા છતાં નદી તીરે પાણી ભરવા જવાની હિંમત પણ તેઓ ધરાવતી નહોતી. આવી સ્થિતિમાં કરણદાન ધીમે ધીમે ઘોડો ચલાવતો દરબારગઢ તરફ જતો હતો. રજપૂતો તેની સામે તિરસ્કારથી જોઇને હસતા અને બોલતાઃ “ જુઓ આ નવો સેનાપતિ ! ” કોઇ ઘોડાની પીઠે દંડૂકો મારવાનું અટકચાળું કરતા અને કરણદાન ગુસ્સે થઇ જતો. કોઈ સ્થળે તેની બૂમો છતાં લોકો માર્ગમાંથી ખસીને રસ્તો આપતા નહિ. એક સ્થળે કોઇએ મેડી ઉપરથી કરણદાનની ઉપર કોયલાની ટોપલી ખાલી કરી ! કરણદાન ચ્હીડાયો અને એ કોનું ઘર હતું એમ પૂછવા લાગ્યો. લોકો ખડખડાટ હસવા લાગ્યા પણ કોઇએ તેને જવાબ આપ્યો નહિ. દરબારગઢમાં પ્રવેશ કરતાં તો તેની પીઠ ઉપર એકાએક એક કટારીનું મ્યાન આવીને અફળાયું અને કરણદાને પાછું વાળીને જોયું પણ એ ટોળામાંથી કોણે તે પોતાની તરફ ફેંક્યું એ સમજવામાં આવ્યું નહિ.

સામે ઝરૂખામાં જ સિદ્ધરાજ ઉભો હતો. તેને નમન કરીને કરણદાન ઘોડાપરથી ઉતર્યો અને માળ ઉપર જઇને સ્નાનના સમાચાર સંભળાવ્યા કે “ કુમારપાળ વળી પાછો છટકી ગયો ! આખા દધિસ્થળીનો ખુણેખૂણો જોયો પણ તે હાથ લાગ્યો નહિ ! ”

આ સાંભળીને સિદ્ધરાજ બહુ ગુસ્સે થયો. એક બાજુએ પ્રજાએ હડતાળ પાડી હતી, બીજી બાજુએ લશ્કર હથીયારો ફેંકી દેતું હતું અને ત્રીજી બાજુએ પોતાના ઇષ્ટ કાર્યમાં તેને નિષ્ફળતા મળી હતી. આ સઘળા વિપરીત સંયોગો જોઇને તે અકળાયો. તેણે એકદમ મંત્રીશ્વરને બોલાવવાને માણસ મોકલ્યું. થોડી વારમાં મંત્રીશ્વર આવીને હાજર થયા અને સિદ્ધરાજે તેમની સલાહ લીધી. મંત્રીશ્વરે કહ્યું: "મહારાજ ! ધાર્યા કરતાં ઉલટું પરિણામ આવ્યું છે; પણ રાત્રે હું આપની પાસેથી ગયો ત્યારપછી આપે એક બીજી ભૂલ કરી છે. કૃષ્ણદેવે રજા લીધી તો ભલે, પણ કરણદાનને સેનાપતિપદ આપવાનું જાહેર કરવું જોઇતું નહોતું."

"હશે, એ ભૂલ થઇ ગઇ તે થઇ ગઇ; પણ હવે કેમ કરવું ? શ્રાવકો બહુ ઉછળ્યા છે. હરામખોર ધર્મપાળનાં એ કારસ્થાન હશે."

"ગમે તેમ હોય પણ મામલો બહુ વધી ગયો છે. સીધી રીતે લોકો માને તેમ નથી. આ વખતે પ્રજાને ફોસલાવી લેવી જોઇએ. પાંચ શ્રાવકોને અને પાંચ રજપૂતોને બોલાવીને સમજાવો, તે વિના બીજો માર્ગ નથી."

"મંત્રીશ્વર ! હું રાજા શું એવી લાચારી બતાવું ? અને તે પણ મારી જ પ્રજાની પાસે ?" સિદ્ધરાજે પ્રશ્ન કર્યો.

"તો આપની વતી હું તેમને બોલાવીને વાત કરૂં."

"ત્યારે ભલે તેમ કરો." સિદ્ધરાજે અનુમતિ આપી.

મંત્રીશ્વરે સંઘપતિ અને બીજા પાંચ શ્રાવકોને સૌથી પહેલા બોલાવ્યા. સંઘપતિને સમજાવવાને મંત્રીશ્વરે મીઠી વાતચીત કરવા માંડી એ તેમનાથી સહન થઇ નહિ. તેમણે એકદમ અકળાઇને કહ્યું: "અરે મંત્રીશ્વર ! પાટણના રાજાજી અન્યાય કરે છે-તમે નથી કરતા; અમે તો ખુદ મહારાજાની સાથે વાતચીત કરીશું."

છેવટે મહારાજાને ત્યાં આવવું પડયું ! એક વખતનો તેજસ્વી સિદ્ધરાજ અત્યારે કેવળ નમ્ર બની ગયો હતો. તેણે સંઘપતિની વાત સાંભળી અને જવાબ આપતાં કહ્યું: "તમે અકળાશો નહિ ! કુમારપાળને કોઇ આંગળી પણ અડકાડશે નહિ. મારા ભાયાતો અને મારી પ્રજા રાજ્યના સ્થંભ બરાબર છે એ હું જાણું છું."

સંઘપતિને સિદ્ધરાજના મુખનો એ જવાબ સાંભળીને સંતોષ થયો અને તેમણે તુરત હડતાળ ખોલી નાંખવાની આજ્ઞા આપી. રજપૂતો વગેરેને સમજાવી લેવાને સિદ્ધરાજે કૃષ્ણદેવને પાછો બોલાવવા માટે માણસ મોકલ્યું અને સેનાનો અધિકાર તેને જ પાછો સોંપવાનું જાહેર કર્યું. તુરત લોકોમાં

શાંતિ ફેલાઇ. રહવારે હીલોળે ચડેલું પાટણ સાંજે પૂર્વવત્ શાંતિ-સમાધિમય વ્યવહાર ચલાવતું સિદ્ધરાજના જોવામાં આવ્યું. તે પોતાના મનમાં જ બોલ્યો: "ઓહો ! પ્રજાનું મહત્ત્વ અને પ્રતાપ અલૌકિક છે !"

પ્રકરણ ૮ મું.

નવ-દંપતી.

પાટણમાં ઉદયન મંત્રીની એક મોટી હવેલી હતી અને અત્યારે જોકે ઉદયન મંત્રીને હમેશને માટે પાટણમાં રહેવાનું થતું નહિ, તોપણ તે હમેશાં ખુલ્લી રહેતી અને જાણે કે ખુદ મંત્રી પોતે ત્યાં રહેતો હોય એટલી માણસોની આવજા રહ્યા કરતી હતી. સિદ્ધરાજનો માનીતો સુભટ અને ઉદયનનો પુત્ર ચાહડ ત્યાં રહેતો હતો અને ચાહડ સ્વભાવનો અત્યંત ઉદાર હોવાથી બહુધા ઉદયન મંત્રીની હવેલીનો દેખાવ અન્નક્ષેત્રના જેવો થઇ રહેતો ! ઉદયન મંત્રીનું નામ લેતા કોઇ પણ પરદેશી વણિકો આવતા તો તેમને આગ્રહપૂર્વક એ હવેલીમાં જ ઉતારીને તેમની સરભરા કરવામાં આવતી અને કોઇ સાધુ-બાવાઓની જમાત આવતી તો તેમને પણ ત્યાંથી જ સદાવ્રત મળતું ! કોઇ વાર ઉદયનને પોતાને કે તેના પુત્રોને પાટણમાં આવવાનું થતું તો તેઓ પણ એ જ હવેલીમાં આવીને રહેતા અને કામ પતી જતાં પાટણમાંથી પાછા ચાલ્યા જતા.

એ વિશાળ હવેલીના એક સુસજ્જિત ઓરડામાં અત્યારે બે રમણીઓ પ્રસન્ન વદને કાંઇ આનંદવાર્તાલાપ કરી રહી છે. રાત્રિનો સમય છે. હજી સંધ્યાકાળ હમણાં જ ગયો છે અને તેથી દિવસના જેવો જ ઘોંઘાટ સર્વત્ર ચાલુ છે, છતાં એ ઓરડામાં ચાલતી ધીમી આનંદવાર્તા આપણે સાંભળી શકીશું.

"પણ બહુ મોડું થશે, તો હું ત્યારસુધી રોકાઇશ નહિ; જો તમે મને પહેલેથી કહ્યું હોત કે તમે અહીં જ આવવાનાં છો, તો હું તમારી સાથે જ આવત નહિ ! પણ આ તો તમે મારી સાથે બરાબર ઠગાઇ જ ચલાવી છે !"

"ભાભી ! એમાં ઠગાઇ શાની ? હું જાણતી હતી કે જો હું ખરી વાત કહીશ, તો તમે મારી સાથે આવશો નહિ, એટલે પહેલાં તમને વચનથી બાંધી લીધાં અને પછી હું તમને અહીં ખેંચી લાવી. બહુ મોડું પણ થશે નહિ ! એ આવશે એટલે માત્ર એકાદ ઘડી થશે; મારે તેમને થોડ વાત કહેવાની છે તે કહીને તુરત હું તમારી સાથે પાછી ફરીશ; કહો, પછી મોડું શાનું થવાનું છે ?"

"પણ તમારી છાની વાતચીત કાંઇ તમે મને સાંભળવા દેવાનાં છો ? તો પછી મને સાથે લાવવાનું શું કામ ?"

"તો તમે પાસે ઉભાં રહેજો, અમારી વાતચીત સાંભળજો, પછી કાંઇ છે ? ભાભી ! ખરૂં કહેજો, તમારાથી મેં શું છૂપું રાખ્યું છે ?"

"આપણે કાંઇ એવો વહેવાર રાખવા ખુશી નથી, બાઇ ! આજે તમારી વાતો હું સાંભળું અને કાલે તમે અમારી વાતો સાંભળવાની માંગણી કરો, તે તો ન પાલવે ! મને તો શરમ આવે બા !"

"કેમ ? હવે હારી ગયાં કે ! જોજો હવે મને કોઇ વાર મ્હેણું મારશો નહિ !"

"એમ તો હું કાંઇ હારૂં નહિ ! અમારી વાતો સાંભળવાની માંગણી ન કરવી, એવી શરત કરો તો હું તો કાંઇએ શરમાઉં નહિ ! અહીં ઉભી ઉભી તમારી વાતો સાંભળું !"

"તો એવી શરત કબૂલ છે; મારા સોગંદ, એ આવે ત્યારે તમે બહાર જશો નહિ !"

"ઓહ ! આ તો ખરેખરાં સાચુલાં નણંદ !" એમ કહી બન્ને રમણીઓ એક બીજીની સામે જોઇ ખડખડાટ હસી પડી !

તેમના હાસ્યધ્વનિમાં કશો બીજો અવાજ સંભળાયો નહિ અને તત્ક્ષણ વાહડ ઓરડામાં આવી પહોંચ્યો. આવતાં વાંત જ-જાણે કે બહારથી તે હાસ્ય કરનાર રમણીઓને એ પિછાણી ગયો હોય તેવી રીતે-બોલ્યો: "ઘરમાં કોઇ ચોર પેઠા છે કે શું ?"

બન્ને રમણીઓ તુરત ઉઠીને ઉભી થઇ ગઇ, અને વસ્ત્રો સંકોચતાં લજ્જાદર્શન કરાવવા લાગી ! કહેવાની જરૂર નથી કે તે રમણીઓ પૂર્વ-પરિચિત સુભગા અને તેની ભ્રાતૃપત્ની લીલાદેવી છે. સુભગાનું લગ્ન વાહડ સાથે થઇ ચૂક્યું છે. લગ્ન પછી થોડાએક માસ સુભગા ખંભાતમાં શ્વસુરગૃહે રહીને તે પાછી પાટણમાં પોતાના પિતૃગૃહે આવીને રહી છે. તેને પિતૃગૃહે આવ્યાને અત્યારે ચાર પાંચ માસ થઇ ગયા છે. પોતાના પતિનું પાટણમાં આગમન થયાની ખબર જાણીને અત્યારે તે નવોઢા ચોરી-છૂપીથી પણ પોતાની ભાભીને સાથે રાખીને પતિનું દર્શન કરવાને ઉદયન મંત્રીની હવેલીમાં આવી છે ! ચકોરી ચંદ્રમાંથી સ્રવતી અમૃતધારાનું પાન કરી તૃપ્ત થવા-વાગ્ભટ્ટની વાગ્ધારાનો આનંદોપભોગ કરવા અત્યારે અહીં આવી છે ! વાહડને એકાએક ઓરડામાં આવેલો જોઇને લીલાદેવી લજ્જાથી સંકુચિત બની અને ત્યાંથી ચાલી જવા લાગી. સુભગાએ તેને પકડી રાખતાં ધીમેથી

કહ્યું: "કેમ નાસી જાઓ છો ભાભી? હમાં તો રહો! એટલાં ગભરાઓ-છો શાને?"

"ઘેલાં થયાં કાંઈ, બ્હેન! એમ મારાથી કંઇ અહીં ઉભાં રહેવાય? હું પાસેના ઓરડામાં બેસું છું; તમે વાત કરી લો. પણ જરા ઉતાવળ કરજો હોં!" એમ કહી લીલાદેવી ઉતાવળે પગલે ઓરડામાંથી બહાર ચાલી ગઇ.

સુભગા અને વાહડ ઓરડામાં એકલાં રહ્યાં. વાહડે વસ્ત્રો ઉતારીને એક આસનપર બેસી જળ પીધું. સુભગા લાંબા વખત પછી પતિને એકાંતમાં મળતાં એકાએક પ્રથમ શબ્દોચ્ચાર કરવાનું સાહસ કરી શકી નહિ. વાહડ લજ્જાથી આડું જોઇ ઉભી રહેલી સુભગા તરફ અનિમેષ લોચને ક્ષણભર નિહાળી રહ્યો અને પછી બોલ્યો: "આજે તો મને અકસ્માત્ દર્શનનો લાભ મળ્યો! મેં ધાર્યું નહોતું કે તું અહીં આવીશ, અને તેથી હું તો તને ત્યાં મળવા આવવાની યુક્તિનો વિચાર કરતો હતો."

"હું તો તમને થોડો ઠપકો આપવા આવી છું!" સુભગા પતિની સામે નજર કરવાની હિંમત ધરતાં ગંભીર વદને બોલી.

"ઠપકો? મને ઠપકો? હા, ખરી વાત! ત્યારે ઠપકો સંભળાવો, હું સાંભળવા તૈયાર છું." વાહડે ઇષિત્ સ્મિત કરતાં ઉત્તર આપ્યો.

"એમ મારી મશ્કરી કરીને વાત ઉડાવી દેવાની નથી. આજે સ્હવારે એકઠા થએલા બધા લોકોની વચ્ચે તમે મારી પેલી વાત ખુલ્લી કરી, એવું તમે કોને પૂછીને કર્યું? મારી સ્થિતિનો તો તમે કાંઇ વિચાર જ કર્યો નહિ!"

"ઓહો! તે માટે જ શું તમે મને ઠપકો દેવા આવ્યાં છો? હશે, ચાલો! એ ઠપકો હું ગ્રહણ કરૂં છું; હવે બીજું કાંઇ છે?" વાગ્ભટ્ટે ટોળમાં માનાર્થ અનેકવચનનો ઉપયોગ કર્યો.

આ વાત આટલેથી ટૂંકી થઇ જશે એમ સુભગાએ ધાર્યું નહોતું. સ્હવારે અપાશરામાં મળેલા સંઘમાં કેવી રીતે વાત થઇ અને શું બોલાયું તે જાણવાની તેની ઇચ્છા હતી, પણ વાહડે એ વાતને ઉડાવી દેવા જેવું કર્યું એટલે તે જાણવાને સુભગાની અધીરાઇ વધી. તે બોલી: "પણ ત્યાં શું થયું તે તો મને કહો! મારૂં નામ સાંભળીને લોકોએ મને લુચ્ચી માની હશે."

"તમે તો મને ઠપકો આપવા જ આવ્યાં છો ને? તે મેં ગ્રહણ કર્યો; પછી બીજી વાત શાને પૂછો છો? આપણે કાંઇ એ જવાબ આપવાના નથી!"

સુભગા સ્વલ્પ રોષ કરતી વાહડની નિકટ ગઇ અને તેનો હાથ પોતાના હાથમાં લેતી બોલી: "એમાં આટલું માન શાને આવે છે? પૂછું છું તે તો કહો!"

"પણ એ વાત કહેવાનો બદલો મને શું મળશે?"

"હું વળી તમને શો બદલો આપું? આમ ઘેલું શાને બોલો છો? જલ્દી વાત કહોને!"

"નહિ! આજ રાત્રિ અહીં રોકાવાની શરત કબૂલ હોય તો વાત કહું."

સુભગા હસી અને બોલી: "કાંઇ ઘેલા થયા છો? હું તો કોઇને કહ્યા વિના મારી ભાભીને જૂઠું કહીને અહીં સાથે તેડી લાવી છું. મારે તુરત પાછાં જવું જોઇએ, અને કોઇ જાણે કે હું અહીં આવી'તી, તો મારી હાંસી થાય! મારી સખીઓ મને વરઘેલી કહીને પજવે!"

"આપણે વરઘેલાં હોઇએ તો બધાં કહે જ તો! પણ એ શરત વિના તો આપણે વાત કહેવાના નથી!"

"હશે, એ શરત બનશે તો પાળીશું, પણ એક વાર એ વાત કહો."

"अनृतं साहसं माया मूर्खत्वमतिलोभता એમાંનો 'મૂર્ખત્વ'નો ગુણ તારામાં પણ હશે એવું હું અત્યારસુધી માનતો નહોતો, પણ અત્યારે હું માનવા લાગ્યો છું." વાહડ બોલ્યો.

"મેં ઠપકો શબ્દ વાપર્યો, તેના બદલામાં મને આ સરસ્વતી સંભળાવવા માંડી હશે, કેમ?" એમ કહેતાં સ્મિત કરીને સુભગાએ પતિના ગાલ ઉપર ધીમી લપાટ મારી.

"મૂર્ખતા નહિ તો બીજું શું? તારૂં પરાક્રમ સાંભળીને તો સંઘના આગેવાનો ચકિત થઇ ગયા! મોતીની માળા અને ભૂપાળદેવી સાથે થએલી વાતચીત સાંભળીને તો તારા પિતાના આશ્ચર્યનો પણ પાર રહ્યો નહિ! મેં જ્યારે એવું કહ્યું કે આચાર્ય મહારાજને પણ આ ખબર મેં જ આપ્યા હતા અને તેને આધારે તેમણે દંડનાયકને પત્ર લખીને પાટણમાં થતા એવા અનર્થો તરફ તેમનું લક્ષ ખેંચ્યું હતું, ત્યારે તો સૌ દિગ્મૂઢ બની ગયા!"

પતિની પીઠપર જરા રોષમાં ધબો મારીને સુભગા છેડાતી બોલી: "જાઓ, જાઓ, આવું ડહાપણ તમે કરી આવ્યા છો? તે વખતે તો હું કુંવારી હતી અને આપણી વચ્ચે છાનો પત્રવહેવાર હતો એ વાત એ રીતે ખુલ્લી થઇ ગઇ! હાય–હાય! આ વાત મને કોઇ પૂછશે તો મારે કેટલું શરમાવું પડશે?"

"તે તું જાણે! તો પછી કુંવારા પત્રવહેવાર નહોતો કરવો!" વાહડે હસીને કહ્યું.

"જુઓ, પાછા એવું બોલો છો કે? પોતાનો વાંક તો કાંઇ સુજતો નથી! તમે પણ મારા પર પત્ર લખીને મને લોભાવતા એ ભૂલી ગયા? અને પછી તો આચાર્ય મહારાજના પત્રો મારા પિતા ઉપર આવતા, તે જ ઉંટ-

વાળા સાથે તમારા ઉપર છાનો પત્ર લખી મોકલવાની સગવડ મને મળતી, તેથી આપણા પ્રેમતરંગો ચાલુ થયા! તમે કાંઇ ડાહ્યા ડમરા બનીને છાના બેસી રહ્યા નહોતા! મોટા શ્લોકના શ્લોક કાગળમાં ચીતરી નાંખતા હતા!"

"એ બધી ખરી વાત, પણ સૌથી પહેલો તો તમારો જ પત્ર આવ્યો હતો કે નહિ? એમાં કાંઇ મારો વાંક હતો?"

"મૂર્ખ હું! તમારી વિદ્યાની પ્રશંસા સાંભળીને મારાથી રહેવાયું નહિ અને મારાથી પત્ર લખાઇ ગયો! હવે અત્યારે મારે જ સાંભળવાનો વખત આવ્યો! મારા એ સાહસને માટે મને હવે બહુ પસ્તાવો થાય છે!"

"ઠીક! 'મૂર્ખત્વ' ની સાથે 'સાહસ' નો અવગુણ પણ તમારા જ મુખે સિદ્ધ થયો. એ સાહસ કરીને પસ્તાયાં, ત્યારે પહેલેથી વિચાર કરવો જોઇતો હતો!"

"પણ તેમાં તમે મારો એકલીનો વાંક શાને કાઢો છો? મેં તો સહજ પત્ર લખ્યો, તેમાં તમે યુક્તિ કરીને તમારા પિતાજી પાસે મારા પિતાજી ઉપર પત્ર લખાવ્યો! ત્યારે તમે પણ વાંક તો કર્યો જ ને? મને પરણવાની જો તમારી ઇચ્છા નહોતી, તો મારો પત્ર ફાડીને ફેંકી દેવો હતો, પણ તમે જ યુક્તિઓ કરીને મને આ લગ્નપાશમાં ગુંથી લીધી છે!"

"ત્યારે લગ્નપાશમાં નહોતું ગુંથાવું! પણ હવે ગુંથાયાં છો, તો આ બાહુપાશમાં પણ ગુંથાવું પડશે!" એમ કહી વાહડ ઉઠયો અને સુભગાની દેહલતાને ભુજબંધે ઘેરીને છાતી સરસી દાબીને તેના કપોલ ઉપર મધુરૂં ચુંબન લીધું. સુભગા પતિના એ પ્રેમપ્રસાદનો આસ્વાદ લેતી મ્હોં મચકોડીને બોલી: "ચાલો, હવે એ અટકચાળું જવા દો, અને સીધી વાત કરો. પછી સંઘના આગેવાનો શું બોલ્યા?"

"મેં જ્યારે મોતીની માળાની વાત કહી અને તારા પિતાએ તે વાતને ટેકો આપ્યો, ત્યારે સંઘે એ વાતને ખરેખરી માની લીધી અને સૌ બોલ્યા કે ઝવેરીની દિકરીએ ભારે ચતુરાઇથી વાત જાણી લીધી છે!"

"પછી–પછી–" સુભગા અધીરૂં વદન કરીને કિંચિત્ સ્મિત કરતી પતિના વદન સામે નિહાળી રહી.

"પછી, મારી વાત ઉપર સંપૂર્ણ ભરોસો રાખીને તથા આચાર્ય મહારાજે જુદા જુદા પત્રોમાં જે બાબતો તરફ અહીંના સંઘનું લક્ષ ખેંચ્યું હતું તે તરફ ધ્યાન રાખીને સંઘે હડતાળ પાડવાનો ઠરાવ કર્યો. છેવટે રાજાને કેવી રીતે નમી જવું પડયું એ તો તું જાણે છે! તું જાણે છે કે–સિદ્ધરાજને કોણે નમાવ્યો છે?"

"ના!"

"મારી સુભાગિની સુભગાએ!" એમ કહેતાં વાહડે સુભગાને ચુંબનોની વૃષ્ટિથી ગભરાવી મેલી અને પછી કહ્યું: "જો તેં આ વાત ન જાણી હોત, તેની પૂરતી સાબીતી ન મેળવી હોત, તો આજે સંઘ આટલી હિંમતથી આ પગલું ભરી શકત નહિ, રાજા માનત નહિ અને તેનો જુલમ વધતો જાત! ઓ મૂર્ખી! તું મને ઠપકો આપવા આવી છે, પણ તેં તો પાટણની પ્રજા ઉપર મોટો ઉપકાર કર્યો છે! ત્યારે મારો આભાર માન કે તારી વાતનો મેં આવો સારો ઉપયોગ કર્યો અને પાટણનું પ્રજાબળ વધારી તેની મહત્તાનો વિકાસ કર્યો!"

"અંહ! મારા એ ઠપકાથી તમને માઠું લાગ્યું શું? હું તો અમસ્થું એવું કહેતી હતી! મારા મનમાં તો એવું કાંઇએ નહોતું!" સુભગા આનંદસ્મિતનું દર્શન કરાવતી બોલી.

"ઠીક! એ તમે જૂઠું પણ બોલ્યાં! 'અનૃત' નો અવગુણ પણ તમારામાં છે, એ સિદ્ધ થયું."

"જાઓ, જાઓ, તમે તો મારા અવગુણ ગાવાનો ધંધો લઇ બેઠા છો! છોડો, મને જવા દો!" સુભગા પતિના બાહુપાશમાંથી છૂટવાને ફાંફાં મારતી બોલી.

"હવે જાય ક્યાં? પહેલેથી શરત કરી છે એ ભૂલી ગઇ?"

"શરત કેવી ને વાત કેવી? ગાંડાઇ ન કરો, મેં કોઇને કહ્યું નથી તેથી મારાથી રહેવાય નહિ—મારી હાંસી થાય."

"એમાં શું છે? લીલાદેવી ઘેર જઇને વાત કહેશે એટલે ચાલશે."

"પણ મારે અહીં રહેવું જ નથીને! ચાલો, મને છોડી દો!"

"अशौचत्वं निर्दयत्वम् એમાંની 'નિર્દયતા'નો દોષ પણ તમારામાં લાગે છે ખરો!"

"હવે એવી મશ્કરી જવા દો! પ્રહર રાત વીતી જવા આવી અને પછી બહુ મોડું થશે."

"હું મશ્કરી નથી કરતો, સુભગા! આટલે વખતે હું તને મળ્યો અને શું તું આમ થોડી વાર રહીને ચાલી જઇશ? મારે હજી તને ઘણું કહેવાનું છે."

"જે કહેવાનું હોય તે હવે ઉતાવળે કહો; બહુ વાર થઇ ગઇ છે!"

"એમ ન કહેવાય! અહીં રહે તો જ કહું."

"ના, હું રહેવાની તો નથી જ. તમારી વાતમાં તમારી ઘેલી વાતો વિના બીજું કાંઇ નહિ હોય ! કાંતો હું પિતૃગૃહે આવ્યા પછી સંસ્કૃત ભાષામાં એકાદ કાવ્ય લખી કાઢયું હશે અને તેના શ્લોકો મને સંભળાવવાના હશે !" સુભગા પતિના વદન સામે નિહાળી રહેતી બોલી.

"જે કાંઇ કહેવાનું છે તે કહીશ, પણ તું આજે અહીં રહે !"

"ના, છોડો મને જવા દો ! લીલાદેવી કયારની એકલી બેઠી છે તે મુંઝાતી હશે." એમ કહેતી એક આંચકો મારીને સુભગા પતિના બાહુ-પાશમાંથી છૂટી અને હરિણી વાઘના પંજામાંથી છૂટે તેમ છૂટીને ફાળો ભરતી બારણા તરફ નાઠી !

"પણ ઉભી રહે, એક વાત કહું !" તેને ઉતાવળે જતી જોઇને વાહડ બોલ્યો.

"મારે તમારી વાત સાંભળવી નથી !" સુભગા પાછું વાળીને જોયા વિના જ બોલી.

"અંહ ! આટલી ઉતાવળ ! આટલી નાદાની ! મૂર્ખતાની તે કાંઇ હદ ?" વાહડ બોલ્યો. સુભગાએ દ્વારમાંથી નીકળતાં નીકળતાં એ શબ્દો સાંભળ્યા પણ ઉત્તર આપવાને થોભ્યા વિના જ તે ભાભી પાસે ચાલી ગઇ અને પછી નણંદ–ભોજાઇ બન્ને ત્યાંથી સત્વર નીકળી ગયાં ! વાહડ કિંચિત્ નિરાશા અને ગ્લાનિ અનુભવતો બિછાનામાં પડયો અને સુભગાના મનહર વદનકમળનું ધ્યાન ધરતો ધરતો ઉંઘી ગયો.

પ્રકરણ ૯ મું.

અધીરી નવોઢા.

સુભગા લીલાદેવીની સાથે પોતાના પિતાને ઘેર પાછી આવી તે વખતે એક પ્રહર રાત્રિ વીતી ગઇ હતી અને ઘરમાં સૌ કોઇ બિછાને જવાની તૈયારી કરી રહ્યાં હતાં. લીલાદેવી નણંદથી છૂટી પડીને પોતાના ઓરડામાં ભરાઇ. સુભગા પણ પોતાના બિછાનામાં જઇ પડી. આજે થએલા સંમી-લન–પ્રસંગનું સ્મરણ કરતી આનંદ પામવા લાગી. પરન્તુ તેના એ આનં-દમાં અવ્યક્ત અસંતુષ્ટતા રહેલી હતી અને તેથી એ આનંદવિચારમાં પણ તે કોઇ કોઇ ક્ષણે એકાએક ખિન્ન બની જતી હતી. પોતાના પ્રેમી પતિને કેટલાક વખત પછી મળવાથી આજે સુભગાને આનંદ થયો હતો. પોતે

પોતાની કુતૂહલવૃત્તિને સંતોષવાને જે એક કાર્ય હતું તે કાર્ય આટલું મૂલ્યવાન થઇ પડ્યું અને પાટણની પ્રજાનું બળ જાળવી રાખવામાં અત્યંત ઉપયુક્ત થઇ પડ્યું તેથી તો તે હર્ષોન્મત્ત જેવી બની ગઇ હતી. શ્વસુરગૃહે સુભગાનું માન ઘણી સારી રીતે જળવાતું હતું. તે પતિની પ્રીતિનું પાત્ર બની હતી એટલું જ નહિ પણ તેના ગુણોએ પોતાના નાના દિયરો અંબડ અને સોલાક તેમ જ શ્વસુર ઉદયન મંત્રીને પણ તેની પ્રશંસા કરતા બનાવ્યા હતા. સુભગાની સાસુ હેમકુંવરબાઇ તો એ ચતુર પુત્રવધૂના કોઇ ગુપ્ત મંત્રથી તેને જ વશ બની ગઇ હતી ! ગૃહકાર્યમાં બહુધા હેમકુંવરબાઇની સલાહ જ લેવાતી, પરન્તુ સુભગા આવ્યા પછી જાણે તેને જ ગૃહની અધિષ્ઠાત્રીનું પદ આપવામાં આવ્યું હોય તેવી રીતે હેમકુંવરબાઇએ પોતાના માથા ઉપરનો બોજો દિવસે દિવસે ઓછો કરવા માંડ્યો હતો. સુભગા ડાહી અને સુલક્ષણી હતી. વયમાં નાની હોવા છતાં પિતાને ઘેર સારી પેઠે કેળવાઇ હતી. મંત્રીના ઘરનો મોટો ભાર એકાએક માથાપર આવી પડતાં પહેલાં તો તે જરા અકળાઇ. પછી તેણે ધીમે ધીમે માર્ગ કરવા માંડ્યો. પહેલાં જે કાર્યો અવ્યવસ્થિત રીતે થતાં હતાં તે સઘળાં તેણે એવાં વ્યવસ્થિત કરી દીધાં કે ધીમે ધીમે પોતે પણ એ બોજામાંથી નીકળવા લાગી. પતિગૃહે આવ્યા પછી એક મહિનામાં તો તેણે સાસુને ગૃહકાર્યભારમાંથી મુક્ત કર્યાં અને ધર્મધ્યાન તરફ તેમના ચિત્તને વાળ્યું, તેમ જ પોતે પણ એ ભારમાંથી બહુ અંશે નિવૃત્ત થઇ પોતાના નિત્યના પ્રિય અભ્યાસમાં નિયમિત રીતે રોજ થોડો થોડો વખત ગાળવા લાગી. પહેલાંની અવ્યવસ્થાને સુભગાએ થોડી વારમાં સુવ્યવસ્થાના રૂપમાં ફેરવી નાખી, પોતે પતિસેવાને તેમ જ અભ્યાસને માટે નિવૃત્તિ મેળવવા લાગી અને છતાં સૌની તબીયત પહેલાં કરતાં વધારે સારી રીતે જળવાવા લાગી. ઉદયન મંત્રીના ધ્યાનની બહાર એ જરા પણ નહોતું. સુભગાની ગૃહવ્યવસ્થાની નિયમિતતાથી ઉદયનને પોતાને પણ પોતાના કેટલાક કાર્યમાં અને ટેવોમાં નિયમિત બની જવું પડ્યું હતું અને તેથી રાજકાર્યમાં પહેલાં કરતાં હવે તે વધારે કામ બજાવી શકતો હતો, છતાં તેનું તન કે મન થાકતાં નહિ ! ગૃહવ્યવસ્થાના આ મોટા ફેરફારથી ઉદયનને એટલો બધો આહ્લાદ થયો હતો કે એક વાર તો તે હેમાચાર્યની પાસે જ્યારે બેઠો હતો અને બરાબર તે જ વખતે હેમકુંવરબાઇ તથા સુભગા દર્શનાર્થે આવ્યાં હતાં, ત્યારે તેમના સાંભળતાં હેમાચાર્યને સુભગાની પ્રશંસા કરતાં ઉદયને કહ્યું હતું કે: "આચાર્ય મહારાજ ! હું રાજ્યનો મંત્રી થયો પરન્તુ ગૃહવ્યવસ્થાનો મંત્રી થઇ

શક્યો નહિ ! વાહડને પરણાવીને હવે હું એ મંત્રી પણ મેળવી શક્યો છું ! એ મંત્રીની કાર્યદક્ષતાને પ્રતાપે મારામાં નવું જોમ અને નવો ઉત્સાહ આવે છે.” એ પ્રમાણે સુભગા શ્વસુરગૃહે પણ માનનું પાત્ર થઇ પડી હતી. આ સર્વ પ્રકારની સંતુષ્ટ વૃત્તિમાં તેની અવ્યકત ખિન્નતાથી સુભગાના મનને દુઃખ થતું હતું. એ ખિન્નતાનું કારણ તેના મનનો એક અસંતોષ હતો. પોતે પતિમુખનું દર્શન કરીને કૃતાર્થ થઇ, પરંતુ છેવટ જતાં પતિની એક વાત નહિ સાંભળવા જેવી તેમની અવગણના કરીને પોતે ઉતાવળી ઉતાવળી ચાલી નીકળી, પતિને અસંતોષ રહી ગયો, તેમને તેથી ખેદ થયો, છેવટે ગુસ્સો પણ આવ્યો, છતાં પોતે તેમની અવગણના કરી અને તેમનું સાંભળ્યું પણ નહિ, તે માટે અત્યારે રહી રહીને હવે તેને પસ્તાવો થતો હતો ! પતિની આજ્ઞાના ઉલ્લંઘનને મોટું પાપ સમજનારી બાળાએ તે સમયે તો ત્વરાના આવેશમાં પતિના કથનની અવગણના કરી, પરન્તુ હવે તેના મનને શોક થવા લાગ્યો—પોતાના અવિચારીપણા ઉપર તેને તિરસ્કાર આવવા લાગ્યો ! તે વિચારવા લાગી: “ ખરેખર, છેવટ જતાં તે મારા પર ગુસ્સે જ થઇ ગયા હતા અને છતાં મેં મૂર્ખીએ તેમનું માન્યું નહિ, સાંભળ્યું નહિ અને ચાલી નીકળી. એમને મને શી વાત કહેવાની હશે ? કાંઇ અગત્યની વાત તો નહિ રહી ગઇ હોય ? બળ્યું મારૂં નિર્દય મન ! તે વખતે તેમણે મને કેટલું બધું કહ્યું ? છતાં મેં માન્યું નહિ અને તેમને વ્યર્થ દુઃખ આપ્યું ! તેમના પ્રેમના આવા પ્રબળ પ્રવાહને અધવચથી એકાએક તોડી નાંખનારી મારા જેવી મૂર્ખી દુનિયામાં બીજી કોઇ નહિ હોય ! હવે હું શું કરૂં ? તેમને કેવી રીતે સંતોષ આપું ? મારી ઉચ્છૃંખલતાથી નિરાશ બનીને તે સૂતા હશે અને કોણ જાણે તેમને ઉંઘ પણ આવી હશે કે નહિ ! દિલબર દિલ હોય છે; મારી અહીં આવી સ્થિતિ છે તો તેમની ત્યાં તેવી સ્થિતિ નહિ થઇ હોય શું ? ”

સુભગા ખિન્ન થતી બિછાનામાં પડી રહી. તેણે ચિંતાને વિસારવાને આમતેમ પાસાં ફેરવી ઉંઘ લાવવાને યત્ન કર્યો પણ તે નિષ્ફળ ગયો. જેમ જેમ તે વિચારમાં આગળ વધતી જતી હતી, તેમ તેમ તેના મનને વધારે સંતાપ થતો જતો હતો, અને પતિના પ્રેમપાનની આતુર બાળા વધારે અધીરી થતી જતી હતી. પતિના બાહુપાશનું અને ચુંબનવૃષ્ટિનું સ્મરણ એક બાજુએ તેના અંતરને પુલકિત કરતું હતું, ત્યારે બીજી બાજુએ પોતાની મૂર્ખતાના સ્મરણથી તેનું હૃદય દુઃખથી સંકુચિત થતું હતું. છેવટે મધરાતનાં ઘડિયાળાં વાગ્યાં પણ સુભગા તો બિછાનામાં તરફડીયાં મારતી જ પડી રહી !

ઉંઘ નહિ આવવાથી તે બિછાનામાંથી ઉઠીને બારીએ બેઠી અને શીતળ સમીરને અનુભવવા લાગી. આકાશમાં ચંદ્ર વિરાજી રહ્યો હતો અને કોઇ કોઇ વાર શ્વેત બરફ જેવાં વાદળાંમાં છુપાઇને પશ્ચાત્તાપ કરતી અધીરી સુભગાની હાંસી કરી રહ્યો હતો. વાદળાંઓ થોડી થોડી વારે ચિત્ર વિચિત્ર રૂપમાં બદલાતાં જતાં હતાં અને સુભગા એ રૂપમાં જૂદાં જૂદાં પ્રાણીઓ અને પક્ષીઓનો ભાવ ધારણ કરતી આકાશ તરફ જોઇને વિચાર કરી રહી હતી. એક વાર વાદળાંઓ હાથીના રૂપમાં ભાસ્યાં, તો બીજી વાર સિંહ અને ત્રીજી વાર ગરૂડ પક્ષીના સ્વરૂપમાં દર્શન દેવા લાગ્યાં! ચિત્રપટ ઉપરનાં બદલાતાં જતાં ચિત્રોની પેઠે આ પરિવર્તન પામતા ચિત્રદર્શનમાં મુગ્ધ બનેલી સુભગાનું ચિત્ત ક્ષણભર તેમાં પરોવાયું. કેટલીક વારે વાદળાંનું જૂથ પાછું વિખરાવા લાગ્યું અને નાની નાની વાદળીઓ છૂટી પડીને ચોમેર નાસી જવા લાગી. ચિત્રદર્શન સમાપ્ત થયું હોય અને રંગભૂમિપરનાં ચિત્રપટો સંકેલી લેવામાં આવતાં હોય તેવી રીતે વાદળીઓને નાસતી જોઇને સુભગાના હૃદયમાં પુનઃ શોક ઉભરાઇ આવ્યો. કાલિદાસનો મેઘદૂત સાંભર્યો. યક્ષની વિરહવ્યથાનું સ્મરણ થયું. એક વાદળી ઉદયન મંત્રીની હવેલી તરફ પોતાના પતિના નિવાસસ્થળની દિશાએ નાસી જતી સુભગાના જોવામાં આવી અને કાળિદાસના યક્ષની વિરહવ્યથા પોતાને વ્યથિત કરી રહી હોય તેવી રીતે તેનું હૃદય દુઃખમિશ્રિત અધીરાઇનો અનુભવ કરવા લાગ્યું. એ વાદળીની સાથે સાથે ઉડીને સત્વર પતિની પાસે જવાને હૃદય ઉત્સુક બની ગયું હોય એવું દર્શન કરાવતી સુભગા ધીમે સ્વરે ગાઇ રહી:

*" સખી વાદળી ! સંચરતી તું ક્યે સ્થળ વેગથી રે !
" થઇ શું મમ સમ તું સંતપ્ત વિરહ-દ્રુદ્વેગથી રે ?! ટેક.

" સ્વામી હશે પોઢ્યા શય્યામાં,
" હું અહીં એકલડી પડી રામા,
" અકળાઉં અતિશે એકાંતે કેદથી રે ! સખી.

" તુજ પતિ પર્વતરાજ દૂરે છે,
" મમ સ્વામી તુજ માર્ગ વિષે છે,
" તો શું દયા તુજને દીનની ઉપરે નથી રે ? સખી.

" થોભ ! થોભ ! વાદળી તું અધીરી,
" લે મુજને તુજ સાથ સખીરી !
"મૂકી મને પતિ પાસ, વિચરજે તે પછી રે !" સખી.

---

* રાગ સોરઠ—ત્રિતાલ.

ગીત પૂરૂં થયું કે તુરત ઓરડાની બહારથી અવાજ આવ્યો : "બ્હેન ! ઉઘાડો !"

સુભગા ચમકી અને તુરત તેણે બારણું ઉઘાડયું તો લીલાદેવીને તેણે જોઇ. તે કાંઇ પૂછે તે પહેલાં તો લીલાદેવીએ પૂછ્યું: "અત્યારે શું ગાઇ રહ્યાં છો ? એકલાં કાંઇ ઉંઘ નથી આવતી કે શું ?"

સુભગાનું હૃદય ભરાઇ ગયું હતુ તેથી તે ભાભીનો એ પ્રશ્ન સાંભ-ળતાં જ તેને વળગી પડી અને બોલી: "ભાભી ! ભલે તમે મારી મશ્કરી કરો, પણ અત્યારે મારૂં એક કામ કરો !"

"એવું શું કામ છે ?"

"અત્યારે મારી સાથે ચાલો ! ભાભી ! હું ખરી વાત કહું છું. મારૂં મન અકળાઇ જાય છે."

"પણ એટલું બધું શું છે ? હું તો કાંઇ સમજતી નથી બ્હેન ! કયાં જવું છે ?"

"રાત્રે આપણે ગયાં હતાં ત્યાં જ."

"બ્હેન ! આ તમે શું બોલો છો ? મધરાતે આપણાથી ઘરની બહાર નીકળાય ? તમે તો કાંઇ ઘેલાં બની ગયાં છો કે શું ?"

"હા, હું ઘેલી બની ગઇ છું-પતિ પાછળ ઘેલી બની ગઇ છું ! પછી ભલે તમે મારી મશ્કરી કરજો, હું તે સાંભળી રહીશ; પણ અત્યારે ને અ-ત્યારે મારી સાથે ચાલો ! હું તેમને ગુસ્સે કરીને છટકી આવી છું અને હવે મારૂં મન બળે છે-મને ઉંઘ આવતી નથી."

"પણ રહવારે વહેલાં આપણે ત્યાં જઇશું, પછી શું ?"

"નહિ ભાભી ! મારાથી હવે અહીં નહિ રહેવાય ! તમે નહિ આવો તો હું એકલી જવાનું સાહસ કરીશ ! ભલે માતાપિતા લડે, સખીઓ મશ્કરી કરે અને મૂર્ખી કહે !"

લીલાદેવી પણ સુભગાની આ હઠથી અકળાઇ. જુવાનીના તરંગોમાં નણંદ અને ભોજાઇ બન્ને એકસરખી રીતે ન્હાતાં હતાં, એટલે સુભગાની અત્યારની મનોદશાનો કાંઇક ખ્યાલ લીલાદેવીને પણ આવી શકયો. તે સમજી કે સુભગાને સમજાવવી એ નિષ્ફળ છે. તેથી તેણે થોડો વિચાર કર્યો. એક વિશ્વાસુ વૃદ્ધ ચાકરને તેણે ધીમેથી જગાડયો અને પછી પોતે સ્વામીની પાસે જઇને તેને પણ જગાડયો. બ્હેનની આવી વાત ભાઇને કહેવાય નહિ, તે લીલાદેવી સમજતી હતી, તેથી તેણે પતિને સમજાવ્યું: "કાંઇ રાજખટપટને કારણે વાહડદેવ તરફથી સુભગા બ્હેનને તેડવા અ-

ત્યારે માણસ આવ્યું છે; તે ત્યાં જવા તૈયાર થયાં છે તેથી હું તેમની સાથે જઉં છું. કાંઇ ભય ન રહે માટે આપણા ચાકરને સાથે તેડી જઉં છું.” પતિએ રજા આપી એટલે લીલાદેવી એ અધીરી નવોઢાને સાથે લઇને ઉદયન મંત્રીની હવેલી તરફ ચાલી.

હવેલીમાં પ્રવેશ કરતાં સુભગાને અડચણ નડી નહિ કારણકે ડહેલીના રખવાળો તેને સારી રીતે પિછાણતા હતા. સુભગા સીધી પતિના સુવાના ઓરડામાં આવી અને લીલાદેવી ચાકરની સાથે જ ઘર તરફ પાછી ફરી. વાહડ અત્યારે ભરનિદ્રામાં પડયો હતો. ઓરડાનાં દ્વાર ખુલ્લાં હતાં એટલે તેમાં પ્રવેશ કરીને સુભગાએ દ્વાર બંધ કર્યા. વાહડના હસ્તને સ્પર્શ કરીને તેને જગાડયો અને વાહડ એકાએક ઉંઘમાંથી ઉઠી પોતાની સામે સુભગાને જોઇ બહુ જ આશ્ચર્ય પામ્યો. પોતે જાગે છે કે સ્વપ્નમાં છે એવું જ તેને થઇ ગયું. તેણે પૂછયુંઃ “સુભગા! શું તું અત્યારે પાછી અહીં આવી?”

સુભગા ગળગળી થઇ જતી બોલીઃ “હા નાથ! હું અહીંથી ગઇ તો ખરી, પણ પછી મને બહુ જ પસ્તાવો થયો! તમારી આજ્ઞા માની નહિ, તમારી વાત સાંભળી નહિ અને તમારી અવગણના કરીને ચાલી ગઇ એ શલ્ય મારા હૃદયને ખૂંચવા લાગ્યું તેથી અત્યારે પુનઃ હું તમારી સેવામાં હાજર થઇ છું!”

વાહડ આ વાત સાંભળીને ચકિત થયો. સુભગાના હૃદયની સુકોમળતા, સરળતા, પ્રેમાળતા અને ભક્તિમત્તાનું ભાન થતાં તેણે પ્રેમોન્માદથી સુભગાને પોતાના બાહુદ્વયમાં ઉંચકી લીધી અને બિછાનામાં સુવાડી કહ્યુંઃ “સુભગા! તું મારી વાત સાંભળ્યા વિના ચાલી ગઇ હતી ખરી, પણ મને તેથી કાંઇ દુઃખ લાગ્યું નથી! મને સહજ તારાપર રોષ આવ્યો હતો પણ તે સ્વલ્પ સમય પણ ટકયો નહોતો! તારી એ લજ્જાશીલતાનો હું પ્રશંસક છું, સુભગા! શું તેથી જ તું અધીરી થઇને આટલી રાત્રે અહીં પાછી આવી?”

“હા નાથ! મારૂં મન માન્યું નહિ અને સંતાપ થવા લાગ્યો એટલે શું કરૂં? પણ તમે જે કાંઇ વાત કહેવાના હતા તે કહો! મારૂં ચિત્ત તેમાં પરોવાઇ રહ્યું છે.”

“એ વાત! એ વાત તો બહુ નાની છે, અને તે તો હું તને કાલે પણ કહી શકત. પિતાજી તને બહુ સંભારે છે અને ગૃહકાર્ય તથા બીજાં કાર્યોમાં પુનઃ અનિયમિતતા ચાલવાથી તેમની તબીયત બરાબર રહેતી નથી.

તેમની તબીયત સારી નહિ હોવાથી જ થોડા રાજકાર્યને માટે તેમને બદલે મારે અહીં આવવું પડયું છે. તેથી તને સાથે તેડી આવવાની મને પિતાજીએ સૂચના કરી છે. ઘરમાં સર્વત્ર અનિયમિતતા ચાલી રહી છે તેથી તે બહુ અકળાયા કરે છે. એક દિવસમાં દશ વાર 'ગૃહમંત્રી' શબ્દ બોલીને તને યાદ કરે છે! કેમ, તું આ વખતે મારી સાથે આવીશને?"

"તમે મારા પિતાજીને ત્યાં સંદેશો કહાવજો, એટલે તેમની આજ્ઞા લઇને હું આવીશ."

"તું બહુ ગભરાઇ ગઇ લાગે છે, નહિ વારૂ? તારૂં હૃદય બહુ થડકે છે અને ઉત્તર આપતાં પણ તું બહુ ગંભીર દેખાય છે! તારા વિનોદ વિનાનો તારો આવો ઉત્તર મને બહુ શુષ્ક લાગે છે!"

"કાવ્યપ્રવાહમાં નાહીને તરબોળ થયા હોય તેમને તો અમે શુષ્ક જ જણાઇએને!" એમ કહેતાં પતિના ગાલપર ઝીણી ચુંટી ખણી સુભગાએ પોતાના વિનોદી સ્વભાવને જાગૃત કર્યો. વાહડ એ આનંદમાં સ્નાન કરી રહ્યો. પુનિત પ્રેમનો આસ્વાદ લેતાં અને દેહ તથા હૃદયનું ઐક્ય સાધતાં એ પતિપત્ની નિદ્રાવશ થયાં.

તૃતીય ખંડ.

પ્રકરણ ૧ લું.

ખંભાતમાં.

પ્રભાતનો સમય છે. ગ્રીષ્મ ઋતુ ચાલતી હોવાથી પ્રભાતનો બાલસૂર્ય પણ મનુષ્યોનાં તનને બહુ સંતાપ ઉપજાવી રહ્યો છે. ખેતરમાં મજૂરી કરી રહેલા ખેડૂતો પ્રસ્વેદથી ન્હાઇ રહ્યા છે અને થોડું કામ કરી પુનઃ વિરામ લઇ વળી કામ આગળ ચલાવે છે. વટેમાર્ગુઓ મધ્યાહ્ન થવા પૂર્વે ઇષ્ટ સ્થળે પહોંચી જવાને ઉતાવળાં ડગલાં ભરતા જાય છે. આ વખતે હેમાચાર્ય અને તેમનો શિષ્ય બાલચંદ્ર ઉઘાડે પગે અને ખુલ્લે માથે એકલા એક દિશાએ ચાલી રહ્યા છે. તેમની સાથે બીજું કોઇ પણ નથી. સૂર્યના તાપથી તેમના વદન ઉપર પણ પરસેવાની ધારાઓ ચાલી રહેલી જોવામાં આવે છે અને વારંવાર પોતાના વસ્ત્રવડે તે લૂછતા આગળ ચાલી રહ્યા છે. કેટલેક આગળ જતાં વડનું એક ઘટાદાર વૃક્ષ આવ્યું એટલે બાલચંદ્રે કહ્યુંઃ "ગુરૂમહારાજ! હવે અહીં થોડી વાર આરામ લઇએ તો સારૂં. મને થાક લાગ્યો નથી, પણ આ તાપથી હું કંટાળી ગયો છું." એમ કહી બાલચંદ્રે હાથમાંની ઝોળી વડની છાયા હેઠળ મેલીને પોતે પરસેવો લૂછવા માંડયો.

હેમાચાર્યે ઉત્તર આપ્યોઃ "હવે માત્ર એક ઘટિકાસુધી આપણે આગળ ચાલવાનું છે, માટે ગમે તેમ કરીને આગળ ચાલ." એમ કહી હેમાચાર્યે આગળ ચાલવાનું ચાલુ રાખ્યું એટલે બાલચંદ્રને પણ સાથે ખેંચાઇને ચાલવું પડયું, તોપણ તેને ગુરૂની એ આજ્ઞા ઉપર કંટાળો આવ્યા વિના રહ્યો નહિ. તેણે ચાલતાં ચાલતાં પૂછયુંઃ "પણ આપણને આ વગડામાં કોણ મળવા આવશે તે તો આપ નિશ્ચિત રીતે કહેતા નથી અને જાણતા પણ નથી; પછી આટલો બધો શ્રમ શામાટે લેવો જોઇએ?"

"આપણો એ શ્રમ જો અત્યારે અફળ જશે, તો પછી હું જ્યોતિષ્ વિદ્યા નહિ ભણવાનો સૌને ઉપદેશ કરીશ અને આખી જ્યોતિષ્ વિદ્યાને જ જૂઠી માનીશ." હેમાચાર્યે કહ્યું.

ગુરૂનો આવો દૃઢ ઉત્તર સાંભળીને બાલચંદ્ર મૌન રહ્યો. એક ઘટિકાસુધી પ્રવાસ કરીને તેઓ એક જંગલી વાવની પાસે આવી પહોંચ્યા.

વાવના કોઠાપર એક નાનું વૃક્ષ હતું તેની છાયામાં વાવના કોઠાના પત્થરપર ગુરૂ–શિષ્ય એક વસ્ત્ર પાથરીને બેઠા. હેમાચાર્યે પોતાના હાથમાં એક ઠીકરી લઇને તે વડે પત્થર ઉપર કાંઇક જ્યોતિષનું આલેખન કર્યું. બે ત્રણ કુંડળીઓ તથા એકાદ બે ચક્રવ્યૂહો કાઢયા અને પછી તે ઉપર શાંત મનજે વિચાર ચલાવવા માંડયો. થોડી વાર વિચાર કરીને તેમણે પોતાના મનમાં કાંઇક દઢ નિશ્ચય કર્યો હોય એમ તેમના વદન ઉપરથી જણાયું. તેમણે શિષ્યને કહ્યું: "બાલચંદ્ર! બરાબર આ સમયે અને આ સ્થળે ઇશાન કોણમાંથી આપણને કોઇ આવી મળવું જોઇએ."

"ઇશાન કોણમાંથી?" બાલચંદ્રે તે દિશાએ નજર કરી અને કહ્યું: "ઇશાન કોણમાંથી તો કોઇ ખેડૂત જેવો ટહેલતો ટહેલતો આવે છે!" એમ કહેતાં બાલચંદ્રથી હસી જવાયું. તે મનમાં બોલ્યો: "ગુરૂદેવે કહ્યું હતું કે કોઇ મોટો માણસ મળશે, તે એ ખેડૂત જ એ મોટો માણસ હશે!"

હેમાચાર્ય તે દિશાએ જોઇ રહ્યા. ખેડૂત વધારે ને વધારે નજીક આવવા લાગ્યો, તેમ તેમ બાલચંદ્રને વધારે હસવું આવવા માડયું, કારણકે દૂરથી એ માણસ ખેડૂત જેવો દેખાતો હતો, પરન્તુ જેમ જેમ તે વધારે નિકટ આવવા લાગ્યો તેમ તેમ તે એક ભિખારી જેવો જ દેખાવા લાગ્યો! બાલચંદ્રથી હવે મૌન રહેવાયું નહિ. તે બોલ્યો: "મહારાજ! આ તો ખેડૂત નાહ પણ કોઇ ભિખારી છે! તેને માટે આજ રહવારનું વ્યાખ્યાન બંધ કરીને, આટલા તાપમાં અને આટલે દૂર શું આપણે આવ્યા છીએ?"

"અધીરો શાને થાય છે? થોડી વાર રાહ જોઇશું. કદાચ તેની પાછળ–" એટલું કહીને હેમાચાર્ય અટકી ગયા, કારણકે કોઇ અગમ્ય પ્રેરણાથી એ ભિખારી સીધે માર્ગે ચાલ્યા જવાને બદલે એ વાવ તરફ ચાલ્યો આવતો હતો! ગુરૂ–શિષ્ય મૌનપણે તેની સામે જોઇ રહ્યા અને થોડી વારમાં તે ભિખારી તદ્દન પાસે આવી પહોંચ્યો તથા તેમને બે હાથ જોડીને વંદન કરી ઉભો. હેમાચાર્ય એકીદૃષ્ટે તેની સામે જોઇ રહ્યા અને જાણે કે તેના મ્હોંપરની રેષાઓ ઉકેલતા હોય તેવી રીતે થોડી વાર મૌન રહીને પછી બોલ્યા: "કુમારપાળ! તું અત્યારે અહીં કયાંથી? અને શું આવી સ્થિતિમાં?"

બાલચંદ્ર તો એ સંબોધન સાંભળીને ચમક્યો. વધારે સૂક્ષ્મ નિરીક્ષણને અંતે તેની પણ ખાત્રી થઇ કે એ ભિખારી કુમારપાળ હતો! તે મનમાં ગુરૂની જ્યોતિષ્ વિદ્યાની પ્રશંસા કરવા લાગ્યો અને ક્ષણભર ગુરૂની ઉપેક્ષા કરવા માટે મનમાં પસ્તાવા લાગ્યો. કુમારપાળે હેમાચાર્યના પ્રશ્નનો

ઉત્તર આપતાં કહ્યું: "આચાર્ય મહારાજ! તમે મને ઓળખ્યો, એ ઠીક ન થયું. હું તો ચોરી-છૂપીથી નાસતો ફરૂં છું. આપે મને ઓળખ્યો માટે હવે આપનો સંગ પણ મારે જલ્દી છોડવો પડશે."

"શામાટે વારૂ? તું જાણે છે કે હું તને લેવાને આટલે દૂર આવ્યો છું?"

"શું મને લેવાને? આપને કોણે કહ્યું કે હું અત્યારે અહીં આવવાનો છું?"

"જ્યોતિષ્ વિદ્યાએ જ તે મને કહ્યું હતું!"

કુમારપાળ એ સાંભળીને બહુ આશ્ચર્ય પામ્યો અને બોલ્યો: "મહારાજ! આપ જગદ્વંદ્ય ત્યાગી મહાત્મા છો અને આપે મને મળવા આવવાની તસ્દી શામાટે લીધી? આપ જાણતા હશો કે સિદ્ધરાજના ત્રાસથી ગામે ગામ અને વને વન ભટકતો હું એક ભિખારી છું અને મારા ભાગ્યમાંથી સુખનો સર્વથા લોપ થયો છે. આપે મને ન ઓળખ્યો હોત તો હું નજીકના કોઇ ગામમાં અજ્ઞાતવાસમાં થોડો વખત ગાળીને આ ક્ષુદ્ર આયુષ્યને થોડું ટૂંકું કરવા ભાગ્યશાળી થાત! હવે મારે કોઇ બીજી દિશાએ ચાલ્યા જવું પડશે!"

"શામાટે વારૂ? મારો નિવાસ હાલમાં ખંભાતમાં છે અને ખંભાતમાં કોઇ તારો વાંકો વાળ કરશે નહિ, માટે મારી સાથે ત્યાં ચાલ."

"ખંભાતમાં મંત્રી કોણ છે?"

"ઉદયન મંત્રી!"

"ઓહ! એ તો ચાહડનો પિતા! ના, મહારાજ! મને ક્ષમા કરો; હું ત્યાં નહિ આવું!" કુમારપાળ ભયભીત મુખમુદ્રાથી બોલ્યો: "મહારાજ! હવે તો મારે ક્યાંય બીજે જ જવું પડશે!"

"કુમારપાળ! તું ભયભીત ન થા! ઉદયન ભલે સિદ્ધરાજનો મંત્રી રહ્યો, પરંતુ તે મારી આજ્ઞામાં છે તેથી તને જરા પણ ઇજા કરશે નહિ! મારા પર વિશ્વાસ રાખ. હું તને ખંભાતમાં જરા પણ દુઃખી થવા દઇશ નહિ."

"પણ મહારાજ! હું દરિદ્રી ઉપર આપનો આટલો બધો પક્ષપાત શામાટે થાય છે, તે હું સમજતો નથી!"

"ભવિષ્યમાં કોઇ વાર સમજાશે. પણ તું અત્યારે ક્યાંથી આવે છે વારૂ?"

"હું તો છ માસથી ભટકતો ભટકતો દધિસ્થળીથી આવું છું. સિદ્ધરાજના ત્રાસથી એક વર્ષ સુધી બાવો બનીને જ્યાં ત્યાં ભટક્યો અને એક વાર પાટણ ગયો, તો ત્યાં પણ સપડાયો અને માંડમાંડ નાઠો! બહુ દુઃખી

થઇને મોતમાંથી બચીને છેવટે હું દધિસ્થળી ગયો અને ભાઇઓને મળ્યો; પણ એકાએક તે જ રાત્રે સિદ્ધરાજે મને પકડવાને દધિસ્થળી ઉપર લશ્કર મોકલીને ઘેરો ઘાલ્યો! મહારાજ! મારા પિતાનો એ ઘાતક મારો પણ ઘાત કરવા ઇચ્છે છે અને હું આ ક્ષુદ્ર જીવના સંરક્ષણને માટે ક્ષત્રીવટને ભૂલીને જ્યાં ત્યાં ભટકતો ફરૂં છું. દધિસ્થળીમાં હું એક સજ્જન નામના કુંભારની ભઠ્ઠીમાં સંતાઇ રહ્યો, તેથી સિદ્ધરાજના લશ્કરે બહુ તપાસ કરી છતાં હું બચ્યો અને લશ્કર પાછું ચાલ્યું ગયું! દધિસ્થળીમાં કોઇએ પણ રહેવું એ સલામત નથી એમ માનીને મેં મારા ભાઇઓ તથા સ્ત્રી વગેરે સર્વ પરિવારને એ સજ્જન કુંભારની સાથે ઉજ્જન મોકલી દીધો છે અને હું મારા એક બ્રાહ્મણ મિત્રની સાથે પુનઃ રખડપટ્ટીમાં જીંદગી પૂરી કરવા માટે આ વેશમાં ભટક્યાં કરૂં છું! થોડા દિવસથી મારો એ બ્રાહ્મણ મિત્ર મારાથી છૂટો પડી ગયો છે અને અત્યારે હું એકલો આ અવસ્થામાં આપની સમીપ આવીને ઉભો છું! મહારાજ! આ દુઃખોથી કંટાળીને હવે હું જીંદગી ટૂંકી કરી નાંખવા ઇચ્છું છું!"

"હં, હં, કુમારપાળ! આત્મઘાત એ તો મહાપાપ કહેવાય! સુખ દુઃખ તો ચાલ્યાં જાય છે, પણ એથી ગભરાઇ જવું જોઇએ નહિ. પૂર્વ ભવનાં કર્મોની નિર્જરા થયા પછી પુણ્યનો ઉદય આપોઆપ થાય છે." હેમાચાર્યે કુમારપાળને આશ્વાસન આપતાં કહ્યું.

"પણ આ અવસ્થામાં હવે મારૂં પુણ્ય મને શા કામમાં આવવાનું છે? હું તો ચોમેર અંધકાર વિના બીજું કશું જોતો નથી!" કુમારપાળે પોતાની નિરાશા વ્યક્ત કરતાં જણાવ્યું.

"એમ નિરાશ ન થા! તારૂં ભાગ્ય ઘણું પ્રબળ છે, કુમારપાળ! તારા ભાગ્યમાં તો ગુજરાતનું રાજ્ય લખ્યું છે!"

"મહારાજ! આપ તો મારી હાંસી કરો છો! હું ભિખારીના ભાગ્યમાં વળી રાજ્ય ક્યાંથી? સિદ્ધરાજના ત્રાસથી મુક્ત થઇને હું સુખે જીવન ગાળી શકું તો હું સમજીશ કે મને આખી દુનિયાનું રાજ્ય મળ્યું!" કુમારપાળ બોલ્યો.

"નહિ, કુમારપાળ! હજી સાડાત્રણ વર્ષ સુધી તારે આ સ્થિતિમાં જ ભટકવું પડશે ખરૂં, પરન્તુ ત્યારપછી ગુજરાતનું રાજ્ય તારા જ ભાગ્યમાં લખેલું છે, એવું મારૂં કથન ખરૂં નીવડશે! જ્યોતિષ્ વિદ્યા તેની સંપૂર્ણ સાક્ષી આપે છે!"

"મારા દુર્ભાગ્યની પરંપરાએ જ્યોતિષ્ વિદ્યા ઉપરની મારી શ્રદ્ધાનો

પણ નાશ કરી નાંખ્યો છે; છતાં જો આપનું કથન ખરૂં નીવડશે, તો એ રાજ્ય હું આપને આપી દઇશ અને હું આપની સેવા કરી કૃતાર્થ થઇશ !"

હેમાચાર્યે સહજ સ્મિત કરીને કહ્યું: "અમો ત્યાગીઓને રાજ્ય ન જોઇએ, કુમારપાળ ! પરન્તુ જો મારૂં કથન ખરૂં પડે અને તને રાજ્ય મળે, તો મારું એક વચન માત્ર માનજે એટલે મને સંતોષ થશે."

"એક જ વચન ? મહારાજ ! વચન નહિ પણ એવી સેંકડો આજ્ઞાઓ કરવાને આપ સમર્થ છો અને કુમારપાળ એને શિરસાવંદ્ય માનશે." કુમારપાળ ઉપકારવશતા દર્શાવતો બોલ્યો.

"અસ્તુ ! હવે તું મારી સાથે નગરમાં ચાલ. ખંભાત અહીંથી માત્ર એક કોસ જેટલું દૂર છે. ત્યાં તું સુખેથી રહી શકીશ." એમ કહી હેમાચાર્ય ઉઠયા અને ચાલવા લાગ્યા. કુમારપાળ પણ તેમની સાથે સાથે દોરાયો.

હેમાચાર્ય કુમારપાળને સાથે લઇને ઉપાશ્રયમાં આવ્યા, તો ઉદયન મંત્રીને ત્યાં બેઠેલો જોયો. રોજ પ્રભાતમાં વ્યાખ્યાન વાંચવાના નિયમનો ભંગ કરીને આજે હેમાચાર્ય બહાર નીકળી પડયા હતા અને શા હેતુથી તે બહાર નીકળી પડયા હતા, તે તેમના શિષ્ય બાલચંદ્ર વિના બીજું કોઇ જાણતું નહોતું. ઉદયનને રોજ હેમાચાર્યનાં એક વાર દર્શન કર્યા વિના ભોજન નહિ કરવાનો નિયમ હતો, તેથી તે આચાર્યની રાહ જોતો ઉપાશ્રયમાં બેસી રહ્યો હતો. હેમાચાર્ય ઉપાશ્રયમાં આવ્યા એટલે તેણે વંદન કરીને પ્રશ્ન કર્યો: "પ્રભુ ! આજે વ્યાખ્યાન બંધ રાખ્યું અને પ્રભાતમાં જ કાંઇ ફરવા નીકળી પડયા તેનું કારણ શું વારૂ ?"

"આજે એક મહારત્નનું કાર્ય કરવાનું હતું તેથી એમ કર્યું; વારૂ, મંત્રીશ્વર ! તમે અહીં આવીને બેઠા છો એ ઠીક થયું, નહિતો કદાચ તમને મારે બોલાવવા પડત."

"કેમ પ્રભુ ? શું મારૂં કાંઇ અગત્યનું કામ પડયું છે ?" ઉદયને જિજ્ઞાસા બતાવી.

"હા; મારી સાથે ચાલો." એમ કહી આગળ હેમાચાર્ય અને પાછળ ઉદયન એમ ચાલ્યા. તેમની પાછળ પાછળ ભિખારી વેશે કુમારપાળ પણ ચાલ્યો. ત્રણે એક ઓરડામાં જઇને બેઠા. ઉદયનનાં વૃદ્ધ ચક્ષુઓ એ વેશમાં કુમારપાળને પિછાણી શકયાં નહોતાં અને કુમારપાળ એકાએક ખંભાતમાં આવે તે તેને શકય પણ લાગે તેમ નહોતું. ઓરડાની એકાંતમાં બેઠા પછી હેમાચાર્યે પૂછ્યું: "મંત્રીશ્વર ! તમે મારાં દર્શન કર્યા વિના ભોજન કરતા નથી તેનું કારણ શું ?"

"મહારાજ! એવો પ્રશ્ન કેમ પૂછો છો? આપ તો ગુરૂદેવ છો, ગુરૂના દર્શન કરવાથી સર્વ તીર્થોની યાત્રા કરવા જેટલું પુણ્ય ઉપાર્જન થાય છે."

"જગતમાં ગુરૂ એ જ શું સર્વશ્રેષ્ઠ છે એમ તમે માનો છો?"

"ના પ્રભુ! સર્વશ્રેષ્ઠ એક માત્ર ધર્મ છે કારણકે એ ધર્મના અવલંબનથી જ જન્મમરણના ફેરા ટળી જાય છે, પરન્તુ એ ધર્મનો પરિચય સદ્દગુરૂ વિના કરી શકાતો નથી! જગતમાં ધર્મો અનેક છે, પરન્તુ તેમાં સદ્ધર્મની પ્રાપ્તિ કરાવનાર તો એક માત્ર સદ્દગુરૂ જ છે, અને હું આપને મારા સદ્દગુરૂદેવ માનું છું એટલે આપને આ જગતમાં સર્વશ્રેષ્ઠ માનું તેમાં આપને આશ્ચર્ય પામવાનું કાંઇ જ કારણ નથી."

"ત્યારે દેશના પિતા તુલ્ય રાજાને તમે કઇ પંક્તિમાં મેલો છો?"

"આપનાથી ઉતરતી પંક્તિએ. આ જગતમાં આપનાથી ઉંચી પદવી મેં કોઇને આપી નથી અને હું જીવું છું ત્યાંસુધી તો કદાપિ કોઇને આપીશ નહિ!"

"મંત્રીશ્વર! જરા વિચાર કરીને કહો! કાંઇ અંધશ્રદ્ધાથી દોરાઇ જતા તો નથી."

"અંધશ્રદ્ધા? પ્રભુ! નિર્ગુણને ગુણી માનવા અને તેના પ્રત્યે હદ ઉપરાંત ભક્તિભાવ દર્શાવવો એ અંધશ્રદ્ધા કહેવાય! આપને હું નિર્ગુણ કહું તો મારી જીભ કપાઈ જાય! મહારાજ! આપના ઉપર—આપના શબ્દો ઉપર મારી એટલી અડગ શ્રદ્ધા છે કે આપ ગમે તેવી કસોટી કરશો, આપ ગમે તેટલી લાલચોથી મને ડગાવવાનો યત્ન કરશો તોપણ હું કદાપિ ડગીશ નહિ!"

"જોજો હો! જગતમાં કયે વખતે કેવા સંયોગો આવીને ઉભા રહેશે તે કહી શકાતું નથી. ઘણી વાર રાજાના દબાણથી, ઘણી વાર આપ્તજનોની પ્રાર્થનાથી, ઘણી વાર સંતાનોપરની વત્સલતાથી કે ઘણી વાર ધન અને સત્તાના લોભથી માણસનું મન ડગી જાય છે! એવે વખતે ધર્મ અને ગુરૂને વિસરી જવાય છે—મનુષ્યનું અડગ મન પણ ડગ્યા વિના રહેતું નથી!"

ઉદયને સ્મિત કર્યું અને કહ્યું: "કૃપાળુ ગુરૂદેવ! આપે કહ્યું તેવા બનાવો જગતમાં ઘણા બન્યા છે અને બનશે. પરન્તુ ઉદયન તેમાંનો એક અપવાદ છે એમ આપ જોઇ લેજો!" ઉદયનની આંખો ઉત્સાહથી ચમકવા લાગી.

"ધન્ય છે મંત્રીશ્વર! નિશ્ચલતા વિના કોઇ પણ રીતે કાર્યસિદ્ધિ થઇ શકતી નથી. તમારી એ નિશ્ચલતાની ખાત્રી કર્યા પછી હવે હું તમને એક વિકટ કાર્ય સોંપું છું. તમારી પાસે બેઠેલા માણસને તમે ઓળખો છો?"

" ના પ્રભુ ! કાંઇ સ્મરણમાં આવતું નથી. "

" એ કુમારપાળ છે—મારા શબ્દોથી માની લો કે ગુજરાતના ભવિષ્યનો રાજા છે ! તમે સિદ્ધરાજના વિશ્વાસુ મંત્રી છો અને એ સિદ્ધરાજનો શત્રુ છે ! સિદ્ધરાજના શત્રુનું રક્ષણ કરવાનું કાર્ય હું અત્યારે તમને સોંપવા માંગું છું; બોલો, તે બજાવી શકશો ? " હેમાચાર્યે પૂછ્યું અને તે એકીદષ્ટે ઉદયન તરફ તાકી રહ્યા.

ઉદયન એક રાજનિષ્ઠ અને ન્યાયી મંત્રી હતો. કુમારપાળ એ સિદ્ધરાજનો શત્રુ હતો તે એ જાણતો હતો. કુમારપાળને મારી નાંખવાના તેણે કરેલા યત્નો ઉદયનના ધ્યાનમાં હતા. પરન્તુ આ વિકટ કાર્ય તેણે જરા પણ આનાકાની વિના માથે ઉઠાવતાં કહ્યું: " મહારાજ ! એવો પ્રશ્ન શા-માટે કરો છો ? માત્ર મને આજ્ઞા કરો અને હું તે બજાવીશ જ; ગમે તે ભોગે હું તેમનું રક્ષણ કરીશ ! આપના શબ્દોથી હું મારા અંતરમાં તેમને ગુર્જરેશ્વરના સિંહાસન ઉપર જ બિરાજેલા જોઉં છું. "

" ધન્ય છે મંત્રી ! જાઓ, એને તમારે ઘેર લઇ જાઓ અને રાખો; તેનું રક્ષણ કરજો; તે ખંભાતમાં છે એવી ખબર સિદ્ધરાજના કાનસુધી ન પહોંચે એટલું ધ્યાનમાં રાખજો; અને તેને માટે વિશેષ ભલામણ કરવાની કાંઇ જ જરૂર નથી ! "

" પ્રભુ ! હવે હું મારો ધર્મ બજાવી લઇશ; હું રાજનિષ્ઠ પણ રહીશ અને કુમારપાળનું રક્ષણ પણ કરીશ; કદાચ રાજનિષ્ઠ નહિ રહી શકું અને મંત્રીપદનો ત્યાગ કરવાનો સમય આવશે તો તેમ પણ કરીશ, પરન્તુ કુમારપાળનું મારા સર્વસ્વને ભોગે સંરક્ષણ કરીશ; હવે બીજી કાંઇ આજ્ઞા છે ? "

" ના; પણ ધ્યાનમાં રાખજો કે આજે તમે વિકટ ધર્મ બજાવવાનું માથે લીધું છે. "

" કાંઇ ફીકર નહિ ! કુમારપાળ ! હવે ચાલો; આજથી તમે નિર્ભય થયા ! તમારાં વીતકની વાતો મેં થોડીએક સાંભળી છે, પણ હવે તે વિસ્તારથી સાંભળવાનો અવકાશ મળશે. "

કુમારપાળ ઉઠ્યો, પણ આગળ ડગલું ભરતાં થરથર્યો. સિદ્ધરાજના મંત્રીના જ ઘરમાં પોતે સુરક્ષિત રહેવા જાય છે, એવો વિચાર આવતાં તેનાં રોમ કંપ્યાં; ભવિષ્યમાં દગો થવાની આશંકા ઉદ્ભવી; પરન્તુ છેવટે હેમાચાર્ય ઉપની શ્રદ્ધાએ તેની એ સર્વ શંકાઓને નિવૃત્ત કરી.

પ્રકરણ ૨ જું.

ઉદયનને ઘેર.

ઉદયને કુમારપાળને પોતાને ઘેર લાવીને તેને બેઠકમાં આણ્યો. અહીં તેણે તેનાં ભિખારીનાં જેવાં વસ્ત્રો કઢાવી નાંખ્યાં અને નવાં વસ્ત્રો પહેરવા આપ્યાં. પછી તેણે સુભગાને પોતાની પાસે બોલાવીને કહ્યું: "જુઓ, વહુ ! આ મેમાન આજથી આપણા ઘરમાં રહેવાના છે. તે ઘણા મોટા માણસ છે, માટે તેમની બરદાસ્ત સારી રીતે કરવાની નોકર-ચાકરને સૂચના કરજો. તે સાથે મારે તમને એક સૂચના આપવાની છે તે સાંભળી લો. વાત તો ઘણી ગુપ્ત રાખવાની છે, પરન્તુ તમારા જેવાં ચતુર ગૃહમંત્રિણીથી તે ગુપ્ત રાખવાની જરૂર નથી. આ મેમાન તે કુમારપાળ પોતે છે!"

સુભગા ચમકી અને તેણે કુમારપાળની સામે જોયું. ઉદયનને જરા વિનોદ કરવાનું મન થયું અને તે બોલ્યો: "કુમારપાળને તમે ઓળખતાં જ હશો ! રાણી ભૂપાળદેવી પાસે જઇને મોતીની માળા બતાવી સિદ્ધરાજે કરેલા દગાની સાચી વાત તમે કઢાવી આવ્યાં હતાં, તેમના જ એ પતિ થાય !" સુભગા એ સાંભળીને શરમાઇ અને તેણે નીચું જોયું. ઉદયન આગળ બોલ્યો: "દિકરી ! એમાં શરમાઓ છો શાને ? એ તો તમે એક પરાક્રમ કર્યું લેખાય ! તમે એ ખરી વાત મેળવી તેને આધારે તો સિદ્ધરાજને પાટણની પ્રજાએ મ્હાત કર્યો અને તેના અત્યાચારો અટકાવ્યા ! હવે સાંભળો; તમે જાણો છો કે કુમારપાળ ઉપર સિદ્ધરાજનો કોપ ઉતર્યો છે એટલે અહીં તેમને ગુપ્ત રાખવાના છે. આચાર્ય મહારાજની એવી આજ્ઞા થઇ છે અને તેથી સિદ્ધરાજનો હું મંત્રી હોવા છતાં સિદ્ધરાજના શત્રુને સંતાડવાનું મેં માથે લીધું છે. હવે મારી ટેક જળવાય, કુમારપાળને ઉની આંચ પણ આવે નહિ અને આપણા ઘરમાં તે ગુપ્ત રહી શકે એ સઘળું કામ તમારે માથે છે. ઘરમાં બીજું કોઇ એમનું ખરૂં નામ જાણે નહિ એટલી સાવચેતી રાખજો."

સુભગા બોલી: "દાદાજી ! તે માટે તમે કશી ફીકર રાખશો નહિ ! આચાર્ય મહારાજની આજ્ઞા પાળવી એ આપણો ધર્મ છે. રાજાજીએ ત્રિભુવનપાળને દગાથી માર્યા છે અને કુમારપાળને રંજાડવા માંડયા છે એ હું જાણું છું, અને રાજા એવો અન્યાય કરે, ત્યારે મંત્રીએ તેની આજ્ઞાને હમેશાં વશવર્તી રહેવું એ એક પાપ કરવા બરાબર છે."

"સાચું કહ્યું તમે." ઉદયન સ્મિત કરીને બોલ્યો: "જેવી મારી ટેક છે, તેવો જ તમારો ટેકીલો સ્વભાવ છે એ જાણીને મને બહુ આનંદ થયો. હવે જાઓ, કુમારપાળને માટે સઘળી વ્યવસ્થા કરો અને પછી એમને બોલાવી જઇને તેમને બેસવાનું સૂવાનું વગેરે સઘળાં સ્થાનો બતાવજો."

સુભગા સસરાની એ આજ્ઞા સાંભળીને ત્યાંથી ચાલી ગઈ અને કુમારપાળને માટે સઘળી વ્યવસ્થા કરવામાં રોકાઇ. સુભગા અને ઉદયન વચ્ચેની વાતચીતપરથી કુમારપાળ પણ મોટા વિચારમાં પડી ગયો હતો. સુભગાએ ભૂપાળદેવીની લીધેલી મુલાકાત વિષે તે કશું જાણતો નહોતો તેથી તેણે તે વિષે ઉદયનને પૂછ્યું અને ઉદયને તેનો સવિસ્તર વૃત્તાંત કહી સંભળાવ્યો. એ વૃત્તાન્ત સાંભળતાં જ કુમારપાળના હૃદયમાં સુભગા પ્રત્યે અત્યંત માનવૃત્તિ ઉત્પન્ન થઈ. સાચુલા સ્વભાવને જ કારણે સુભગા જેવી એક નાની બાળાએ પોતાને કેવી મદદ કરી હતી તે તેના સમજવામાં આવ્યું અને તેનું હૃદય વાત્સલ્યથી ભરાઇ આવ્યું. તે વિચારવા લાગ્યો: "અહો પ્રભુ ! એક બાજુએ તું મારાપર દુઃખની વૃષ્ટિ વર્ષાવે છે અને બીજી બાજુએ સુભગા, ઉદયન અને હેમાચાર્ય જેવા મારા હિતને માટે ગડમથલ કરી રહે છે ! એવી વિલક્ષણ યોજના કરવામાં તારી કેવી ન્યાયબુદ્ધિ સમાએલી હશે, તેનો પાર હું પામી શકતો નથી !" તે આમ વિચારતો જ હતો, એટલામાં સુભગા ત્યાં આવી અને બોલી: "ઠાકોર ! મારી સાથે પધારો."

કુમારપાળનું હૃદય સુભગા પ્રત્યેની વત્સલતાથી ભરાઇ ગયું હતું. એ પુત્રી તુલ્ય બાળાને એક સ્નેહનું ચુંબન લેવાની વૃત્તિ તેનામાં ઉભરાઇ આવી પરન્તુ તેની વિવેકબુદ્ધિએ તેને તેમ કરતાં અટકાવ્યો, તોપણ સુભગાને જોતાં જ તે તેને નમી પડયો અને બોલ્યો: "સુભગા બ્હેન ! તમે સાક્ષાત્ દેવી તુલ્ય છો ! મંત્રીશ્વર પાસેથી તમારી વાત સાંભળીને હું દિગ્મૂઢ બની ગયો છું ! તમારી ચતુરાઇની પ્રશંસા કરવાની મારામાં શક્તિ નથી, પરન્તુ અત્યારે દરિદ્ર બની ગએલો હું તમે બજાવેલી મારી અમૂલ્ય સેવાના બદલામાં કશું આપવાને પણ સમર્થ નથી !"

સુભગા એ શબ્દો સાંભળી રહીને બોલી: "ઠાકોર ! હું તો આપની પુત્રી કહેવાઉં, મને આપે એમ નમન કરવું ન ઘટે. આપ તો રાજા છો, પૃથ્વીના પિતા તુલ્ય છો. કોઇ વાર સુખમાં તો કોઇ વાર દુઃખમાં દિવસ ગાળવા પડે એ મનુષ્યના કર્મની વાત છે ! મેં જે કાંઇ કર્યું છે, તે બદલાની આશાથી કર્યું નથી: મારી સત્યપ્રિયતા અને કુતૂહલવૃત્તિએ મારી પાસે જે કાંઇ કરાવ્યું

તે મેં કર્યું અને પછી તેનો ઘણો સારો ઉપયોગ થયો એ એક મોટા સંતોષની વાત કહેવાય!"

"પણ મારાથી એ ઉપકાર નહિ વિસરાય. અહો! મંત્રીશ્વર! હામુ શેઠ! તમે આ રત્નના પ્રકાશથી કેટલા ઉજજ્વલ–કેટલા ભાગ્યશાળી દેખાઓ છો?" એમ બોલતો કુમારપાળ ઉઠયો અને સુભગાની સાથે ચાલ્યો.

*　　*　　*　　*

જેવી ચિંતા અને આપદમાં કુમારપાળે દિવસો ગાળ્યા હતા, તેવા જ આરામમાં તે ઉદયનના ઘરમાં રહેવા લાગ્યો. દિવસનો ઘણો ભાગ તે ઘરમાં જ રહેતો અને રાત્રિએ તે શહેરમાં જરા ફરવા નીકળતો તથા હેમાચાર્યની પાસે જઇને થોડો સમય ગાળતો. ઘરમાં સૌ કોઇ તેને 'ઠાકોર' કહીને બોલાવતાં અને કોઇ તેને કુમારપાળ તરીકે પિછાણતું નહિ. દાઢી–મૂછો વધારીને તેણે પોતાનો ચહેરો પણ બદલાવ્યો હતો એટલે સ્વાભાવિક રીતે એકાએક તેને કોઇ ઓળખી શકે એ સંભવિત પણ નહોતું. સુભગા તેની સાથે યોગ્ય સન્માનપૂર્વક વર્તતી અને કુમારપાળ જાણે કે સુભગાના ઉપકારના એક મોટા બોજાતળે દબાઇ ગયો હોય તેવી રીતે તેની પ્રત્યે હમેશાં માનબુદ્ધિ ધરાવતો. સુભગાની કોઇ પણ વાતને અવિચારણીય આજ્ઞા અથવા વિશુદ્ધ સત્ય તરીકે જ તે માની લેતો.

એ જ સ્થિતિમાં ત્રણ–ચાર માસ વીતી ગયા. એક વાર સાંજે એકાએક વાહડ દોડતો ઘેર આવ્યો. ઉદયન જમીને જરા આરામ લેતો બેઠકમાં બેઠો હતો ત્યાં તે સીધો ગયો અને બોલ્યો: "પિતાજી! ચાહડ આવે છે!"

"ચાહડ!" ઉદયન એ સાંભળીને ચમકયો. તેની આંખો વિકસી અને તે બોલ્યો: "ભલે આવ્યો! તેને મળ્યાને મને એક વર્ષ થયું! પણ તે એકાએક કયાંથી આવે છે? હમણાં તો અહીં આવવા સંબંધે તેનો કાંઇ પત્ર પણ નહોતો, કદાચ તેને અચાનક અહીં આવવાનું થયું હશે! તું એને મળ્યો?"

"પિતાજી! ચાહડનું આગમન બહુ સામાન્ય વાત નથી એ એક ગંભીર પ્રસંગ છે! તે અચાનક શામાટે આવી પહોંચ્યો હશે તેનું કારણ આપને કાંઇ સૂજે છે?"

"કેમ વારૂ? આ તેના પિતાનું ઘર છે! તેને અહીં આવવાની કાંઇ નવાઇ હોય?"

"એમ વિચારવામાં ભૂલ ન કરો! જો તેને અમસ્તા જ અહીં આ-

વવાનું હોત તો અગાઉથી તેનો પત્ર આવ્યો હોત, પરન્તુ હું માનું છું કે તે કુમારપાળને પકડી જવાને જ અહીં આવ્યો હોવો જોઇએ; અને આપણે કુમારપાળને આપણા ઘરમાં રાખ્યો છે તે એ જાણતો હોવો જોઇએ."

હવે મંત્રીને ઉંડો વિચાર થવા લાગ્યો. ચાહડ સિદ્ધરાજના એક માણસ તરીકે કુમારપાળને પકડવાને આવતો હતો અને પોતે કુમારપાળને ગુપ્ત રાખવાનું–તેનું રક્ષણ કરવાનું માથે લીધું હતું. હવે કેવી રીતે વર્તવું એ એક પ્રશ્ન હતો. ઉદયન તે પ્રશ્નની ગુંચવણવાળી જાળમાં અકળાયો અને બોલ્યો: "ભલે તે કુમારપાળને પકડી જવા આવે! હું તેને ખુલ્લું કહીશ કે કુમારપાળને મેં મારા ઘરમાં રાખ્યો છે અને હું તેને પકડી જવા દેવાનો નથી!"

"નહિ, પિતાજી! એમ ન થાય! એવો જવાબ આપીએ તો મહારાજ શું માને? આમાં બળથી નહિ પણ કળથી વર્તવાનું છે. જેવી રીતે ચાહડ એકાએક–ગુપચુપ આવી પહોંચ્યો છે તેમાં તેનો હેતુ યુક્તિપુરઃસર વર્તવાનો છે, તેવી રીતે આપણે કુમારપાળનું રક્ષણ પણ યુક્તિવડે જ કરવું જોઇએ." વાહડે પિતાને સૂચના કરી

"યુક્તિ એટલે શું? સત્ય અને અસત્યની મિશ્રિત જાળ તેનું નામ યુક્તિ! એવું કરવાનું મને ગમે નહિ. હું તો સ્પષ્ટવક્તા છું, તેથી સ્પષ્ટ વાત કહીશ."

"પિતાજી! આ ભૂલ કરો છો હોં! તમે એવું સ્પષ્ટ વક્તૃત્વ ચલાવવા જશો તો મોટો અનર્થ થવાનો ભય રહેશે. આપને ચાહડ કુમારપાળ સંબંધી પ્રશ્ન ખુલ્લી રીતે પૂછી શકવાનો નથી."

"એ મને પૂછશે નહિ, તો હું કહેવાનો નથી, પણ પૂછશે તો હું ખરેખરો જવાબ આપી દઇશ; હવે તારે જે કાંઈ ગોઠવણ કરવી હોય તે કર, જા."

વાહડ પિતાની પાસેથી નીકળીને સીધો કુમારપાળ પાસે આવ્યો અને ચાહડ આવતો હોવાથી વાત તેને કહી. તેણે કુમારપાળને તેના ઓરડામાંથી કાઢીને પોતાના સૂવાના ઓરડામાં સંતાડી દીધો અને પછી ઓરડાને બહારથી તાળું માર્યું એટલામાં તો ચાહડે ડહેલીમાં પગ મેલ્યો અને સુભગાએ તેને અચાનક આવેલો જોઇને આશ્ચર્ય સાથે આનંદ દર્શાવતાં તેનાં ઓવારણાં લીધાં.

પહેલાં ચાહડ માતાને નમ્યો અને પછી પિતાને મળ્યો. પિતાને તેણે કહ્યું: "હું અને કરણદાન ગઢવી સૌરાષ્ટ્રમાં ઘોડાની ખરીદી કરવા માટે ગયા હતા, તે પાછા વળતાં અહીં આવ્યા. એમ ધાર્યું કે આપને મળી શકાશે અને વળી આચાર્ય મહારાજનાં દર્શન પણ કરી શકાશે."

"ઘણું સારૂં કર્યું. સાથે બીજાં માણસો હશે, તે ક્યાં ગયાં ?"

"તેઓ ડહેલીમાં બેઠાં હશે. કરણુદાનને હું અહીં બોલાવું છું." એમ કહી ચાહડે ઉભા થઇને કરણુદાનને ઇશારત કરી ઉપર બોલાવ્યો. કરણુદાન આવીને મંત્રીને પગે લાગ્યો. મંત્રીએ સિદ્ધરાજની અને પાટણમાંના સૌ કોઇની કુશળતાના વર્તમાન પૂછ્યા. ગઢવીએ તેના યથોચિત ઉત્તર આપ્યા.

સુભગાએ પોતાના દિયરને માટે તથા સાથેનાં બીજાં માણસોને માટે રસોઇ કરાવી અને સૌને જમાડયાં. ત્યારપછી સૌનાં બિછાનાંની વ્યવસ્થા કરવામાં આવી. એક ઓરડામાં ચાહડ અને ગઢવીને માટે બે ઢોલીયા નાંખવામાં આવ્યા અને બીજાં માણસોને માટે બાજુની એક પરશાળમાં ખાટલા નાંખી આપ્યા. પરન્તુ કરણુદાને કહ્યું: "અમને ગઢવીભાઇને તો ડહેલીમાં સૂવાનું જ ગમે ! વળી મારે રાતના ત્રણ પહોર તો હુક્કો જોઇએ અને અંગારાને સળગતા જ રાખવા પડે માટે હું તો ડહેલીમાં ખાટલો નાંખીને સુઇ રહીશ !"

સુભગા બોલી: "ભલે, તમને ડહેલીમાં સૂવાનું ગમે તો ત્યાં સૂઓ !"

કરણુદાન ડહેલીમાં સૂતો એ વાહડને ગમ્યું નહિ. તેનો ઇરાદો એવો હતો કે રાતોરાત કુમારપાળને ઘરમાંથી વિદાય કરીને હેમાચાર્ય પાસે મોકલી દેવો, પરન્તુ કરણુદાન ડહેલીમાં સૂતો એટલે એ ગોઠવણમાં મોટો વાંધો આવ્યો. અત્યારસુધી તે સઘળી ગુપ્તતા જાળવી શકયો હતો, પરન્તુ પ્રભાત થતાં એ ગુપ્તતા જળવાઇ રહેવાનો સંભવ નહોતો. ચાહડ ચતુરાઇથી બોલતો ચાલતો હતો એ વાહડના ધ્યાનમાં તુરત આવી ગયું. પ્રભાત થતાં જ એ ઘરમાં કુમારપાળની તપાસ ચલાવશે એવો વાહડને સંપૂર્ણ ભરોસો હતો. પ્રભાત થતાં પહેલાં કુમારપાળની કાંઇ પણ નિર્ભય વ્યવસ્થા થઇ જવી જોઇએ, નહિતો તે પકડાવાનો અને પોતાના પિતાએ રાજાના શત્રુને આશ્રય આપ્યો તે માટે સિદ્ધરાજને ગુસ્સાનું કારણ મળવાને પારણામે કાંઇ અનર્થ થવાનો, એવી ભયપરંપરા વાહડના ચિત્તમાં આવી વસવા લાગી.

પ્રકરણ ૩ જું.

ગઢવીના હાલ-હવાલ !

દોઢેક પ્રહર રાત્રિ વીતી ગઇ એટલે વાહડે પોતાના શય્યાગૃહમાં પ્રવેશ કર્યો. તે વખતે સુભગા અને કુમારપાળ કાંઇ ધીમી વાતચીત કરી રહ્યાં

હતાં. ચાહડના અંતરનો આશય સુભગાના સમજવામાં અત્યારસુધી આવ્યો નહોતો, પરન્તુ કુમારપાળના કથન ઉપરથી તે સર્વ વસ્તુસ્થિતિ સમજી ગઇ. ચાહડના આનંદી સસ્મિત વદનની હેઠળ કાપટ્ય આવી રહેલું છે, એવું સમજતાં જ સુભગા વધારે ગંભીર બની. આપ્તજનોથી ભેદ રાખીને વર્તન ચલાવવાનો સમય પણ કોઇક વાર આવી પહોંચે છે એવું હવે તેના ધ્યાનમાં આવ્યું. ઉદયન મંત્રીના જ બે પુત્રો પરસ્પર એક બીજાની યુક્તિઓને નિષ્ફળ કરવાના યત્નમાં લાગી રહ્યા હતા એવો વિલક્ષણ સંયોગ જોઇને સુભગાએ નિઃશ્વાસ નાંખ્યો અને તે ધીમેથી બડબડીઃ " ઓ પ્રભુ ! પાટણના રાજ્યની ખટપટ હવે અમારા ગૃહમાં પણ પ્રવેશ કરશે કે શું ? "

વાહડને ઓરડામાં આવેલો જોઇને સુભગાએ ધીમેથી તુરત પ્રશ્ન કર્યોઃ " કેમ, શા ખબર છે ? ચાહડભાઇ બિછાને ગયા ? "

" હા, તે તો સૂઇ ગયો, પણ પેલો કરણુદાન ડહેલીમાં જ સૂતો છે ને ? અત્યારસુધી બહુ યત્ન કરીને મેં સઘળી ગુપ્તતા જાળવી રાખી છે. પિતાજીને હજી એણે કુમારપાળ વિષે કશું પૂછ્યું નથી એટલે તેમણે કશો ઉત્તર આપ્યો નથી, નહિતો એ પૂછતાંની સાથે જ ખરેખરો ઉત્તર આપી દીધા વિના રહેશે નહિ ! કરણુદાન પણ બરાબર યુક્તિમાં જ ડહેલીમાં સૂઇ રહ્યો લાગે છે ! સ્હવારમાં ચાહડ કાંઇ કાંઇ બ્હાનાં કાઢીને ઓરડાઓની તપાસ ચલાવશે, તે વખતે આપણે કુમારપાળને કયાં સંતાડીશું ? "

" અને કરણુદાન ડહેલીમાં ન સૂતો હોત તો તમે શું કરવાના હતા ? "

" તો હું અત્યારે ને અત્યારે તેમને આચાર્ય મહારાજ પાસે મોકલી દેત અને તે તેમનું કોઇ પણ રીતે રક્ષણ કરત. "

" ઠીક, ત્યારે તમે અહીં સૂઇ જાઓ; હું જઉં છું. " સુભગા બોલી.

" અત્યારે ક્યાં જાય છે ? હવે કાંઇ થઇ શકવાનું નથી ! સ્હવારે જે કાંઇ થશે તે જોઇ લેવાશે ! " વાહડ બોલ્યો.

" પણ એ ચિંતામાં તો તમને ઉંઘ પણ નહિ આવે; હું તમારી ચિંતા ટાળી દેવા માટે જઉં છું; તમે તમારે અહીં રહો; હું ખબર આપું તે વખતે ઠાકોરને ડહેલીમાંથી વિદાય કરી દેજો ! " એમ બોલતી સુભગા ઉત્તર સાંભળવાની પણ અપેક્ષા કર્યા વિના દ્વાર ઉઘાડીને ચાલતી થઇ, પણ તુરત જ તે પાછી આવી. તેણે પતિને પૂછ્યુંઃ " એક વાત તમને પૂછવાની રહી ગઇ. કરણુદાનનો સ્વભાવ કેવો છે ? "

" બહુ જ નીચ છે. પોતાના સ્વાર્થને માટે બીજાનું ખૂન કરી નાંખતાં પણ વિચાર ન કરે તેવો એ નીચ છે ! ધનનો બહુ લોભી અને

લાલચુ છે. તલવાર ચલાવી શકે તેવો પણ છે, પરન્તુ બહુ સારો લડવૈયો નહિ. પણ એ પૂછવાનું તને શું કારણ છે?" વાહડે પૂછ્યું.

"તેનું તમારે શું કામ છે? તમે તમારે બેઠા બેઠા જુઓ!" એમ કહેતી સુભગા પાછી ચાલી ગઇ.

આસ્તેથી બારી ઉઘાડીને સુભગાએ જોયું તો જણાયું કે ગઢવી ડહેલીમાં ખાટલા ઉપર બેઠો બેઠો હુક્કો ગડગડાવી રહ્યો છે! સુભગા ધીમે ડગલે દાદર ઉતરી અને ગઢવીના ખાટલાની પાસે આવીને બોલી: "કોણ, એ ગઢવી હુક્કો પિએ છે કે?"

"હા, કોણ સુભગા બ્હેન આવ્યાં? હજી તમે સૂતાં નથી કે શું?" ગઢવીએ ધુમાડાનો ગોટ ગળી જતાં કહ્યું

"હજી અત્યારે ઘરકામમાંથી નવરી પડી. મેમાન હોય ત્યારે કાંઇ કાંઇ નવાં કામો આવી પડે! તમે પાટણથી આવ્યા છો. ત્યારે મારા પિતાજીના-ભાઇઓના કાંઇ ખબર લાવ્યા છો કે નહિં?"

"ના બ્હેન! અમે પાટણથી એકાએક નીકળેલા અને વળી સોરઠમાંથી ઘોડા લઇને આવીએ છીએ. અહીં આવવાનું તો અચાનક થયું. પણ હું પાટણથી નીકળ્યો તે પહેલાં તમારા પિતાજીને અને ભાઇઓને મેં દુકાને બેઠેલા જોયા હતા, શરીરે સાજા-તાજા હતા."

"તો બહુ સારૂં; હું એમનાથી દૂર પડી અને મહીને-બે મહીને પણ કાંઇ સમાચાર ન આવે, એટલે ઉચાટ થાય છે!" સુભગા બોલી.

"ખરી વાત કહી; હું પાછો પાટણ જ જવાનો છું. તમારે તમારા પિતાજી ઉપર ખુશીખબરનો જૂદો પત્ર લખી આપવો હોય તો લખી આપજો; હું જાતે જઇને પહોંચાડીશ." ગઢવીએ વિનયપૂર્વક કહ્યું.

"મારે તો બીજુંએ થોડું કામ છે, પણ તમને તે કહેતાં જરા ક્ષોભ થાય છે!" સુભગાએ એમ કહીને લજ્જાપૂર્વક જરા નીચું જોયું.

"એમાં ક્ષોભ શાને રાખો છો? હું ક્યાં દામુ શેઠના ઘરથી અજાણ્યો છું? તમે તો મારાં બ્હેન કહેવાઓ! ખુશીથી કામ હોય તે કહો."

"પણ એ કામ ઘણું છાનું છે. હું અને તમે એ બે સિવાય બીજા કોઇના જાણવામાં એ વાત આવવી જોઇએ નહિ. અહીંના સૌ કોઇથી એ વાત ખાસ કરીને છાની રાખવાની છે." સુભગાએ કહ્યું.

"એવું છાનું કામ વળી શું છે? શું તમારા પતિથી પણ એ વાત છાની છે?" ગઢવીએ આશ્ચર્ય દર્શાવતાં પ્રશ્ન કર્યો.

"ગઢવી! એવું ખુલ્લું શાને પૂછો છો વળી?" સુભગાએ જરા

સ્મિત કરી ભ્રૂસંકોચન કરતાં કહ્યું: "તમને એક વાર મેં કહ્યું કે અહીંનાં સૌ કોઇથી એ વાત છાની છે, એટલે એ પણ તેમાં જ આવી ગયા ને? જો સૌથી છાની વાત ન હોત, તો મેં ચાહડભાઇને જ એ કામ સોંપવાનું પસંદ કર્યું હોત; એ અમારા ઘરના માણસ જ કહેવાય; પણ તમને એ કામ સોંપવાનું કારણ એ છે કે તે ઘણું જ છાનું છે. કામ કાંઈ બહુ જોખમનું અને મોટું નથી—સહજ કામ છે, પણ તે બહુ જ છાનું રાખવાનું છે અને તે કામ કરવા માટે હું તમને ઘણો સારો બદલો આપીશ."

સુભગાએ પોતાના કાર્યની ગુપ્તતા વિષે જેમ જેમ વધારે વિવેચન કરવા માંડયું, તેમ તેમ ગઢવીનું મન તે જાણવાને વધારે ઉત્સુક બન્યું. છેવટે એ કામ કરવા બદલ ઘણો સારો બદલો આપવાની તેણે વાત કરી ત્યારે તો તેની ઉત્સુકતા અત્યંત વધી ગઇ. તે બોલ્યો: "નહિ, નહિ, હું કાંઇ બદલો લેવા માટે તમારૂં કામ કરીશ, એમ માનશો નહિ."

"ધીમેથી બોલો, ગઢવી! કદાચ કોઇ જાગશે તો મારાપર વહેમાશે. તમે ઘણું કરીને કાલે જ પાછા પાટણ તરફ વિદાય થશો, નહિ વારૂ?"

"ઘણું કરીને તો કાલે; નહિતો પરમ દહાડે તો જરૂર." ગઢવીએ ઉત્તર આપ્યો.

"પણ આવો પ્રસંગ પાછો કાલે રાત્રે મળી શકે કિંવા ન પણ મળી શકે! અને મારે તમને સૌથી છાની રીતે કેટલોક માલ સોંપવાનો છે, માટે જો અત્યારે જ મારી સાથે આવો તો હું તમને અત્યારે જ તે સોંપી દઉં." સુભગાએ જણાવ્યું.

"તમારી સાથે વળી કયાં આવવાનું છે? અહીં તમે તે માલ લઇ આવો અને મને સાંપી દો. હું છુપાવી દઇશ એટલે પછી વાત ખુલ્લી નહિ પડે!"

"અહીં કેવી રીતે લઈ આવું ગઢવી? ઘણું કીંમતી ઝવેરાત તમને સોંપવાનું છે. કદાચ અહીં કોઇ જોઇ જાય તો બધી વાત ખુલ્લી થાય અને તેમાંથી તો મોટો અનર્થ થવાનો સંભવ છે. વળી તમને મારે જે બદલો આપવો છે તે એક કિંમતી મોતીની માળા છે અને બે ચાર સુંદર માળાઓમાંથી તમારે એક માળા પસંદ કરવાની છે; એ બધો માલ અહીં કેમ લઇને અવાય?" સુભગાએ જણાવ્યું.

"ત્યારે ચાલો તમારી સાથે આવું." એમ કહીને ગઢવી ઉઠયો અને સુભગાની સાથે ચાલ્યો. સુભગા તેને હવેલીની પાછળના ભાગમાં કોઠારનો મોટો ઓરડો હતો ત્યાં લઇ ગઇ. ઓરડો ઉઘાડીને તેણે દીવો કર્યો અને ગઢવીને કહ્યું: "તમે અહીં બેસો, હું માલ લઇ આવું છું."

સુભગા ઉતાવળે પગલે પાછી પતિની પાસે આવી અને બોલી: " હવે તમે ઠાકોરને જલ્દી આચાર્ય મહારાજ પાસે મોકલી દો; ગઢવીને ડહેલી-માંથી મેં ખસેડ્યો છે."

" પણ કેવી રીતે તેં તેને ખસેડ્યો અને ક્યાં મોકલ્યો છે ? "

" એ બધું અત્યારે કહેવાનો વખત નથી; ઠાકોરને વિદાય કર્યા પછી તમે આટલું કરજો—" એમ કહીને સુભગાએ પતિના કાનમાં થોડી વાત કહી અને સત્વર તે પોતાની પેટી ઉઘાડી તેમાંથી એક નાનો દાબડો કાઢીને ચાલતી થઈ.

ગઢવી કોઠારમાં સુભગાની જ રાહ જોતો બેસી રહ્યો હતો. સુભગાએ આવીને તુરત જ પોતાનો દાબડો ઉઘાડ્યો. તેમાંના હીરા અને મોતીના અલંકારોના તેજથી ગઢવીની આંખો વિહ્વળ બની ગઇ. પોતે મોતીની માળા પસંદ કરવાની હતી એટલે સૌથી પહેલાં તેની આંખો એ માળાઓનું જ દર્શન કરવા લાગી અને પસંદગીના ઘાટ ઘડવા લાગી ગઇ.

સુભગા બોલી: " જુઓ ગઢવી ! આ બધું ઝવેરાત મેં છાની રીતે એકઠું કર્યું છે. અહીં મંત્રીના ઘરમાં આવા કીંમતી ઝવેરાતનો કે અલંકારોનો કશો હિસાબ નથી ! મારા પિતા એક ઝવેરી છે, પણ તેમને ત્યાં મેં આવું ઉંચું ઝવેરાત જોએલું નહિ; તેથી મને એવી ઇચ્છા થઇ આવી છે કે મારા ભાઇઓ અને ભાભીઓ માટે આવી થોડી ચીજો મોકલી આપું તો સારૂં. તેથી આ ચીજો હું તમારી સાથે છુપી રીતે મારા પિતાજી ઉપર મોકલી દેવા ઇચ્છું છું."

" એ તો ઠીક; પણ આ બધો માલ તમે વેચાતો લીધેલો કે—"

"ઉંહ ! ગઢવી ! એવી વાત શું પૂછતા હશો વળી ? એક વાર મેં તમને કહ્યું કે મંત્રીના ઘરમાં આવા ઝવેરાતનો કશો હિસાબ નથી, એટલામાં સમજી જાઓને ! ક્યા દાગીના ક્યાં મેલ્યા છે, કોની પાસે છે, તેમાંથી તૂટ્યા ફૂટ્યા કેટલા કે ખોવાયા કેટલા એની કશી ગણતરી જ આ ઘરમાં નથી, એટલે આ ચીજો મેં છૂપી રીતે એકઠી કરી છે અને હું તે મારા ભાઇઓ ઉપર મોકલી દેવા તૈયાર થઇ છું. આ વાત મારા પતિથી અને ચાહડભાઇથી પણ છૂપી રાખવાનું પ્રયોજન હવે તમે સમજ્યા હશો."

ગઢવી મનમાં સમજ્યો કે સુભગાએ સસરાના ઘરમાંથી ચોરેલી ચીજો તે છૂપી રીતે પિતાને ઘેર મોકલી દેવા માંગે છે. એક રીતે એ ગઢવીના જ લાભની વાત હતી. ચોરમાં મોર પડે તો તેનો હિસાબ કેવી રીતે નીકળે ? તેણે ધાર્યું કે " એ દાગીનામાંથી પોતે બે ચીજો ઉપાડી લેશે, તોએ કોણ

પૂછવા આવવાનું હતું ? સુભગાએ ચોરી કરી છે એટલે તે કોઇને તે માટે કહી શકે તેમ નથી એટલે પોતાને ઠીક ફાવશે." તે બોલ્યો: "હા, હવે હું તમારી વાત સમજ્યો. હવે એમાંથી કઇ ચીજ કોને કોને આપવાની છે તે કહો."

સુભગા બોલી: "આ ત્રણ હીરાની વીંટીઓ છે તે મારા ભાઇઓને આપવાની છે. આ માણેકનાં કંકણ બહુ મજેનાં છે તે મારી સૌથી નાની ભાભી લીલાદેવીને આપવાનું મારા પિતાજીને કહેજો. આ મોતીની માળા મારી મોટી ભાભી માટે છે અને બીજી ભાભીને માટે આ મોતીનાં કર્ણ-ફૂલ છે. આ સઘળું વહેંચી આપવાની વિગત તમે જાતે જઇને મારા પિ-તાજીને સમજાવજો અને તમારા કાર્યના બદલામાં હવે આ મોતીની મા-ળાઓમાંથી તમને જે પસંદ આવે તે—" એટલામાં સુભગા આગળ બોલતી અટકી.

વાહડનો સ્વર નિકટમાં સંભળાતો હતો અને તે એક ચાકર સાથે વાતચીત કરતો હતો. સુભગા અને ગઢવી બન્નેએ એ સ્વર સાંભળ્યો. વાહડે ચાકરને પૂછ્યું: "અલ્યા દેવસિંહ ! તારાં નાનાં શેઠાણીને તેં ક્યાંય જોયાં કે ?"

દેવસિંહે ઉત્તર આપ્યો: "એ તો કોઠારમાં કાંઇ કામ માટે ગયાં છે."

"ઠીક, ત્યારે દીવો લઇને મારી સાથે કોઠાર સુધી ચાલ." વાહડના એ શબ્દો સાંભળીને સુભગા ગભરાઇ ! ગઢવી પણ મુંઝાયો ! તે બન્ને જણ એક બીજાની સામે દિગ્મૂઢની પેઠે જોઇ રહ્યાં.

સુભગા બોલી: "ગઢવી ! આપણું કામ અત્યારસુધી છૂપું રહ્યું, પણ હવે ખુલ્લું પડી જવાનો વખત આવ્યો છે, માટે તમે છુપાઇ જાઓ તો સારૂં."

"પણ હું ક્યાં છુપાઉં ? તમે કોઈ સ્થળ બતાવો."

સુભગા ઉભી થઇ. એક મોટો માટીનો ઘડો ખાલી હતો અને તેને દિવાલની સાથે ચણી લેવામાં આવ્યો હતો તેમાં ઉતરીને છુપાઇ જવાની સુભગાએ સૂચના કરી અને ગઢવી તુરત તેમાં કૂદી પડ્યો તથા નીચે બેસી ગયો. એટલામાં તો વાહડ ત્યાં આવ્યો અને સુભગાને જોઇને બોલ્યો: "મધ્ય-રાત સુધી અહીં કોઠારમાં તું શું કરે છે ?"

સુભગાથી હસી જવાયું, પણ તે હસવું ઘડામાં બેઠેલા ગઢવીના ધ્યા-નમાં ન આવે તેવી રીતે મ્હોંને ઠાવકું રાખીને તે બોલી: "અચાનક મે-

માન આવ્યા છે તેથી સઘળું સીધું—સામાન તૈયાર છે કે નહિ તેની તપાસ કરૂં છું.”

“પણ આટલી મોડી રાત સુધી? ચાલ હવે, એ કામ તો ચાકરને સોંપવું જોઇતું હતું.”

“તમે જાઓ, હું પાછળથી આવું છું.”

“નહિ; તું આમ મોડી રાત સુધી જાગરણ કરે છે અને પાછી સ્હવારે વ્હેલી ઉઠે છે. એમ વધારે કરીશ તો જરૂર માંદી પડીશ. હું તને અત્યારે સાથે લીધા વિના અહીંથી ખસવાનો નથી.”

“ઠીક, ચાલો ત્યારે આવું છું.” એમ કહીને સુભગા અલંકારોનો દાબડો લઇને કોઠારમાંથી બહાર નીકળી. વાહડે પોતાને હાથે કોઠારની સાંકળ ચડાવી દીધી. સુભગા અને વાહડ સાથે સાથે ચાલ્યાં. સુભગા માંડમાંડ હસવું દાબી રહી હતી. જરા આગળ ચાલતાં એક થેલા તરફ વાહડની નજર ગઇ અને તેણે પોતાની સાથેના ચાકરને પૂછ્યું: “દેવસિંહ! આ થેલો શેનો છે?”

“એ તો ચોખાના આટાની ગૂણ છે.”

“અરે મૂર્ખા! તેને આમ રઝળાવે છે કેમ? જા, એ ગૂણમાંનો આટો કોઠારમાં જમણી બાજુના ખુણામાં એક મોટો ઘડો ખાલી છે, તેમાં અત્યારે ને અત્યારે નાખી દે. જો, હવેથી આમ ખુલ્લું મૂકીશ નહિ!”

દેવસિંહે ત્યાંથી ગૂણ ઉપાડી અને તે પાછો કોઠાર તરફ ચાલ્યો. સુભગા અને વાહડ પાછાં પોતાના શયનગૃહમાં આવ્યાં. સુભગા સ્વામીના વદન તરફ જોઇને ખડખડાટ હસી પડી અને બોલી: “તમે તો બિચારા ગઢવીના પૂરેપૂરા હાલ-હવાલ કર્યા. હવે મને જવા દો; હું એને છૂટો કરી આવું! તે બિચારો બહુ મુંઝાતો હશે!”

“ભલેને મુંઝાય! હરામખોર બહુ લુચ્ચો છે!”

“પણ કુમારપાળ તો સહીસલામત રીતે નિકળી ગયાને?”

“હા; તે તો ગયા. તેં આ યુક્તિ ન કરી હોત, તો સ્હવારે એને છુપાવવામાં મોટી પંચાત પડત અને ચાહડ ખરી વાત જાણી જાત.”

“ત્યારે હવે હું જઉં છું અને ગઢવીને છૂટો કરૂં છું.” એમ કહી સુભગા પાછી કોઠાર તરફ ચાલી. કોઠારમાં ખરેખર ગઢવી બહુ મુંઝાયો હતો. ઘડો એટલો મોટો અને ઉંચો હતો કે કાંઇ પણ આધાર વિના બહાર નીકળી શકાય નહિ. વળી તે ઉપર ચાકરે આટાની ગૂણ ખાલી કરી! બિચારો ગઢવી તેથી બહુ અકળાયો પણ માંહે પોતે છુપાયો હતો તે કોઇને જાણવા

દઇ શકાય તેમ નહોતું. સુભગાની ખરી વાત કહેવાય તેમ નહોતું અને છુપાવાનું બીજું કારણ તે કોઇને બતાવી શકે તેમ નહોતું. તેથી સઘળી ગભરામણ અને અકળામણની વચ્ચે તે છુપાઇ રહ્યો હતો.

એટલામાં સુભગા ત્યાં જઇ પહોંચી અને તેણે ગઢવીને ટેકો આપીને બહાર કાઢયો. તે ગઢવીની દયા ખાતી બોલીઃ “તમને બહુ મુંઝાવું પડયું હશે, નહિ વારૂ ? પણ જે થયું તે સારૂં થયું. મારા પતિ ખરી વાત જાણી શકયા નથી ! જો તમે ખુલ્લા પડયા હોત તો મોટો અનર્થ થાત. હવે અત્યારે તો પાછા સઘળા અલંકારો મારે છુપાવી દેવા પડયા છે, પણ કાલે રાત્રે હું દાબડો લઇને બરાબર આ જ વખતે તમારી પાસે આવીશ અને સઘળું તમને સોંપી જઇશ ”

ગઢવીના આખા શરીરે ચોખાનો આટો ભગાઇ ગયો હતો. માંડે તેલ નાંખીને ચળકતી બનાવેલી વાંકડી મૂછો અને માથાનાં નકસીદાર જુલ્ફાંમાં તો આટાનો સજ્જડ લેપ થઇ ગયો હતો ! કપડાંને તો માંડમાંડ ખખેરીને ઠીક કર્યાં પણ માથામાંથી અને મૂછમાંથી આટો બહાર નીકળ્યો જ નહિ ! સુભગાને મ્હોમાં ને મ્હોમાં હસવું આવતું હતું, પણ તેણે તે મોટી મહેનતે ખાળી રાખ્યું. ગઢવીને તે પાછો ડહેલીમાં લઇ ગઇ અને સાબુ તથા પાણીની તાંબડી ભરી આપી. બિચારા ગઢવીને રાતોરાત માથાના અને મૂછના વાળને સાફ કરવા પડયા !

પ્રકરણ ૪ થું.

ચાહડના આગમનનું કારણ.

અનેક રાજાઓ, સરદારો, સુભટો અને સેનાપતિઓને નમાવીને નામના કાઢી ચૂકેલો, ચક્રવર્તીની પદવીને પ્રાપ્ત થએલો અને આખા દેશમાં વીરહાક વગડાવીને ગુજરાતના ગૌરવને વિસ્તારી રહેલો રાજા સિદ્ધરાજ જયસિંહ પોતાની ઉતરતી વયે પોતાની પ્રજાની આગળ નમી ગયો—વખત વર્તીને નમી જવાની તેને ફરજ પડી, એ કંટક તેના હૃદયને બહુ સાલ્યા કરતો હતો ! એક માત્ર કુમારપાળને સુરક્ષિત રાખવાનું વચન આપતાંની સાથે તથા કૃષ્ણદેવને પુનઃ સેનાપતિપદ ઉપર સ્થાપિત કરતાંની સાથે પ્રજા શાન્ત બની ગઇ અને તે વિના પોતાના શબ્દો સાંભળવાની પણ પ્રજા દરકાર કરતી નહોતી : એ વસ્તુસ્થિતિ સિદ્ધરાજને મન અસહ્ય થઇ પડી હતી !

પાટણની પ્રજાનું આવું બળ તેણે પૂર્વે કોઇ વાર જોયું નહોતું, તેથી આ બનાવથી તેના હૃદય ઉપર સખ્ત આઘાત થવા પામ્યો હતો. તે વિચારતો હતોઃ “ શું કુમારપાળ ઉપર પાટણના શ્રાવકોનો આટલો બધો પક્ષપાત છે ? શું મારી આજ્ઞા કરતાં કુમારપાળની સુરક્ષિતતા એ પાટણની પ્રજાને મન વધારે મૂલ્યવતી છે ? શું કૃષ્ણદેવ વિના મારૂં લશ્કર બળવો ઉઠાવે એટલી હદ સુધી કૃષ્ણદેવનો કાબૂ મારા લશ્કર ઉપર બેસી ચૂકેલો છે ? ” એક વાર આવી વસ્તુસ્થિતિ જાણ્યા પછી સિદ્ધરાજની સત્તાલોલુપતાનો કીડો ચલન કરવા લાગ્યો. આખા દેશમાં પોતાની સત્તાનો બાહુ લંબાવ્યા છતાં, પાટણની પ્રજા અને પોતાના લશ્કરસુધી એ બાહુ લંબાવવામાં રહેલી ન્યૂનતા હવે કાઢી નાંખવી જોઇએ એવું તેના મનમાં આવ્યું. પોતાની પ્રજાથી અને લશ્કરથી પોતાને મ્હાત થવાનો સમય આવે તે સિદ્ધરાજને પોતાની ભયંકર માનહાનિનો સમય જણાવા લાગ્યો અને તેથી તેણે પુનઃ પોતાનો આશય પરિપૂર્ણ કરવાની યોજના રચી.

સૌથી પહેલાં કુમારપાળને પકડીને કેદ કરવો અને તેને પાટણમાં લાવવો, ત્યારપછી એ જ પાટણના શ્રાવકો અથવાતો બીજા લોકો સામું માથું ઉઠાવે તો તેમને જુલ્મથી દાબી દેવા અને છેલ્લે કૃષ્ણદેવને કેદમાં પૂરીને લશ્કરનો અધિકાર બીજા સેનાપતિના હાથમાં મેલવો : એ ગોઠવણ પ્રમાણે કામ કરીને પોતાની સત્તાની ન્યૂનતા દૂર કરવી એવું તેણે ધાર્યું. એવામાં સિદ્ધરાજને પોતાના જાસૂસદ્વારા ખબર મળ્યા કે દધિસ્થળીમાંથી નાસેલો કુમારપાળપાળ ખંભાતમાં ઉદયન મંત્રીનો અતિથિ બનીને રહ્યો છે. ઉદયન મંત્રીનો પ્રતાપ આખા દેશમાં વિસ્તરી રહેલો હતો. તેને આશ્રયે રહેલા કુમારપાળને કેદ કરવાને એકદમ ઉદયન મંત્રીના ઘર ઉપર છાપો મારવાનું સાહસ સિદ્ધરાજ કરી શકે તેમ નહોતું. ઉદયન સામો થાય અગર ગુજરાતના રાજ્યમાંથી છૂટો પડે તો અન્ય દેશોના નરપતિઓ અને ખંડીયા સરદારો તથા રાજાઓમાં સિદ્ધરાજનો પ્રતાપ એકાએક ઓછો થઇ જાય, તેઓ સિદ્ધરાજનું બળ ઓછું થએલું માનીને ગુર્જરેશ્વરની આણ માનવાનું બંધ કરે, નાના રાજાઓ સ્વતંત્ર બની જાય, અને એવી ઘણી ઉથલપાથલો થઇ જાય એવું સિદ્ધરાજ સમજતો હતો. તેથી એકદમ ઉદયનની સામે થવાની હિંમત તે ધરી શકયો નહિ. જો કુમારપાળ ઉદયનના આશ્રયમાં ન હોય તો તે ગમે તેવી રીતે તેને કેદ પકડી શકે પરન્તુ વસ્તુસ્થિતિ તેથી વિરૂદ્ધ જ હતી. એ કારણથી તેણે પોતાના માનીતા સુભટ ચાહડને સમજાવીને તૈયાર કર્યો. ચાહડ ઉદયનનો જ પુત્ર હતો અને સિદ્ધ-

રાજાના સંપૂર્ણ વિશ્વાસને પાત્ર હતો. તેને કરણદાન અને બીજા દશેક માણસોની સાથે ખંભાત તરફ મોકલ્યો અને પોતાના મનનો આશય તેને સંપૂર્ણ રીતે સમજાવી દીધો. ચાહડ ચતુર અને કાપટ્યકુશળ હતો. પિતાની સામે થયા વિના પિતાના જ ઘરમાં પેઠેલા ચોરને કેવી રીતે પકડવો, તે તે સમજતો હતો અને તેથી તેણે પિતાને ઘેર આવીને બહુ સાવધાનતાથી વર્તવા માંડ્યું હતું. પોતે સૌરાષ્ટ્રમાં ઘોડા લેવાને ગયો હતો, ત્યાંથી એકાએક ખંભાત તરફ માત્ર પિતાને મળવાને જ આવ્યો છે એવું બ્હાનું કાઢીને તે ત્યાં આવ્યો હતો, પરન્તુ ઉદયન અને વાહડને તેનો એ હેતુ ખરો હોવા વિષે સંપૂર્ણ સંશય હતો. તે ઘણું કરીને કુમારપાળને પકડવાને જ આવ્યો હોવો જોઇએ, એવી તેમની શંકા વસ્તુતઃ ખરી જ હતી. પરન્તુ જો ચાહડ પિતાને સ્પષ્ટ રીતે પોતાનો ગુપ્ત હેતુ કહી દે, તો ઉદયન પણ એવો સાચાબોલો અને ટેકીલો હતો કે તે ખુલ્લી રીતે કુમારપાળ પોતાના સંરક્ષણ હેઠળ હોવાનું કહી દે અને તેને સિદ્ધરાજને સોંપવાને સામે મ્હોંએ ના કહી દે. પિતાનું એવું ટેકીલાપણું, ઉગ્ર સ્વભાવ અને ટેક ચાહડ જાણતો હતો, તેથી તેણે એ સીધે માર્ગે જવામાં ભય માનીને યુક્તિથી જ પોતાનો માર્ગ કરી લેવાનું ઉચિત માન્યું હતું.

તેણે આવતી વખતે અગાઉથી કશા ખબર કહાવ્યા નહિં, તેમાં તેનો હેતુ એકદમ પિતાને ત્યાં જઇને ગુપ્ત ચોકી બેસાડવાનો હતો. વાહડને કે બીજા કોઇને ખુલ્લી રીતે સંશય આવે એવું વર્તન તો તેણે ન ચલાવ્યું પરન્તુ કરણદાનને ગુપ્ત રીતે સૂચના કરી દીધી હતી કે "આપણે એકાએક આવી પહોંચ્યા છીએ, તેથી કુમારપાળ છટકી જઇ શક્યો નહિ જ હોય; પણ સ્હવારમાં તેને માટે આપણે તજવીજ કરીએ તે પહેલાં રાતોરાત તે છટકી જાય નહિ તેટલા માટે તું કોઇ પણ રીતે ડહેલીમાં જાગતો સૂઇ રહે." ચાહડની એ યુક્તિ બરાબર હતી, પરન્તુ સુભગાએ એ યુક્તિને પોતાની ચતુરાઇથી નિષ્ફળ કરી નાંખી.

પ્રભાત થતાં ચાહડ ઉઠ્યો. હવે તેને કાંઇ કાંઇ બ્હાનાં કાઢીને આખા ઘરની તપાસ લેવાની હતી. બિછાનામાંથી ઉઠીને તુરત જ તેણે એક ચાકરને બોલાવીને કહ્યું: "અલ્યા! આ મકાનમાં તો હમણાં પિતાજીએ બહુ ફેરફાર કરાવી નાંખ્યા જણાય છે ને શું? મેં પહેલાં આ સ્થળ જોયું હતું, એ કરતાં આ મકાનમાં હવે ઘણી નવીનતાઓ દેખાય છે."

ચાકરે કહ્યું: "હા ભાઇસાહેબ! હમણાં તો ઘરમાં બહુ જ વ્યવસ્થિત કારભાર ચાલે છે. સુભગાબાઇ બહુ ચતુર છે. તેમણે મકાનના એકે-

એક ખંડની વ્યવસ્થા પોતાની ઇચ્છાનુસાર કરાવીને નોકર ચાકરને એવું નિયમિત કામ સોંપી દીધું છે કે સૌને એ બધું નવું નવું અને સંતોષજનક લાગે છે. બાપાજી તો તેમનાથી બહુ જ ખુશ થઇ ગયા છે. તેમની સૂચના પ્રમાણે બાપાજીએ મકાનમાં કાંઇ કાંઇ નવી ગોઠવણો, નવા ઓરડાઓ, આળીયાં–જાળીયાં વગેરે કરાવ્યું છે અને તેથી તમને એ બધું નવું લાગે એ સ્વાભાવિક જ છે.”

“એમ? ત્યારે તું મારી સાથે ચાલ અને મને બધા ખંડ બતાવ.”

ચાકર ચાહડની આજ્ઞા માનીને તેની સાથે ચાલ્યો. ભોંયતળીયાના બધા ઓરડામાં કોઠાર, ઇંધણાં, રસોઇ, ચાકરના ઓરડાઓ, વગેરે વ્યવસ્થા હતી તે તેણે ચાહડને બતાવ્યું. પછી જીનમંદિર અને પૂજાની સામગ્રીનાં સ્થાન, ઉદયન મંત્રીની પૌષધશાળા, સ્નાનમંદિર ઇત્યાદિ સ્થાનો બતાવ્યાં. અશ્વશાળા, વાહન, પાલખીઓ વગેરે મૂકવાનું સ્થળ પણ ચાહડે તેની સાથે જઇને ખૂણેખૂણો તપાસીને જોયું. પછી બીજે માળે તેઓ આવ્યા. તે સ્થળે પણ તેઓ સઘળા ઓરડાઓમાં ફરી વળ્યા. છેવટે કુમારપાળને સોંપવામાં આવેલું સ્થાન આવ્યું ત્યાં ચાકર ભાનમાં આવ્યો. અત્યારસુધી ચાહડનો હેતુ ત્રેના કળવામાં આવ્યો નહોતો, પરન્તુ ગઈ રાત્રે વાહડે સઘળા ચાકરોને સૂચના આપી દીધી હતી કે “પેલો ઠાકોર અહીં હતો એ વાત કોઇએ ચાહડના જાણવામાં આવવા દેવી નહિ” તે વાત અત્યારે એ ચાકરને સાંભરી અને તેને ચાહડની આ તપાસમાંના ગુપ્ત આશયનો વહેમ આવ્યો. એ ઓરડામાં પેસતાં ચાકરે કહ્યું: “આ ઓરડો કોઇ કોઈ વાર મેમાનોને સૂવા બેસવાના કામમાં આવે છે.”

“હમણાં અહીં કયા મેમાનને રાખ્યા છે?” ચાહડે પ્રશ્ન કર્યો.

“હાલમાં તો આ સ્થળે કોઇ મેમાન નથી.” ચાકરે જવાબ આપ્યો, પરંતુ ચાહડ એક ક્ષણમાં જ સમજી ગયો કે એ જૂઠું બોલતો હતો. તેણે એક ખીંટીપર એક કમરપટો અને તેની સાથે બાંધેલી તલવાર જોઇ, અને તુરત જ જાણ્યું કે એ સ્થળે કોઈ ક્ષત્રિયનો નિવાસ હોવો જોઇએ. વણિક રાજકર્મચારીઓ તે સમયે હથિયારો બાંધતા, પરંતુ તેઓ યુદ્ધપ્રસંગે જ બહુધા તેવાં શસ્ત્રાસ્ત્રોને ધારણ કરતા; સામાન્ય વખતમાં તો તેઓ નિઃશસ્ત્ર જ રહેતા. ઉદયન મંત્રીના ઘરમાં તેવાં અનેક શસ્ત્રાસ્ત્રો રહેતાં પરંતુ ચાહડે જોએલો પટો અને તલવાર તેને કોઇનાં નિત્યનાં ધારણ કરવાનાં સાહિત્યોના જેવાં જ લાગ્યાં અને તેથી તે તુરત સમજી ગયો કે ખરી વાતને એ ચાકર છુપાવે છે!

તેણે ચાકરને કહ્યું: " નહિ, અહીં કોઇ મેમાન હોવો જોઇએ. આ પટ્ટો અને તલવાર લટકે છે તે કોઇ રજપૂતનાં હોય તેવાં લાગે છે."

ચાકર ગભરાયો ખરો, પરન્તુ વાતને વિશેષ છુપાવવાને બોલ્યો: " એ તો અહીં કોઇ ગામના ઠાકોર ઉતર્યા હતા, તે વિસરી ગયા હશે."

" કયા ગામના ઠાકોર? કયારે આવ્યા હતા?"

" મને ગામની ખબર નથી; પણ બે ચાર મહિના પહેલાં તે આવ્યા હતા."

" તેમનું નામ શું?" ચાહડે પૂછ્યું.

" મને ખબર નથી."

" તેમની ઉમર કેટલી હતી?"

" વીસ–બાવીસ વર્ષની." ચાકરે જૂઠું અડાવ્યું.

" તું જૂઠું બોલે છે; તારા મ્હોંના ગભરાટ ઉપરથી હું કહું છું કે તું ખરી વાત છુપાવે છે! માટે ખરી વાત બોલ." ચાહડે જરા આંખો કાઢીને ચાકરને ડરાવવાનો યત્ન કરતાં કહ્યું.

" ભાઇસાહેબ! હું ખરી વાત કહું છું."

" ત્યારે એ ઠાકોરનો ચહેરો કેવો હતો?"

" તેમને લાંબી દાઢી હતી!"

" હરામખોર! મારી સામે ઉભો રહીને તું જૂઠું બોલે છે? ખરી વાત માની જા! તું મને ઓળખે છે કે હું મહારાજા સિદ્ધરાજનો સુભટ છું?"

ચાકર ચાહડનો એ ગુસ્સો જોઇને ગભરાઇ ગયો અને તેનો તાપ ન સહન થઇ શકવાથી ભયથી કમ્પતો બે ડગલાં પાછળ હઠયો. ચાહડે તેને વિશેષ ડરાવવા માંડયો: " સાચી વાત બોલી જા, નહિતો પિતાજીને પણ પૂછ્યા વિના હું તને સજા કરીશ." એ શબ્દો ચાહડે ધીમે સ્વરે પણ પૂરતા ક્રોધથી કહ્યા.

ચાકર કાંઇ પણ જવાબ આપે તે પહેલાં તો સુભગા ઓરડામાં દાખલ થતી બોલી: " કોને સજા કરવાના છો, ચાહડભાઇ?"

ચાહડની ક્રોધી આંખ સુભગા તરફ ફરી. તે બોલ્યો: " આ લુચ્ચો હું પૂછું છું તેનો સીધો જવાબ નહિ આપતાં જૂઠું બોલે છે."

" તમે તેને શું પૂછ્યું છે?"

" હું તેને પૂછું છું કે આ ઓરડામાં થોડા વખત પહેલાં કોને ઉતારો આપ્યો હતો અને આ કમરપટ્ટો તથા તલવાર કોનાં છે?" ચાહડને એ ખુલાસો કરવો પડયો.

"તે બિચારો જે જાણતો હોય તે કહે; તેમાં તેને આટલો ધમકાવો છો શાને?" સુભગાની આંખ પણ જરા રોષભરી દેખાઇ.

સુભગાના વિકૃત થતા જતા વદનથી ચાહડનું રૂધિર વિશેષ તપ્યું. તે બોલ્યોઃ "ભાભી! જરા વિનયથી બોલો."

"તમે કેમ વિનયથી વર્તતા નથી? નિર્દોષ ચાકરને શામાટે ધમકાવો છો? મને પૂછો, એટલે હું સીધો જવાબ દઇશ!" સુભગાએ સામો ઉત્તર આપ્યો.

ચાહડની આંખો હવે કપાળે ચડી. તે બોલ્યો: "મને વિનય શિખવનાર તમે કોણ છો? બસ, અહીંથી જતાં રહો, નહિતો અપમાન પામશો." ક્રોધના આવેગથી તેણે ચાકરને ધક્કો મારીને કહ્યું: "ચાલ, સામેના બંધ ઓરડાનું તાળું, ઉઘાડ!"

સુભગાના શાન્ત વદનપર પણ તે ક્ષણે લોહી ઉછળી આવ્યું. તે ક્રોધથી કમ્પવા લાગી અને બોલી: "એ મારૂં વસ્ત્રાગાર છે; તે ઉઘાડી શકાશે નહિ."

"આ મારા પિતાનું ઘર છે અને તે જોવાનો તથા તેનો સંપૂર્ણ ઉપભોગ કરવાનો મને અધિકાર છે." ચાહડ બોલ્યો.

"ચાહડભાઇ! જરા વિચાર કરીને બોલો. મારાં વસ્ત્રોનો ઓરડો ઉઘાડીને જોવાનું તમને શું પ્રયોજન છે? તમે નીતિ અને વિનયની મર્યાદાને ઉલ્લંઘો છો." સુભગાએ એક વાર ચાહડને શાન્ત શબ્દોથી સમજાવી લેવાનો યત્ન કર્યો.

"એ મર્યાદાને હું સારી પેઠે સમજું છું; તમારે મારા કામની આડે બિલકુલ આવવું નહિ." ચાહડે બેદરકારીથી જવાબ આપ્યો.

સુભગાનું મગજ હવે તપી આવ્યું. તે ક્રોધથી આંખોને તગતગાવતી બોલી: "મારો ઓરડો હું તમને ઉઘાડવા દઇશ નહિ! તમારા પિતાનું આ ઘર છે, તેમ મારા સસરાનું પણ ઘર છે: આપણુ ઉભયના એ સરખા વડીલ છે; તેમની પરવાનગી લઇને તેમની હાજરીમાં એ ઓરડો ઉઘાડવો હોય તો ઉઘાડો!"

ઉચ્ચ સ્વરે થતી આ તકરાર આખા ઘરમાં જાણીતી થઇ ગઇ અને તત્ક્ષણ ત્યાં સૌ આવી પહોંચ્યાં. કેટલાક ચાકરો અને તે સાથે ઉદયન, હેમકુંવરબાઇ, વાહડ, કરણદાન વગેરે સૌ આવ્યાં. ઉદયને દાદર ઉપર ચડતાં સુભગાના છેલ્લા શબ્દો સાંભળ્યા અને પૂછયું: "સુભગા! દિકરી! તમે કેમ તમારા દિયર સાથે તકરાર કરો છો?

સુભગાએ ચાહડ સાથેની તકરારનો મુદ્દો જણાવ્યો અને કહ્યું: "મારા ખાનગી વસ્ત્રાગારમાં તેમણે શામાટે જવું જોઇએ ?"

ઉદયને શાન્તિથી ચાહડને પૂછ્યું: "ભાઇ ! તારે તેમાં જવાનું શું પ્રયોજન છે ?"

"પિતાજી ! પ્રયોજન કાંઇ નથી; પરન્તુ શું આ ઘરની અંદરની કોઇ વસ્તુ જોવાનો પણ મને અધિકાર નહિ ?" ચાહડે જણાવ્યું.

ઉદયને કહ્યું: "ત્યારે ભલેને ચાહડ એ ઓરડો ઉઘાડીને જુએ, તે જોઇને બંધ કરી વાળશે; તે અત્યારે જીદે ભરાયો છે. મારે તો તમે અને એ બન્ને સરખાં છો."

"દાદાજી ! તમે આ શું કહો છો ! ભ્રાતૃપત્નીનાં વસ્ત્રો જોવા માંગનારની અમર્યાદાનો તમે કેમ વિચાર કરતા નથી ? ચાહડભાઇ તો ગમે તેવી જીદ કરે પણ આપ વડીલ થઇને યુવાન પુત્રવધૂના શીલરક્ષણનો કેમ વિચાર કરતા નથી ?"

આ શબ્દો સાંભળતાં જ ઉદયન સુભગાથી જીતાઇ ગયો ! જૈન ધર્મમાં શીલરક્ષણની જે ઉત્તમ મર્યાદા કહી હતી તેનું તત્ક્ષણ ઉદયનને ભાન થયું. સુભગાનાં વસ્ત્રોને ચૂંથવાં કે સ્પર્શ કરવો એ સુભગાને અન્યાય આપવા બરાબર હતું એમ તેને સમજાયું. તેણે ચાહડને કહ્યું: "ભાઇ ! તારી માંગણી ગેરવાજબી છે; હું પરવાનગી આપી શકતો નથી !"

ચાહડ અપમાન અને નિરાશાથી લેવાઇ ગયો ! તેના વદન ઉપર ગ્લાનિ પ્રસરી ગઇ. કરણદાન તો મંત્રીનો આ ન્યાય સાંભળીને અને મંત્રી ઉપર સુભગાનો આટલો દૃઢ પ્રતાપ જોઇને આશ્ચર્યમાં જ તણાઇ જવા લાગ્યો. સુભગા ત્યાંથી સત્વર ચાલી ગઇ. ચાહડ પિતાની સામે થઇ શક્યો નહિ, કારણકે હજી તેને પોતાનો હેતુ પાર પાડવાનો હતો અને અત્યારથી પિતા સાથે અણબનાવ કરવાનું વાજબી નહોતું. તે ભયાનક અપમાનને તે વખતે તો તે ગળી ગયો અને પિતાની સાથે સાથે તેમના દિવાનખાનામાં આવીને બેઠો.

પ્રકરણ ૫ મું.

ચાહડ અને હેમાચાર્ય.

પોતાના પિતાના ઘરમાંથી કુમારપાળ છટકી ગયો હોવો જોઇએ, એવી શંકા ચાહડને આવી ચૂકી. હવે તેની તપાસ બીજે ક્યાં કરવી તેનો

તેણે વિચાર કરવા માંડ્યો. હેમાચાર્ય અને ઉદયન સિવાય બીજો કોઇ આધાર કુમારપાળને નહોતો તે ચાહડ જાણતો હતો, તેથી હેમાચાર્યને ઉપાશ્રયે જઇને તપાસ કરવાનો નિશ્ચય કર્યો. પરન્તુ એ તપાસ કરવા માટે ગુપ્તતાની જરૂર હતી તેથી ઉલટું બીજી તપાસ કરવા માટે તે આશયને જાહેર કરવાની જરૂર હતી. તેથી તેણે પિતાને કહ્યું: "પિતાજી! મારા અહીં આવવાના એક હેતુને આપ શું જાણો છો?"

"તું કહે છે કે તું મને માત્ર મળવા આવ્યો છે, તે વિના બીજું કશું તેં કહ્યું નથી."

"મહારાજની આજ્ઞાથી હું કુમારપાળને પકડવા આવ્યો છું."

"ત્યારે પહેલેથી તેં મને તેમ કેમ ન કહ્યું? કુમારપાળ આપણે ત્યાં જ છે; પરંતુ હું તેને પકડાવા દેવાનો નથી!" ઉદયને ખુલ્લા મનથી વાત કહી.

"પણ મહારાજની આજ્ઞા છે ને?" પિતાના જવાબથી આશ્ચર્ય પામતા પુત્રે જણાવ્યું.

"મને તે આજ્ઞા માન્ય નથી. અને શું તે માટે જ તું ઓરડાઓ જોતો ફરતો હતો?"

"હા, તે માટે જ. કુમારપાળને જોયા પછી હું આપને મહારાજની આજ્ઞા જણાવવાનો હતો. ત્યાંસુધી મેં તમને તે કહેવાની જરૂર વિચારી નહિ."

ઉદયને વાહડને બોલાવ્યો અને કહ્યું: "કુમારપાળને અહીં લાવ; ચાહડને તેનાં દર્શન કરવા દે!"

વાહડે ઉત્તર આપ્યો: "કુમારપાળ અહીં નથી. રાત્રે જ તે જતા રહ્યા છે."

"ક્યાં ગયા છે?" ઉદયને પ્રશ્ન કર્યો.

"આપણા ઘરની બહાર ગયા છે; હું તેમની સાથે ગયો નહોતો." વાહડે ઉત્તર આપ્યો.

ચાહડ સઘળી વાત સમજી ગયો. વાહડે કપટ કરીને કુમારપાળને નસાડ્યા છે અને પિતાજી તેમાંનું કશું જાણતા નથી એવી તેની ખાત્રી થઇ. તેણે તુરત જ એક મહોરબંધ લખોટો કાઢીને મંત્રીના હાથમાં આપ્યો. મંત્રીએ તે ફોડીને વાંચ્યો તો તેમાં સિદ્ધરાજે ખંભાતમાં હરકોઇ સ્થળની તપાસ લેવા દેવાની આજ્ઞા ઉદયન મંત્રીને કરેલી માલુમ પડી. પિતા અને પુત્રને હવે એક બીજાની સામે પોતપોતાની ફરજો બજાવવાનું પ્રાપ્ત થયું. ઉદયને પૂછ્યું: "હવે તારે ક્યું સ્થળ તપાસવું છે?"

"હેમાચાર્યનો અપાસરો!" ચાહડે જવાબ આપ્યો.

ઉદયન આ સાંભળીને કંપ્યો. તે બોલ્યો: "ચાહડ ! આચાર્ય મહારાજના અપાશરાની શું તારે જડતી લેવી છે? એ તો ધર્મની હીનતા થાય તેવી તારી માંગણી છે."

"શું કરું ? રાજાની આજ્ઞાની ખાતર તેવું પણ કરવું પડે."

ચાહડનો આ ઉત્તર સાંભળીને ઉદયનને બહુ ખેદ થયો. સ્વધર્મ પ્રતિની અનુકંપા પિતાએ પુત્રના હૃદયમાં જોઇ નહિ. ઉદયને કહ્યું: "ભલે ત્યારે ! ઇચ્છા પ્રમાણે તપાસ કર ! મને કાંઇ વાંધો નથી."

એક વાર જડતી લેવાના સ્થળનું નામ પાડ્યા પછી તેની તપાસ તુરત થવી જોઇએ, તેથી ચાહડ તુરત ઉઠ્યો અને પોતાનાં સઘળાં માણસોને સાથે લઇને હેમાચાર્યને અપાશરે ગયો. અપાશરાને દરેક બારણે પોતાના માણસોનો પહેરો મૂકી દીધો અને આચાર્યને પોતાનો હેતુ તેણે કહી સંભળાવ્યો. હેમાચાર્યે તે સાંભળીને જરા પણ ગભરાટ કે આશ્ચર્ય બતાવ્યું નહિ. તેમણે શાંતિપૂર્વક કહ્યું: "રાજ્યના હિતને માટે રાજાની આજ્ઞાનું પાલન કરવું એ તો સૌનો ધર્મ છે; પરન્તુ ચાહડ ! તમે એક જૈન પિતાના પુત્ર છો, તેથી જ શું તમને આ જૈન ધર્મના સ્થાનની જડતી લેવાનું સૌથી પહેલાં સાંભર્યું ?"

અખંડિત બ્રહ્મચર્યના પાલક, મહાન્ યોગી, જ્ઞાનના તેજથી યુક્ત અને પ્રતાપપૂર્ણ જ્વલંત નેત્રોવાળા હેમાચાર્યના એ શબ્દો સાંભળીને અને તેમના વદન સામે નજર કરીને ચાહડ મંત્રમુગ્ધવત્ બની ગયો ! તે લજ્જાથી લેવાઇ ગયો, હેમાચાર્યના તેજથી અંજાઇ ગયો અને તેમના પ્રતાપથી ધૈર્યને ગુમાવી નાંખ્યું હોય તેવો તદન પ્રભાહીન–ઓશિયાળો બની ગયો. હેમાચાર્યે પુનઃ તે ઉપર શાંત–શીતળ વાગ્ધારાનું જળસિંચન કર્યું: "દેવાણુપ્પિયા ! * કુમારપાળને પકડવાને તમે નીકળ્યા છો, તો રાજાને તેમનું શું કામ પડ્યું છે વારુ ?"

"તે તો મહારાજ જાણે. તેને પકડી લાવવાની જ મને આજ્ઞા થઇ છે."

"તો તેનું કાંઇ પણ અનિષ્ટ કરવાનો જ રાજાનો ઇરાદો હોવો જોઇએ. શું તેનો કાંઇ દોષ છે? તેને આંગળી પણ નહિ અડકાડવાનું રાજાએ પાટણની પ્રજાને વચન આપ્યું છે, તે તમે જાણતા જ હશો."

"હા, મહારાજ ! તે હું જાણું છું. ત્યારપછી કુમારપાળે કાંઇ નવો દોષ કર્યો હોય એમ જણાતું નથી; પણ પુનઃ રાજાનો કોપ શાથી થયો તે હું શું જાણું ?"

---

* દેવાનાં પ્રિય અર્થાત્ દેવોને પ્રિય.

"કેમ એમ કહો છો ? શું તમે રાજાના મંત્રીમંડળમાં નથી ? રાજધરટ્ટના પદને તમે શોભાવો છો. દયામય જૈન ધર્મના અનુયાયી, *જલ્લપાળ જેવા દાનવીર, રાજાના એક કાર્યદક્ષ મંત્રી અને આટલા ચતુર હોવા છતાં રાજાનો કોપ એક નિર્દોષ મનુષ્ય ઉપર શાથી થયો છે તે પણ જાણતા નથી ? કદાચ આવા કામમાં રાજાની કાંઇ ભૂલ થતી હોય તો તમારે ડાહી સલાહ આપીને તેમાંથી રાજાને નિવૃત્ત કરવા જોઇએ, નહિ વારૂ ?"

"ખરૂં કહો છો પ્રભુ !" ચાહડ આ શાંત સુધાધારા આગળ કેવળ નરમ બની ગયો. રાજાનો અન્યાય તેના દિલમાં વસી આવ્યો અને પોતે એ અન્યાયમાં ભાગ લેવાનું પાપ કરતો હોય તેવું તેને ભાન થયું. તે હેમાચાર્ય આગળ બહુ જ શરમાઇ ગયો અને નીચું જોઇ રહ્યો. પરન્તુ પુનઃ રાજાની આજ્ઞાની મહત્તાનું તેને સ્મરણ થયું. પોતે એ કાર્ય કરવાને જ આવ્યો હતો અને બીજી વિચારશ્રેણીએ ચડી જવામાં ભૂલ કરતો હતો એવું તેને સુજ્યું. તે તુરત બોલ્યો: "ગુરૂદેવ ! આપ યથાર્થ કહો છો; પરન્તુ અત્યારે તો હું જે કાર્ય કરવા આવ્યો છું તે મારે કરવું જ જોઇએ. ભવિષ્યમાં વળી એવા દોષોમાંથી રાજાનું નિવારણ કરવાને હું યત્ન કરીશ."

હેમાચાર્ય ચતુર હતા. સામા માણસના હૃદયની દુર્બળતા કઇ દિશાએ ઢળે છે એ તે તુરત સમજી લેતા. તેમણે જોયું કે ચાહડ કાંઇક વિચારશીલ છે, પણ સંયોગોનો દાસ બની ગયો છે. તેમણે કહ્યું: "એટલું પણ સારૂં. આ કામ તમે ભલે કરો; મને કાંઇ વાંધો નથી; પરન્તુ તમારો યત્ન નિષ્ફળ છે."

"કેમ વારૂ ?" ચાહડે પૂછ્યું.

"જેનું પરિણામ શૂન્ય, તે પ્રયત્નની શી આવશ્યકતા ?" હેમાચાર્યે જણાવ્યું.

"આપના કથન ઉપરથી અનુમાન થાય છે કે કુમારપાળ અહીં નથી. મહારાજ ! રાજાજ્ઞાની મહત્તા આપ સમજો છો અને તેથી તેનું પાલન કરવામાં આપ આડે આવશો નહિ એવો મને વિશ્વાસ છે. આપ જો ખરેખર કહેતા હો કે કુમારપાળ આ અપાશરામાં નથી, તો આ સ્થળની જડતી લેઇને આપને હું વ્યર્થ તસ્દી આપીશ નહિ."

હેમાચાર્યે માત્ર એક ક્ષણમાં દીર્ઘ વિચાર કર્યો. અસત્ય બોલવું એ જૈન ધર્મગુરૂને માટે પોતાના મહાવ્રતનું ખંડન કરવા બરાબર લેખાય, પરન્તુ આ ક્ષણે સત્ય બોલવા જતાં કુમારપાળ ચાહડને હાથે પકડાવાનો અને

* જૈન ધર્મમાં કહેલો એક મહા દાનવીર પુરૂષ.

પરિણામે તેનું મોત થવાનો સંભવ હતો. મનુષ્યનો ઘાત કરનારૂં થઇ પડે તે પ્રકારનું સત્ય બોલવામાં તેમણે મોટી હાનિ જોઇ અને આ ક્ષણે તેમને અસત્ય બોલવું એ જ ધર્મરૂપ લાગ્યું. તેમણે કહ્યું: "ચાહડ ! અહીં કુમારપાળ નથી એ વાત ખરી છે."

ચાહડના સંશયાતુર મને પુનઃ પ્રશ્ન કર્યો: "આપ પ્રતિજ્ઞા લઇને એવું કહો છો ?"

હેમાચાર્યના હૃદયમાં સખ્ત આઘાત થયો. એક વાર મનને દબાવીને અસત્ય બોલી શકાયું, પરન્તુ પુનઃ પ્રતિજ્ઞા ઉપર અસત્ય બોલતાં તેમને બહુ દુઃખ થયું. ત્હેમની ન્યાયવૃત્તિએ મનને પ્રશ્ન કર્યો: "શામાટે અસત્ય બોલવું ? ભલેને કુમારપાળને તે પકડી જાય ! તેનું ભાગ્ય હશે તો તેને ઉની આંચ પણ આવશે નહિ !" પરન્તુ મને સામો ઉત્તર આપ્યો: "યત્ન વિના સહૃ ભાગ્ય પણ ફળતું નથી અને શત્રુનો સામો યત્ન તેને દુર્ભાગ્યના રૂપમાં ફેરવી નાંખે છે. માટે એકલા ભાગ્યનું જ આલંબન કરવું જોઇએ નહિ." ભવિષ્યમાં કુમારપાળ રાજા થાય તો તેનો રાજાશ્રય પોતાની અભીષ્ટ ભાવનાની સિદ્ધિ માટે ઉપયોગી થઇ પડે. પોતાનું જ્યોતિષનું જ્ઞાન તેમની એ આશાને ટેકો આપતું હતું. છેવટે મનને એક વાર ફરીથી દબાવીને પણ હેમાચાર્યે ઉત્તર આપ્યો: "પ્રતિજ્ઞા ઉપર હું કહું છું કે કુમારપાળ અહીં નથી.*"

"તો પછી આ સ્થળની જડતી લેવાની જરૂર નથી." એમ કહી ચાહડ હેમાચાર્યને વંદન કરીને પાછો ચાલ્યો. કુમારપાળને પકડવાનો તેનો સર્વ યત્ન નિષ્ફળ ગયો અને તેથી તે નિરાશ થયો. તેનું અદૃઢ મન કાંઇ કાંઇ કલ્પનાઓ કરવા લાગ્યું. પિતાના શબ્દો ઉપરથી ચાહડ એટલું તો જાણી ચૂક્યો હતો કે કુમારપાળ ખંભાતમાં જ હતો. જો તે હેમાચાર્યના અપાશરામાં નથી તો બીજે કયે સ્થળે તે ભરાઈ રહ્યો હશે ? આ પ્રશ્ન પણ ચાહડના દિલમાં અટવાયા કરતો હતો.

પ્રકરણ ૬ ઠું.

કરણઘેલાની અધીરાઇ.

"આજે તો કાંઇ વહેલાં નવરાં પડાયું જણાય છે !" વાહડે શય્યાગૃહમાં પ્રવેશ કરતાં સુભગાને પલંગમાં સુઇ ગએલી જોઇને કહ્યું. મધરાતનો સમય થવા આવ્યો હતો.

---

* 'કુમારપાળ પ્રબંધ' ને આધારે.

સુભગા કશો ઉત્તર નહિ આપતાં જાણે કે પોતે ઉંઘમાં પડી હોય, તેવી રીતે અવાચ્ય રહી. વાહડે તેની પાસે જઇને સુભગાની આંખની પાંપણુ પકડી બળાત્કારે તેની આંખ ઉઘાડી અને તુરત જ સુભગાથી હસી જવાયું. પણ પુનઃ તેના વદનપર ગંભીરતા છવાઇ અને તે બોલીઃ "શાને પજવવા આવ્યા છો ? અહીંથી જતા રહો ! મને બોલાવશો નહિ ! હવે ઉંઘવા દો."

"કેમ ન બોલાવું વારૂ ?"

"મારે તમારી સાથે નથી બોલવું. મને સૂઇ રહેવા દો તો તમારો પાડ માનીશ."

"એટલું બધું આજે શું છે વળી ? મારાપર કાંઇ રીસ ચડી છે કે શું ?"

"તેનું તમારે શું કામ છે ? તમને હું કાંઇ કહેવા તો નથી આવી ?"

વાહડ જરા ગંભીર બન્યો અને બોલ્યોઃ "પરન્તુ તારી રીસનું કારણુ તો મારે જાણવું જોઇએ કે નહિ ? મારો કાંઇ દોષ થયો હોય, તો તે સુધારવાની તક મને કેવી રીતે મળે ?"

"આજે ચાહડભાઇએ મારે માથે કેવું કર્યું તે શું તમે ન જોયું ? પાસે ઉભા ઉભા જોયા કર્યું અને સાંભળ્યા કર્યું પણુ કશું બોલ્યા તો નહિ !" સુભગાએ હવે પોતાના રોષનું કારણુ સ્પષ્ટ રીતે જણાવ્યું.

"પિતાજી પાસે જ હતા, તેમણે બરાબર ન્યાય આપ્યો, એટલે પછી મારે શું બોલવાનું રહ્યું ? અને તેમાંએ તારો વિજય થયો અને ચાહડનું મ્હોં તુરત ઉતરી ગયું હતું ! પછી તેમાં મારે તારો પક્ષ લેવાની શી જરૂર ?"

"હા ! મારો પક્ષ તમારે શામાટે લેવો જોઇએ ? હું કાંઇ તમને પરણી છું ?"

"એવું આડું કેમ બોલે છે ?"

"કેમ ન બોલું ? એ ઠેકાણે જો કોઇ ક્ષત્રિય ભાઇઓ હોય તો ક્યારની તલ્વારો ઉડી હોય ! અને તમે તો છાના-છાના ટગર ટગર જોયાં કર્યું ! એ તો પિતાજીને વાજબી લાગ્યું તેથી તેમણે મારૂં રક્ષણુ કર્યું, પણુ કદાચ ચાહડભાઇના લાભમાં તેમણે ન્યાય તોળ્યો હોત તો ?"

"તો પિતાજીની આજ્ઞાને માન આપવું એ મારી અને તારી બન્નેની ફરજ નહોતી શું ?" વાહડે સામો પ્રશ્ન કર્યો.

"જાઓ, જાઓ, એવી ફરજ બજાવો અને પાસે રહીને બૈરીની આબરૂ લૂંટાવો !" એમ કહેતી સુભગા રોષથી સહાળી પલંગમાંથી ઉઠી

અને સત્વર ઓરડાની બહાર ચાલી ગઇ ! વાહડ તો તેનો આ ભાવ જોઇને સ્તબ્ધ બની ગયો. ચાહડે જ્યારે સુભગાનું અપમાન કર્યું ત્યારે વાહડે પાસે રહ્યા છતાં તેનું માન જાળવવાને કાંઇ જ કહ્યું નહિ, પતિએ એવે સમયે પત્નીનું રક્ષણ કરવું જોઇએ, તેને બદલે પોતે મૌન્ય ધારણ કર્યું: સુભગાને મન એવું લાગ્યું કે પત્ની કરતાં બંધુ ઉપર વિશેષ પ્રેમ રાખીને પતિએ મૌન્ય ધારણ કર્યું અને એ રીતે પતિએ પોતાની અવગણુના કરી: વાહડને લાગ્યું કે જીવનવિભાગિની સખીની એવી અવગણુના તેને અસહ્ય લાગવી જ જોઇએ, અને તેથી તેમાં પોતે એક જાતનો દોષ જ કર્યો હતો. તેણે વિચાર્યું: "બિચારી અબળાના માનનું રક્ષણ એવે વખત તેનો પતિ ન જ કરે, તો પછી તેનો બીજો શો આશરો ? ચાહડે જ્યારે તેનો ઓરડો ઉઘાડવાની જીદ પકડી, ત્યારે તે કેવી ઓશિયાળી, ગળગળી અને લાચાર બની ગઈ હતી ? જો પિતાજીએ ચાહડના લાભમાં ચુકાદો આપ્યો હોત તો તેના કોમળ હૃદય ઉપર કેવો સખ્ત આઘાત થાત ? અને છતાં હું તો તે વખતે ચૂપ જ રહેવાનો હતો ! અહો ! તે બિચારીને તેથી ખોટું ન લાગે શું ? મેં એક ગંભીર ભૂલ કરી હતી, એટલું જ નહિ પણ સુભગાને મારા પર રોષ ચડે એવો જ મેં તેને ઉત્તર આપ્યો છે ! તે તો બહાર ચાલી ગઇ અને હવે હું શું કરૂં ? તેને કેવી રીતે મનાવું ?"

વાહડ એ જ વિચારમાં કેટલીક વાર સુધી ઉભો રહ્યો અને પછી પલંગની ઇસપર બેસીને ઉંડા વિચારમાં પડયો. શોકથી તેનું હૃદય ઉભરાઇ આવ્યું. સુભગાને શોધી કાઢવાને તે ઓરડાની બહાર નીકળ્યો અને પુનઃ ઉભો રહ્યો. તે ક્યાં ગઇ હશે, તેનો વિચાર તે કરવા લાગ્યો, એટલામાં મધરાતનાં ઘડીયાળાં વાગ્યાં.

* * * * *

આ બાજુએ ડહેલીમાં કેવળ જૂદો જ પ્રકાર ચાલી રહ્યો હતો. કરણુદાન ગઢવીને હજી નિદ્રા આવી નહોતી, કારણકે ગઇ રાત્રે અધૂરો રહેલો પ્રકાર પુનઃ પૂર્ણ થાય તે માટે તે સુભગાની રાહ જોઇ રહ્યો હતો ! ઘણી વાર સુધી હુક્કો પીને તે થાક્યો. ચલમમાંની તંબાકુ બળી ગઇ અને અંગારા પણ હોલવાઇ ગયા. તે જરા સુતો, પરન્તુ વારંવાર સુભગા ચોકમાં આવીને ઉભી હોય એવા ભણકારા તેને વાગી રહ્યા હતા, તેથી પુનઃ પુનઃ માથું ઉંચું કરીને તે જોતો હતો અને કોઇને નહિ જોવાથી પાછો સુઇ જતો હતો. સુભગાનો પ્રતાપ જોઇને તો તે છક્ક થઇ ગયો હતો. સુભગા અને ચાહડ વચ્ચે તકરાર થઈ ત્યારે તે ત્યાં હાજર હતો અને સુ-

ભગાએ વિવાદમાં આહડને પરાસ્ત કરીને મંત્રી પાસેથી પોતાના લાભમાં ન્યાય મેળવ્યો તે જોઇને તો કરણદાન સુભગાની ચતુરાઈ, તેની શક્તિ, તેના વદનની ગંભીરતા તથા તેજ, તેના શબ્દો અને મંત્રી ઉપર પણ તેનો પડતો પ્રતાપ એની પોતાના મનથી અત્યંત પ્રશંસા કરવા લાગી ગયો હતો. આવી નવજુવાન બાળા, આટલી ચતુર, આવી પ્રતાપશીલ, આટલી ડહાપણવાળી અને અત્યંત ઉગ્ર તેજવાળી હોય, એ કરણદાનને એક મોટો ચમત્કાર જ માલૂમ પડચો! કરણદાન એક પુરૂષ હતો, ઉમરે જુવાન હતો, રાજસંપત્તિ તેણે જોઇ હતી, સિદ્ધરાજનો કૃપાપાત્ર હતો, લડવૈયો હતો અને વિધવિધ સ્વભાવનાં મનુષ્યોના પરિચયમાં આવી ચૂકયો હતો, છતાં સુભગા જેટલી કાર્યદક્ષ અને તેજદાર સ્વભાવની બાળા જોઇને તે ક્ષણભર દિગ્મૂઢ બની ગયો–સુભગાના બુદ્ધિવિભવ આગળ તેને પોતાનું ડહાપણ પણ તુચ્છ જણાવા લાગ્યું! તે પોતાની ચતુરાઇ અને ધૂર્તતાથી છૂપી રીતે એવું કિંમતી ઝવેરાત એકઠું કરી શકી હોય અને પોતાના ભાઇઓ તથા ભાભીઓને માટે તે છૂપી રીતે મોકલી આપવાની હિંમત ધરી શકતી હોય, તેમાં હવે કરણદાનને જરા પણ નવાઇ લાગી નહિ. પરન્તુ કરણદાનના અસંતોષનો વિષય એ હતો કે ગઈ રાત્રે વચન આપ્યા પ્રમાણે હજી સુભગા ત્યાં ઝવેરાતના દાબડા સાથે આવી પહોંચી નહોતી અને તેથી કરણદાનની અધીરાઇ ક્ષણે ક્ષણે વધતી જતી હતી!

છેવટે ખરેખર ચોકમાં કોઇ માણસનો જ પાદપ્રહાર કરણદાને સાંભળ્યો અને તુરત જ માથું ઉંચું કરીને તેણે ખોંખારો કર્યો. એ ખોંખારાનો કાંઇ ઉત્તર મળે તે પહેલાં ગઢવીએ જોયું કે કોઇ સ્ત્રી ચોક તરફ ચાલી આવતી હતી! ગઢવીએ ફરીથી ખોંખારો કરીને એ આગંતુક સ્ત્રીનું ધ્યાન પોતા તરફ આકર્ષવાનો યત્ન કર્યો. પરન્તુ એ સ્ત્રી તો ચોકમાં આવીને ડહેલી તરફ વળવાને બદલે બીજી તરફ ચાલી જવા લાગી એટલે ગઢવીની અધીરાઈ વધી ગઇ! તેણે ધાર્યું કે પોતે ડહેલીમાં જાગતો સૂતો છે, તે તરફ હજી સુભગાનું ધ્યાન બરાબર રીતે ખેંચાયું લાગતું નથી અને તેથી તે પોતાની શોધ કરવાને બીજે રસ્તે ચાલી જાય છે! તેથી તેણે બગાસું ખાતાં ઉંચે સ્વરે ઉદ્દગાર કાઢયોઃ "ઓ પ્રભુ! મધરાત થવા આવી તોએ હજી ઉંઘ આવતી નથી!"

પણ નિરાશ! એ સ્ત્રી તો કાંઇ જ જવાબ આપ્યા વિના ચાલી ગઇ! ગઢવીએ ધાર્યું કે તે સુભગા નહિ પણ બીજી કોઇ સ્ત્રી હશે. ગઢવીની અધીરાઇ તેથી વધવા લાગી અને તેણે બિછાનામાંથી ઉઠીને ચોકમાં આમથી તેમ ટહેલવા માંડયું. એટલામાં ત્રીજા માળપરની એક બારી ઉઘડી અને તુરત

જ ગઢવીએ ઉંચું જોયું. બારીમાંથી ધીમો સ્વર આવ્યોઃ "અરે ગીરધારી!"

ગઢવી સમજ્યો કે બારીમાંથી પોતાને સુભગા બોલાવે છે. તેણે ઉંચું જોઇને, બરાબર બારીની નીચે આવી તેવા જ ધીમા સ્વરે ઉત્તર આપ્યોઃ "હૂં."

"અહીંથી નાંખું છું, તે લેજે!" એ શબ્દો સાંભળતાં જ ગઢવી હાથ પહોળા કરીને ઉંચેથી પડે તે ઝીલી લેવાને ઉભો, પરન્તુ તે સાથે જ ઉંચેથી ગોદડાં અને તળાઇઓનો એકાએક વરસાદ વરસ્યો અને ગઢવીના માથામાં ધબોધબ પ્રહાર થવા લાગ્યા! ગઢવી ત્યાંથી જરા દૂર ખસે તે પહેલાં તો એક ભારે તળાઇ તેના પર પડી અને તેનો આઘાત થતાં છોબંધ ચોકમાં તેનાથી લપસીને પડી જવાયું! તેના ઉપર એકાએક વીસ પચીસ ગોદડાં પડયાં અને ગઢવી બિચારો તેમાં દટાઇ ગયો! માથા ઉપર એક ભારે તળાઇ પડવાથી તેની ગરદન જરા મચકી ગઇ. પગ છોલાવાથી લોહી નીકળ્યું. પીઠ ઉપર પણ થોડો માર વાગ્યો અને તેથી એકાએક તેનાથી ગભરાઇ જવાયું. પરન્તુ વળી તે ઉપર બીજો માર પડશે એવા ભયથી તે સાવધ બન્યો અને શરીર ઉપર ઢંકાએલાં ગોદડાંને એકદમ દૂર ફેંકી દેતો તે ઉઠયો. તે પાછો પોતાના બિછાનામાં આવીને બેઠો, ત્યારે જ તેનો ગભરાટ શમ્યો! થોડી વારે આવીને એક ચાકરડી એ ગોદડાંઓ એક પછી એક ઉંચકી ગઇ, એટલે ગઢવી સઘળો પ્રકાર સમજ્યો. પેલી સ્ત્રી બીજે માર્ગે ગઇ હતી તે એક ચાકરડી હોવી જોઇએ અને તેનું નામ ગીરધારી હશે. કોઇ મેમાનો નવા આવ્યા હશે તેમને માટે એ તળાઇઓ અને ગોદડાંનો વરસાદ વરસાવવામાં આવ્યો હશે એવું હવે ગઢવીએ અનુમાન કર્યું! તે બડબડયોઃ "ગઇ કાલે સુભગા પાસેથી મેં પેલી મારા માટેની માળા ઉંચકી લીધી હોત અને પછી વાહડ ત્યાં આવી પહોંચ્યો હોત તો કાંઇ ફીકર નહોતી! પછી ભલેને સુભગાને એ ઝવેરાત તેના બાપ ઉપર ન મોકલવું હોત તો તે જાણત અને મોકલવું હોત તો તેની ગરજે એ મારી પાસે આવત! પણ મને તો મારી માળા મળી જાત! પણ એ લેવાનું રહી ગયું તેની જ ચિંતા થાય છે તો!" એટલું વિચારતાં ગઢવી નિરાશ થવા લાગ્યો.

એટલામાં તો તેની ચિંતા દૂર કરવા માટે સુભગા ત્યાં આવી પહોંચી અને તેને જોઇને ગઢવી અત્યંત હર્ષિત થયો. તે બોલ્યોઃ "અરે સુભગા બ્હેન! હું તો ક્યારનોએ તમારી રાહ જોઇ રહ્યો છું ને?"

"શામાટે વારૂ?" સુભગાએ પ્રશ્ન કર્યો.

"કેમ એમ પૂછો છો વારૂ? ગઇ કાલે કહી ગયાં હતાં તે શું વિસરી

ગયાં ? પેલું ઝવેરાત તમારે મોકલવું છે ને ?" ગઢવીએ પોતાનો મુખ્ય મુદ્દો આગળ કર્યો.

સુભગા જવાબમાં માત્ર હસી. ગઢવી આશ્ચર્યથી તેનું એ હાસ્ય જોઇ રહ્યો અને કશો મર્મ સમજ્યો નહિ. તે બોલ્યો: "એમાં શાને હસો છો વારૂ ?"

"ગઢવી ! શું તમને ખબર નથી કે ઝવેરાત તો ગયું ?" સુભગાએ વ્યંગમાં સસ્મિત વદને ઉત્તર આપ્યો.

"ગયું તો ભલે ગયું; બીજો કોઇ વિશ્વાસુ સંગાથ મળી આવ્યો હશે." ગઢવી પોતાની નિરાશાને છુપાવતો બોલ્યો.

"સંગાથ બીજો કોનો ? પ્રભુની સંગાથે ઝવેરાત મોકલ્યું છે, તે તેનું રક્ષણ કરશે !" સુભગાએ ઉત્તર આપ્યો.

ગઢવીને હવે એ વિચિત્ર જવાબમાં કાંઇક મર્મ લાગ્યો. તે બોલ્યો: "એવું કેમ બોલો છો વારૂ ? તમારા શબ્દોમાં કાંઇક મર્મ છે."

સુભગા બોલી: "ગઢવી ! એમાં મર્મ શો છે ? કુમારપાળ જેવા ક્ષત્રિયપુત્રરૂપી ઝવેરાતને તો પ્રભુને ભરોસે જ મોકલ્યું છે તમે ક્યાં જાણતા નથી ?"

ગઢવી હવે ભાનમાં આવ્યો. સુભગાએ રાત્રે કપટ કરીને પોતાને ડહેલીમાંથી ખસેડી કુમારપાળને છટકી જવા દીધો એની ખબર હવે તેને પડી. એ જુવાન સ્ત્રીને હાથે પોતે બરાબર ઠગાયો હતો એટલું જ નહિ પણ રાત્રે તેને બહુ હેરાન પણ થવું પડયું હતું. પોતે સુભગાની લાલચમાં ફસાઇને કેવી મૂર્ખતા દર્શાવી હતી એનું હવે તેને ખરેખરૂં ભાન આવ્યું. પોતાને સુભગાએ ઠગ્યો તો હવે સુભગાને પોતે ઠગી લેવા માટે ગઢવીએ કહ્યું: "હું સમજ્યો. તમે તમારો હેતુ સિદ્ધ કરવા માટે યુક્તિ કરી હતી એની મને ખબર પડી. એ ગમે તેમ થયું. કુમારપાળ છટકી ગયો અને મને હેરાન થવું પડયું, પરન્તુ તેથી મને તમારાપર જરાએ ખોટું લાગ્યું નથી. ખરેખર, હું તમારી ચતુરાઇની પ્રશંસા કરૂં છું."

"પ્રશંસા કુમારપાળના ભાગ્યની કરો; નહિતો તેને ચાહડભાઇએ ક્યારનીએ બેડીઓ પહેરાવી દીધી હોત." સુભગા બોલી.

"વારૂ, પણ કુમારપાળ છટકીને ક્યાં ગયો વારૂ ?"

સુભગા હસી અને બોલી: "ગઢવી ! બાળકને લાડવો આપીને કહી કાઢી લેવા આવ્યા છો કે શું ? આખી દુનિયામાં તમારા જેવા બધા ભો-

બીયા અને લાલચુ હશે શું? તમને સિદ્ધરાજની પરવા છે પરન્તુ મને તો એકલા પ્રભુની જ પરવા છે!"

ગઢવી પોતાની યુક્તિમાં નિષ્ફળ ગયો અને મૌન રહી નીચું જોવા લાગ્યો. સુભગા વિજયદર્શક સ્વરે બોલી: "ગઢવી! સિદ્ધરાજનું રાજ્ય આજ છે ને કાલ નથી અને તમારી જીંદગી આજ છે તો કાલે શું થશે તેની શી ખબર છે? પરન્તુ બિચારા નિર્દોષ ક્ષત્રિયપુત્રને આમ રંજાડવાથી તમને કે સિદ્ધરાજને શું મળવાનું છે? જરા વિચાર કરો. સિદ્ધરાજની પ્રીતિતો થોડો વખત ટકશે, પણ પ્રભુની પ્રીતિ સંપાદન કરશે તો આખો અવતાર અને પુનર્જન્મ પણ સુધરી જશે, તે તો વિચારો!"

ગઢવી સુભગાના શબ્દો આગળ લેવાઇ ગયો અને બોલ્યો: "તમે સાચું કહો છો, પણ–પણ–" દાદરપરથી કોઇ ઉતરતું હોય એવો અવાજ આવ્યો અને ગઢવીની વાચા એકાએક અટકી ગઇ. સુભગા પણ તુરત ત્યાંથી ચાલતી થઇ ગઇ.

જીનાના દ્વાર આગળ જતાં જ સુભગાએ વાહડને જેયો. ખેદ અને પશ્ચાત્તાપથી વાહડનું હૃદય ભરાઇ ગયું હતું. સુભગાને જોતાં જ તે તેને વળગી પડચો અને બોલ્યો: "સુભગે! પ્રિયતમે! શું તું મને મારા અપરાધની ક્ષમા નહિ આપે? તારા વિના શય્યાભુવનમાં મારૂં હૃદય દગ્ધ–પ્રદગ્ધ બની જાય છે!"

સુભગાએ સ્મિત કર્યું અને કહ્યું: "અને શું તમે મારા વિના આટલા વ્યથિત બની ગયા છો?"

"એમ શાને પૂછે છે સુભગા? અગ્નિશિખા ગમે તેવી ઉગ્ર હોવા છતાં પતંગને તે જ સુખપ્રદ થઇ પડે છે તે શું તું નથી સમજતી?"

"ઓહો? ત્યારે દૂર ખસો દૂર! એ અગ્નિશિખાને છાતી સરસી ચાંપો નહિ, નહિતો કદાચ દગ્ધ–પ્રદગ્ધાને બદલે જ્વલિત–પ્રજ્વલિત બની જશો!!"

"નહિ, સુભગા! એ અગ્નિશિખા જ હું પતંગને મન સોનાનો ડુંગર છે! હું તેની આસપાસ જ ભ્રમણ કરીશ! હું તેના પ્રકાશમાં જ રહીશ–તેનાથી દૂર નહિ ખસું; પછી ભલે મને તે આતાપથી ઉત્તેજીત કરે કિંવા જ્વાલાથી દગ્ધ કરી નાંખે!" એમ કહી વાહડે સુભગાને સપ્રેમ ચુંબન લીધું.

"નાથ! પણ તમે આટલા અધીરા ન થયા હોત, તો હું તમારી પાસે જ આવતી હતી. મેં માત્ર રમુજ કરી હતી, પણ કાંઇ રોષ કર્યો

નહોતો ! મારે ગઢવીને શિખામણના બે શબ્દો કહેવા હતા તેથી બહાર જવું જ હતું અને તેથી હું તમારી પાસેથી ચાલી ગઇ હતી–ખરી રીતે કાંઇ હું રીસાઇને ગઈ નહોતી !" સુભગાએ ખુલાસો કર્યો.

"તેં તો રમુજ કરી, પણ મેં તારો પક્ષ ન લીધો તથા તારા માનની અવગણના કરી તેથી તેમજ રોષથી તું મારો ત્યાગ કરી ગઇ તેના વિરહથી બહુ જ દુઃખ થવા લાગ્યું અને તેથી તને શોધી કાઢીને મનાવી લેવા નીકળ્યો ! સદ્ભાગ્યે મારો એ શ્રમ તેં બચાવી લીધો, નહિતો ઉર્વશીની પાછળ ભટકતા પુરૂરવાના જેવી જ મારી દશા થાત !" પ્રેમી પતિએ પોતાનું હૃદય ખુલ્લું કર્યું.

"તો મને બહુ જ મજાહ પડત ! તે દિવસે પાટણમાં હું અકળાઇને રાતોરાત તમારી પાસે આવી હતી, તેથી તમે મને 'ઘેલી' કહીને પજવો છો, અને 'વિરહિણી વામાંગના' નામનું પેલું મોટું કાવ્ય લખીને વારંવાર તે મારી પાસે વાંચી મારી હાંસી કરો છો, તેનો સામો બદલો વાળવા માટે આજની તમારી સ્થિતિની કવિતા હું પોતે રચત અથવાતો તમારી પાસે જ રચાવીને તમારી પાસે જ ગવરાવત અને પછી હું આઘે ઉભી રહીને હસ્યા કરત !"

"ઓ લુચ્ચી ! શું તેં તેટલા માટે જ અત્યારસુધી મારી આ દશા કરી ?" એમ કહી વાહડે સુભગાના ગાલ ઉપર ધીમી ટોંઠ મારી, અને પછી તેને છાતી સરસી ચાંપી. વાહડ આગળ બોલ્યોઃ "પછી ગઢવીને શિખામણ આપી કે નહિ ?"

"ગઢવી તો બિચારો તદ્દન સ્હેં ખાઇ ગયો છે ! પણ મને બહુ થોડો વખત મળ્યો. હું ઓરડામાંથી બહાર નીકળી કે તુરત ગીરધારીએ કહ્યું કે સોલાપુરના કેટલાક શ્રાવકો આચાર્ય મહારાજને વાંદવા આવ્યા છે તેમને માટે પથારીઓ કરવી છે, તેથી હું તેને થોડી તળાઇઓ અને ગોદડાં કાઢી આપવામાં રોકાઇ, તેમાં પણ કેટલોક વખત ગયો. ગઢવીને થોડુંએક કહ્યું, ત્યાં તો દાદર ખખડયો અને તમે આવ્યા એટલે મારાથી તેને વધારે કહેવાયું નહિ."

"હશે, એની દુર્દશા બહુ થઇ છે. ફરીથી એ તારૂં નામ નહિ લઇ શકે !" એમ કહી વાહડ સુભગાના કંઠમાં હસ્તારોપણ કરી તેને શય્યાગૃહમાં લઇ ગયો.

ચતુર્થ ખંડ.

પ્રકરણ ૧ લું.

સિદ્ધરાજનું મરણ.

ઈ. સ. ૧૧૪૩ ની એક સાંજનો સમય હતો.

ગુર્જરેશ્વર સિદ્ધરાજ જયસિંહ મૃત્યુશય્યામાં પડેલો હતો. ચિંતા, વૃદ્ધાવસ્થા અને અત્યંત પરિશ્રમથી તેનું શરીર કેવળ દુર્બળ બની ગયું હતું અને એક ઉંચી મૃદુ શય્યામાં એક વખતનું એ પ્રચંડ શરીર અત્યારે પડ્યું પણ દેખાતું નહોતું! તેની આસપાસ મંત્રીઓ, સામંતો, કેટલાક ભાયાતો અને વૈદ્યો ભરાઇને બેઠા હતા. સામાન્ય રીતે વૈદ્યની આજ્ઞાથી સિદ્ધરાજના બિછાના પાસે બહુ માણસોને એકઠાં થવા દેવામાં આવતાં નહોતાં, પરન્તુ અત્યારે સિદ્ધરાજે પોતે જ તે સર્વને પોતાની પાસે બોલાવ્યા હતા. આજે સ્હવારથી જ સિદ્ધરાજને લાગતું હતું કે આજે તેનો છેલ્લો દિવસ હતો, કારણકે તેની નાડીઓ આજે તેને બહુ જ ઢીલી પડી ગએલી લાગતી હતી. વૈદ્યોના અનેક યત્નો છતાં જ્યારે તેની ખાત્રી થઇ કે હવે તેને નવજીવન મળી શકવાનું નથી ત્યારે તેણે રાજ્યની સર્વ વ્યવસ્થાને માટે મંત્રીઓ વગેરેને છેલ્લી ભલામણ કરવાનું વાજબી માન્યું. એ જ હેતુથી તેણે અત્યારે એ સર્વ મંડળને પોતાની આસપાસ એકઠું કર્યું હતું. તેણે બિછાનામાં બેઠા થવાની ઇચ્છા કરી એટલે તુરત ચાકરોએ તેને ટેકો આપ્યો અને એક તકીયાને અઢેલીને તેને પર્યંક ઉપર જ બેસાડ્યો. જરા શ્વાસ ખાઇને-બેઠા થવામાં લાગેલા પરિશ્રમને અંતે સંપૂર્ણ વિરામ લઇને સિદ્ધરાજ બોલ્યો: "મંત્રીશ્વર!"

"પ્રભુ! શી આજ્ઞા છે?" તુરત જ હાથ જોડીને શંકરદાસ ઉભો થયો.

સિદ્ધરાજ બોલ્યો: "આજે મને શરીરમાં બહુ જ શિથિલતા જણાય છે, તેથી હવે દેહ ઉપરથી વિશ્વાસ ઉઠતો જાય છે. તમો ભાયાતો, મંત્રીઓ, સર્વ કોઇને મારે એક અગત્યની ભલામણ કરવાની છે. તે હું કરી લઉં એટલે હું નિરાંતથી મરણ પામું!"

"પ્રભુ!" શંકરદાસ ગદ્દ્ગદ્દ કંઠે બોલ્યો: "અમે સૌએ અમારૂં જીવન આપની અને રાજ્યની સેવામાં જ ગાળ્યું છે. આપે ભલામણ નહિ, પણ આજ્ઞા જ કરવી ઘટે!"

"આજ્ઞા ? તમે તમારા મનથી તેને આજ્ઞા માની શકો, પરન્તુ હું તેને આજ્ઞા સમજી શકું નહિ, કારણકે એ આજ્ઞાનો ભંગ કે પાલન થએલું જોવાને હું કાંઇ રહેવાનો નથી, એટલે હું તેને ભલામણ કહું છું."

"અમે તો એને આજ્ઞારૂપે જ સમજીશું." શંકરદાસ બોલ્યો.

"ત્યારે શ્રવણ કરો. મારો રાજ્યકાર્યભાર અને રાજનીતિ તમે સર્વે જાણો છો. ગુજરાતની અને ગુર્જરેશ્વરની જે આણ ચારે દિશાએ ચાલી રહી છે તે ભવિષ્યમાં ન્યૂન ન બને, પરન્તુ તેમાં વૃદ્ધિ થાય તેમ કરવામાં તમારી, રાજ્યની અને ભવિષ્યના રાજાની શોભા રહેલી છે એ તમે સમજો છો. ભવિષ્યનો રાજા ડાહ્યો, સમયવર્ત્તી અને પરાક્રમી હોય તો જ રાજ્યની એવી કીર્તિ જળવાઇ રહે. દુર્ભાગ્યે મારા લોહીથી ઉત્પન્ન થએલો પુત્ર આપવા પ્રભુએ મારાપર કૃપા કરી નથી, પરન્તુ મને જેના ગુણોથી સંતોષ મળ્યો છે, તે મારી પછી ગુજરાતની ગાદીપર આવે એવી મારી ઇચ્છા છે."

સૌ મૌન રહ્યા. કરણદાને હૂંકારો ભણતાં કહ્યું: "સાચી વાત કહો છો, બાપુ !"

"મંત્રીશ્વર ! મેં કહ્યું તે સમજ્યા ?"

"હા પ્રભુ !" શંકરદાસ બોલ્યો: "આપ એ નામ જણાવો. સર્વ કોઇ આપની સમીપે જ બેઠેલા છે."

"ત્યારે સાંભળો. હું ચાહડને મારો પ્રતિપન્ન પુત્ર માનું છું !"

સૌ ચમક્યા. ત્યાં એકત્ર થએલા સર્વ કોઇના મનમાં અને વદનપર પૃથક્ પૃથક્ પ્રકારની રેખાઓ દર્શન આપવા લાગી. જૂદી જૂદી વ્યક્તિઓ ઉપર સિદ્ધરાજના એ શબ્દોચ્ચારે જૂદી જૂદી અસર કરી. કેટલાકો દીર્ઘ શ્વાસ ભરવા લાગ્યા અને તેઓની ભ્રકુટીઓની વિકૃતિ થવા લાગી. કેટલાકના વદનમાં સ્મિત દેખાયું. કેટલાકની આંખ કરડી જણાઇ. કોઇ પરસ્પર સામે જોઇને સ્મિત કરવા લાગ્યા. કેટલાક ગંભીર ભાવે તટસ્થવૃત્તિમાં રહેલા માલૂમ પડયા. સિદ્ધરાજની આંખોનું તેજ એ માંદગી દર્મિયાન કાંઇક ઉઠી ગયું હતું અને સાંજનો વખત હતો તેથી તેના લક્ષમાં એ બધો દેખાવ આવી શક્યો નહિ; પરન્તુ સૌના મૌન્ય ઉપરથી તેણે અનુમાન કર્યું કે કાંઇક ક્ષોભ ફેલાએલો હોવો જોઇએ. તે આગળ બોલ્યો: "જુઓ, શંકરદાસ ! ચાહડ કેવો પરાક્રમી છે તે તમે જાણો છો. તે ઉદયન મંત્રીનો પુત્ર છે એટલે વણિક કુળમાં જન્મેલો છે, પરન્તુ તેનામાં સર્વ ગુણો ક્ષત્રિયના જ છે. તે જૈન છે પરન્તુ સર્વ ધર્મો પ્રત્યે સમાનવૃત્તિ રાખીને વર્તવાનું તે મારા પરિચયમાં રહીને શીખ્યો છે. તે સ્વભાવે ઉદાર, વિદ્યામાં નિપુણ અને સાચા

ટેકીલા ક્ષત્રિય જેવો છે. મારી સેવા તેણે પુત્રવત્ કરી છે તેથી હું તેનો પિતા છું અને તે મારો પુત્ર છે એમ સમજીને મારી પછી તેને જ ગાદી ઉપર બેસાડજો ! ”

શંકરદાસે પોતાનું મંત્રીપદ માત્ર રાજાની આજ્ઞા પાળીને જ હમેશાં સાર્થક કર્યું હતું. તે બોલ્યોઃ “ મહારાજ ! હું આપની એ ઇચ્છાને અનુસરીને જ વર્તીશ ! ”

“ અને ધર્મપાળ ! અહીં આવો ! ”

ધર્મપાળ ઉઠયો અને રાજાની સામે આવી બે હાથ જોડીને ઉભો રહ્યો. સિદ્ધરાજ બોલ્યોઃ “ તમે મારી ઇચ્છા સાંભળી છે. તમે તમારી ડાહી સલાહથી મને ઘણી વાર ખરે માર્ગે દોર્યો છે. કોઇ વાર મારી ભૂલ બતાવવામાં પણ પાછી પાની નહિ કરતાં તમે મારૂં હિત જ કર્યું છે અને હવે આ મારી છેવટની ઇચ્છા—”

ધર્મપાળ ગંભીરતાથી ગદ્‌ગદ્ કંઠે બોલ્યોઃ “ મહારાજ ! આપ ચિંતા નહિ કરશો. ધર્મપાળ રાજભક્ત છે. તે રાજાજ્ઞાને ઇશ્વરાજ્ઞા સમજે છે. આપની આજ્ઞા મને શિરસાવંદ્ય છે. ”

મંત્રીમંડળમાંના સૌ કોઇનું ધ્યાન ધર્મપાળ ઉપર કયારનુંએ લાગી રહ્યું હતું. ધર્મપાળ નિડર હતો અને વિચારશીલ હતો. રાજાની આ આજ્ઞા વિષે તેનો કેવો વિચાર છે તે જાણવાની સૌ કોઇને જિજ્ઞાસા થઇ હતી. તે આ સંબંધે કેવું વર્તન ચલાવશે તે વિષે જૂદા જૂદા માણસોએ જૂદાં જૂદાં અનુમાનો કર્યાં હતાં. પૂર્વે તેણે એક વાર ત્રિભુવનપાળનો પક્ષ પકડીને રાજાના વર્તન સામે ખુલ્લી રીતે વાંધો ઉઠાવ્યો હતો અને કુમારપાળને દધિસ્થળીથી પકડી લાવવાને માટે રાજાના અન્યાય સામે પોકાર ઉઠાવ્યો હતો, તે ઉપરથી બધા મંત્રીઓ માનતા હતા કે રાજાની આ આજ્ઞાને ધર્મપાળ માન્ય રાખશે નહિ. તેથી તેના મુખમાંથી આવો ઉત્તર નીકળતાં સાથે જ સૌ મોટા આશ્ચર્યમાં પડી ગયા અને તેઓ એક બીજાની સામે જોવા લાગી ગયા ! ધર્મપાળનો ઉત્તર સાંભળીને સિદ્ધરાજ અત્યંત સંતુષ્ટ થયો હોય તેવી રીતે તેના ક્ષીણ થઈ ગએલા વદન ઉપર પણ આનંદ ચમકવા લાગ્યો. પછી તેણે ન્યાયમંત્રી વિષ્ણુપ્રસાદને પોતાની પાસે બોલાવ્યો અને વિષ્ણુપ્રસાદે પણ તેવો જ સંતોષકારક ઉત્તર આપ્યો. દર્મિયાનમાં ધર્મપાળ પોતાને સ્થાને જઇને બેઠો. કર્મસિંહ તેની પાસે જ બેઠો હતો. તેણે ધર્મપાળના કાનમાં કહ્યુંઃ “ દંડનાયક ! રાજ્યનો ખરો હક્કદાર તો દૂર રહ્યો ! ”

દંડનાયકે ધીમેથી ઉત્તર આપ્યો: "એ તો જેવી રાજાની ઇચ્છા! આપણે શું કરીએ? આપણને તો એટલો સંતોષનો વિષય કે ચાહડ ગમે તેવો છે, તોએ શ્રાવક છે! ગુજરાતની ગાદીપર શ્રાવકનો અમલ હોય એથી વધારે હર્ષનો વિષય બીજો કયો? તમે જુઓ તો ખરા! હવે તો પુનઃ શ્રેણીક મહારાજનો જમાનો આવશે અને જૈન ધર્મ એક ચક્રવે રાજ્ય ચલાવશે!"

કર્મસિંહ એ શબ્દો સાંભળીને દંડનાયકના શબ્દોમાં ખેંચાયો, તેથી એક પછી એક મંત્રીનું વચન લેવામાં આવતાં જ્યારે સિદ્ધરાજે કર્મસિંહને પણ પોતાની પાસે બોલાવ્યો ત્યારે તેણે પણ રાજાની આજ્ઞાને માન આપીને વર્તવાનું વચન આપ્યું. ત્યારપછી સેનાપતિ કૃષ્ણદેવને સિદ્ધરાજે પાસે બોલાવ્યો. સિદ્ધરાજ તેને સંબોધીને કાંઇ પણ કહે તે પહેલાં તેણે જ પોતાની તલ્વાર મ્યાન સુદ્ધાંત સિદ્ધરાજના પગ ઉપર મેલી અને તેને બે હાથ જોડીને પગે લાગતાં કહ્યું: "મહારાજ! મારૂં સેનાપતિપદ અને આ મારી તલ્વાર હું આપના ચરણારવિંદમાં અર્પણ કરૂં છું!"

"કૃષ્ણદેવ! મારા અંતસમયે તમે આમ કરો છો?" સિદ્ધરાજ બોલ્યો.

કૃષ્ણદેવ બોલ્યો: "કૃપાવંત! આપનું મેં અન્ન ખાધું છે અને મારાથી બની શકયું તેટલા પ્રમાણમાં મેં આપની સેવા બજાવી છે. પરન્તુ રાજ્યના ખરા હક્કદારોને તથા રાજ્યરક્ષણનો ધર્મ જેમને શિરે રહેલો છે એવા ક્ષત્રિયોને બાજુએ મેલીને વૈશ્યવૃત્તિને શિરે રાજ્યમુકુટ આરોપવો, એ કાર્યમાં મારાથી સંમતિ આપી શકાય તેમ નથી, તેથી મને આ પદ આ સમયે છોડી દેવા માટે ક્ષમા કરશો—મારા એ અવિનયને ક્ષમ્ય લેખશો!"

આ સ્પષ્ટ કથન શ્રવણ કરીને સિદ્ધરાજ આશ્ચર્ય પામ્યો. તેના હૃદય ઉપર એક આઘાત થયો. તે તત્ક્ષણ સમજી ગયો કે કૃષ્ણદેવ ત્રિભુવનપાળનો જમાઇ થતો હતો. રાજ્યના ભવિષ્યના માલીક ત્રિભુવનપાળના જ પુત્રો હતા એટલે તેને ચાહડ ગાદી ઉપર આવે તે ન રૂચે એ સ્વાભાવિક હતું. તેથી તેણે કૃષ્ણદેવને સમજાવવાનું માંડી વાળ્યું અને સામંત ગજસિંહને પોતાની પાસે બોલાવ્યો તથા કહ્યું: "ગજસિંહ! તમે મારા મંત્રી અને અંતર્‌ના મિત્ર છો! જીવને જોખમે તમે મારી સેવા બજાવી છે. જે ગુપ્ત વાતોનો અધિકાર મેં મારા જીવનમાં કોઇને પણ આપ્યો નહોતો તેનો અધિકાર મેં તમારામાં માનીને તમારાથી કશું છૂપું રાખ્યું નહોતું! તમારા ઉપર મારો સંપૂર્ણ વિશ્વાસ છે કે મારા પ્રતિપન્ન પુત્ર અને તમારા મિત્ર

ચાહડને મારી પછી રાજ્યગાદી ઉપર સ્થાપિત કરવામાં તમે અડગ રહેશો !”

ગજસિંહનું હૃદય થડકવા લાગ્યું. તે સિદ્ધરાજનો અત્યંત વિશ્વાસુ માણસ હતો. સિદ્ધરાજે કાંઇ પણ વાત તેનાથી કોઇ વાર ગુપ્ત રાખી નહોતી. ચાહડને પોતાના પ્રતિપન્ન પુત્ર તરીકે રાખીને તેને જ પોતાની પછી ગાદી સોંપવાનો પોતાનો ઇરાદો છે એ વાત બીજા કોઇને નહિ પણ ગજસિંહને તો સિદ્ધરાજે ઘણી વહેલી જણાવી હતી. ખુદ ચાહડને પણ તેણે એ વાત જણાવી નહોતી, પણ ગજસિંહને તો જણાવી હતી. ચાહડ સારી પેઠે સમજતો હતો કે રાજાની અત્યંત કૃપા પોતા ઉપર ઉતરી રહી છે તેથી ભવિષ્યમાં પોતાને અત્યંત લાભ થશે, પરન્તુ પોતે સિદ્ધરાજની પછી એકાએક ગાદીએ આવશે–પોતે સિદ્ધરાજનો પ્રતિપન્ન પુત્ર બનવા જેટલી તેની કૃપા પોતા ઉપર ઉતરશે તે એ જાણતો નહોતો. આ ક્ષણે તે આ વાત સાંભળીને હર્ષપ્રમત્ત જેવો બની ગયો હતો, પરન્તુ એ હર્ષાતિરેક તેણે જણાવ્યો નહિ. પોતાની ઉપર દિવ્ય તેજના અંબારની વૃષ્ટિ થઇ રહેતી હોય અને એ તેજ પોતાના અંગમાં પ્રવેશ કરીને ચોમેર પ્રકાશને વિસ્તારી રહ્યું હોય એવું દૃશ્ય તે પોતાના માનસિક આનંદપૂર્વક જોવા લાગ્યો. ગજસિંહ તો સિદ્ધરાજનો અત્યંત વિશ્વાસુ મિત્ર હતો અને આ બાબતમાં સિદ્ધરાજે તેને જે કાંઇ શબ્દો કહ્યા હતા તે માત્ર ઔપચારિક જ હતા– બહારના દેખાવને માટે જ કહ્યા હતા; અંદરખાનેથી તે તેમાં સંપૂર્ણ સંમત છે એવું સિદ્ધરાજ સમજતો હતો. પરન્તુ તેના શબ્દો સાંભળી રહીને ગજસિંહ બોલ્યોઃ “મહારાજ ! આપનું લૂણ મેં ખાધું છે અને તેના બદલામાં મેં આપની સેવા બજાવી છે, પરન્તુ મારી નસોનાં ક્ષત્રિય પિતાનું લોહી વહે છે, તેથી પાટણનું રાજ્ય ગુજરાતના ક્ષત્રિય સિવાય અન્યના હાથમાં જાય તેમાં હું સંમતિ આપી શકું નહિ !”

આ શબ્દો સાંભળીને સિદ્ધરાજ હીંચકી ગયો અને તેના અંગોપાંગ ખેંચાવા લાગ્યાં ! એ અકલ્પનીય જવાબથી તેના હૃદય ઉપર સખ્ત આઘાત થયો ! જેના ઉપર પોતે સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો હતો તેના જ મુખમાંથી આવો ઉત્તર સાંભળીને તેનું મગજ ભ્રમિત થયા જેવું બની ગયું. તેણે કાંઇક બોલવાનો યત્ન કરવા માંડ્યો અને હોઠ ફફડવા લાગ્યા પણ સ્વર નીકળી શક્યો નહિ અને તુરત હેડકી ચડી ! વૈદ્યો ચોમેર વીંટળાઇ વળ્યા અને રાજાની આસનાવાસના કરવા લાગ્યા, પરન્તુ હેડકી બંધ પડી નહિ. ઉપરાઉપરી બે ત્રણ દવાના ઘુંટડા પાયા પણ કાંઇ જ ફેરફાર પડ્યો નહિ અને

નાડી તથા હૃદયની નિર્બળતા પ્રતિક્ષણે વૃદ્ધિંગત થવા લાગી. પુરૂષ વર્ગને ત્યાંથી રજા આપીને એકદમ રાણીને બોલાવવામાં આવ્યાં. રાણીના શબ્દો સાંભળીને સિદ્ધરાજે આંખ ઉઘાડવાનો યત્ન કર્યો પણ તે બરાબર ઉઘડી નહિ. રાણીએ પોતાના હાથે ગંગાજળનો એક ઘુંટડો છેલ્લી વારનો સ્વામીના મુખમાં મેલ્યો, પરન્તુ તે પણ ઉતરી શક્યો નહિ ! રાણી સિદ્ધરાજના પગ ઉપર મસ્તક મેલીને રડી પડી અને બીજાઓ તેને આશ્વાસન આપવા લાગ્યા. મંત્રીઓ અને બીજાઓ રાજાની તબીયત વધારે બગડતી જોઇને ગંભીર વદને વિચાર કરતા બહાર બેસી રહ્યા. માંહોમાંહે કાંઈ કાંઇ વાર્તાલાપ ચાલવા લાગ્યો. જેમ જેમ વખત વીતવા લાગ્યો તેમ તેમ રાજ્યમહાલયમાં વધારે ને વધારે માણસો એકત્ર થવા લાગ્યા. ગામમાં વાયુવેગે વાત પ્રસરી ગઇ કે રાજાની તબીયત વધારે બગડી છે. લોકોમાં ગમગીની પ્રસરી ગઇ. એક પ્રહર રાત્રિ વ્યતીત થતાં જ વૈદ્યોએ બહાર આવીને સૌને ખબર આપ્યા કે “ મહારાજા સ્વર્ગવાસી થયા ! ” ચોમેર હાહાકાર વ્યાપી ગયો.

પ્રકરણ ૨ જું.

વિરોધનું મંગળાચરણ !

ગુજરાતના રાજાધિરાજ પડયા ! ચક્રવર્તી સિદ્ધરાજ જયસિંહનું મરણ થયું ! જેણે પોતાના બુદ્ધિકૌશલ્યથી અનેક દેશના રાજાઓને નમાવીને ગુજરાતી પ્રજાની કીર્તિને દિગંતોમાં ગજાવી હતી તેનું આયુષ્ય પૂર્ણ થઇ ગયું ! જેના રાજ્યની હૂંકમાં ગુજરાતી પ્રજા લાંબા સમય સુધી નિશ્ચિંત રહી હતી તેના અવસાનથી પ્રજામાં ભય અને ત્રાસ વ્યાપ્યો. પ્રજાની પ્રત્યેક વ્યક્તિને તેથી શોક થયો. કોઇને માઠા ભવિષ્યનાં દર્શન થવા લાગ્યાં અને કોઇને નવા રાજા તથા નવા કાયદાનાં સ્વપ્નો આવવા લાગ્યાં, પરન્તુ સર્વ કોઇને એ પરાક્રમી રાજાના મરણસમયે શોક થયા વિના રહ્યો નહિ. રાજાના મરણના સમાચાર પ્રજામાં જાહેર થતાં જ લોકોએ સર્વ પ્રકારનો વ્યાપાર-વ્યવહાર બંધ કરી દીધો અને તેઓ રાજગઢમાં એકત્ર થવા લાગ્યા. સર્વત્ર ગમગીની છવાઇ રહી. કોઇ તો ઉચ્ચ સ્વરે રોદન કરી પોતાના હૃદય ઉપરના શોકભારનું દર્શન કરાવતા હતા અને બીજા સર્વે શોકગંભીર દેખાતા હતા. રાતોરાત આખા શહેરના લોકો રાજગઢમાં એકત્ર થયા અને પ્રભાતમાં જ્યારે સિદ્ધરાજના મૃતદેહની પાલખી બહાર નીકળી ત્યારે અત્યંત પ્રયત્નપૂર્વક તેને માટે માર્ગ ખુલ્લો કરવાની જરૂર પડી.

સિદ્ધરાજના મૃતદેહને સ્મશાનભૂમિમાં વિધિપૂર્વક ચંદનની ચિંતામાં બાળવામાં આવ્યો. ત્યાં એકત્ર થએલા સામંતો, ભાયાતો, મંત્રીઓ, અધિકારીઓ અને પ્રજાજનોમાં કોઇ પણ માણસ એવો નહોતો કે જેની આંખમાંથી એક અથવા બીજા કારણે અશ્રુબિંદુઓ ના ટપકયાં હોય. કોઇને પોતા ઉપરના રાજાના ઉપકારનું સ્મરણ થતું, કોઇને તેના પરાક્રમનું સ્મરણ થતું, કોઇને રાજયની સુરક્ષિતતા સાંભરતી, કોઇને પ્રજાની અતુલ સંપત્તિના કારણરૂપ પ્રતાપી રાજત્વ યાદ આવતું અને સિદ્ધરાજના કોઇ વિરોધીઓને પણ એટલું સાંભર્યા વિના રહેતું નહિ કે ગુજરાતની કીર્તિનું તેજ આખા આર્યાવર્તમાં એ સિદ્ધરાજ હોઇને જ હતું ! અને એનું સ્મરણ થતાં સર્વ કોઇના ચિત્તને ગ્લાનિ થયા વિના રહેતી નહિ.

દિવસનો ત્રીજો પ્રહાર થતાં રાજગઢમાં પુનઃ લોકો ભરાવા લાગ્યા. રાજાના મૃતદેહને બાળીને સ્મશાનભૂમિમાંથી પણ લોકો રાજગઢમાં પાછા ફર્યા. મંત્રીશ્વરે આઠ દિવસ સુધી હડતાળ પાડવાનું લોકોમાં જાહેર કર્યું અને જે ગરીબ લોકોને રોજ-રોજ અનાજ વેચાતું લઇને ખાવું પડતું હોય તેઓને રાજય તરફથી તેટલા દિવસ સુધી મુફત અનાજ આપવામાં આવશે એવું જણાવ્યું. શ્રાવકોના સંઘપતિએ તે જ વખતે જાહેર કર્યું કે ઢોરઢાંખરને માટે ચારો વેચાતો લેવો પડતો હોય તેને પાંજરાપોળમાંથી તે મુફત આપવામાં આવશે, પણ સૌએ એકસરખી રીતે સખ્ત હડતાળ પાળવી. દંડનાયકે જણાવ્યું કે રાજાના અવસાન પછી રાજયના નિયમ પ્રમાણે દશ દિવસ સુધી સિંહાસન ઉપર રાજાની પાદુકાનું પૂજન કરવામાં આવશે. એ સઘળું જાહેર થઇ ગયા પછી ધીમે ધીમે લોકો રાજગઢમાંથી વેરાવા લાગ્યા.

સાંજે મંત્રીમંડળ રાણીની પાસે તેને આશ્વાસન આપવાને ગયું. રાણીએ સૌને પોતાના અંતઃપુરમાં આવવા દીધા અને પોતે કાળો પડદો નંખાવીને પાછળ બેઠી. મંત્રીએ વાતચીતનો પ્રારંભ કરતાં કહ્યું: "માતુઃશ્રી ! આપના, અમારા અને આખા ગુજરાતના શિરછત્ર ગયા અને પાટણનું નૂર ઝાંખું થઇ ગયું ! મહારાજાએ રાજય ઉપર અને પ્રજા ઉપર જે ઉપકારો કર્યા છે તેનું સ્મરણ કરીને રોદન કરવા બેસીએ તો તેનો પાર આવે નહિ. પરન્તુ જગતમાં જે કોઇ જન્મે છે તે જાય છે જઃ ઇશ્વરના એ નિયમનો અપવાદ કોઇ છે જ નહિ, પછી ભલેને એક રંક હોય, રાજા હોય કે સમસ્ત મહીમંડળનો એક જ ચક્રવર્તી રાજા હોય !"

પડદા પાછળથી ગળગળો, ધીમો, તીણો સ્વર સંભળાયોઃ "સાચું કહોછો, મંત્રીશ્વર ! શિરનું છત્ર જવાથી કોને દુઃખ ન થાય ? પરન્તુ શોક—

સંતાપ કરવાથી કાંઇ ગએલું માણસ પાછું આવી શકતું નથી, એમ સમજીને ધીરજ રાખવી એ હવે મારૂં અને તમારૂં સૌનું કર્તવ્ય છે. મહારાજ ગયા, તે તો વહેલા કે મોડા જાત જ એટલે એમાં કાંઇ નવું થયું નથી, પરન્તુ મને મારા જીવનમાં માત્ર બે અસંતોષ રહી ગયા છે. એક અસંતોષ એ છે કે હું તેમના પહેલાં ગઇ હોત તો બહુ સારૂં થાત અને બીજો અસંતોષ એ છે કે મહારાજ પોતાની પાછળ એકે પુત્ર મૂકી ગયા નથી."

ધર્મપાળ બોલ્યો: "માતુ:શ્રી! એ અસંતોષના મુદ્દા ખરેખરા છે. સ્ત્રીનું અખંડ સૌભાગ્યથી પરમ સુખ બીજું એકે નથી. મહારાજની પાછળ ગાદીનો સીધો વારસ કોઇ જ નથી એ ખરૂં છે, પરન્તુ મરણસમયે મહારાજાએ આ ચાહડને પોતાના પુત્ર તરીકે જણાવ્યા છે અને પોતાની પાછળ તેમને જ ગાદી ઉપર બેસાડવાની અમને આજ્ઞા કરી છે, એ વાત આપ જાણતાં જ હશો!"

"હા, એ વાત હું જાણું છું. મહારાજાની આજ્ઞાથી ચાહડ મને પણ પુત્રતુલ્ય છે અને આશા છે કે તે મહારાજની અને ગુજરાતની કીર્તિમાં પોતાના પરાક્રમથી વધારો કરશે. હવે તો મારે એક ચાહડને જોઇને જ આંખો ઠારવાની રહી છે!" રાણીએ જણાવ્યું.

ચાહડ બોલ્યો: "માતુ:શ્રી!" એ શબ્દોચ્ચાર કરતાં તે ગળગળો થઇ ગયો. પિતારૂપ સિદ્ધરાજના એ પરમ ઉપકારનું તેને સ્મરણ થયું અને તેનું હૃદય ભરાઇ આવ્યું. કૃતજ્ઞતાનું સૂચન કરનારાં અશ્રુબિંદુઓ આંખમાં ઝમી આવ્યાં. ક્ષણભર મૌન રહી, ધૈર્યને ધારણ કરી, તે બોલ્યો: "માતુ:શ્રી! આપની, મહારાજની અને આ સર્વ મંત્રીઓની વત્સલતાથી મારામાં રાજ્યની કીર્તિ વધારવાનું બળ આવશે! મહારાજે મારા ઉપર જે ભાર–જે ધર્મ બજાવવાનો ભાર મેલ્યો છે તે ભાર વહન કરવામાં મને આપનો અને આ સર્વ મંત્રીઓનો જ આશીર્વાદ જોઇએ છે." એમ કહેતાં ચાહડનું હૃદય ભરાઇ ગયું. તે ડુસકાં ભરીને રડવા લાગ્યો. પિતાના મરણથી પુત્રને જેટલો ખેદ થાય તેટલો જ ખેદ તેને થતો હોય એવું જણાયું. તેની આંખોમાંથી અખંડ અશ્રુધારા વહન કરી રહી.

"બેટા!" રાણીએ વત્સલતાથી કહ્યું: "મહારાજાએ તને આશીર્વાદ આપીને રાજ્ય સોંપ્યું, તે સાથે જ મારો પણ આશીર્વાદ તારે સમજી લેવાનો છે; અને મંત્રીઓ તો મહારાજની આજ્ઞાનું પરિપાલન કરવાને વચનબદ્ધ થયા છે તે તું ક્યાં નથી જાણતો?"

મંત્રીશ્વરે કહ્યું: "મંત્રીમંડળમાં થોડો મતભેદ છે અને એ મતભેદ દૂર

કરવાનો વખત મળવા પામે તે પહેલાં તો મહારાજની તબીયત બગડી જવાથી કશું બની શક્યું નથી; પણ હાલ તુરત દશ દિવસ તો સિંહાસન ઉપર મહારાજની પાદુકા બિરાજશે, તેટલા વખતમાં અમે એ મતભેદ દૂર કરવાને યત્ન કરીશું."

"બહુ ડહાપણભર્યો એ ઉપાય છે. જે કાંઇ સૌની સંમતિવડે થઇ શકે તે મતભેદપૂર્વક કરશો નહિ; છેવટે તો ઘણે મતે નક્કી થાય તે કરવું જ પડે, પરન્તુ તે સ્થિતિ ન આવે તેમ વધારે સારૂં. તમે સૌ ડાહ્યા છો, એટલી પણ આ દુ:ખના વખતમાં મારે મન ધીરજની વાત છે." રાણીએ કહ્યું.

મંત્રીઓમાં કૃષ્ણદેવ અને ગજસિંહ જ માત્ર વિરૂદ્ધતા ધરાવતા હતા. તેઓને આ ગમગીન સમયે કાંઇ બોલવાની જરૂર જણાઇ નહિ. એટલામાં સૌએ રાણીની રજા લઇને જવા માંડયું. તે વખતે રાણીએ કહ્યું: "સૌ ભલે જાઓ, પણ કૃષ્ણદેવ અને ગજસિંહ જરા રોકાજો !"

રાણીની આજ્ઞા પ્રમાણે બીજાઓ ચાલ્યા ગયા અને એ બે જણ રોકાયા. રાણીએ કૃષ્ણદેવને કહ્યું: "સેનાપતિ ! તમે ડાહ્યા છો અને ગુજરાતના રાજ્યનો વિસ્તાર વધારવામાં તમે જેવું તેવું પરાક્રમ દર્શાવ્યું નથી. મહારાજના તમે એક હાથરૂપ હતા અને તમે મહારાજની એ આજ્ઞાની સામે કેમ થયા છો વારૂ ?"

કૃષ્ણદેવે ઉત્તર આપ્યો: "માતુ:શ્રી ! હું મહારાજના ચરણની રજ છું, પણ આપના પ્રશ્નનો જે ઉત્તર હું મહારાજની સમીપે આપી શકું તે હવે તેમના અવસાન પછી આપને કેવી રીતે આપું ?"

"એમ કેમ કહો છો ? તમારે જે કાંઇ મહારાજને કહેવું હતું તે મને જ કહો." રાણીએ કહ્યું.

"તો મને પહેલાં કહો કે એ આજ્ઞા કરવામાં મહારાજે કેવો હેતુ રાખ્યો હતો ? તેમાં રાજ્યનું, રાજકુટુંબનું, પ્રજાનું અને આખા દેશનું હિત મહારાજે કેવી રીતે વિચાર્યું હતું તે મને કહો !" કૃષ્ણદેવે જણાવ્યું.

"તે જવાબ તો મહારાજ જીવતા હોત તો આપી શકત. આપણે તો હવે મહારાજની આજ્ઞાને પ્રભુની આજ્ઞા સમાન સમજીને વર્તવાનું છે અને તે પ્રમાણે વર્તવામાં જ તમારી લાયકી છે." રાણીએ કહ્યું.

કૃષ્ણદેવની આંખમાં રોષ ચમક્યો. તે બોલ્યો: "માતુ:શ્રી ! આખા દેશનું અને ક્ષત્રિયવંશનું અહિત કરવામાં અમારી લાયકી નહિ પણ નાલાયકી છે ! મહારાજા અપુત્ર ગયા તેથી શું થઇ ગયું ? તેમની પછી

ગાદીના વારસો-કાયદેસરના વારસો બીજા ક્યાં નથી? જેવા ઉદાર એક વખતે *ક્ષેમરાજ થયા હતા તેવા ઉદાર સિદ્ધરાજ મહારાજ ન થઇ શક્યા એનો જ બળાપો મને તો થયા કરે છે. જો પોતે અપુત્ર હતા તો પોતાના પિતા ઉપર ઉપકાર કરનારા વંશમાં સીધી રીતે ગાદી જવા દેવાની ઉદારતા પણ તે દર્શાવી શક્યા નહિ! એ વાત હવે જવા દો, પણ જો તેમણે ગુજરાતના જ કોઇ ક્ષત્રિય પુત્રને પોતાનો પ્રતિપન્ન પુત્ર બનાવીને તેને ગાદી સોંપવાની આજ્ઞા મંત્રીમંડળને કરી હોત, તોપણ ઠીક હતું, પરંતુ આ તો મારવાડના એક વણીક કુટુંબમાં જન્મેલા જુવાનને-ચાહડને આખા ગુજરાતનું રાજ્ય આપવાનું અવિચારીપણું મહારાજે દર્શાવ્યું છે. ચાહડની યોગ્યતાની સામે મારે કશું કહેવાનું નથી. તેની કાર્યદક્ષતા, શૌર્ય, પ્રતાપ, ઉદારવૃત્તિ આદિ સર્વ ગુણો પ્રત્યે હું માન ધરાવું છું, પરન્તુ ગુજરાતના ક્ષત્રિય લોહીની વિશુદ્ધિનું મારામાં જે અભિમાન છે-એ અભિમાનને આપ ગુણ ગણો કે અવગુણ ગણો-તે ગુણ કે અવગુણને લીધે મહારાજની તે આજ્ઞાને હું એક કોડીની કિંમતની પણ લેખતો નથી!" એટલું બોલતાં કૃષ્ણદેવ બહુ જ ઉશ્કેરાઈ ગયો.

રાણી-બિચારી ભોળી અને સરલ સ્વભાવની રાણી આ અકલ્પિત જુસ્સા આગળ શરમીંદી પડી ગઇ! રાજાના મરણના તાજા શોકને સમયે તેણે કૃષ્ણદેવ તરફથી આટલા મોટા વિરોધની આશા રાખી નહોતી. મંત્રીઓ સાથેની વાતચીત પછી તેને કાંઇક આશા હતી કે સૌ શાંતિથી એકમત થશે અને ચાહડને ગાદી સોંપાશે, પરન્તુ કૃષ્ણદેવના મનનો આટલો ભયાનક અકળાટ જોઇને તેને ભવિષ્યને માટે માઠા વિચારો આવવા લાગ્યા. કૃષ્ણદેવની દલીલોની સામે કાંઇ જ જવાબ આપવાની શક્તિ રાણીમાં નહોતી. તે બોલી: "સેનાપતિ! મહારાજ ગયા પછી હવે આપણે મહારાજની આજ્ઞાના ઉંડા મર્મને સમજી શકવાને સમર્થ નથી અને તેના લાભાલાભ વિચારવાનો કે તે વિષે વિવાદ ચલાવવાનો અવકાશ પણ નથી. હવે તો મહારાજની આજ્ઞા અને તમારી ફરજ એ બેનો જ માત્ર વિચાર કરવાનો છે. કેમ ગજસિંહ?"

ગજસિંહે ઉત્તર આપ્યો: "માતુઃશ્રી! મહારાજની આજ્ઞા પાળવાની

---

* સિદ્ધરાજનો પિતા કર્ણદેવ અને ક્ષેમરાજ એ બન્ને ભીમદેવ બાણાવળીના પુત્રો હોઇ ભાઇઓ થતા હતા. તેમાં ક્ષેમરાજ મોટો હતો છતાં તેણે કર્ણને રાજ્ય સોંપી દઇને પોતે મંડુકેશ્વરના તીર્થસ્થાનમાં જીવન ગાળ્યું હતું. ક્ષેમરાજનો પુત્ર દેવપ્રસાદ અને દેવપ્રસાદનો પુત્ર ત્રિભુવનપાળ હતો.

ફરજ કરતાં ગુજરાતના ક્ષત્રિયોનું આ રાજ્ય છે અને તેઓ સિવાય બીજા કોઇનો હક્ક તે ઉપર નથી એવો પરંપરાનો હક્ક સ્થાપી ગએલા આદ્ય સોલંકી મહારાજ મૂળરાજની આજ્ઞાનું મહત્ત્વ વિશેષ છે. આખા દેશના ક્ષત્રિયોને, પરંપરાથી પ્રજારક્ષણ કરવાના ક્ષત્રિયોના ધર્મને અને રાજ્યના સીધા હક્કદારોને અન્યાય આપીને મહારાજની આજ્ઞા પાળવા જતાં દેશની કેવી સ્થિતિ થઇ પડશે તેનો કાંઇ વિચાર કરો છો મહારાણી?"

આ સાંભળીને તો રાણી ગર્ભગલિત થયા જેવી બની ગઇ! રાજાની આજ્ઞા પાળવામાં અને ન પાળવામાં કેવા ગંભીર પ્રકરણો સમાઇ રહેલાં છે તેનો વિચાર રાણીએ અત્યારસુધી નહોતો કર્યો, પરન્તુ કૃષ્ણદેવ અને ગજસિંહે તેનું રેખાદર્શન કરાવ્યાથી હવે તે ઘણું ગંભીર ભવિષ્ય જોવા લાગી. સિદ્ધરાજ જયસિંહના ૫૦ વર્ષના નિરાપદ રાજત્વકાળમાં જે સ્થિતિનાં સ્વપ્નાં પણ આવવા પામ્યાં નહોતાં, તે સ્થિતિનો સાક્ષાત્કાર થવાનો સમય હવે રાણીને નિકટમાં દેખાવા લાગ્યો અને તે કમ્પી ઉઠી.

કશો વધારે વિવાદ નહિ ચલાવતાં રાણીએ કૃષ્ણદેવ અને ગજસિંહને રજા આપી અને પછી ચાહડને ગુપ્ત રીતે બોલાવીને તેને એ સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો.

પ્રકરણ ૩ જું.

પક્ષભેદ.

બીજા દિવસના પ્રભાતનો ઉદય થતાં જ રાજગઢમાં પક્ષભેદનું સ્પષ્ટ દર્શન થયું. મંત્રીમંડળ સાંજે રાણી પાસેથી ઉઠી ગયા પછીથી તુરત જ એ ભેદની શરૂઆત થવા માંડી હતી, અને અત્યારે એ ભેદ સંપૂર્ણ આકારને પ્રાપ્ત થઇ ગયો હોય એવું દર્શન થતું હતું. નવા રાજ્યાધિકારમાં જૂદે જૂદે પ્રકારે હિત ધરાવનારાઓ ગઇ રાત્રે પોતાનાં જૂદાં જૂદાં મંડળો રચી તેમાં દીર્ઘ વિચાર ચલાવીને પોતાનો પૃથક્ પૃથક્ હેતુ સિદ્ધ કરવાને સૂર્યોદય થવા પૂર્વે જ રાજગઢમાં હાજર થઇ ગયા હતા. કયો માણસ કયા પક્ષનો છે તે તુરતમાં તો ઓળખી શકાતું નહોતું, પરન્તુ જ્યારે તે અન્ય કોઇની સાથે વાતચીત કરતો જોવામાં આવતો ત્યારે તેના પક્ષનું નામ કળાઇ જતું, અને એ રીતે જૂદા જૂદા પક્ષો એક બીજાથી સાવધ રહીને દૂર ને દૂર રહ્યા કરતા હતા.

આજે એક પ્રહર દિવસ ચડયા પછી સિંહાસન ઉપર સિદ્ધરાજની પાદુકાને પધરાવીને તેનું પૂજન કરાવવાનું હતું અને તે માટે રાજગઢમાં

મંત્રીમંડળે હાજર રહેવાનું હતું. પરન્તુ એ કાર્યના સમયને હજી કેટલીક વાર હોવાથી કોઇ પણ મંત્રીનું ત્યાં દર્શન થતું નહોતું. મંત્રીઓ નહોતા, તોપણ તેમના પ્રતિનિધિઓ—ગુપ્ત જાસૂસો તો હતા જ અને તેઓની દષ્ટિ ચોમેર ચંચળતાથી ફરી રહી હતી. એકત્ર થએલા માણસોમાં બહુધા રાજ્યના નાના મોટા અધિકારીઓ, પ્રજાજનો અને સામંતો—ભાયાતો હતા. એક બીજાના હૃદયમાં કાંઇ કાંઇ ગુપ્ત હેતુઓ રમણ કરી રહ્યા હતા પરન્તુ તે હજી કળી શકાતા નહોતા. દામુ ઝવેરી ત્યાં હાજર હતો, કરણદાન પણ એક છજામાં આમ તેમ ફેરા મારતો હતો અને કોણ આવીને કોની સાથે વાત કરે છે તે નિહાળી રહ્યો હતો. કેટલાક રાજપૂતો કેવળ સફેદ પોશાકમાં સજ્જ થઇને એક ગુંચળું વળી વાતચીત કરતા ઉભા હતા. દામુ ઝવેરી તે સર્વની પાસે થઇને ચાલ્યો જતો હતો અને તેમની વાતચીતનો એકાદ શબ્દ કાને પડતાં જ તેનું ઉંડું હાર્દ તપાસી લેવાને મથન કરતો હતો.

જેમ જેમ સમય જવા લાગ્યો, તેમ તેમ રાજ્યના નાનામોટા સરદારો, સામંતો, અધિકારીઓ અને પ્રજાના અગ્રણીઓ શોકના પોશાકમાં સજ્જ થઇને એકત્ર થવા લાગ્યા. તેઓમાં એક પછી એક મંત્રીઓનું પણ દર્શન થવા લાગ્યું. સૌથી પહેલાં ન્યાયમંત્રી વિષ્ણુપ્રસાદ આવ્યા અને તેમણે મહારાજાના સિંહાસનની બાજુએ બિછાવેલી કાળી શેતરંજીપર બેઠક લીધી એટલે કેટલાકો આમતેમ ફરતા હતા તથા ઉભા હતા તેઓ પણ તેમની પાછળ બેસી ગયા. પછી કર્મસિંહ કોઠારી આવ્યા તેમણે સિંહાસનની બાજુએ બેઠક લીધી. પછી કૃષ્ણદેવ અને ગજસિંહ આવ્યા તેમણે સિંહાસનની લગોલગ બે બાજુએ પોતપોતાની જગ્યા દબાવી. એટલામાં મંત્રીશ્વર અને દંડનાયક પણ આવ્યા, અને સૌને મોખરે તેમને માટે જગ્યા કરવામાં આવી. એક પ્રહર દિવસ ચડે તે પહેલાં તો આખો કચેરીમંડપ ભરાઇ ગયો અને આવજા કરવાના માર્ગ માટે જ થોડી જગ્યા અવશેષ રહેવા પામી. હજી ચાહડ આવી પહોંચ્યો નહોતો. સિદ્ધરાજની પાદુકા સાથે રાજગોર આવીને ક્યારનો હાજર થયો હતો. હવે સૌ ચાહડની જ માર્ગપ્રતીક્ષા કરવા લાગ્યા અને વારંવાર કચેરીમંડપના મુખ્યદ્વાર ભણી દષ્ટિ કરવા લાગ્યા. બરાબર એક પ્રહર પૂરો થયો તે જ ક્ષણે સિંહાસનની બાજુનું નાનું દ્વાર પાછળથી ઉઘડ્યું અને તે દ્વારની પાસે બેઠેલા બે–ત્રણ બ્રાહ્મણો, કેટલાક હજુરીયાઓ અને થોડાએક રજપૂતો ઉભા થઇ ગયા અને એક ક્ષણમાં તેમણે માર્ગ મોકળો કરી આપ્યો ! સૌનું ધ્યાન તે દિશાએ ખેંચાય તે પહેલાં તો બે બાજુએ બળતી ઘીની મશાલો સાથે ચાહડ દ્વારમાં દા-

ખલ થયો અને તેની પાછળ ચાલ્યા આવતા પ્રતીહારે નેકી પોકારીઃ " મહારાજા ચાહડદેવને ઘણી ખમ્મા ! "

આખા કચેરી મંડળમાં આ દશ્યથી ખળભળાટ મચી રહ્યો. ચાહડ દ્વારમાં પ્રવેશ કરીને સિંહાસન તરફ વધ્યો અને તેની પાછળ ચાલીસ–પચાસ હથિઆરબંધ સૈનિકો પણ દાખલ થયા ! ચાહડ સિંહાસન પાસે જઈ પહોંચે તે પહેલાં તો સૌ એકદમ ઉભા થઇ ગયા. કૃષ્ણદેવ અને ગજસિંહની તલ્વારો મ્યાનમાંથી નીકળી અને ચાહડ સિંહાસનને સ્પર્શ પણ કરી શકે તે પહેલાં તેઓ તેની આડે આવીને ઉભા અને જોરથી બોલી ઉઠયાઃ " સબુર કરો ! "

ક્ષણાર્ધમાં ચાહડની તલ્વાર મ્યાનમાંથી નીકળી અને ચાહડના અંગરક્ષકો પણ ચેતીને હથિયારો ખુલ્લાં કરી ઉભા ! ચાહડ બોલ્યોઃ " તમે મને સબુર કહેનારા કોણ છો ? હું સિદ્ધરાજની પાછળ ગાદીનો માલેક થયો છું અને મને સિંહાસન ઉપર બેસતાં અટકાવનાર તમે કોણ ? ચાલો હઠો, નહિતો—"

કૃષ્ણદેવની આંખોમાંથી અગ્નિજવાળા ભભુકવા લાગી. તેણે જે હાથમાં તલ્વાર પકડી હતી તે હાથ ચળવિચળ થઇ રહ્યો. ચાહડના શબ્દોનો તિરસ્કારપૂર્ણ સ્વરે ઉત્તર આપતાં તેણે કહ્યુંઃ " ચાહડ ! ગાદીના માલેક તરીકે તને કોણે સ્વીકાર્યો છે કે તું આમ સિંહાસન ઉપર બેસવાને ધસી આવે છે ? અને તું ગાદીનો માલેક હોય, તોપણ હજી આજે શું છે ? આજે તો મહારાજની પાદુકાનું પૂજન થશે ! "

" હું ગુજરાતનો ભવિષ્યનો રાજા અહીં છું, તો પછી સિંહાસન ઉપર પાદુકાને પધરાવીને તેનું પૂજન કરવાની કાંઇ જરૂર નથી ! મહારાણીની પણ તેવી જ આજ્ઞા છે ! " ચાહડ બોલ્યો.

પાસે ઉભેલા એક રાજપૂતે કહ્યું: " હા, બરાબર ! મહારાણીએ એવું ફરમાન કર્યું છે. "

" મહારાણી ? મહારાણી કોણ છે ? મહારાણીને એવું ફરમાન કરવાનો શો અધિકાર છે ? " કૃષ્ણદેવ ઘાંટો પાડતો બોલી ઉઠયો અને સૌ થરથરી ઉઠયા. તે આગળ બોલ્યોઃ " મંત્રીમંડળે પાદુકાનું પૂજન કરવાનું ઠરાવ્યું છે અને ગુજરાતના સોલંકીઓનો એવો રિવાજ છે. એ રિવાજ મહારાણીની આજ્ઞાથી દૂર થઈ શકે નહિ ! "

કૃષ્ણદેવના આ શબ્દો સાંભળતાં જ ચાહડના અનુયાયીઓ એકદમ આગળ ધસી આવ્યા. તેમાંના એક જોરાવર માણસે જોરથી ધક્કો મારીને કૃષ્ણદેવને દૂર હડસેલ્યો અને ચાહડ છલંગ મારીને સિંહાસન ઉપર બેસવા

ગયો, પણ તત્ક્ષણ ગજસિંહની તલ્વાર આડી આવીને પડી ! તે બોલ્યો: "ચાહડ ! આ ઉચ્છૃંખળતા તને ગેરલાભ જ કરશે હો ! તેં ષડ્યંત્ર રચ્યું છે પણ તને અમે કદાપિ ફાવવા દઇશું નહિ ! રાજ્યના નિયમનો ભંગ કરીને બળાત્કારે સિંહાસન લેવાનો તારો પ્રયાસ જરા પણ વાજબી નથી !"

ચાહડ ક્રોધે ભરાયો અને ગજસિંહની છાતીમાં મૂઠી મારવાને હાથ ઉગામ્યો પણ પાછળથી તેનો હાથ કોઇએ પકડી રાખ્યો. ચાહડે પાછા વળીને જોયું તો તેની સામે સો–દોઢસો તલ્વારો ઉંચકાએલી નજર આવી: તે ચમકી ગયો અને પોતાને મુશ્કેલીમાં આવી પડેલો જોવા લાગ્યો. એટલામાં ધર્મપાળ ધક્કા મુક્કી ખાતો સૌની આગળ સિંહાસન પાસે આવ્યો અને ચાહડને કહ્યું: "ચાહડદેવ ! આટલી બધી અધીરાઇ શી ? શું મહારાજના અવસાનને બીજે જ દિને કચેરીમાં લોહી રેડાવવું છે ? તલ્વાર મ્યાન કરો અને જેમ થતું હોય તેમ થવા દો !"

ચાહડ ગભરાયો અને સમય વિચારી ગયો. તેને જણાયું કે પોતે પોતાની ધારણામાં ભૂલ કરી હતી અને તેથી તે જરા પાછળ હટયો. આંખોને નીચી નમાવીને મનને કાબૂમાં રાખી તલ્વારને તેણે પાછી મ્યાનમાં નાંખી દીધી. પાછળ બીજાઓની તલ્વારો પણ મ્યાનમાં સમાઇ ગઇ. ધર્મપાળે કૃષ્ણદેવ અને ગજસિંહને પણ સમજાવીને શાંત કર્યા અને તેમની જગ્યાએ બેસાડયા. ચાહડ પોતાનું અપમાન થવાથી ક્રુદ્ધ થએલો અને નિરાશ થવાથી વધારે ઉશ્કેરાએલો હોવા છતાં અત્યારે સમયવર્તી બનીને શાન્ત રહ્યો હતો. મંત્રીશ્વરની બાજુએ આવીને તે બેઠો, એટલે બીજાઓ પણ બેસી ગયા.

પુનઃ સર્વત્ર શાન્તિ ફેલાઇ. રાજગોર સૌની મધ્યમાં પાદુકા સાથે આવીને ઉભો અને પાદુકાનું યથાવિધિ પૂજન કર્યું. પછી તે બોલ્યો: "હવે પાદુકાને સિંહાસન ઉપર કોણ પધરાવે છે ?"

"વાહડદેવ," "મંત્રીશ્વર," "રાજગોર" એવા ત્રણ પ્રકારના ધ્વનિ ચોમેરથી સંભળાવા લાગ્યા અને પુનઃ ઘોંઘાટ મચ્યો ! પક્ષભેદનું સ્પષ્ટ દર્શન થઇ ચૂકયું હતું. આજની કચેરીમાં જૂદા જૂદા પક્ષોએ કામ ચલાવવાની જૂદી જૂદી ધારણા ધારી રાખી હતી. મંત્રીમંડળે ધાર્યું હતું કે રાજ્યના નિયમ પ્રમાણે ભવિષ્યનો રાજા પાદુકાને સિંહાસન ઉપર પધરાવે અને તેને હસ્તે રાજગોર પાદુકાનું પૂજન કરાવે. મંત્રીશ્વર, દંડનાયક વગેરેએ ધાર્યું હતું કે એવી રીતે વર્તવાથી કોઇને કાંઇ કહેવાનું રહેશે નહિ. પરન્તુ કૃષ્ણદેવ અને ગજસિંહ તથા તેના પક્ષના બીજાઓની ધારણા તેથી કેવળ

જૂદી જ હતી. સિદ્ધરાજે પોતાના અવસાન સમયે મંત્રીઓનાં વચન લેવા માંડયાં હતાં, ત્યારે મંત્રીઓનાં હૃદય જ માત્ર ખુલ્લાં થઇ શક્યાં હતાં અને સામંતો તથા ભાયાતોના વિચારો તે જાણી શકે તે પૂર્વે તો સિદ્ધરાજના હૃદયને એકાએક ધક્કો લાગવાથી તેનું મરણ નીપજ્યું હતું ! વળી રાજ્યના આધારરૂપ ભાયાતો તથા સામંતોના વિચાર કોની તરફેણમાં હતા તે કોઇના જાણવામાં આવ્યું નહોતું. રાજાની માંદગીના વખતમાં એકાએક અધીરાઇ બતાવીને વિચારો જાહેર કરવાનું તેમને તે વખતે વાજબી લાગ્યું નહોતું, તેથી સામાન્ય રીતે મંત્રીઓ અને ચાહડ એમ સમજતા હતા કે તેઓ સિદ્ધરાજની છેવટની આજ્ઞા પ્રત્યે સંમતિ ધરાવતા હોવા જોઇએ ! પરન્તુ ખરી સ્થિતિ તેવી નહોતી. ગુજરાતના ક્ષત્રિયોનો હક્ક ગુજરાતની ગાદી ઉપરથી ચાલ્યો જાય એવું તેમની તીખી આંખથી જોઇ શકાય તેમ હતું જ નહિ. સિદ્ધરાજ પછી ચાહડની રાજા તરીકેની નીમણુકની વાત સાંભળી તેઓ ગુસ્સે થઇ ગયા હતા પરન્તુ તેમને તે વિષે પૂછવામાં આવે તે પહેલાં રાજાનું મરણ થવાથી તેઓના મનની મનમાં જ રહી ગઇ હતી ! ગઇ રાત્રે તેઓ સર્વે કૃષ્ણદેવના નિવાસસ્થાને એકત્ર થયા હતા અને માંહોમાંહે નિશ્ચય કર્યો હતો કે કોઇ પણ રીતે ચાહડને ગાદી ઉપર આવવા દેવો નહિ, એટલું જ નહિ પણ સિંહાસન ઉપર પાદુકાની પધરામણી અને પૂજન પણ ચાહડને હાથે થવા દેવું નહિ ! સામાન્ય રીતે તેનો અધિકાર ગુજરાતના ભવિષ્યના રાજાનો હતો તેથી જો તે વખતે ચાહડને તેવો અધિકાર ભોગવવા દેવામાં આવે અને તે સામે કશો વાંધો ઉઠાવવામાં ન આવે તો ચાહડ તે જ દિવસથી ગુજરાતનો સર્વસ્વીકૃત રાજા મનાય અને એ રીતે તેને મોટો ટેકો મળી જવા પામે. તે કારણથી બીજા દિવસથી જ એ હક્ક સામે વાંધો ઉઠાવીને ચાહડને રાજત્વનો જરા પણ અધિકાર ભોગવવા દેવો નહિ એવી એ સર્વ ક્ષત્રિયોએ મસલત ચલાવી રાખી હતી. તે જ હેતુથી કૃષ્ણદેવ અને ગજસિંહ સિંહાસનની બન્ને બાજુઓ દબાવીને વેળાસર બેસી ગયા હતા.

પરન્તુ ત્રીજી બાજુએ ચાહડના મનોરથો કેવળ જૂદા જ હતા. મંત્રીઓની કે ક્ષત્રિયોની કોઇની પણ પરવા કર્યા વિના એકદમ બળાત્કારે સિંહાસન પચાવી પાડવાની બાજી તેણે રાતોરાત રચી રાખી હતી. કૃષ્ણદેવ અને ગજસિંહે રાણી પાસે જે ઉદ્‌ગારો કાઢયા હતા તે રાણી પાસેથી ચાહડે જાણ્યા હોવાથી પહેલી તકનો જ લાભ લઇને પોતાનો હક્ક સિદ્ધ કરી નાંખવાનો યત્ન કરવાનું ચાહડે વાજબી માન્યું હતું. રાણીને ગમે તેમ

સમજાવીને તેણે તે માટે તેની સંમતિ મેળવી અને પછી કરણદાનની મદદથી પચાસેક સૈનિકોને પોતાના પક્ષમાં મેળવી રાજમહેલમાં તૈયાર રાખ્યા. પાદુકાની પૂજાને વખતે ભજવવાનો સઘળો પાઠ તેમને પઢાવી રાખ્યો હતો તેથી બીજાઓની સાથે તેઓમાંના કેટલાક ત્યાં અગાઉથી હાજર થયા હતા, કેટલાક સિંહાસન પાસેના જે બારણામાંથી ચાહડ આવવાનો હતો તે બારણાનો માર્ગ દબાવીને બેઠા હતા અને બીજાઓએ ચાહડની સાથે કચેરી મંડળમાં એકદમ પ્રવેશ કરવો એવું ઠરાવ્યું હતું. કૃષ્ણદેવ અને ગજસિંહ જેવા માત્ર બે વિરોધીઓને પરાસ્ત કરવાને ચાહડે પોતાની એ ગોઠવણ સંપૂર્ણ માની હતી અને તેણે આશા રાખી હતી કે તેથી ચમકીને-ગભરાઇને એ બન્ને વિરોધીઓ કશું બોલી શકશે નહિ. પરન્તુ તેની એ ધારણા અફળ નીવડી ! કૃષ્ણદેવના પક્ષના સેંકડો રાજપૂતો પણ ત્યાં હાજર હતા અને એ સામટો વિરોધ જોતાં ચાહડ રહે ખાઈ ગયો હતો. ધર્મપાળના શબ્દો સાંભળતાં તેનો મનોરથ મૃતપ્રાય થઇ ગયો અને તે સમજ્યો કે 'હવે વધારે બળ દર્શાવવા જતાં સાર નીકળશે નહિ !'

ચાહડની એ ઉચ્છૃંખળતાનું પરિણામ પણ માઠું જ આવ્યું. મંત્રીમંડળનો વિચાર તેને હસ્તે પાદુકાની પધરામણી અને પૂજન કરાવવાનો હતો પરન્તુ તેની આવી વર્તણુકથી તેમને પણ કેટલીક નિરાશા ઉપજી. ચાહડ એ ક્રિયા કરે તેની સામે કૃષ્ણદેવની આગેવાની હેઠળ ક્ષત્રિયો પુનઃ સામા થયા. મંત્રીશ્વર તથા દંડનાયકના પક્ષના કેટલાક હતા તેઓ સામા થયા નહિ પણ થોડા ક્ષણો પૂર્વે ચાહડે જે વર્તન ચલાવ્યું હતું તેથી તેઓ નિરાશ તથા ખિન્ન થયા હતા અને તેથી તેઓ ચાહડના પક્ષનું વધારે મજબૂત રીતે સમર્થન કરી શકયા નહિ. ચાહડે તો પોતાનું સઘળું બળ આ નાટકના પ્રથમાંકમાં જ વાપરી નાંખ્યું હતું તેથી તે કાંઇ બોલ્યો જ નહિ. ધર્મપાળે કૃષ્ણદેવને બહુ સમજાવ્યો પણ તે એક ટળીને બે થયો નહિ અને છેવટે એવું ઠર્યું કે પાદુકાને રાજગોર પોતે જ સિંહાસન ઉપર પધરાવે અને રોજ તે પોતે જ તેના પૂજનાદિની ક્રિયા કરે ! ક્ષત્રિય વર્ગની એ મજબૂત હઠ આગળ છેવટે મંત્રીઓને પણ નમી જવું પડયું અને રાજગોરને હાથે જ તે વખતે સઘળી ક્રિયા થઇ ! ક્ષત્રિયો મૂછપર હાથ ફેરવતા ત્યાંથી ચાલ્યા ગયા અને ચાહડ નિરાશાથી છેડાએલો વિદાય થઇ ગયો !

પ્રકરણ ૪ થું.

ચાહડના પ્રયત્નો.

રાજાના દશમાની ક્રિયા થાય ત્યારપછી ગાદી ઉપર કોને બેસાડવો તે માટે હવે જુદા જુદા પક્ષો બંધાવા પામ્યા. પાદુકાની પધરામણી વખતે ચાહડનો ગાદી ઉપરનો હક્ક સ્વલ્પાંશે પણ સ્વીકારાયો નહોતો, તેથી ગાદીના બીજા હક્કદારોના જેવો જ તે પણ માત્ર એક સાધારણ હક્કદાર હતો. સિદ્ધરાજે તેને પોતાનો પ્રતિપન્ન પુત્ર કહ્યો હતો તેટલા ખાતર એને કશો વિશેષ હક્ક પ્રાપ્ત થયો નહોતો એવું ચાહડ જોઇ શક્યો હતો તેથી તેને ગાદી લેવા માટે ઘણો જ યત્ન કરવો પડે તેમ હતું. જે નિરાશા પાદુકાની પધરામણી વખતે તેને પ્રાપ્ત થઇ હતી તે ઘણી ભારે હતી, અને જો કરુણાદાને તેને સારી પેઠે ઉશ્કેર્યો ન હોત તો કદાચ તેણે ગાદીની આશા મૂકી દઇને પાટણમાંથી ચાલ્યા જવાનું જ પસંદ કર્યું હોત. પરંતુ તે કેવળ નિરાશ થયો નહિ. રાણીનો તેને ટેકો હતો, મંત્રીમંડળ તેના પક્ષમાં હતું, પોતે શ્રાવક હોવાથી શ્રાવકોની મદદ પોતાને મળશે એવું તે ધારતો હતો અને સિદ્ધરાજ પ્રત્યે રાજનિષ્ઠ પ્રજાવર્ગ તેની આજ્ઞાની ખાતર પોતાના પક્ષમાં ઉભો રહેશે એવી તેની સંપૂર્ણ ધારણા હતી. તે છતાં ક્ષત્રિયોની એકાએક મોટી વિરૂદ્ધતા જોઇને તે સાવચેત થયો અને પોતાના પક્ષનું બળ વધારવાને યત્ન કરવા લાગ્યો.

ધર્મપાળે ચાહડને ગુજરાતના ભવિષ્યના રાજા તરીકે સિદ્ધરાજની સમક્ષ સ્વીકાર્યો હતો, એટલે તેની વિરૂદ્ધતાનો જરાએ સંભવ નહોતો, છતાં ચાહડનું હૃદય જરા શંકાશીલ હતું. એકાદ બે પ્રસંગે ચાહડે ધર્મપાળની સામે થઇને તેને દુઃખ લગાડયું હતું તેથી તેનું મન મનાવવાનું ચાહડને આવશ્યક લાગ્યું. આ કારણથી ચાહડ એક વાર ધર્મપાળને ત્યાં ગયો અને મીઠા શબ્દોમાં તેની ખુશામત કરવા લાગ્યો તથા પોતે ધર્મપાળને ખોટું લગાડવા બદલ તેની ક્ષમા માંગવા લાગ્યો. ધર્મપાળે સ્મિત કરીને કહ્યું: “ચાહડદેવ! મહારાજા સિદ્ધરાજની સમક્ષ મેં પ્રતિજ્ઞા લીધી છે, તેટલા ખાતર તેમ જ એક શ્રાવક પુત્ર ગુજરાતની ગાદીનો માલેક થાય એવા પ્રશસ્ત અભિમાનપૂર્વક હું સંપૂર્ણ રીતે તમારા પક્ષમાં છું. તમે મને માઠું લગાડવાના પ્રસંગો ભલે આવ્યા હોય પણ તેથી હું તમારાપર દ્વેષ ધરાવતો નથી અને તેટલા માટે કદાચ હું દ્વેષ ધરાવતો હોઉં, તોપણ એ વ્યક્તિગત દ્વેષને રાજકાર્યમાં આડે લાવીને રાજ્યનું તથા પ્રજાનું અહિત કરૂં,

એવો હું અજ્ઞ કે અવિચારી નથી; માટે, તમે મારા તરફની કશી ચિંતા રાખશો નહિ !"

દંડનાયકના હૃદયની એ ઉદારતા જોઇને ચાહડ શરમીંદો પડી ગયો, અને નીચું જોવા લાગ્યો. દંડનાયકે આગળ જણાવ્યું: "મંત્રીમંડળમાં ગજસિંહ અને કૃષ્ણદેવ સિવાય બીજા કોઇ તરફનો તમારે અંદેશો રાખવાનો નથી. જૂદા જૂદા મંડળના મંત્રીઓ બે-ચાર દિવસમાં હવે અહીં આવી પહોંચશે કારણકે તેઓને હું મહારાજાના મરણના પત્રો રવાના કરી ચૂક્યો છું. તેઓ બધા મંત્રીશ્વરની સલાહ પ્રમાણે જ વર્તશે અને મંત્રીશ્વર તો પોતાની પ્રતિજ્ઞામાં અડગ રહે તેવા જ છે. વિશેષમાં તમારા પિતાજીનો પ્રતાપ પણ કાંઇ ઓછો નથી. પોતાના પુત્રને ગુજરાતની ગાદી મળવાની છે એ ખબર તો તેમને પહોંચી ગયા છે અને આજકાલ તે પણ અહીં આવી પહોંચીને તમારી મદદમાં ઉભા રહેશે, એટલે બીજાઓની તાકાત નથી કે તેઓ તેમના પ્રતાપી ઉદ્‌ગારની વિરૂદ્ધ ઉંકારો પણ કરી શકે !"

ધર્મપાળના આ શબ્દોથી ચાહડમાં હિંમત આવી અને તેની નિરાશા દૂર થવા લાગી. પોતાનો પક્ષ સર્વાંશે મજબૂત છે એવું તેને લાગ્યું, તોપણ તેણે કહ્યું: "પરન્તુ ક્ષત્રિયો તરફથી આટલી વિરૂદ્ધતા થવા પામશે એવું મેં ધાર્યું નહોતું. કૃષ્ણદેવે પોતાના સાળાઓને માટે સૌને ઉશ્કેરીને તૈયાર કર્યા હોય એમ લાગે છે, અને ક્ષત્રિયોનું બધું બળ લશ્કરમાં જ સમાએલું છે. કૃષ્ણદેવે મહારાજાના મરણ વખતે પોતાના અધિકારની તલવાર તેમના ચરણમાં મેલી દીધી હતી, છતાં હજી તેણે સેનાપતિનો અધિકાર છોડયો નથી એ ગેરવાજબી છે. આપણે બધાએ એકત્ર થઇને તેને સેનાપતિના અધિકાર ઉપરથી દૂર કરી રજા આપવી જોઇએ. પોતાનો અધિકાર છોડયા પછી તે હવે મંત્રી તરીકે વચ્ચે માથું કેવી રીતે મારી શકે ?"

"તમારી દલીલ સાચી છે, પરન્તુ એવી કાંઇ નવી વ્યવસ્થા કરવાનો અવકાશ જ કયાં રહ્યો હતો ? રીતસર તો કૃષ્ણદેવ અધિકાર હાથમાં રાખી શકે જ નહિ, પણ હવે એને એવું પૂછનાર કોણ રહ્યું ?"

"એમ કેમ કહો છો દંડનાયક ? મંત્રીઓને તેને અધિકારપરથી દૂર કરવાની સત્તા છે, અને જો બહુ તોફાન કરે તો આપણે તેને કેદમાં પણ નાંખી શકીએ."

આ સાંભળીને ધર્મપાળ વિચારમાં પડયો. થોડી વાર ઉંડો વિચાર કરીને તે બોલ્યો: "ઠીક છે; આજ રાત્રે હું બીજા મંત્રીઓને મળીને તે વિષે વિચાર કરીશ. કૃષ્ણદેવ સેનાનો અધિકાર છોડશે નહિ, ત્યાંસુધી તે પ્રત્યેક

કાર્યમાં આપણી આડે ને આડે જ આવ્યા કરશે અને નકામો બખેડો ઉભો કરશે!"

"બરાબર છે; હું હવે જઉં છું; રાત્રે રાણીશ્રી પાસે તમે બીજા મંત્રીઓને તેડીને આવશોને?"

"હા જરૂર આવીશ; અને તે વખતે આપણે કૃષ્ણદેવની સામે શાં પગલાં લેવાં તેનો નિર્ણય કરીશું." દંડનાયકે જણાવ્યું. ચાહડ તુરત ચાલ્યો ગયો.

* * * *

રાત્રિનો અંધકાર ફેલાયો, પણ લોકોની આવજા હજી દિવસના જેટલી જ ચાલતી હતી. એ વખતે રાજપૂતવાડમાં એક બંધ પાલખી ઉપાડીને ચાર ખડતલ માણસોએ પ્રવેશ કર્યો. લોકોએ માન્યું કે તેમાં કોઇ ઉંચા રાજપૂત કુટુંબની સ્ત્રીઓ હશે અને તેઓ પોતાના કોઇ સગાને ત્યાં જતી હશે. એક નાની ડહેલી પાસે આવીને પાલખી ઉપાડનારાઓએ તે નીચે મેલી. તુરત જ તેમાંથી બે પુરૂષો નીકળ્યા અને પોતાને કોઈ જોઇ લે તે પહેલાં તેઓ ડહેલી ઉઘાડીને અંદર ચાલ્યા ગયા. તે મકાનમાં ઉદયસીંગ નામનો એક રાજપૂત રહેતો હતો. ઉદયસીંગ તેમને જોતાં જ આશ્ચર્યથી બોલ્યો: "ઓહો! ચાહડદેવ! કરણદાન! આજે તો આ ગરીબનું ઘર આપે પાવન કર્યું?!" એમ કહેતાં જ ઉદયસીંગે ડહેલીમાં બે ખાટલા ઢાળ્યા અને તે ઉપર શેતરંજી પાથરી દીધી. ચાહડ અને કરણદાન તે ઉપર બેઠા.

ઉદયસીંગ બોલ્યો: "મને એટલા ખબર મળ્યા હતા કે સંધ્યાકાળ પછી તુરત તમને કોઇ મળવા આવનાર છે માટે બરાબર તે જ વખતે ઘેર હાજર રહેજો; પણ આપ જ મને મળવા આવનાર છો, તે ખબર મને મળ્યા નહોતા!"

"પહેલેથી એ વાત ખુલ્લી કરવાની અમને જરૂર જણાઇ નહિ. પણ ઉદયસીંગ! અમે અહીં શામાટે આવ્યા છીએ તે તમે કદાચ નહિ જાણતા હો."

"ના, તે હું નથી જાણતો." ઉદયસીંગે જવાબ આપ્યો.

"તમે જાણો છો કે કૃષ્ણદેવે મહારાજા જીવતા હતા ત્યારે તેમની સમક્ષ જ પોતાનો અધિકાર છોડી દીધો હતો. હવે તેની જગ્યાએ તમને મુખ્ય સેનાપતિ તરીકે ગોઠવી દેવાનો અમારો વિચાર છે."

ઉદયસીંગ આ સાંભળીને વિચારમાં પડી ગયો. સેનાપતિના હાથ હેઠળ જે થોડા નાના અધિકારીઓ હતા તેમાંનો એક ઉદયસીંગ હતો અને એક ક્ષત્રિય તરીકે તે કૃષ્ણદેવના પક્ષનો જ હતો. પોતાના જેવા બીજા

હરીફ અધિકારીઓને બદલે પોતાને જ એકાએક સેનાપતિ થવાનો લાભ મળે એ વિચારથી તેની ચિત્તવૃત્તિમાં વિકાર ઉત્પન્ન થયો. જો પોતાને સેનાપતિનું પદ આપવામાં આવે તો પોતે ચાહડનો પક્ષ લેવો જોઇએ એવું તેણે માન્યું, અને તેમ કરવામાં તેને પોતાનું ખરૂં હિત પણ જણાયું. તે બોલ્યો: "મને એ પદ આપવામાં આવે તો હું ઘણી ખુશીથી તે ગ્રહણ કરીશ, પણ કૃષ્ણદેવ તો કાંઇ વિરૂદ્ધતા નહિ દર્શાવેને ?"

"કૃષ્ણદેવે તો રાજીખુશીથી અધિકાર છોડયો છે તે તમે જાણો છો."

"પણ હમણાં તેણે આપની સામે બંડ ઉઠાવવા જેવું કર્યું છે, એટલે કદાચ કાંઇ નવો બખેડો ઉભો કરે. રોજ રાત્રે કૃષ્ણદેવને ત્યાં સામંતો, ભાયાતો, અને બીજા ક્ષત્રિયોની મંડળીઓ ભરાય છે." ઉદયસીંગે જણાવ્યું.

"તેની કાંઇ ફીકર નથી. તે જો કાંઇ બખેડો કરે તો તેના હાથ–પગમાં બેડી પહેરાવી દેવાને પણ મંત્રીઓ તૈયાર છે. તમે સેનાપતિનું પદ સ્વીકારશો કે નહિ તે પૂછવાને જ અમે માત્ર આવ્યા હતા."

"હું તે સ્વીકારીશ, એટલું જ નહિ પણ આખું લશ્કર આપના જ ટેકામાં ઉભું રહે એમ કરીશ. લશ્કરની મદદની આપને જરૂર છે, કારણકે જો સામંતો અને ભાયાતો બીજા રાજાઓને ઉશ્કેરીને યુદ્ધનો પ્રસંગ આણુશે તો લશ્કરના ટેકા વિના ચાલી શકશે નહિ."

"બસ, બસ, એટલું જ અમને જોઇએ છે. તેટલા માટે જ નવા સેનાપતિ તરીકે અમે તમને પસંદ કર્યા છે, લ્યો આ તમને બક્ષીસ !" એમ કહીને ચાહડે પોતાના કંઠમાંથી માળા કાઢીને ઉદયસીંગને પહેરાવી દીધી, અને પછી તે કરણદાનની સાથે પાલખીમાં બેસીને પાછો ગયો.

ચાહડ અને કરણદાન ગયા પછી ડહેલી બંધ કરીને ઉદયસીંગ ખુશ થતો થતો ઓરડામાં પાછો આવ્યો અને હર્ષથી પોતાની સ્ત્રીના કંઠમાં એ મોતીની મૂલ્યવાન માળા પહેરાવી. ઉદયસીંગની સ્ત્રી રૂપાંદેએ એકાએક ક્રુદ્ધ થઇને તે માળાને તોડીને બહાર ફેંકી દીધી ! ઉદયસીંગ પોતાની પત્નીનું આવું વર્તન જોઇને આશ્ચર્યચકિત થયો અને તે આશ્ચર્યનો કાંઇ પણ ઉદ્‌ગાર કાઢે તે પહેલાં રૂપાંદે તિરસ્કારથી વક્ર દૃષ્ટિ કરીને બોલી: "કાંઇ શરમાતા નથી ? પહેલાં કૃષ્ણદેવના પક્ષમાં રહ્યા અને માત્ર સેનાપતિપદની લાલચથી તેમાંથી ફૂટીને વાણીયાના પક્ષમાં ભરાયા ? ક્ષત્રિય થઇને આવો દગો કર્યો–આ માળાની લાંચ લીધી–તેમ કરતાં જરાએ તમારા બાપદાદાની આબરૂનો વિચાર કર્યો હતો કે ?"

ઉદયસીંગ તો આ શબ્દો સાંભળીને બહુ જ શરમાયો. સ્ત્રી તરફનો

તિરસ્કાર તેના હૃદયમાં પશ્ચાત્તાપની આગને જન્મ આપવા લાગ્યો. રૂપાંદે આગળ બોલીઃ "જાઓ, એ માળા ચાહડને પાછી આપી આવો અને તેને કહેજો કે હું ક્ષત્રિય બચ્ચો છું તે ક્ષત્રિયના પક્ષમાંથી ફૂટીને તમારા પક્ષમાં નહિ આવું–મને સેનાપતિપદ નથી જોઇતું."

ઉદયસીંગમાં હવે ચાહડની પાસે જવાનું ધૈર્ય રહ્યું નહોતું! તે બોલ્યોઃ પ્રિયે! મારા અપરાધની ક્ષમા કર! મેં બહુ જ અવિચારી પગલું ભર્યું છે અને હવે હું પસ્તાઉં છું! મારાથી ચાહડની પાસે હવે જઇ શકાશે નહિ, હવે તો તું કહે તેમ કરૂં."

રૂપાંદે બોલીઃ "ત્યારે મારી સાથે ચાલો!" એમ કહીને આગળ રૂપાંદે તથા પાછળ ઉદયસીંગ એમ ઘરની બહાર ચાલ્યાં. રૂપાંદેએ તૂટેલી માળા લઇ લીધી અને તે પતિને કૃષ્ણદેવને ત્યાં લઇ ગઇ. કૃષ્ણદેવને ત્યાં અત્યારે ગુપ્ત મંડળી ભરાઇ હતી. એકઠા થએલાઓમાં ક્ષત્રિયો સિવાય બીજા કોઇ નહોતા. રૂપાંદે તેમની પાસે આવી અને સઘળો વૃત્તાંત નિવેદન કરી માળા કૃષ્ણદેવને સોંપી, છેલ્લે કહ્યુંઃ "હવે મારા પતિએ કરેલા પાપનું તેમને પ્રાયશ્ચિત્ત આપો."

કૃષ્ણદેવ આ વૃત્તાંત સાંભળીને ચકિત થયો અને રૂપાંદેની પ્રશંસા કરતો બોલ્યોઃ "દેવી! તમારા જેવાં ખરાં ક્ષત્રિયાણી જ્યાંસુધી પાટણનાં રાજપૂત કુટુંબોમાં છે, ત્યાંસુધી અમે અમારૂં અહોભાગ્ય સમજીએ છીએ! તમો હોઇને જ અમ–પુરૂષોની ક્ષત્રીવટ હજી ટકી શકી છે! તમારા પતિને પશ્ચાત્તાપ થયો અને તમારાથી દોરાઇને અહીં આવી આ મંડળીની વચ્ચે શરમાઇ જવું પડયું છે એ જ તેમને આપેલું પ્રાયશ્ચિત્ત છે અને હવે વિશેષ પ્રાયશ્ચિત્તની કશી જરૂર નથી!"

રૂપાંદે બોલીઃ "ક્ષત્રિય હોઇને ક્ષત્રિય પક્ષને દગો કરવાની બુદ્ધિ સૂજી એ નાનું–સૂનું પાપ નથી. હજી સારો વખત છે કે એક ટકોરો વાગતાંની સાથે એ પાપબુદ્ધિનો પડદો તૂટી જાય છે, પણ જો એ પડદો વધારે મજબૂત થતો જશે, તો યાદ રાખજો કે ગમે તેવી ક્ષત્રિયાણીઓ છતાં તમારી ક્ષત્રીવટનો અસ્ત થઇ જશે!" એટલું કહીને રૂપાંદે ચાલી ગઇ. સૌ એ ઉત્તેજક શબ્દોની અસરથી ક્ષણભર દિગ્મૂઢ જેવા બનીને બેસી રહ્યા. સામા પક્ષના એ નવા પ્રપંચની વાત જાણીને હવે તેઓ પણ નવી બાજી ખેલવાનો વિચાર કરવા લાગ્યા.

પ્રકરણ ૫ મું.

પિતાની ટેક.

પ્રભાત બહુ ખરાબ ઉગવાનું હતું, કારણકે બન્ને પક્ષોએ એક બીજાની સાથે ઘર્ષણમાં આવવાની સઘળી તૈયારીઓ કરી રાખી હતી. મંત્રીમંડળ રાત્રે રાણીની સમક્ષ એકત્ર થયું હતું અને તેણે લાંબા વખત સુધી મસલત ચલાવીને એવો નિર્ણય કર્યો હતો કે પ્રભાત થતાં જ રાણીની આજ્ઞાને અનુસરીને કૃષ્ણદેવને સેનાપતિના પદ ઉપરથી તથા ગજસિંહને મંત્રીમંડળમાંથી દૂર કરી નાંખવા અને સેનાપતિનો અધિકાર ઉદયસીંગને આપી દેવો. તે સાથે એવી પણ તૈયારી કરી રાખવામાં આવી હતી કે જો કૃષ્ણદેવ કાંઇ બખેડો ઉઠાવે અને તોફાન મચાવે તો તેને સત્વર કેદ કરી લેવો. સિદ્ધરાજનું દશમું વીતી જાય અને નવો રાજા ગાદીપર બેસે તે પૂર્વે રાજ્યનો સર્વ કારભાર રાણી પોતે ચલાવશે એવી દાંડી આખા પાટણમાં પિટાવી દેવાની તૈયારી પણ મંત્રીઓએ કરી રાખી. તેઓ સર્વ હવે એવા નિશ્ચય ઉપર આવ્યા હતા કે જેવા બળાત્કારથી કૃષ્ણદેવ પોતાની મહત્તાની છાપ બેસાડે છે, તેવા જ બળાત્કારથી તેને પરાસ્ત કરીને રાણી તથા ચાહડદેવનું વર્ચસ્વ બેસાડયા વિના સઘળી વ્યવસ્થા સારી રીતે ચાલી શકશે નહિ. એ પ્રકારના બળાત્કાર માટે રાજ્યના લશ્કરની સઘળી સત્તા પોતાના હાથમાં હોવી જોઇએ. અત્યારસુધી એ સત્તા કૃષ્ણદેવના હાથમાં હતી. હવે એ સત્તા રાણીની દુહાઇને પરિણામે નવા સેનાપતિના હાથમાં સોંપવાની ગોઠવણ કરી રાખવામાં આવી હતી, એટલે મંત્રીઓ પોતાની યોજના પાર પાડવાને વધારે ખાત્રીવાળા થયા હતા.

બીજી બાજુએ કૃષ્ણદેવનો પક્ષ જરા પણ અસાવધ રહ્યો નહોતો. તેણે પોતાના હાથ હેઠળના સઘળા લશ્કરી અધિકારીઓને પોતાને ત્યાં બોલાવ્યા હતા અને ક્ષત્રિયોનું નૂર જાળવવા માટે ક્ષત્રિયોએ અડગ રહેવાની આવશ્યકતા વિષે તેઓને બોધ કર્યો હતો. તેઓએ પોતાના હાથ હેઠળના સઘળા સૈનિકોને ક્ષત્રિયોના પક્ષમાં જ ટકાવી રાખવાના સોગંદ લીધા હતા, એટલું જ નહિ પણ કૃષ્ણદેવને જો સેનાપતિપદ ઉપરથી કાઢી મેલવામાં આવે તો તેઓએ રાજ્યની સામે થવાનો પણ નિશ્ચય કર્યો હતો. ઉદયસીંગ તરફથી ચાહડની પ્રવૃત્તિ સંબંધે જે નવી ખબર કૃષ્ણદેવને મળી હતી તે ખબર કૃષ્ણદેવને બહુ ઉપયોગી થઇ પડી હતી. પોતાની જાત સામે જ નહિ પણ આખા ક્ષત્રિય મંડળની સામે મંત્રીઓ નવો પ્રપંચ રચી

રહ્યા છે એવી ગંધ તેને આવી ચૂકી હતી અને તેથી પ્રભાતમાં થનાર નવા ઉત્પાતને માટે તે સર્વ રીતે તૈયાર થઇ ગયો હતો.

પરન્તુ બન્ને પક્ષોની ધારણા પાર પડે તે પૂર્વે તો પરોઢમાં જ ઉદયન મંત્રીએ અને વાહડે પાટણમાં પ્રવેશ કર્યો! મંત્રીઓ વિશેષ ઉલ્લસિત થયા અને પિતાને બરાબર વેળાસર આવી પહોંચેલા જોઇને ચાહડ અત્યંત હર્ષિત થયો. સ્હવારમાં રાણીના નામની દાંડી પિટાવીને કૃષ્ણદેવને અધિકારથી ભ્રષ્ટ કરવાની આજ્ઞા બહાર પાડવાનું કાર્ય કરવામાં આવે તે પહેલાં જ ઉદયન આવ્યો હોવાથી મંત્રીઓએ તે કાર્ય થતું અટકાવ્યું. કૃષ્ણદેવની સામે એવા બળાત્કારના ઉપાયો લેવામાં આવે, તે કરતાં ઉદયનના તેજથી—પ્રતાપથી—આજ્ઞાથી સઘળું તોફાન શમી જાય તો ઠીક, એવી ધારણાથી મંત્રીઓએ ઉદયનને મળીને કાંઈ નવી યોજના રચવાનું ઉચિત માન્યું. કૃષ્ણદેવ અને ક્ષત્રિયોએ પણ શાંતિ જ ધારણ કરી, કારણકે સામા પક્ષ તરફથી કાંઇ કાર્ય કરવામાં ન આવે, ત્યાંસુધી તેમને કશો પ્રતિકાર કરવો પડે તેમ જ નહોતું.

ઉદયન પાટણમાં પ્રવેશ કરીને પોતાની હવેલીમાં જઇને ઉતર્યો. નિત્યકર્મમાંથી નિવૃત્ત થઇને સૌથી પહેલાં રાણીની પાસે જવાનો તેનો ઇરાદો હતો, પરન્તુ તેનો ઇરાદો પાર પડે તે પહેલાં તો મંત્રીશ્વર, દંડનાયક અને ચાહડ ત્યાં જુહાર કરવા આવ્યા. ચાહડે પિતાની સમક્ષ માથું નમાવ્યું અને બે હાથ જોડી વંદન કર્યું. ઉદયને વાત્સલ્યપૂર્વક તેના માથાપર હાથ મૂકીને કહ્યું: "બેટા! તું સોલંકીઓનો અનન્ય સેવક થજે, એવો મારો આશીર્વાદ છે!"

આ આશીર્વાદનો પ્રકાર સાંભળીને સૌ ચમકી ગયા. ચાહડ તો પિતાના એ ઉદ્‌ગારો સાંભળીને દિગ્મૂઢ બની ગયો અને પિતાના વદન સામે જોઇને બોલ્યો: "પિતાજી! મહારાજાએ મને પોતાના પ્રતિપન્ન પુત્રરૂપ ઠરાવીને ગુજરાતનું રાજ્ય સોંપ્યું છે, એવા ખુશાલીના ખબર આપને શું મળ્યા નથી?"

"એ ખેદજનક ખબર મેં સાંભળ્યા છે, ભાઇ! પરન્તુ ગુર્જરેશ્વરનો રાજમુકુટ તારે શિરે ન હોય!" ઉદયને કહ્યું.

મંત્રીશ્વર અને દંડનાયક તો ઉદયનના આ ઉદ્‌ગારો સાંભળીને ચિત્રવત્ સ્તબ્ધ બનીને ઉભા રહ્યા! ઉદયન આ કેવા શબ્દો બોલે છે, શો વિચાર કરીને બોલે છે, ભાનમાં રહીને બોલે છે કે કેમ, એવા જ પ્રશ્નો તેમના મગજમાં ઉપજવા લાગ્યા. પુત્રને રાજ્ય મળે અને પિતા તેનો નિષેધ

કરે એ મનુષ્યના સ્વભાવની જ વિરૂદ્ધ હતું એવું તેઓ માનતા હતા અને તેથી તેઓ ઉદયનના હૃદયનો મર્મ કોઈ પણ રીતે સમજી શક્યા નહિ. ચાહડ તો પિતાના શબ્દો સાંભળીને કેવળ ઠરી ગયો હતો. હવે શો જવાબ આપવો તે તેને સૂજતું નહોતું. થોડી વાર મૌન રહીને તે બોલ્યો: પિતાજી! તે ગમે તેમ હોય પણ મહારાજા સિદ્ધરાજે તો મને ગુર્જરેશ્વર બનાવ્યો છે અને હું એવા ઉંચે પદે ચડયો તે આપના સરખા વડીલના પુણ્યનું જ ફળ છે!"

ઉદયન બોલ્યો: "એમ કહી તું મને કલંકિત કર નહિ, ચાહડ! તું ઉંચું પદ લઇ શકશે નહિ—હું તને તે લેવા દઈશ નહિ! મારા પુણ્યનું ફળ તને મળવાનું જો સંભવિત હોય, તો તું સોલંકીઓનો સેવક થા—ગુર્જરેશ્વર થવાને તું પાત્ર નથી!"

હવે તો સૌના આશ્ચર્યનો અવધિ આવી રહ્યો! ધર્મપાળથી હવે ક્ષણભર પણ મૌન રહેવાયું નહિ. તે બોલ્યો: "મંત્રીશ્વર! તમે આ શું કહો છો તે મારાથી સમજાતું નથી! આ તમારો પુત્ર ચાહડ ગુર્જરેશ્વર થાય છે—બીજું કોઇ નહિ, અને તમે આમ કેમ બોલો છો?"

ઉદયન બોલ્યો: "દંડનાયક! મારો પુત્ર તો શું, પણ હું પોતે કદાપિ ગુર્જરેશ્વર થવાનો હોઉં તોપણ હું તે ઉચિત માનું નહિ. ગુજરાતનું રક્ષણ કરવાનો હક્ક અને ધર્મ ગુજરાતના ક્ષત્રિયોનો જ છે—બીજાઓનો નથી. બીજાને એવો અધિકાર આપવો તે દેશરીતિથી જ નહિ પણ ધર્મથી વિરૂદ્ધ છે, ગુજરાતનું અહિત કરવા બરાબર છે. મારો પુત્ર ગુજરાતની ગાદીનો અધિકારી નથી, તેને યોગ્ય નથી, ગાદી લેવાનો તેનો ધર્મ પણ નથી; એ અન્યાય હું નહિ થવા દઉં!"

ધર્મપાળનું આશ્ચર્ય ક્ષણે ક્ષણે વધવા લાગ્યું. તે બોલ્યો: "મહારાજા સિદ્ધરાજે પોતાના અવસાન સમયે જે એક આજ્ઞા કરી છે તે આજ્ઞાને અનુસરવું એ શું આપના સરખા રાજનિષ્ઠ મંત્રીનો ધર્મ નથી?"

આ શબ્દોએ ઉદયન ઉપર ભયંકર અસર નીપજાવી. તેના કરચલીવાળા વૃદ્ધ વદન ઉપર ક્રોધને લીધે લોહી તરી આવ્યું અને કપાળ ઉપરની ચામડી ક્ષણે ક્ષણે ફરકવા લાગી. તે બોલ્યો: "ધર્મપાળ! મહારાજાને મરણસમયે આવી અધર્મબુદ્ધિ સૂજી ત્યારે તમે સર્વ શાણા મંત્રીઓ પાસે હતા કે નહિ? તમે તે સમયે હાજી હા કરીને—મહારાજને અન્યાયને માર્ગે જવામાં ઉત્તેજન આપીને ભયંકર પાપ કર્યું છે, તેનું પ્રાયશ્ચિત્ત હજી તમારે પણ લેવું પડશે! મહારાજને અધર્મના માર્ગમાંથી ખાળીને ધર્મને માર્ગે વાળવાની—

ઉચિત સલાહ આપવાની તમારી ફરજ હતી, તે તમે ન બજાવી અને જે આજ્ઞા મને કરવામાં આવી નથી—મને માન્ય પણ નથી—મને એવી આજ્ઞા કરવામાં આવી હોત તો તત્ક્ષણ હું તેનો પ્રતિકાર કરત—તે આજ્ઞાનું પાલન કરવાનો બોજો મારે શિરે કોણ મેલી શકે છે ?"

પરન્તુ આ ગુસ્સાભરેલા ઠપકાના શબ્દોથી ધર્મપાળ હિંમત હારી ગયો નહિ. તેને લાગ્યું કે ઉદયનની વૃદ્ધાવસ્થામાં તેની બુદ્ધિ બ્હેર મારી ગઇ લાગે છે! શૈવ ધર્મી મંત્રીશ્વર પાસે હોવા છતાં તે ઉશ્કેરાઇ જઇને બોલ્યો: "મંત્રીવર ! મને તમારી બુદ્ધિપર કાટ ચડી ગએલો લાગે છે! તમારા પુત્રને ગાદી મળે તેથી તમે ખુશ ન થતા હો અને તેને ટેકો આપવામાં અધર્મ સમજતા હો તોપણ ભલે, પરન્તુ તમે એક અડગ વૃત્તિના ધર્મિષ્ઠ શ્રાવક છો અને એક શ્રાવકને જ ગુર્જરેશ્વરનું પદ મળેલું જોઇને સ્વધર્મના વિજયનું થોડું પ્રશસ્ત અભિમાન પણ તમારામાં નથી એથી મને બહુ ખેદ થાય છે—બહુ નિરાશા ઉપજે છે—ઉદા શેઠ !"

ઉદયને ક્ષણભર મૂકતા ધારણ કરી. થોડો વિચાર કરીને બળાત્કારે શાંત રહીને તે બોલ્યો: "દંડનાયક ! શાંતુ શેઠના પુત્રની આ વિચારશ્રેણીથી મને અત્યંત ખેદ થાય છે. મંત્રી મુંજાલની વિજયી રાજનીતિને તમે વિસરી ગયા હો તેમ લાગે છે. જો મને ગુજરાતનું હિત—ગુજરાતના રાજ્યનું અને પ્રજાનું હિત હૃદયમાં ન હોત, તો તમે કહો છો તે પ્રમાણે જ એકાદ વાર અખ્તરો કરવા દઇ, તમારી હોંશને હું પૂરી થવા દેત. પરન્તુ હું દિલગીર છું કે તે અખ્તરો પણ વિનાશક થઇ પડે તેવો છે, જૈનોનું પણ અહિત કરનારો થાય તેવો છે, એટલે હું તમારા વિચારને થોડા વખત સુધી પણ ટેકો આપી શકું તેમ નથી, એટલું જ નહિ પણ તેટલા થોડા વખતને માટે તટસ્થ વૃત્તિથી અલગ રહેવામાં પણ હું મોટી હાનિ જોઉં છું અને તેથી હું તમારો વિચાર પાર પડવા દેવામાં સંમત થઇ શકું તેમ નથી !"

મંત્રીશ્વરે કહ્યું: "શેઠ ! મહારાજની આજ્ઞા છતાં તમે આ બાબતમાં વિરૂદ્ધ પડો છો, એ એક ગંભીર ભૂલ કરો છો હોં !"

"પણ મને લાગે છે કે એ રીતે હું આખા દેશનું હિત કરૂં છું. જો હું એમ વિરૂદ્ધ ન પડું, તો ભવિષ્યમાં કેવા અનર્થો થવાનો સંભવ છે, તેનો તમે વિચાર કર્યો છે ? ગુજરાતની વીરભૂમિના ક્ષત્રિયોને તમે પિછાણો છો ? જે ક્ષણે ચાહડ ગુર્જરેશ્વર થશે, તે ક્ષણે આખા દેશના ક્ષત્રિયો સામા થશે અને સર્વત્ર અત્યાચાર ચલાવી પ્રજાને ત્રાહિત્રાહિ પોકરાવશે, એ ભવિષ્યસુધી શું તમારી દૃષ્ટિ પહોંચી શકતી નથી ? ગુજરાતના ક્ષાત્રયના

રૂધિરને તમે પિછાણતા નથી, પરન્તુ હું પિછાણું છું. મહારાજા કર્ણદેવનો, મીનલદેવીનો અને સિદ્ધરાજ જયસિંહનો કારભાર મેં જોયો છે, અને ક્ષણે ક્ષણે ક્ષત્રિયોના પરિચયનો મેં અનુભવ લીધો છે. એ રૂધિર ગુજરાતની ગાદીપરથી પોતાનો હક્ક ચાલ્યો ગએલો જોઇને કદાપિ શાન્ત રહેશે નહિ ! જો ગુજરાતના પુનઃ કકડે કકડે કરી નાંખવા હોય, ગુજરાતના પ્રભાવનો દેશ વિદેશમાંથી ધ્વંસ કરવો હોય, પરદેશમાંથી વિધર્મીઓને ખેંચી લાવીને દેશનો નાશ કરાવવો હોય, આશ્રિત રાજાઓને સ્વતંત્ર બનાવી દેવા હોય, પ્રજાને નાસભાગ કરતી જોવી હોય તથા છેવટે શ્રાવકોના-વણિકોના લોહીની નદીઓ ગુજરાતમાં વહેતી જોવાની તમારી ઇચ્છા હોય, તો જાઓ મારા પુત્રને ગાદીપર બેસાડો ! પણ યાદ રાખજો કે ઉદયન જ્યાંસુધી જીવતો છે ત્યાંસુધી તો તમે એમ નહિ કરી શકો ! ”

મંત્રીશ્વર અને દંડનાયક આ શબ્દો સાંભળીને વિચારમાં પડી ગયા. ઉદયને પોતાના શબ્દોમાં ભવિષ્યનું જે રેખાદર્શન કર્યું હતું, તેમાં કેટલીક વાસ્તવિકતા તેમને જણાઇ, પરન્તુ તે સામે ઘણી અતિશયોક્તિ અને નિષ્કારણ ભયભીતતાનું દર્શન પણ તેમને થવા લાગ્યું. ઉદયનનું કથન તેમને રૂચ્યું નહિ, છતાં ઉદયનની આ અકલ્પિત વિરૂદ્ધતા ઉપસ્થિત થવાથી તેઓ મોટા વિચારમાં પડી ગયા. પહેલાં કરતાં હવે તેઓની સ્થિતિ મુશ્કેલ થઇ પડી હતી, અને તેનું નિવારણ કરવાનો ઉપાય કરવામાં તેઓને વધારે ગુંચવણ માલૂમ પડી. છેવટે મંત્રીશ્વર અને દંડનાયક ઉદયનની રજા માંગીને ચાલતા થયા. માત્ર ચાહડ એકલો ત્યાં બેસી રહ્યો.

ખંભાતથી નીકળતાં જ ઉદયને ધાર્યું હતું કે પોતાને પાટણમાં ગયા પછી સખ્ત વિરૂદ્ધતાની વચ્ચે પોતાના અભિપ્રાયનું પ્રતિપાદન કરવું પડશે, અને એ કલ્પના તુરત જ ખરી પડી. તે જાણતો હતો કે ધર્મપાળ અને શંકરદાસનો વિચાર હજી પોતાની તરફેણમાં વળ્યો નહોતો, અને તેઓ કોઇ પણ રીતે પોતાની સામે થવાને જ યત્ન કરશે. પરન્તુ તેથી તે ડગ્યો નહિ. તેણે વાહડને બોલાવવાની ઇચ્છા કરી, પરન્તુ તુરત તેના ધ્યાનમાં આવ્યું કે પોતાનો વિરોધી-પોતાનો જ પુત્ર ચાહડ એક બાજુએ ગુપચુપ બેસી રહ્યો છે. તેના તરફ જોતાં જ-તેનું ઓશિઆળું પડી ગએલું વદન જોતાં જ ઉદયનને દયા આવી અને તેણે કહ્યું: “ બેટા ચાહડ ! તું મને મારા બીજા પુત્રોના જેટલો જ વ્હાલો છે, પરન્તુ ગુજરાતની સમસ્ત પ્રજાના ભોગે-દેશનું અહિત કરીને તારાપરની વત્સલતા હું જાળવી રાખી શકું તેમ નથી. ”

"પિતાજી!" ચાહડ બોલ્યો: "પ્રજાના જે હિતની વાંચ્છના તમને છે તે શું મહારાજા સિદ્ધરાજને નહોતી?"

"હું કહું છું કે તેમને તે કલ્પના નહોતી! તે માત્ર દધિસ્થળીના ક્ષત્રિયો ઉપરના વૈરથી અંધ બની ગયા હતા અને તેમને ગાદી ઉપર નહિ આવવા દેવા માટે જ તેમણે તને પોતાનો પ્રતિપન્ન પુત્ર બનાવ્યો છે!" ઉદયને હિંમતથી સ્પષ્ટ કથન કર્યું.

"તે ગમે તેમ હો, પણ મારા જેવા આજ્ઞાંકિત દીન પુત્રની આશા-અભિલાષાને કચડી નાંખતાં પણ શું તમને દયા આવતી નથી?" એ શબ્દો બોલતાં ચાહડનો સ્વર ભારે થઇ ગયો, તેની છાતી ભરાઇ આવી અને આંખમાં અશ્રુએ દર્શન આપ્યું.

"દયાના આવેશથી દોરાઇને હું મારો ધર્મ નહિ ચૂકું, ચાહડ! તારાપરની વત્સલતા છતાં હજી મને વિશેષ કઠોર પણ થવું પડશે. અત્યારથી હું રાજ્યમાં બે પક્ષો પડી ગએલા જોઉં છું અને તું મારા વિરોધી પક્ષનો હોવાથી હું આજ્ઞા કરૂં છું કે આજથી તારે મારી પરવાનગી વિના આ સ્થળે પગ મેલવો નહિ!" ઉદયને અત્યંત કઠીન હૃદય ધારણ કરીને પુત્રને આજ્ઞા કરી. નિરાશાથી શિથિલ ગાત્રોવાળો બની ગએલો ચાહડ તત્ક્ષણ ઉઠ્યો અને બહાર ચાલ્યો ગયો.

પ્રકરણ ૬ ઠ્ઠું.

મુગ્ધ યતિ.

સિદ્ધરાજ મરણ પામ્યો ત્યારે હેમાચાર્ય કર્ણાવતીમાં હતા. જો તેમણે ધાર્યું હોત, તો તે તત્ક્ષણ ત્યાંથી વિહાર કરીને પાટણમાં પહોંચી ગયા હોત, પરન્તુ ખંભાતથી ઉદયન મંત્રી કર્ણાવતીમાં હેમાચાર્યને મળીને પછી પાટણમાં આવી પહોંચ્યો હતો, એટલે હેમાચાર્ય કિંચિત્ નિશ્ચિંત રહી શક્યા હતા. દધિસ્થળીના ક્ષત્રિયોના પાટણની ગાદીપર હકને ટેકો આપવો તે હેમાચાર્યને મન ન્યાય હતો. ઉદયન હેમાચાર્યના શબ્દોપર સંપૂર્ણ શ્રદ્ધા ધરાવતો હતો, છતાં ચાહડ તેનો પુત્ર હતો એટલે પુત્ર ઉપરના વાત્સલ્યથી પ્રેરાઇને તે તેના પક્ષમાં ખેંચાઇ જાય એવી શંકા હેમાચાર્યના ચિત્તમાં ઉપસ્થિત થયા વિના રહી નહોતી. જ્યારે પાટણ જતાં માર્ગમાં ઉદયન હેમાચાર્યના દર્શન કરવાને આવ્યો ત્યારે હેમાચાર્યે તેના મનની બરાબર કસોટી કરી જોઇ હતી અને એ કસોટીમાં ઉદયનનું ચિત્ત શુદ્ધ

સુવર્ણના જેવું માલૂમ પડવાથી તેમની એ શંકા ટળી ગઇ હતી, અને તેથી જ રાજકારણની મોટી ખટપટના સમયમાં તેમણે પાટણથી દૂર રહેવાનું ઉચિત માન્યું હતું.

દામુ ઝવેરી હેમાચાર્યનો અત્યંત વિશ્વાસુ ભક્ત હતો. જ્યાં જ્યાં હેમાચાર્ય હોય ત્યાં ત્યાં દરેક ત્રીજે દિવસે ખાસ ઉંટ સવાર માર્ફતે રાજખટપટ અને બીજા બનાવોની સઘળી માહિતી પહોંચાડી દેવાનો તેનો નિયમ હતો એટલે પાટણમાં જે કોઇ બનતું તે બહારગામ ખાતે સૌથી પહેલાં હેમાચાર્યના જાણવામાં આવતું. એ જ રીતે સિદ્ધરાજના મરણની અને ત્યારપછી બનેલા બનાવોની ખબર હેમાચાર્યને મળતી રહેતી હતી. એ સર્વ ખબરો ઉપરથી હેમાચાર્યને જણાયું કે રાણીના ટેકાથી મંત્રીમંડળ અને ચાહડનો પક્ષ વધારે મજબૂતી બતાવી શકતો હતો. એક રાણી જો તટસ્થ રહે, તો દધિસ્થળીના ક્ષત્રિયોને સારી રીતે ન્યાય મળી શકે અને ત્રિભુવનપાળનો વંશ ગાદી ઉપર આવી શકે એમ હેમાચાર્યે માન્યું. જો રાણી પ્રત્યે પાટણની પ્રજાની બહુમતી સદ્‌ભાવ ધરાવતી હોય તો ઉદયનની ગમે તેવી વિરૂદ્ધતા છતાં ચાહડને ગાદી મળે અને દધિસ્થળીના ક્ષત્રિયો રહી જાય એવો પણ સંભવ હતો. આ કારણથી રાણીને સમજાવી લેવાની હેમાચાર્યને જરૂર જણાઇ. તેમણે બહુ વિચાર કર્યો પણ એ ખટપટના વખતમાં પોતે પાટણ ન જવું એ તેમને ઉચિત લાગ્યું. છેવટે તેમની નજર પોતાના એક વિદ્વાન્ શિષ્ય યતિ બાલચંદ્ર ઉપર પડી. બાલચંદ્રનું ઉંચું જ્ઞાન, બોલવાની છટા, સુંદર કવિત્વ શક્તિ વગેરેનો વિચાર કરતાં તેમણે પોતાનો હેતુ તેની દ્વારા પાર પાડવાનો સંકલ્પ કર્યો. બાલચંદ્રને પોતાની પાસે એકાંતમાં બોલાવીને સઘળી વાત ગુપ્ત રીતે કહી. રાણીને એકાંતમાં મળવું, તેની પાસે ક્ષત્રિયોના આ ભૂમિપરના હક્કનું વર્ણન કરવું, એ ક્ષત્રિયો જ રાજ્યના માલેક થાય તેમાં દેશનું હિત સમજાવવું, ઇત્યાદિ બાબતો તેને કહી અને રાણી સાથે કેવી ગંભીર તથા પ્રતિભાસંપન્ન શૈલીથી વાત કરવી, તેના હૃદયમાં કેવી રીતે પૂજ્યભાવ ઉત્પન્ન કરીને તેનું મન આકર્ષવું અને પછી પોતાના સંકલ્પ તરફ તેને ખેંચી લેવી ઇત્યાદિ સર્વ પ્રયોગ વિધિ તેને સમજાવી દીધો. છેવટે રાણીને કહેવાનો એક અત્યંત ગુપ્ત સંદેશો પણ હેમાચાર્યે બાલચંદ્રને ધીમે સ્વરે કહ્યો. આવું અગત્યનું—મહત્ત્વનું કામ પોતાને સોંપાવા માટે બાલચંદ્રને બહુ હર્ષ થયો. રાજદરબારમાં જઇને માન મેળવવાનો તેનો અભિલાષ પણ એ રીતે પૂર્ણ થવાનો યોગ આવી પહોંચ્યો હતો. બાલચંદ્રે ઉમંગ સાથે એ વાતચીત કરવાનું, રાણીને સમજાવવાનું અને સંદેશો

પહોંચાડવાનું માથે લીધું. તેણે પોતાના ગુરૂને ખાત્રી આપી કે પોતે એ કામ બરાબર બજાવશે.

બાલચંદ્ર તુરત કર્ણાવતીથી વિહાર કરીને પાટણ આવ્યો અને ઉદયન મંત્રીને મળ્યો. પછી તે દંડનાયકને મળ્યો. દંડનાયક સામા પક્ષમાં હતો એમ તે જાણતો હતો એટલે પોતાના અંતરનો હેતુ કહ્યા વિના તેણે રાણીની સાથે વાતચીત કરવાની–હેમાચાર્ય તરફથી રાજાના મરણને માટે રાણીને આશ્વાસન આપવાની ઇચ્છા દર્શાવી. દંડનાયકે રાણીને પૂછાવીને બાલચંદ્રને રાજ્ય મહેલમાં એક માણસ સાથે મોકલી દીધો. જે રાજ્ય મહેલમાં તેને લઇ જવામાં આવ્યો તે રાણીવાસ હતો; ત્યાંની મનોરમ રચના બાલચંદ્રે પહેલી જ વાર જોઇ પરન્તુ તેથી કાંઇ તે બહુ નવાઇ પામ્યો નહિ કારણકે સિદ્ધરાજના મહાલયના બીજા અનેક ભાગો અનેક વાર પોતાના ગુરૂની સાથે જઇને જોવાની તેને તક મળી હતી. રાણીના દીવાનખાનામાં પ્રવેશ કરવા પૂર્વે તેને બારણાની બહાર એક દાસીએ થોભવા કહ્યું અને જણાવ્યું: “ હમણાં આ પાટ ઉપર બેસો; અંદર મહારાણી એક બાઇ સાથે વાતચીત કરે છે; તે બાઇ વાતચીત કરીને અંદરથી બહાર નીકળે એટલે આપ અંદર પધારજો. ”

બાલચંદ્ર એ દાસીના કથન મુજબ બહાર પડેલી પાટ ઉપર બેઠો. હેમાચાર્યની સૂચના ઉપરથી તે દરેક દૃશ્ય ઉપર નજર કરીને તેનો ગુપ્ત ભેદ કળી લેવાનું સમજ્યો હતો. ખાસ કરીને હાલના રાજખટપટના વખતમાં તો બહુ જ સાવધાનતાથી વર્તીને કોઇની પાસે પોતાનું હૃદય ખુલ્લું કર્યા વિના સામા માણસનું હૃદય જાણી લેવાનો યત્ન કરવાનું પણ તેના ધ્યાનમાં હતું. તેણે વિચાર કર્યો કે માંહેથી રાણીની પેલી બાઇ સાથેની વાતચીત જો સંભળાય તો જાણી લઉં, કદાચ તેમાંથી પણ રાજખટપટનું કાંઇ રહસ્ય માલૂમ પડી આવે. તે કાન સરવા કરીને સાંભળવા લાગ્યો. રાણીના ખોખરા અવાજ કરતાં એક બીજો તીણો અને મધુર અવાજ વધારે સ્પષ્ટ રીતે સાંભળવામાં આવતો હતો પરન્તુ તેના શબ્દો પૂર્ણ રીતે સમજી શકાતા નહોતા અને તેથી વાતચીતનું એકંદર રહસ્ય તે જાણી શક્યો નહિ; પરન્તુ તે તીણા અને મધુર અવાજથી યતિ બાલચંદ્રની કર્ણરૂચિ જાગૃત થઇ. રાણીના શબ્દો પૂરા થાય કે તુરત એ મધુર સ્વર સાંભળવામાં આવતો. ચાંદીની ઘંટડીના જેવો એ મધુર સ્વર પુનઃ પુનઃ સાંભળવામાં આવે તો સારૂં એવી તેને ઇચ્છા થવા લાગી અને પ્રતિક્ષણે એ સ્વર સાંભળવાને તે ટાંપી રહેતો. બાલચંદ્રે સંસ્કૃત કાવ્યોમાં અમરાપુરીની અપ્સરાઓની સુંદરતાનું વર્ણન

વાંચ્યું હતું, તેનો અભ્યાસ કર્યો હતો, તેમના મધુર–કર્ણરોચક ગાનનાં મનોમુગ્ધકર વર્ણનો વાંચ્યાં હતાં, પરન્તુ અત્યારસુધી તેને એવા મધુર સ્વરનો સાક્ષાત્કાર થયો નહોતો. એ અપ્સરાઓ–કિન્નરીઓનો તીવ્ર કંઠસ્વર જગતમાં અસ્તિત્વ ધરાવતો હશે કે કેમ તેનો વિચાર સરખોએ અત્યારસુધી તેના ચિત્તમાં ઉદ્‌ભવ્યો નહોતો, પરન્તુ અત્યારે એ મધુર સ્વર કર્ણપુટ ઉપર પડતાં તેને એ અપ્સરાઓનાં ગાન સાંભર્યાં. એ મધુર સ્વરવાળી સ્ત્રી જ્યારે ગાન કરતી હશે, ત્યારે બરાબર અપ્સરાઓના ગાનની ખૂબીનો જ ભાસ થતો હશે એવું તેને લાગ્યું. એ સ્વરમુગ્ધતામાં તેને એવી જિજ્ઞાસા થવા લાગી કે એ વાતચીતનો પ્રસંગ વધારે લંબાય અને એ મધુર સ્વર વધારે વાર સુધી પોતાને સાંભળવાનો લાભ મળે તો સારૂં. વાતચીતનો વિષય અને રહસ્ય સમજી લેવાને બદલે એ રીતે બાલચંદ્રનું ધ્યાન એ વાતચીત કરનારીના સ્વરની મધુરતામાં પરોવાયું. થોડીએક વારે વાતચીતનો પ્રસંગ પૂરો થયો. બાલચંદ્ર સમજ્યો કે હવે થોડી વારમાં એ સ્ત્રી બહાર નીકળશે અને જેવો મધુર તેનો સ્વર છે તેવું સુંદર તેનું સ્વરૂપ છે કે નહિ તે જોવાનો પોતાને લાભ મળશે. બાલચંદ્ર એ સ્વરૂપ જોવાને ઉત્સુક બન્યો અને માત્ર થોડી જ ક્ષણોમાં મેઘાચ્છાદિત કૃષ્ણવર્ણીય આકાશમાં ચમકતી દામિનીની પેઠે કાળો પડદો દૂર હડસેલીને તેમાંથી એક સુસ્વરૂપ નવયૌવના બાળા ભભકભરી રીતે બહાર નીકળી. તેના શરીર ઉપર સામાન્ય અલંકારો માત્ર હતા અને એક ઘેરા આસમાની રંગનો સાળુ તેણે પહેર્યો હતો. રાજાના મરણના શોકનાં ચિન્હો તેના વદન ઉપર અને શરીર ઉપર દેખાતાં હતાં, છતાં એની નૈસર્ગિક સુંદરતા જ બાલચંદ્રને એવી અનુપમ લાગી કે તે તેને જોઇને મુગ્ધ બની ગયો. કવિત્વથી ભરેલું તેનું હૃદય તેના સૌંદર્યની પ્રશંસા કરવા લાગી ગયું અને કૃત્રિમ અલંકારો વિનાની નૈસર્ગિક સુંદરતા કેટલી સુમધુર દેખાય છે તેનો વિચાર તેને થવા લાગ્યો. વિચારમાં ને વિચારમાં તેના મુખમાંથી સંસ્કૃત કવિતા સરી પડવા લાગી. બાલચંદ્રને તે સુંદરી આ ભૂલોકની અપ્સરા જ લાગી. પૂર્વે પોતે કોઇ પણ વાર એવું સ્વરૂપ જોયું હોય તેવું તેને માલુમ પડ્યું નહિ. તેને તો એવું જ લાગ્યું કે અપ્સરાઓનું જે વર્ણન પોતે કાવ્યોમાં વાંચ્યું હતું તે જ વર્ણન પ્રમાણેની એ એક અપ્સરા–ખરેખરી અપ્સરા જ હતી. તેને જોઇને કવિ બાલચંદ્રનું કાવ્ય ઉછળવા લાગ્યું.

એ સુંદરી યતિને નમન કરી, પોતાના મધુર કંઠે તેની સુખશાતા પૂછીને પછી ચાલી ગઇ. બાલચંદ્રને જિજ્ઞાસા ઉત્પન્ન થઇ કે આવા સૌંદર્ય

અને માધુર્યથી વિભૂષિત અને વળી જૈન યતિ પ્રત્યે પૂજ્ય બુદ્ધિ ધરાવનારી વિનયશીલ રમણી કોણ હશે તે જાણવું. તે ધીમે પગલે એ સુંદરીની પાછળ ચાલ્યો. રાજમહાલયની બહાર પડેલી એક પાલખીમાં તે બેઠી એટલે બાલચંદ્ર પણ તે પાલખીની પાછળ પાછળ ઉતાવળે પગલે ચાલ્યો. પાલખી એક ડહેલી આગળ થોભી અને રમણી તેમાંથી નીકળીને અંદર ચાલી ગઇ. યતિએ દૂરથી ઉભા ઉભા તેનું વદન પુનઃ નિહાળ્યું અને એ વદનની સુંદરતા પણ તે વખતે તેને અલૌકિક લાગી. ચંદ્ર કરતાં એ વદનના સૌંદર્યમાં કેટલી વિશેષતા હતી તેની કલ્પના કરતાં તેણે ત્યાં ઉભા ઉભા જ બે—ચાર સંસ્કૃત શ્લોકો જોડી કાઢ્યા !

પણ એટલાથી યતિની તૃપ્તિ થઇ નહિ ! હજી એકાદ વાર વધારે એ મનોમુગ્ધકર સૌંદર્યનું પાન કરવાનો લાભ મળે તો સારૂં એવી તેને ઇચ્છા થઇ. તેણે એ ડહેલીની પાસે થઇને આમથી તેમ બે—ચાર ફેરા ખાધા પણ તે સુંદરીનું દર્શન થયું નહિ. હૃદય કાંઇક નિરાશાનો અનુભવ કરવા લાગ્યું. છેવટે તેને એવી ઇચ્છા થઇ કે કોઇને એ સ્ત્રીની ઓળખાણ પણ પૂછી લેવાય તો સારૂં. એટલામાં એ જ ડહેલીમાંથી એક ચાકર નીકળ્યો, તેને પોતાની પાસે બોલાવીને યતિએ પૂછ્યું: "ભાઇ ! આ કોનું ગૃહ છે અને હમણાં જે સ્ત્રી પાલખીમાં બેસીને રાજમહાલયમાંથી આવી તે કોણ હતી ?"

ચાકરે જવાબ આપ્યો: "એ તો દામુ ઝવેરીનાં પુત્રી સુભગા બ્હેન હતાં. આ ઘર દામુ ઝવેરીનું જ છે !"

"એમ ?" બાલચંદ્રે આશ્ચર્ય પ્રકટ કર્યું અને હૃદયથી તે ક્ષોભ અનુભવવા લાગ્યો. તેને મનમાં શરમ આવવા લાગી અને ચાકરને કહ્યું: "મેં આ તને પૂછ્યું હતું એવી વાત તું કોઇને કહીશ નહિ હોં ભાઇ !" એમ કહી, ઉત્તરની પણ રાહ જોયા વિના બાલચંદ્ર પુનઃ રાજમહાલય તરફ ઉતાવળે પગલે ચાલ્યો. સુભગા ઉપરની મુગ્ધતામાં તે પોતાનું કર્તવ્ય વિસરી ગયો હતો અને સુર્યાસ્ત થવાને હવે બહુ વાર નહોતી. રાણીને મળીને, વાતચીત કરીને અને હેમાચાર્યનો સંદેશો પહોંચાડીને પાછા અપાશરે જઇ પ્રતિક્રમણાદિ નિત્યકર્મ તેને કરવાનું હતું અને વખત બહુ જ થોડો રહ્યો હતો. વળી હેમાચાર્યનો સંદેશો ઘણો જ મહત્ત્વનો હતો. એ સંદેશો જો આજ સાંજસુધીમાં પહોંચતો ન કરાય તો રાત્રે મોટો અનર્થ થવાનો સંભવ હતો. એ સંદેશાનું ગાંભીર્ય બાલચંદ્ર સમજતો હતો, એટલે તે વેળાસર રાણીને મળવા જવાને અધીરો થયો. બરાબર સૂર્યાસ્ત થતાં તે ફરીથી રાજમહાલયમાં જઇ પહોંચ્યો, પણ દાસીએ તેને કહ્યું કે "અત્યારે હવે રાણીને મળી શકાશે નહિ."

બાલચંદ્ર હવે અકળાયો. તેને પોતાની મુગ્ધતા અને મૂર્ખતાને માટે પશ્ચાત્તાપ થવા લાગ્યો. તેણે દાસીને બહુએ સમજાવી અને વિનતિ કરી કહ્યું કે "હેમાચાર્યનો ઘણો મહત્ત્વનો સંદેશો આજે મારે રાણીને વિદિત કરવાનો છે અને તે અત્યારે જ કહેવાની જરૂર છે, નહિતો મોટો અનર્થ થવાનો સંભવ છે." પણ દાસીએ કોઇ પણ રીતે માન્યું નાહ અને યતિને અંદર જવા દેવાની ના કહી. બિચારા બાલચંદ્રને વીલે મ્હોંએ પાછા ફરવું પડયું !

પ્રકરણ ૭ મું.

દિયર અને ભોજાઇ.

ઉદયન મંત્રીની વિરૂદ્ધતાથી ચાહડનો પક્ષ વધારે નબળો બન્યો. ક્ષત્રિયોને ઉદયનનો ટેકો મળ્યો અને પ્રજાના મન ઉપર ઉદયનની નિઃસ્વાર્થવૃત્તિ તથા ન્યાયની સચોટ અસર થઇ. મંત્રીશ્વર અને દંડનાયકની ધારણા કૃષ્ણદેવને અધિકારથી દૂર કરવાની અથવાતો કેદમાં પૂરવાની હતી, તે પાર પડયા પહેલાં ઉદયન મંત્રીની વિરૂદ્ધતા જાહેર થઇ અને પાટણની પ્રજાનું વલણ બદલાવા લાગ્યું. જયાંસુધી ચોહડનો પક્ષ કોઇ નવી દિશાએ કાંઇ પગલું ભરે નહિ, ત્યાંસુધી ક્ષત્રિયોને કાંઇ જ કરવાનું હતું નહિ, તોપણ રાણી તરફની મોટી ઓથ ચાહડને હોવાથી તે ક્ષત્રિયોની નજરમાં ખૂંચી રહી હતી.

રાજાનું મરણ થયાને પાંચ દિવસ વીતી ગયા છતાં હજી ગાદીના ભવિષ્યના હકદાર વિષેનો નિર્ણય થયો નહિ. ચાહડ બહુ ફાંફાં મારી ચૂકયો પણ તે પોતાના પક્ષમાં વધારે બળ સંપાદન કરી શકયો નહિ. ઉદયનની વિરૂદ્ધતાથી મંત્રીમંડળના બળમાં પણ ન્યૂનતા આવી, અને તેઓ કોઇ પણ પગલું ભરવામાં મોટું જોખમ જોવા લાગ્યા. મંત્રીશ્વર અને દંડનાયક ઉદયનને સમજાવવાનો યત્ન કરી ચૂક્યા હતા અને તે નિષ્ફળ ગયો હતો. ચાહડે પોતાના મોટા ભાઇ વાહડની પાસે આંસુ પાડી તેની દયા માંગી. વાહડ લઘુ બંધુની એવી સ્થિતિ જોઇને દયાથી પીગળ્યો પરન્તુ પિતાને સમજાવવાની શક્તિ તેનામાં નહોતી ! તેણે કહ્યું: "ભાઇ ! તું ગુર્જરેશ્વર થઇશ તો હું આનંદ પામીશ, પરન્તુ હું દિલગીર છું કે પિતાજીની ટેકમાં અંતરાય પાડવાનું સામર્થ્ય મારામાં નથી ! છતાં હું એટલું તો

કહ્યું કે જો કોઇ તે માટે પિતાજીને સમજાવશે તો હું તેને ટેકો આપીને પિતાજીને સમજાવવાના કાર્યમાં સાહાય્યભૂત થઇશ.”

વાહડના આ શબ્દોથી ચાહડ આશા અને નિરાશાનાં દોરડાંથી બાંધેલા હીંચકામાં હીંચવા લાગ્યો. પિતાને સમજાવવાનું સામર્થ્ય કોઇનામાં નહોતું અને પિતાને સમજાવી શકાય નહિ ત્યાંસુધી પોતાને ગાદી મળવાનો સંભવ નહોતો તેથી તેને બહુ ખેદ થયો. તે નિરાશ થઇને પોતાના નિવાસસ્થાનમાં આવ્યો. કરણુદાન તેની રાહ જોતો ત્યાં બેઠો હતો. તેણે ચાહડને જણાવ્યું: “આજે એક નવો પ્રકાર બન્યો છે. મહારાણી રાજમહાલયમાંથી એકાએક અદૃશ્ય થયાં છે.”

ચાહડ નિરાશ બની ગયો હતો તેથી તેણે એ ખબર ઉપર બરાબર ધ્યાન આપ્યું નહિ. તે બોલ્યો: “એ તો હવે ઠીક! ક્યાંય ગયાં હશે તે થોડી વાર રહીને પાછાં ફરશે; પણ કરણુદાન! મોટા ભાઇ પણ પિતાજીને સમજાવી શકવાની હિંમત બીડતા નથી! હવે હું શું કરૂં?”

કરણુદાન ક્ષણભર વિચાર કરીને બોલ્યો: “ભાઇસાહેબ! મારૂં માનો તો એક ખરેખરી વાત કહું! પણ તમે માનો નહિ એવી એ વાત છે!”

“પણ એવી કઇ વાત છે વારૂ?”

“જો મારૂં માનો તો સુભગા બ્હેનને કહીને પિતાજીને સમજાવો! એનો પ્રભાવ પિતાજી ઉપર એટલો બધો પડી ગયો છે કે એ જે કાંઇ કહેશે તે પિતાજી માનશે એવી મારી ખાત્રી છે!” કરણુદાને પોતાના અનુભવને આધારે ચાહડને સલાહ આપી.

ચાહડ તે તરફ તિરસ્કારથી હસીને બોલ્યો: “એ તો તું ગાંડી વાત કહે છે. જે કાંઇ કરવાની શક્તિ સુભગાના પતિમાં નથી તે સુભગા કેવી રીતે કરી શકવાની હતી?”

“ભાઇસાહેબ! મારી સલાહ હસી કે તિરસ્કારી કાઢવા જેવી નથી હોં! વાહડભાઇ કરતાં પણ સુભગાપર પિતાજીને વધારે શ્રદ્ધા છે એવું મારૂં માનવું છે! તે જે કાંઇ કહેશે તે પિતાજી અવશ્ય માનશે. ખંભાતખાતેનો કારભાર શું આપ વિસરી ગયા છો?”

ચાહડને ખંભાત સાંભર્યું. ત્યાં સુભગાનું વર્ચસ્વ સાંભર્યું. સુભગામાં કાંઇક સામર્થ્ય છે એવું તેને લાગ્યું ખરૂં, પરન્તુ એક વાર પોતે જેની સાથે લડીને તિરસ્કાર કરેલો, તેની પાસે લાચારી કરવા જવું એ ચાહડને ગમ્યું નહિ! તેણે વિચાર કર્યો. એક વાર તેને લાગ્યું કે “ગમે તેટલો લાભ થાય તોએ એક સ્ત્રી પાસે—પોતાનું અપમાન કરનારી સ્ત્રીની પાસે લાચારી કરવા ન

જવું!" બીજી વાર તેને લાગ્યું કે "ગુજરાતની ગાદી મળતી હોય તો એટલી લાચારી કરવામાં આપણું છોગું શું ખસી જવાનું છે? ગમે તેમ તોએ એ મોટી ભાભી છે અને તેની પાસે જવું એમાં હીણું નહિ દેખાય!" છેવટે ચાહડ પોતાના હેતુની સિદ્ધિને માટે રાતે ને રાતે સુભગા પાસે ગયો.

સુભગા મોટા મનની અને ચતુર બાળા હતી. તેણે દિયરને સારી રીતે આવકાર આપ્યો અને કુશળ વર્તમાન પૂછી આગમનનું કારણ જાણવા માંડ્યું. ચાહડ ઋજુતા દર્શાવતો બોલ્યો: "ભાભી! જો ગત પ્રસંગોને વિસરી જઇને મને ક્ષમા આપો તો તમને થોડુંએક કામ બતાવવા આવ્યો છું."

સુભગાએ ઉદાર ભાવે કહ્યું: "દિયરજી! ગત પ્રસંગોને વિસારી મેલવાનો તો મારો સ્વભાવ જ છે. હવે મને તમારીપર જરાએ રોષ નથી. મારા સરખું જે કાંઇ કામ હોય તે ખુશીથી ફરમાવો!"

ચાહડ બોલ્યો: "ભાભી! બીજું તો કાંઇ નહિ, પણ પિતાજી મને ગાદી મળે તેની વિરૂદ્ધ પડયા છે. તેમને સમજાવવાને હું બહુ ફાંફાં મારી ચૂક્યો, અનેક માણસોની માર્ફત પ્રયત્ન કર્યો પણ તેમાં હું નિષ્ફળ જ ગયો છું. હવે એક માત્ર તમારીપર આશા રાખીને હું તમારી પાસે આવ્યો છું. તમારા કથન પ્રત્યે પિતાજી અત્યંત શ્રદ્ધા ધરાવે છે એ હું જાણું છું. જો તમે ધારો તો પિતાજીને તમે સમજાવી શકો તેમ છો અને એ રીતે તમે મને લાભ કરી શકો."

સુભગાએ મૌન્ય ધારણ કર્યું. કેટલીક વાર સુધી તેણે વિચાર કર્યો અને કહ્યું: "ચાહડભાઈ! પિતાજીની બુદ્ધિ કરતાં મારી બુદ્ધિ વિશેષ નથી. મારા શબ્દો પ્રત્યે પિતાજી શ્રદ્ધા રાખીને કામ કરતા હોય, તો મારે એવા શબ્દો ઉચ્ચારતાં તેના વાજબી ગેરવાજબીપણા વિષે વધારે લાંબો વિચાર કરવો જોઇએ. તમે મારા ભાઇ તુલ્ય છો. તમે ગુર્જરેશ્વર થાઓ તો ઓવારણાં લેવાનો અને આહ્લાદ પામવાનો સૌથી પહેલો હક્ક મારો છે; પરન્તુ પિતાજીએ જે કાંઇ કરવા ધાર્યું છે તે વાજબી છે અને તેથી એ બાબતમાં પિતાજીને સમજાવવાનું હું માથે નહિ લઉં!"

"ભાભી! શું તમે પણ મને નિરાશ કરશો?" ચાહડે વિશેષ નિરાશા અનુભવતાં કહ્યું.

"હું તમને શામાટે નિરાશ કરૂં? પરન્તુ પિતાજીની પેઠે હું પણ માનું છું કે ગુજરાતની ગાદીપર ગુજરાતનો ક્ષત્રિય બેસે તેમાં જ દેશનું હિત, આબાદી અને શાંતિ રહેલાં છે; અને તેથી મારા અભિપ્રાયની વિરૂદ્ધ હું પિતાજીને કેવી રીતે સમજાવી શકું?"

"શું તમારો અભિપ્રાય પણ વિરૂદ્ધ છે? તમારા પતિ અને મારા બાપના અભિપ્રાયની વિરૂદ્ધ તમારો અભિપ્રાય પડે એ તો એક નવાઇ લેખાય!"

સુભગા ખેદ અને આશ્ચર્ય પામતી બોલી: "તમારા બાપ મારા શિરના છત્ર છે, પણ તેમને કારણે હું મારો અભિપ્રાય નહિ બદલાવું! દિયરજી! તમને પણ હું કહું છું કે ગુર્જરેશ્વર થવાનો લોભ મૂકી દો! તેમાં તમારૂં હિત નહિ પણ અહિત સમાએલું છે!"

ચાહડે કાંઇક રોષ અને ગુમાનથી જવાબ આપ્યો: "ભાભી! હું કાંઇ તમારી સલાહ લેવા આવ્યો નથી!"

"જેવી તમારી ઇચ્છા! પરન્તુ દિયરજી! છેવટને માટે હું તમને કહું છું કે ગુર્જરેશ્વર થવાનો લોભ મૂકી દો અને તે માટેનાં ફાંફાં છોડી દો! તમારી ઇચ્છા હોય તો હું ગમે તેમ કરીને તમને રાજ્યમાં કોઇ ઉંચી પદવી અપાવું. કહો તો સૌરાષ્ટ્રના કે ખંભાતના મંત્રીની પદવી અપાવું; અરે, જો ઇચ્છા હોય તો હું તમને પાટણના દંડનાયકનું પદ અપાવું, પણ મારૂં માનીને તમે વ્યર્થ ખટપટ કરવાનું છોડી દો!"

"ભાભી! આટલું બધું ગુમાન તમારામાં કયાંથી આવ્યું? તમે મને દંડનાયકનું પદ શું અપાવવાનાં હતાં? મારી તલ્વાર એવાં અનેક પદોને મેળવવાને સમર્થ છે! રાણી માતા મારા પક્ષમાં છે, પછી તમે, પિતાજી કે બીજાઓ શું કરી શકવાનાં છે?" ચાહડે નિરાશામાંથી ક્રોધમાં પ્રવેશ કરતાં કહ્યું.

સુભગા જવાબમાં માત્ર હસી અને બોલી: "દિયરજી! ખરેખર મને તમારી દયા આવે છે! રાણીમાતા તમારા પક્ષમાં છે ખરૂં? હા હા! ખરી વાત!" સુભગા ફરીથી હસી.

"રાણીમાતા જ નહિ પણ બધું મંત્રીમંડળ અને પાટણની પ્રજા મારા પક્ષમાં છે! મહારાજા સિદ્ધરાજની છેવટની આજ્ઞા મારા લાભમાં છે."

સુભગા પુનઃ હસી અને ઉઠી. બાજુના એક દ્વારને હડસેલો મારીને તેણે ચાહડને કહ્યું: "જુઓ, આ જ તમારાં રાણીમાતા કે?"

ચાહડ એ દૃશ્ય જોઇને આશ્ચર્ય પામ્યો. રાણી એક સુખાસનપર ગમગીન વદને પડેલી હતી અને તેની આસપાસ ખુલ્લી તલ્વારો સાથે પહેરેગીરો બેઠા હતા! ખરેખર, રાણી સુભગાની કેદમાં પુરાએલી હતી! તે જોઇને ચાહડ ગર્જી ઉઠયો: "ઓહ! દગો! રાજદ્રોહ!! રાણીમાતાને તમે કેદમાં પૂર્યાં છે?" એમ બોલતો જ ચાહડ તલ્વાર ખેંચીને રાણી તરફ દોડયો પણ પહેરેગીરોએ તેને અટકાવ્યો.

સુભગા બોલી: "ચાહડભાઇ ! અહીં તમારૂં કશું ચાલી શકનાર નથી ! જો બહુ તોફાન કરશો તો હાડકાં ખોખરાં થશે માટે સમજીને ચાલ્યા જાઓ ! જો તમારૂં ચાલે તો સ્હવારે રાણીને છોડાવવાને આવજો !"

ચાહડ એકલો જ ત્યાં આવ્યો હતો અને ગમે તેટલું પરાક્રમ બતાવવા છતાં તે રાણીને છોડાવી શકે તેમ નહોતું ! તે ક્રોધથી બોલ્યો: "ઠીક છે ! કાત્રતરાંખોરોને સ્હવારમાં જ હું મારો પ્રભાવ બતાવી આપીશ !" એટલું બોલીને ધમધમતે પગલે તે ચાલ્યો ગયો. સુભગાએ તેની પાછળ માત્ર સ્મિત જ કર્યું !

પ્રકરણ ૮ મું.

નવી ઘટનાઓ.

પ્રભાત થતાં જ અનેક નવી ઘટનાઓ બની. કુમારપાળ અને તેના મોટા ભાઇઓ એકાએક પાટણમાં આવી પહોંચ્યા ! લંબા વખત સુધી દેશવટો ભોગવીને કુમારપાળ એકદમ ખરે અવસરે ક્યાંથી આવી પહોંચ્યો તે જાણવવાને લોકો અધીરા બન્યા અને આશ્ચર્ય પામ્યા. કુમારપાળ ખંભાતમાં હેમાચાર્યની પાસે સંતાઇ રહ્યો હતો તે ચાહડ ખંભાત છોડી ગયા પછી એકદમ ત્યાંથી ચાલ્યો ગયો હતો. ત્યાંથી વડોદરા, કલ્યાણ, કોલંબપટ્ટણ, પ્રતિષ્ઠાનપુર, વગેરે અનેક નગરોમાં ત્રણ વર્ષ સુધી ભટકીને માળવામાં ઉજ્જનખાતે પોતાના કુટુંબને જઇ મળ્યો હતો. ત્યાંથી પોતાની સ્ત્રીને સાથે લઇને તે દશપુર, ચિત્રકુટ, અને નાગેંદ્રપટ્ટણ ગયો, ત્યાં તેને ખબર મળ્યા કે સિદ્ધરાજ મરણ પામ્યો છે અને સિદ્ધરાજની પાદુકા સિંહાસન પર બિરાજે છે. બીજી બાજુએ કૃષ્ણદેવે ઉજ્જન ખાતે કાસદ મોકલીને કુમારપાળ તથા તેના ભાઇઓને બોલાવ્યા હતા. કુમારપાળ તે વખતે ઉજ્જનમાં નહિ હોવાથી તેના ભાઇઓ પાટણમાં આવી પહોંચ્યા અને દૈવયોગે કુમારપાળ પણ તે જ દિવસે અને તે જ વખતે પાટણમાં પહોંચી ગયો ! આ આકસ્મિક યોગાયોગ કોઇને ભવિષ્યસૂચક જણાયો અને કોઇને ભયસૂચક પણ થઇ પડયો !

ચાહડે રાતોરાત મંત્રીઓને મળીને ભયંકર તોફાનની ગોઠવણ કરી રાખી હતી. રાણીમાતાને કાવતરાંખોરોએ પોતાની કેદમાં પૂર્યા છે એવી ખબર શ્હેરમાં ફેલાવીને દામુ ઝવેરીના ઘરપર હલ્લો કરી રાણીને છોડાવવાનો બેત તેણે રચી રાખ્યો હતો, પરન્તુ સ્હવાર થતાં જ એક નવી વિ-

ગત એવી જાહેર થઇ કે રાજમહેલમાં મધ રાત્રે કોઇએ એક દાસીનું ખૂન કર્યું હતું! રાજાના મરણના શોકથી રાણી હવેની જે સાદડીપર સૂઇ રહેતાં હતાં તે જ સાદડી ઉપર એ દાસી સૂતેલી હતી અને તેથી તેને રાણી માનીને કોઇએ તેનું રાત્રે ખૂન કર્યું હોવું જોઇએ એવી વાત આખા શહેરમાં પ્રસરી ગઇ! ચાહડે જે તોફાનની ગોઠવણ કરી રાખી હતી તે તોફાન આથી એકદમ અટકી ગયું. સુભગાએ રાણીને પોતાને ત્યાં ચોકી પહેરા હેઠળ રાખી હતી, તે વાત ઉદયન જાણતો નહોતો. સહવારે મંત્રીશ્વરે સુભગાના એ કાર્ય માટે ઉદયન પાસે ફરિયાદ કરી. સુભગાપ્રતિ સારી લાગણી હોવા છતાં ઉદયનને તેથી માઠું લાગ્યું અને સુભગાને બોલાવીને કહ્યું: "વહુ! રાણીને તમે કેદ કરવાનું કાવતરૂં કર્યું એ ઠીક ન કર્યું. રાણી ભલે આપણા શત્રુની પેઠે વર્તતાં હોય, તોપણ તે આપણી જનનીતુલ્ય કહેવાય અને આપણે તેમની પ્રત્યે આવું વર્તન ચલાવવું ન ઘટે!"

સુભગા બોલી: "દાદાજી! મેં રાણીમાતાને કેદ કર્યાં નથી, પણ તેમનું રક્ષણ કર્યું છે. કેટલાક ઉતાવળીયા ક્ષત્રિયો રાણી પ્રત્યે દ્વેષ ધરાવતા હતા અને ગઇ રાત્રે તેઓએ રાજમહાલયમાં પેસીને રાણીનું ખૂન કરવાનો ઇરાદો રાખ્યો હતો એ વાત અગાઉથી મારા જાણવામાં આવી ગઇ હતી. તે કારણથી રાણીને બચાવવાને હું દિવસે તેમને મળવા ગઇ હતી અને તેમની સામે રચાએલા કાવતરાની મેં તેમને વાત કરી હતી રાણી તેથી બહુ ગભરાયાં હતાં અને તેથી મેં તેમને મારા પિતાજીને ઘેર ગુપ્ત રીતે આશ્રય આપવાની હા કહી હતી. સંધ્યાકાળ થતાં રાણી એક બંધ પાલખીમાં બેસીને છાની રીતે ત્યાં આવ્યાં હતાં અને મેં તેમને છુપાવ્યાં હતાં. તે ત્યાં છુપાયાં તો તેમને બદલે દાસીનું ખૂન થયું, અને જો તે ત્યાં રહ્યાં હોત તો આજે તે આ દુનિયામાં ન હોત! દાદાજી! મેં કાંઇ એ કાવતરૂં કર્યું ન કહેવાય!"

ઉદયન તો સુભગાની આ સમયસૂચકતાની વાત સાંભળીને આશ્ચર્ય પામી ગયો અને મંત્રીશ્વરની સામે જોઇ તેણે સ્મિત કરીને કહ્યું: "મંત્રીશ્વર! મારી પુત્રવધૂએ કરેલા કાવતરાને માટે હવે આપ પોતે જ તેને સજા કરો!"

સુભગાની વાત સાંભળીને મંત્રીશ્વરથી એક શબ્દ પણ બોલી શકાય તેમ નહોતું, છતાં તેમણે કહ્યું: "પણ જો એ ખરૂં છે તો રાણીમાતા ઉપર ઉઘાડી તલ્વારનો પહેરો રાખવામાં આવ્યો છે તેનું શું કારણ છે?"

સુભગા બોલી: "કદાચ કોઇ બળાત્કારથી ત્યાં પણ પ્રવેશ કરીને રાણીમાતાનું ખૂન કરવા આવવાનું સાહસ કરે, તો તેની સામે થવા માટે

મારે એટલી સાવચેતી રાખવી પડી છે. મેં રાણીમાતાને કેદમાં પૂર્યાં નથી, પણ સંરક્ષણમાં મેલ્યાં છે !"

જ્યારે ચાહડે આ વાત જાણી અને દાસીનું ખૂન થયાની ખબર તેના સાંભળવામાં આવી ત્યારે તેના સઘળા તોરાની વિચારો મનમાં જ મરી ગયા ! સુભાગની ચતુરાઇ આગળ પોતે ફાવી શકશે નહિ એવું તેને લાગ્યું અને તે નિરાશ બની ગયો. નિરાશાને લીધે તે વધારે ક્રોધ તથા વૈરાનળથી બળી રહ્યો પણ હવે તેનું બળ કેવળ શિથિલ બની ગયું હતું !

રાણીને કબજામાં રાખીને સુભગાએ એક તીરે બે નિશાન તોડયાં હતાં. રાણીનું રક્ષણ તેણે કર્યું હતું, અને સાથે ચાહડની ખટપટનો અંત આણીને ઉદયન મંત્રીના પ્રયત્નોનો માર્ગ મોકળો કર્યો હતો, કારણકે હવેથી કોઇ પણ માણસ રાણીને મળવા જઇ શકે તેવી સ્થિતિ રહી નહોતી. સુભગા એટલી દૃઢ રહી હતી કે તેણે રાણી પાસે ચાહડને કે મંત્રીશ્વરને પણ જવા દીધા નહોતા અને પોતાનું રક્ષણ કરવા માટે રાણી સુભગાના ઉપકાર હેઠળ એટલી બધી દબાઇ ગઇ હતી કે હવે બહુધા સુભગાની શિખામણ પ્રમાણે જ તે ચાલતી હતી !

છેવટે સિદ્ધરાજના મરણ પછી નવમો દિવસ આવી પહોંચ્યો. ચાહડની લોકપ્રિયતા ઘણે અંશે ઓછી થઇ ગઇ હતી અને જ્યારથી પ્રજાએ જાણ્યું હતું કે ચાહડનો વૃદ્ધ અને દીર્ઘદર્શી પિતા પણ તેની વિરૂદ્ધ પડયો છે, ત્યારથી તો પ્રજાનો ચાહડપરનો વિશ્વાસ પણ ઉઠવા લાગ્યો હતો. આવતી કાલે સિદ્ધરાજની પાદુકાને સ્થાને ગુજરાતના ભવિષ્યના રાજાને બિરાજવાનું હતું. ત્યાં કોણ બિરાજશે તે હજીસુધી નક્કી થયું નહોતું, તોપણ બન્ને પક્ષોની સબળતા–નિર્બળતા ઉપરથી લોકો બહુ અંશે અનુમાન કરતા હતા. મંત્રીશ્વરને કોઇ ગણકારતું નહોતું અને ધર્મપાળે તો વિચારીને જ અલગ રહેવાનું વાજબી માન્યું હતું. આવી સ્થિતિમાં સૌનું ધ્યાન એક ટેકીલા અને ન્યાયી ઉદયન પ્રતિ જ ખેંચાએલું રહ્યું હતું. ચાહડની વિરૂદ્ધમાં પોતાનો અવાજ ઉઠાવીને તેણે લોકપક્ષને પોતાની તરફ જીતી લીધો હતો. ક્ષત્રિયોએ તેને તથા કૃષ્ણદેવને પોતાના અગ્રણી ઠરાવ્યા હતા અને તેઓ બન્ને મળીને જે કાંઇ નિશ્ચય કરે તે પ્રમાણે વર્તવાને તેઓએ તત્પરતા બતાવી હતી

રાત્રે રાજમહાલયમાં સર્વ અધિકારી મંડળ એકઠું થયું. ઉદયને અગાઉથી તૈયારી કરી રાખી હતી તે પ્રમાણે એકાએક સુભગાએ રાણીમાતાને કાળા પડદાની ઓઝલમાં ત્યાં પધરાવ્યાં. તે વખતે રાણીએ સૌની

વચ્ચે કહ્યું: " મારા રાજ્યના સ્થંભો ! રાજ્યનું હિત જે રીતે થાય તે રીતે તમે વર્તજો ! મારા પતિની ઇચ્છા કરતાં મારા પતિના પિતા અને પિતામહો–સ્વર્ગવાસી વડીલોની ઇચ્છાને માન આપીને વર્તવાનું તમે વધારે વાજબી માનજો. મને હવે કોઇને માટે આગ્રહ નથી. મહારાજાની આજ્ઞા પાળતાં દેશનું અહિત થતું હોય તો તેમ કરવાનો હું તમને આગ્રહ પણ કરતી નથી. આવતી કાલે મહારાજની પાદુકાને સ્થાને નવા ગુર્જરેશ્વર બિરાજશે. તે સ્થાનને માટે જે કોઇ હકદાર હોય અને લાયક હોય, તેને તમે પસંદ કરજો. કાલે કચેરી મંડળ ભરાશે, તે વખતે ગાદીના સઘળા હકદારોને હાજર રાખવા માટે હું કૃષ્ણદેવ અને ઉદયન મંત્રીની નીમણુક કરૂં છું, અને તેઓમાંથી લાયકને પસંદ કરીને સિંહાસન ઉપર બેસાડવાની તમો સર્વ ગુજરાતના ક્ષત્રિયો અને પાટણની પ્રજાના અગ્રેસરોને સત્તા આપું છું."

રાણીએ આ શબ્દો સુભગાની શિખામણ પ્રમાણે જ કહ્યા હતા, અને તે સૌને કાને પડતાંની સાથે જ સામાન્ય રીતે હર્ષનાદ થયો. ચાહડ તે સભામાં હાજર હતો. તે રાણીને અગાઉથી મળી શકયો નહોતો, એટલું જ નહિ પણ રાણી આ સભામાં પોતે આવશે એવું તે જાણતો પણ નહોતો ! તે વૈરથી બળી રહ્યો. રાણી ઉપર તેને બહુ ગુસ્સો આવ્યો, પણ હવે બાજી તેના હાથમાં રહી નહોતી. તે સત્વર ત્યાંથી ચાલ્યો ગયો–કયાં ગયો તે કોઇના જાણવામાં આવ્યું નહિ.

રાજ્યના મંત્રીશ્વરના પદ ઉપર હજી શંકરદાસ હતો. ઉદયનની સૂચનાથી તેણે પણ રાણીની આજ્ઞા પ્રમાણે સર્વ મંડળમાં જાહેર કર્યું કે " કાલે પહેલા પ્રહરમાં રાજ્યાભિષેકની ક્રિયા થશે અને તે વખતે ગાદીના હકદારોને કૃષ્ણદેવ તથા ઉદયન મંત્રી હાજર રાખશે."

કરણદાન વચમાં બોલ્યો: " પણ એ હકદારોમાં ચાહડનો પણ સમાવેશ થવો જોઇએ, કારણકે મહારાજાના તે પ્રતિપન્ન પુત્ર છે."

મંત્રીશ્વરે કહ્યું: " એ વાત તો કૃષ્ણદેવ અન ઉદયન મંત્રીની મરજીને આધારે રહે છે." પરન્તુ તેમાં ચાહડનો પક્ષ નિર્જીવ હતો તથા મંત્રીમંડળમાંના બીજાઓ લગભગ ધર્મપાળની પેઠે જ તટસ્થ વૃત્તિવાળા હતા, એટલે એ ચર્ચાનો વિશેષ ઉહાપોહ થયો નહિ અને સૌ આવતી કાલે બનવાના બનાવની કાગને ડોળે રાહ જોતા વિખરાયા.

પંચમ ખંડ.

પ્રકરણ ૧ લું.

"આ મારા ખડ્ગથી હું રાજ્યનું રક્ષણ કરીશ."

भवितव्यं भवत्येव कर्मणामीदृशी गतिः ॥

બીજા દિવસનું પ્રભાત થતાં જ કચેરી મંડળ ભરાયું. આજનો દિવસ ઘણો મહત્ત્વનો હતો કારણકે ભવિષ્યનો ગુર્જરેશ્વર કોણ થાય તે સંબંધે નિશ્ચય થવાનો હતો. સૌ કોઇને એવે પ્રસંગે બનતા બનાવો જોવાની અભિલાષા હોય છે, પરન્તુ રાજમહાલયમાં અકારણ ગીર્દી ન થાય, તે માટે માત્ર યોગ્ય મનુષ્યોને જ કચેરી મંડપમાં પ્રવેશ કરવા દેવામાં આવતા હતા અને બીજાઓને બહાર દરબારગઢમાં જ ઉભા રહેવા દેવામાં આવતા હતા. કૃષ્ણદેવ અને ઉદયન મંત્રીએ મળીને નિશ્ચય કર્યા પ્રમાણે ત્રિભુવનપાળના ત્રણ પુત્રોને સુંદર વસ્ત્રો પહેરાવીને તથા સૌરાષ્ટ્રના તેજસ્વી ઘોડાઓપર સ્વારી કરાવીને દરબારગઢમાં લાવવામાં આવ્યા એટલે સૌએ આનંદધ્વનિ કર્યો. છેવટે ગુજરાતની ગાદી ઉપર ગુજરાતના જ ક્ષત્રિયનો હક્ક સ્વીકારવામાં આવ્યો હતો અને ખરા વારસ ત્રિભુવનપાળના પુત્રોને જ પસંદ કરવામાં આવ્યા હતા એ જોઇને ક્ષત્રિયોમાં જ નહિ પણ ત્રિભુવનપાળના પરાક્રમની પ્રશંસા કરતા સર્વ પ્રજાજનોમાં પણ આનંદ વ્યાપી રહ્યો. ત્રણે રાજકુંવરોને એકસરખા સન્માન સાથે કચેરી મંડપમાં લાવવામાં આવ્યા. જૂના પ્રધાનમંડળમાંના ધર્મપાળ, કર્મસિંહ અને ચાહડ સિવાય બીજા સર્વ ત્યાં હાજર હતા. તેઓ ઉપરાંત કેટલાક ભાયાતો, આગેવાન પ્રજાજનો, પાટણના સંઘપતિ વગેરે સૌ સિંહાસનની જમણી બાજુએ બેઠા હતા. સામી બાજુએ વિપ્રમંડળ બિરાજ્યું હતું. મધ્યમાં રાજગોર રાજ્યાભિષેકને માટે યોગ્ય સામગ્રી, રાજમુકુટ અને વસ્ત્રો વગેરે સાથે તૈયાર ઉભો હતો. મહીપાળ, કીર્તિપાળ અને કુમારપાળ કચેરીમંડપમાં આવી પહોંચતાં જ સૌએ ઉભા થઇને તેમને યોગ્ય માન આપ્યું. ત્રણે કુમારો સિંહાસનની સમીપે રેશમી ગાલીચા ઉપર બેઠા એટલે આખું મંડળ નીચે બેઠું. ક્ષણે ક્ષણે હાજર રહેલાઓની ઉત્સુકતામાં વધારો થવા લાગ્યો.

થોડી વારે ઉદયન ઉઠયો. તેના કરચોલીઓવાળા વદન ઉપર અત્યારે અલૌકિક તેજ જોવામાં આવતું હતું. તે ઉઠયો એટલે સૌની નજર તેની તરફ આકર્ષાઇ. તેણે ઉભા થઇને કહ્યું: "મહીપાળ ! અહીં આવો !"

મહીપાળ ઉઠયો અને ઉભા થતાં જ રાજગોરના ખભા સાથે અથડાયો એટલે માથાપરની પાઘડી ખસી ગઇ ! પાઘડી સમી કરતાં ખભાપરનું ઉત્તરીય વસ્ત્ર ખસી ગયું અને નીચે પડયું. એ વસ્ત્ર નીચા વળીને હાથમાં લેતાં તે એવડી મોટી સભા વચ્ચે કિંચિત્ ગભરાટનો અનુભવ કરવા લાગ્યો. તેનું ગભરાએલું વદન જોઇને કેટલાકને હસવું આવ્યું અને કેટલાક ધીમેથી બોલ્યાઃ " આ ગુજરાતનું દળદર શું ફેડશે ? " મહીપાળ ઉત્તરીય વસ્ત્ર પુનઃ ધારણ કરીને ઉદયનની પાસે ગયો અને બોલ્યોઃ " શું કહો છો ? " એ એ શબ્દો બોલતાં પણ તેના વદનપર ગભરાટનાં ચિહ્નો ઉદયનના જોવામાં આવ્યાં અને તેણે નિરાશાથી કહ્યુંઃ " મહીપાળ ! તમારામાં ત્રિભુવનપાળનું તેજ હું જોતો નથી, માટે એક બાજુએ બેસી જાઓ ! "

મહીપાળે ઉદયનની આજ્ઞાને માન્ય રાખીને નીચે બેઠક લીધી. પછી કીર્તિપાળને બોલાવવામાં આવ્યો. તે ઉદયનની સામે આવીને ઉભો રહ્યો. ઉદયને પૂછ્યુંઃ " કીર્તિપાળ ! મહારાજા સિદ્ધરાજ જયસિંહ અઢાર દેશ જીતીને ગયા છે, એ બધા દેશોનું રક્ષણ કેવી રીતે કરશો ? "

કીર્તિપાળ બોલ્યોઃ " દરેક બાબતમાં હું આપની સલાહ પ્રમાણે ચાલીને સૌને સંતોષ આપીશ. "

કીર્તિપાળનો આવો ફિક્કો જવાબ કોઇને પણ ગમ્યો નહિ ! ઉદયને તેને પણ નીચે બેસી જવાની આજ્ઞા કરી અને પછી કુમારપાળને બોલાવ્યો. કુમારપાળ પોતાની ભભકભરી ચાલે ઉદયનની પાસે આવીને ઉભો રહ્યો. ઉદયને તેને પૂછ્યુંઃ " તમે આ મોટા રાજ્યનું કેવી રીતે રક્ષણ કરશો ? "

કુમારપાળ બોલ્યોઃ " એક ક્ષત્રિયને એ સવાલ પૂછવાની જ શી જરૂર છે ? " એમ કહેતાં જ કુમારપાળે પોતાની કમરે લટકતી તલ્વારને મ્યાનમાંથી અર્ધી બહાર ખેંચી કાઢીને જુસ્સાથી કહ્યુંઃ " આ મારા ખડ્ગથી હું રાજ્યનું રક્ષણ કરીશ ! "

કુમારપાળની આ છટાએ આખા મંડળને મુખેથી જયજયકારનો ધ્વનિ બોલાવ્યો. સૌએ કુમારપાળને જ ગાદીને માટે પસંદ કર્યો અને બંદીજનો કુમારપાળનાં યશોગીત ગાવા લાગ્યા. રાજગોરે પાદુકાનું ઉત્થાપન કરીને સિંહાસન ઉપર કુમારપાળને બેસાડયો અને મંત્રીશ્વરે કુમારપાળના નામની દુહાઇ ફેરવી.

ક્ષત્રિયો તરફથી કૃષ્ણદેવ કુમારપાળને પહેલું રાજતીલક કરવા આગળ ધસી આવ્યો. પાટણની પ્રજા તરફથી દંડનાયકે તિલક કરવું જોઇએ પણ તે ત્યાં હાજર નહોતો એટલે સંઘપતિએ આગળ આવીને પહેલું તિલક

કરવાની માંગણી કરી. કૃષ્ણદેવ અને સંઘપતિ વચ્ચે પહેલું તિલક કરવા વિષે હોંસાતોંસી ચાલુ થઈ અને પહેલું તિલક કરવાનો હક્ક કોનો હોવો જોઈએ તે વિષે વિવાદ ચાલ્યો. થોડી વારમાં તો એ વિવાદ વધી પડયો. એક બાજુએ ક્ષત્રિયો અને બીજી બાજુએ પ્રજાજનો એ પ્રમાણે બે પક્ષો બંધાયા અને સૌ પોતપોતાના પક્ષનું સમર્થન કરતા ઘોંઘાટમાં વધારો કરવા લાગ્યા. ઉદયન પણ તેનો નિવેડો લાવી શક્યો નહિ. છેવટે કુમારપાળે કહ્યું: "મારો સંકલ્પ અત્યારે કોઈની પાસે પણ તિલક કરાવવાનો નથી. દેવસિંહ શેઠની પુત્રી શ્રીદેવીએ મારી આપત્તિના કાળમાં મને જીવિતદાન દીધું છે માટે તેને બોલાવીને હું કચેરી મંડળની વચ્ચે તેની પાસે જ પહેલવહેલું રાજતિલક કરાવીશ અને બીજાઓને પણ આપવા ઘટતા યોગ્ય અધિકારો તે વખતે આપીશ."

કુમારપાળની એવી ઇચ્છાથી એ તકરારનો નિવેડો આવી ગયો. માત્ર શકુનની ખાતર તે ક્ષણે રાજગુરૂના હાથના તિલકની ચલાવી લેવામાં આવ્યું અને તુરત જ કુમારપાળના નામની નેકી પોકારાઇ, ચોઘડીયાં વાગ્યાં તથા વાજીંત્રોના નાદથી આખો દરબારગઢ ગાજી ઉઠયો. કચેરીમંડપમાં હાજર રહેલા સર્વ કોઇનાં વદન આનંદથી પ્રફુલ્લ દેખાયાં. માત્ર ચાહડના પક્ષના થોડાઓ જ એ દૃશ્ય નહિ જોઇ શકવાને લીધે ખિન્ન વદને ત્યાંથી સત્વર પાછા ફર્યા.

અભિષેકની ક્રિયા પૂરી થતાં કુમારપાળે રાણીમાતાના ચરણમાં માથું મૂકીને ત્રિવાર વંદન કરી કહ્યું: "માતાજી! આપની જ કૃપાથી મને ગુજરાતનું રાજ્ય પ્રાપ્ત થયું છે અને હું આપનો પુત્ર આપની ચરણરજ મસ્તકે ચડાવું છું."

રાણીએ કહ્યું: "પુત્ર! તારા પિતા અને પિતામહોના પરાક્રમ અને પુણ્યથી જ તું ગુર્જરેશ્વર થયો છે, માટે તેમનો ઉપકાર માન! ભાઇ! હું અને તારા કાકા તો તારૂં અહિત કરવા તૈયાર થયાં હતાં, અને છેવટે તારૂં હિત આપણા ખરા ક્ષત્રિયોએ જ કર્યું છે. એ ક્ષત્રિયોને તારી સાથે રાખીને ગુજરાતનું ગૌરવ જાળવજે એટલે સ્વર્ગસ્થ પૂજ્ય વડીલોને પણ સંતોષ થશે! મારો પણ આશીર્વાદ છે કે તું તારા કાકાના જેવો પરાક્રમી થજે અને દેશનું માન તથા મહત્તા જાળવજે!"

કુમારપાળ રાણીનો આશીર્વાદ લઇને રાણીવાસમાંથી બહાર નીકળ્યો, એટલે એક ઉંચો કદાવર બાંધાનો અને કાળા મેઘ જેવા રંગનો બ્રાહ્મણ તેની સામે આવીને ઉભો રહ્યો. તેના કપાળમાં સિંદૂરનું તિલક કરેલું હતું અને ગળામાં ઉનની કાળી માળા હતી. તેણે ઉંચા હાથ કરી કુમારપાળને

આશીર્વાદ આપતાં કહ્યું: " જય હો ગુર્જરેશ્વર કુમારપાળ મહારાજનો ! કૃપાવંત ! હું આપની કુળદેવી કંટેશ્વરી માતાનો પુજારી છું અને માતાના મંદિરનો મહંત છું. આજે આપનો અભિષેક થયો તેના ઉત્સવ નિમિત્તે માતાજીના મંદિરમાં યજ્ઞ થવાનો છે તો હવિષ્ની પ્રસાદી લેવા આપે અવશ્ય આવવું જોઇએ !"

કુમારપાળ બોલ્યો: " કયે વખતે યજ્ઞ થશે ?"

" આજે મધરાતે યજ્ઞક્રિયાની પૂર્ણાહુતિ થશે, અને કાર્યારંભ રાત્રિના પ્રથમ પ્રહરમાં જ થશે. પરન્તુ મહારાજ ! આપે ત્યાં એકલા અને પગે ચાલીને આવવું એવો પરંપરાનો નિયમ છે !"

" ક્ષત્રિયોને એકલા આવતાં પણ ભય હોતો નથી અને રાત્રિનો વખત હોવાની પણ તેમને કશી ચિંતા હોતી નથી. કંટેશ્વરી માતાનુ મંદિર મેં જોયું છે. પેલું એક નાની નદીને કાંઠે આવેલું છે તે જ કે નહિ ?"

" હા, મહારાજ તે જ ! અહીંથી બે ત્રણ કોસ જેટલું દૂર હશે !" મહંતે કહ્યું

" બે-ત્રણ કોસ ચાલવાથી હું કાંઇ થાકી જઉં તેવો નથી. પણ મારી સાથે બીજાઓને પણ યજ્ઞના દર્શનનો લાભ ન મળે એ તો ઠીક નહિ !"

" એ તો શું કરીએ ? ઘણા વખતથી એવો રિવાજ છે. પણ યજ્ઞની વિભૂતિ અને હવિષ્ની પ્રસાદી તો સૌને પહોંચતી કરવામાં આવે છે !"

" ઠીક ત્યારે, આજે હું સાંજ પડતાં જ અહીંથી વિદાય થઇને બરાબર વખતે કંટેશ્વરી માતાના મંદિરમાં આવી પહોંચીશ." એમ કહી કુમારપાળ ત્યાંથી ચાલ્યો ગયો. મહંતે પણ પુનઃ આશીર્વાદનો ઉચ્ચાર કરી ત્યાંથી રજા લીધી.

* * * *

આજે રાજમહાલયમાં પહેલવહેલું ભોજન લીધા પહેલાં કર્ણમેરૂપ્રાસાદમાં છડી સ્વારીએ દર્શન કરવા સારૂ કુમારપાળને જવાનું હતું. સ્વારીની સઘળી તૈયારીઓ થઇ ચૂકી હતી અને કુમારપાળના આગમનની જ માત્ર રાહ જોવામાં આવતી હતી. તે આવ્યો કે તુરત જ હાથીપર બેઠો અને સ્વારી ચાલી. દરબારગઢની બહાર નીકળતાં જ હાથીપર બેઠાં બેઠાં કુમારપાળે એક માણસને પાંચ બકરાં ખેંચી જતો જોયો. કુમારપાળને આશ્ચર્યની વાત એ લાગી કે એ પાંચે બકરાં જૂદા જૂદા વર્ણનાં નાનાં અને સુકોમળ હતાં તેથી તેમનું નાનું જૂથ બહુ જ સુંદર દેખાતું હતું. તેણે પોતાની આગળ બેઠેલા મહાવતને પૂછ્યું: "પેલાં સુકોમળ અને સુંદર બકરાંને પેલો માણસ નિર્દયતાથી કેમ ઘસડી જાય છે ?"

મહાવત કાંઇ ખુલાસો કરી શક્યો નહિ એટલે તેણે તે જ પ્રશ્ન પોતાની બાજુએ અશ્વ ઉપર ચાલતા એક અંગરક્ષકને પૂછ્યો. અંગરક્ષકે તુરત જ ઘોડો દોડાવી જઇને એ બકરાં ખેંચી જનારને પૂછ્યું. તે માણસનો ખુલાસો સાંભળીને તેણે કુમારપાળને જણાવ્યું: "મહારાજ! આજના રાજ્યાભિષેક નિમિત્તે જૂદાં જૂદાં મંદિરોમાં યજ્ઞો થવાના છે અને એ બકરાંને યજ્ઞમાં હોમવા માટે લઇ જવામાં આવે છે!"

આ સાંભળીને કુમારપાળને દુ:ખ થયું. તે બોલ્યો: "મને રાજ્ય મળ્યું તેના ઉત્સવનો આનંદ દર્શાવવા માટે એ બિચારા મુંગાં અજશિશુઓનો શું જીવ લેવાનો? એ અજશિશુઓને તે માણસ પાસેથી લઇ લો અને તેના બદલામાં તેને જોઇએ તેટલું ધન આપો!"

અંગરક્ષકે રાજાની આજ્ઞા પ્રમાણે કર્યું. તેણે બકરાંઓને છોડાવ્યાં અને રાજ્યની પશુરક્ષણશાળામાં મોકલી દીધાં. કુમારપાળની સ્વારી કર્ણમેરૂપ્રાસાદ તરફ આગળ ચાલી.

પ્રકરણ ૨ જું.

શત્રુનો પ્રપંચ.

"સુભગા બ્હેન! હવે તમે આ બધી ખટપટમાંથી ક્યારે નવરાં પડશો?" લીલાદેવીએ સુભગાના ઓરડામાં પ્રવેશ કરતાં કહ્યું.

"ભાભી! એવું કેમ પૂછ્યું? તમને કાંઇ ઇર્ષા આવે છે?" સુભગાએ સ્મિત કરીને પૂછ્યું.

"ઇર્ષા તો નથી આવતી, કારણકે હું તો પાંચ વર્ષ પહેલાં તમારી સાથે મંડુકેશ્વરનાં દર્શન કરવા આવી હતી, ત્યારથી જ તમારાં કુતૂહલો સમજી ગઇ છું! હવે તો તમારાં કાર્યોથી મને નવાઇ પણ લાગતી નથી! તમે આવો છો ત્યારે તો આ ઘર વિલક્ષણ દેખાવવાળું બની જાય છે; પણ હું તો એક સ્વાર્થને લીધે એવું પૂછું છું."

"તમારો વળી શો સ્વાર્થ છે? મારી પાસે કાંઇ કામ કરાવવું છે?" સુભગાએ પૂછ્યું.

"એવું છે તેથી જ પૂછું છું કે તમે હવે ક્યારે નવરાં પડશો?"

"ત્યારે તમારૂં કામ કહોને, હું તે કરી આપીશ! ભાભી! તમે મારાં બહુએ કામ કર્યાં છે, તો હું તમારૂં એકાદ કામ પણ શું નહિ કરૂં? તમારૂં કામ હોય તે ખુશીથી કહો!"

લીલાદેવીના મુખમાંથી શબ્દોચ્ચાર થાય તે પહેલાં તો તેનું મ્હોં ઉતરી ગયું. સુભગાએ એ ફેરફાર જોતાં જ આશ્ચર્યથી પૂછ્યું: "ભાભી! તમે કાંઇક દિલગીરીમાં હો તેમ લાગે છે.!" તત્ક્ષણ લીલાદેવીની આંખોમાં આંસુ ભરાઇ આવ્યાં. સુભગા બોલી: "ભાભી! મારા સોગંદ, મને તો કહો, તમને શું દુઃખ છે? મારી બાએ તમને કાંઇ કહ્યું છે?"

લીલાદેવી થોડી વાર સુધી તો કશું બોલી શકી નહિ. તેનું મનોદુઃખ તેણે હજી કોઇને પણ કહ્યું નહોતું તેથી તેનું હૃદય ભરાઇ આવ્યું હતું. એ દુઃખની વિગત એવી હતી કે થોડા દિવસથી લીલાદેવીને તેના પતિની સાથે અણુબનાવ થયો હતો અને તેથી તે તેને સ્નેહથી બોલાવતો પણ નહોતો, તેનું દુઃખ એ બાળાના હૃદયમાં સાલતું હતું. થોડા દિવસ પહેલાં કાશીથી રંગ-બેરંગી રેશમી કાપડ લઇને કેટલાક સોદાગર આવ્યા હતા. લીલાદેવીના પતિ મનોહરે પોતાની પ્રિય પત્નીને માટે માતાપિતાથી ગુપ્ત એક આસમાની રેશમી સાડી ખરીદ કરી અને રાત્રિએ જ્યારે તે લીલાદેવીને મળ્યો ત્યારે સ્નેહદાન કરી એ સાડી આપી તથા કહ્યું: 'તુ એ અત્યારે પહેર, અને તને એ કેવી શોભે છે તે મને જોવા દે!' લીલાદેવીએ આનંદથી એ સ્વીકારી અને સાડી પહેરીને તે સ્વામીની સમીપે આવીને ઉભી રહી. તે બોલી: 'કહો, હવે હુ કેવી દેખાઉં છું?' મનોહર ડોકું ધુણાવીને બોલ્યો: 'અંહં! આ આસમાની સાડી તો વર્ષાઋતુમાં આકાશમાં ઘેરાએલા વાદળ જેવી દેખાય છે, પરંતુ તારૂં આ વદન વાદળની વચ્ચે સુહાતા ચંદ્ર જેવું મનોહર નથી લાગતું!' લીલાદેવી પોતાના સ્વરૂપની એવી અવગણના થવાથી રોષ ધારણ કરતી બોલી: 'શું હું એવી કુબડી છું કે તમે આમ કહો છો? લો, લઇ જાઓ તમારી સાડી! મને તે નથી જોઇતી!' એમ કહેતાં માનિની લીલાદેવીએ તે ફેંકી દીધી! મનોહરે પત્નીની સહજ મજાક કરવાને કહ્યું હતું, છતાં લીલાદેવીએ એવો અસાધારણ ગુસ્સો બતાવ્યો, તેથી મનોહરને બહુ જ માઠું લાગ્યું અને તે બોલ્યો:

* 'જનની મહાપુરૂષોની, તોપણ બુદ્ધિશૂન્ય અવિચારિણી!
'પગની પાનિયે બુદ્ધિ અબળા કેરી, હોય ભલે શાણી!'

લીલાદેવીના એ સાહસિક કાર્યથી અપમાન પામીને મનોહર તુરત જ તેનો ત્યાગ કરી ગયો. એ પ્રસંગને અનેક દિવસો વીતી ગયા છતાં મનોહરનું પ્રેમઝરણુ પુનઃ લીલાદેવી તરફ વહેતું થયું નહોતું! ઘરનાં કોઇ

---

* ગીતિવૃત્ત.

આ દાંપત્યકલહ જાણતાં નહોતાં અને લીલાદેવી પાછળથી બહુએ પસ્તાઈ હતી તોપણ કોઇને કાંઇ કહી પણ શકતી નહોતી. છેવટે બહુ અકળાવાથી સુભગાને એ વાત કહીને તેની દ્વારા સ્નેહસંધાન થવાની તેણે આશા રાખી હતી. એવા કલહને શમાવીને બન્ને પક્ષોને હળતા-મળતા કરી દેવાના કાર્યમાં સુભગા કુશળ હતી. લીલાદેવીએ છેવટે રડતી આંખે પોતાનું મનોદુઃખ સુભગાને કહ્યું. સુભગાએ લીલાદેવીને આશ્વાસન આપીને મનોહરને સમજાવવાનું પોતાને માથે લીધું.

સાંજે મનોહર દુકાનેથી ઘેર આવ્યો. સુભગા તે વખતે એક પુસ્તક વાંચતી હતી તે જોઇને મનોહરે પૂછ્યું: "બ્હેન ! શું વાંચો છો ?"

સુભગા આનંદથી બોલી: "ભાઇ ! આજે તમે બધા રાજ્યાભિષેકના કાર્યમાં આનંદ લેવાના અને અમારે ઘેર કશું કામ નહિ, એટલે હું આ પુસ્તક વાંચું છું; પણ તેમાં તમને પૂછવા જેવો એક સવાલ છે."

"એવું શું છે વારૂ ?" મનોહરે પૂછ્યું.

"આ પુસ્તકમાં એક એવી વાત છે કે વનમાં એક પોપટ-પોપટીનું જોડું રહેતું હતું. બન્નેનું પરસ્પર અત્યંત વહાલ હતું. એક વાર આંબાનો મીઠો મ્હોર લાવીને પોપટ પોપટીને ખવડાવતો હતો. પોપટીએ પૂછ્યું: વહાલા ! તમે આવા વહાલથી મને મ્હોર કેમ ખવડાવો છો ?' પોપટે મજાક કરતાં કહ્યું: 'તારો કંઠ બરાબર મધુર નથી તેથી આ મ્હોર ખાવાથી તે મધુર થશે અને તું મીઠાં ગીત ગાઇશ.' આથી પોપટીને પોતાનું અપમાન થયું લાગ્યું અને રોષ ચડયો તેથી કહ્યું: 'હું આવું મીઠું ગાઉં છું, તો એ તમે કહો છો કે મારો સ્વર મધુર નથી ? જાઓ, મારે તમારો મ્હોર નથી ખાવો.' એમ કહીને તેણે મ્હોરને માળામાંથી બહાર ફેંકી દીધો. પોપટને તેથી ગુસ્સો ચડયો, અને પોતાનું અપમાન થએલું સમજીને તે પોપટીનો ત્યાગ કરીને ચાલ્યો ગયો. પછી પોપટીએ તેને બહુએ બોલાવ્યો અને વિનતિ કરી પણ તેણે માન્યું નહિ ! ભાઇ ! હવે એ બન્નેમાં પોપટ મૂર્ખ કે પોપટી ?"

મનોહર બોલ્યો: "પોપટીની હાંસી પહેલાં પોપટે કરી અને વળી છેલ્લે પોપટીએ વિનતિ કરી તે પોપટે માની નહિ, તેથી પોપટ મૂર્ખ લેખાવો જોઇએ !"

આ જવાબ સાંભળીને સુભગા ખડખડાટ હસી પડી અને બોલી: "ભાઇ ! હવે તમે બરાબર પકડાયા છો ! ત્યારે કહો, મારી ભાભીનો પણ શો વાંક છે કે તમે તેના ઉપર રોષે ભરાયા છો ? તમારા ન્યાયે તો વાંક

તમારો પોતાનો જ છે, તો પછી એ બિચારીને શામાટે અન્યાય મળવો જોઇએ ?"

મનોહર સુભગાની આ યુક્તિ સાંભળીને નીચું જોઇ રહ્યો. તેને પોતાનો વાંક સૂઝ્યો. તે બોલ્યો: "બ્હેન ! ભાભીનો પક્ષ ખેંચીને મને મારે મ્હોંએ જ મૂર્ખો બનાવ્યો કે ?"

"હાસ્તો ! જાઓ હવે, એવો અન્યાય ફરીથી કરશો નહિ; નહિતો આજથી મહારાજા કુમારપાળનું રાજ્ય ચાલે છે અને કુમારપાળ પાસે હું કહું તેમ થાય તેમ છે." એમ કહી સુભગા હસી.

મનોહર બોલ્યો: "ખરી વાત કહી ! કુમારપાળ તો તમારા ઉપકાર તળે દબાએલા છે, એટલે હવે ભાઇએ પણ બ્હેનથી દબાઇને ચાલવું પડશેજને !" મનોહર બ્હેનની ચતુરાઇની મનમાં પ્રશંસા કરતો જતો રહ્યો.

તે ગયાને એક ક્ષણ પણ નહિ થઇ હોય, એટલામાં બારોટ હઠીસીંગ ત્યાં દોડતો પહોંચ્યો અને ઉતાવળો ઉતાવળો–ગંભીરાઇથી બોલ્યો: "સુભગા બ્હેન ! એક ગંભીર અનર્થ થવાની તૈયારી છે–માટે કાંઇ ઉપાય કરો !"

"પણ એવું શું છે ?"

"મહારાજ કુમારપાળ હમણાં કુંટેશ્વરીએ એકલા પગપાળા જવા માટે સિદ્ધપુરને દરવાજેથી નીકળવાના છે અને જો એ દરવાજેથી નીકળશે તો તેમના ઉપર આફત આવી પડશે ! ચાહડે એ દરવાજા પાસે મોટો પ્રપંચ રચ્યો છે અને કેટલાક શત્રુઓ તેને મળી ગયા છે !"

સુભગાએ ગંભીરતાથી પૂછ્યું: "પણ તે માટે મને કહેવા કરતાં મહારાજાની પાસે જઇને તમારે ગુપ્ત રીતે કહેવું જોઇતું હતું."

"પણ મહારાજા પાસે મને કોણ જવા દે ?! તે તો રાણીમાતા પાસે કે ભૂપાળદેવીની પાસે બેઠા હશે; ત્યારે આવી ગુપ્ત અને ગભીર વાત બીજા કોઇની સાથે કહાવતાં મારો જીવ ચાલતો નથી ! કદાચ વેળાસર એ વાત ન પહોંચે અને અનર્થ થઇ જાય તો ?"

"પણ તમને આ વાત કોણે કહી ?"

"બ્હેન ! એ વાત મને પૂછો નહિ ! જો એ તમે જાણશો તો મારા મ્હોં સામે પણ તમે નહિ જુઓ ! રાણીમાતાનું ખૂન કરવાની કેટલાકોની ગોઠવણની ખબર જેની પાસેથી મેં અગાઉથી મેળવી હતી અને તમને અગાઉથી કહી હતી, તેની જ પાસેથી મને આ ખબર મળી છે." હઠીસીંગે કહ્યું.

"પણ એવું માણસ કોણ છે ?"

"બ્હેન ! ખરું કહું ? પણ મારાપર ગુસ્સો કરશો નહિ હો ! સાંભળો. હું જુવાન હતો, ત્યારથી એક ખવાસણ સાથે મારે દોસ્તી થઇ હતી. એ ખવાસણ અત્યારે તો વૃદ્ધ થઇ છે પણ હજી અમારી દોસ્તી કાયમ છે. પાટણના હરામખોરો અને તોફાનીઓ તેને ત્યાં એકઠા થાય છે અને જે કાંઇ કાવતરાં થાય છે તેની ખબર સૌથી પહેલી એ ખવાસણ જાણે છે. તેની પાસેથી ખબર મેળવીને હું તમને કહું છું !"

સુભગા હસી અને બોલી: "બારોટ ! પણ એ રીતે તમે તમારી પ્રિયતમાનો દ્રોહ કરો છો, ખરું કે નહિ ? તમે આ વાત મને કહો છો એમ તમારી એ પ્રિયતમા જાણે છે !"

"ના, બ્હેન ! પણ એ દ્રોહ કરવાથી ગંભીર અનર્થો થતા અટકતા હોય તો તેથી કાંઇ પાપ થઇ જતું નથી !"

"ખરી વાત કહી, બારોટ ! તમારી એ સેવાનો બદલો હું તમને મહારાજ પાસેથી અપાવીશ, હોં. હું હવે સત્વર ભૂપાળદેવી પાસે જઉં છું અને મહારાજને આ પ્રપંચથી ચેતાવી દઉં છું."

તુરત જ સુભગા ઉઠી અને એક પાલખીમાં બેસી રાજમહાલય તરફ ચાલી. રાણીમાતા અને ભૂપાળદેવીથી સુભગા સારી પેઠે પરિચિત હતી. સુભગા ભૂપાળદેવી પાસે ગઇ ત્યારે ખુશામત કરવાને આવેલી અનેક સ્ત્રીઓ ભૂપાળદેવીની આસપાસ ટોળું વળીને બેઠી હતી. સુભગા ત્યાં જઇ પહોંચતાં જ ભૂપાળદેવી એકદમ ઉઠી અને સુભગાને હર્ષ સમેત ભેટી પડી ! સુભગાનાં પરાક્રમો ભૂપાળદેવીએ કુમારપાળ પાસેથી જાણ્યાં હતાં અને તેથી તે આશ્ચર્ય સાથે આનંદ પામી હતી. સુભગાને જોઇને ભૂપાળદેવીને હર્ષનાં આંસુ આવ્યાં. તેણે કહ્યું: "બ્હેન ! તમને આજે જોઇને બહુ આનંદ થાય છે."

સુભગા બોલી: "બાઇસાહેબ ! હું વાતચીતમાં વખત ગાળવાને આવી નથી. મહારાજા ક્યાં છે ? મારે આ ક્ષણે તેમને એક અગત્યની વાત કહેવાની છે."

"મહારાજ તો કંટેશ્વરીના દર્શનાર્થે જવાના હોવાથી વસ્ત્રો પહેરવા વસ્ત્રાગારમાં ગયા છે." ભૂપાળદેવીએ કહ્યું.

"ત્યારે મને તેમની પાસે લઇ ચાલો." એટલું કહેતાં સુભગાએ અધીરાઇ દર્શાવી.

ભૂપાળદેવી સુભગાને કુમારપાળના વસ્ત્રાગારમાં લઇ ગઇ. કુમારપાળ સુભગાને જોઇને આનંદનો ઉદ્‌ગાર દર્શાવે તે પહેલાં સુભગા બોલી ઉઠી:

"મહારાજ! કંટેશ્વરીએ જતાં સિદ્ધપુરને દરવાજેથી બહાર નીકળશો નહિ!"

"કેમ વારૂ?" કુમારપાળે આશ્ચર્ય દર્શાવતાં પ્રશ્ન કર્યો.

"શત્રુએ પ્રપંચ રચ્યો છે માટે."

કુમારપાળ વિશેષ વિગત પૂછે તે પહેલાં તો સુભગા ત્યાંથી જતી રહી. કુમારપાળ સુભગાનો આભાર માનતો વસ્ત્રો પહેરીને તથા શસ્ત્રાસ્ત્રો ધારણ કરીને રાજમહાલયમાંથી બહાર નીકળ્યો.

પ્રકરણ ૩ જું.

હેમાચાર્ય પાટણ તરફ.

યતિ બાલચંદ્ર કર્ણાવતીથી પાટણ ગયા પછી તેના તરફના કશા ખબર હેમાચાર્યને કર્ણાવતીમાં મળ્યા નહિ તેથી તેમને ચિંતા થવા લાગી. દામુ ઝવેરી તરફથી તેમને રોજ રોજ પાટણના ખબર મળતા રહેતા, તે ઉપરથી એટલું તો તેમના જાણવામાં આવ્યું હતું કે ચાહડનો પક્ષ નિર્બળ બનતો જતો હતો અને ત્રિભુવનપાળના પુત્રોમાંથી એકાદ પુત્ર ગાદી ઉપર આવવાનો સંભવ હતો. વિશેષમાં રાણીને બદલે રાજમહાલયમાં એક દાસીનું ખૂન થયું અને સુભગાએ યુક્તિપુરઃસર રાણીનો બચાવ કરીને તેને પોતાના કાબૂમાં રાખી હતી એટલે રાણીનો ટેકો ચાહડના પક્ષમાં ઓછો થઇ જવા પામ્યો હતો, એ ખબર પણ હેમાચાર્યને મળી હતી. પરન્તુ બાલચંદ્ર પોતાનું કામ કરીને કર્ણાવતીમાં પાછો ફરવાનો હતો તે હજી આવ્યો નહોતો તેમ જ તેના તરફના કશા ખબર પણ નહોતા તેથી તેમને ચિંતા થતી હતી.

આજે સિદ્ધરાજના મરણ પછી દશમો દિવસ હતો. ગાદી ઉપર કોણ બેસશે તેનો આજે નિર્ણય થવાનો હતો. હેમાચાર્ય વિચાર કરતા હતા કે જો પહેલા પ્રહરમાં રાજાની પસંદગી નક્કી થઇ જાય અને તુરત જ દામુ ઝવેરી અહીં તરફ સંદેશો રવાના કરે તો બીજે પ્રહર વીતતાં જ પોતાને નવા રાજા વિષે ખબર મળી જાય. અત્યારે તો દિવસનો ત્રીજો પ્રહર પણ પૂરો થવા આવ્યો હતો અને હવે હેમાચાર્યને ઉંટસ્વારના ભણકારા વાગી રહ્યા હતા. આવી અગત્યની ખબર તુરત જ પહોંચતી કરવામાં દામુ ઝવેરી ગફલત કરે નહિ એવી તેમને ખાત્રી જ હતી. છેવટે

તેમની એ ખાત્રી ખરી પડી. ઉંટસ્વાર સંદેશો લઇને આવ્યો અને હેમાચાર્યે જાણ્યું કે કુમારપાળ જ ગુર્જરેશ્વર થયો હતો—પોતાનું ભવિષ્યકથન ખરૂં પડયું હતું !

હેમાચાર્યનાં રોમ સંતોષથી આરામ લેવા લાગ્યાં. તેમણે એક દીર્ઘ શ્વાસ લીધો અને પોતાના સૌથી મોટા શિષ્ય રામચંદ્રને બોલાવીને કહ્યું: " રામચંદ્ર ! કુમારપાળ ગુર્જરેશ્વર થયો ! "

રામચંદ્રને પણ અતિ આનંદ થયો. તે ઉત્સાહથી ઉતાવળે બોલ્યો: "ગુરૂદેવનો જય ! મહારાજ ! આપની ભાવનાની સિદ્ધિ હવે નિકટ આવે છે !"

" પણ રામચંદ્ર ! બાલચંદ્રને માટે મને બહુ ઉચાટ થાય છે ! તેનું શું થયું તેના મને કશા ખબર મળ્યા નથી. દાસુ ઝવેરી પણ પોતાના પત્રમાં તેના માટે કશું લખતા નથી. રાણીને બચાવવાનું કામ પણ ઝવેરીની પુત્રી સુભગાએ કર્યું છે—સુભગાએ એક કાવતરાની બાતમી અગાઉથી મેળવી હતી તેથી રાણીના શિરપરનું અરિષ્ટ ટળી ગયું છે. "

" ત્યારે આપે જ્યોતિષ્‌ની ગણત્રી ઉપરથી રાજમહાલયની અંદર રાણી ઉપર સંકટ ગુજરવાનું હોવા વિષે જે અનુમાન કર્યું હતું અને તે વિષેનો સંદેશો બાલચંદ્ર દ્વારા રાણીને પહોંચાડાવ્યો હતો તે ઉપરથી કાંઇ રાણીનો બચાવ થયો હોય તેમ લાગતું નથી. જો એ ઉપરથી રાણીનો બચાવ થયો હોત તો તે કાર્યમાં સુભગા ભાગ લઇ શકે એ સંભવિત નથી ! શું બાલચંદ્રે રાણીને એ સંદેશો પહોંચાડયો નહિ હોય ? "

" મને કશી સમજણ પડતી નથી. મેં તેને ખાસ કહ્યું હતું કે આ સંદેશો સાંજ પહેલાં રાણીને પહોંચાડજે કે જેથી રાત્રે તેના ઉપર જે કાંઇ અરિષ્ટ આવી પડવાનું હોય તેનું નિવારણ થાય ! અરિષ્ટ તો અવશ્ય આવી પડયું અને તેમાં રાણીને બદલે દાસીનું ખૂન થયું, પણ તેમાંથી રાણીનો બચાવ બાલચંદ્રના કથન ઉપરથી નહિ પણ સુભગાના પ્રયત્નથી થયો હોય તેમ લાગે છે;—ગમે તે રીતે રાણીનો બચાવ થયો એ તો ઠીક થયું, પણ ત્યારે બાલચંદ્રે પાટણમાં જઇને શું કર્યું ? " થોડી વાર વિચાર કરીને હેમાચાર્યે કહ્યું: " રામચંદ્ર ! વિહારની તૈયારી કરો ! આપણે ઉતાવળે પાટણ જઇ પહોંચીએ ! "

" મહારાજ ! એટલી બધી ઉતાવળ શામાટે ? "

" કુમારપાળ ગાદીપતિ થયો એટલે હવે આપણે ત્યાં વેળાસર પહોંચવું જ જોઇએ, અને વળી મને બાલચંદ્રના ઉચાટ થાય છે; કદાચ કાંઇ અનર્થ થયો હોય ! " એમ કહીને હેમાચાર્ય ઉઠયા. રામચંદ્રે સર્વ શિષ્ય-

મંડળને આચાર્ય મહારાજની આજ્ઞા સંભળાવી દીધી. સૌએ કર્ણાવતીમાંથી પ્રસ્થાન કરવાની તૈયારી કરવા માંડી.

ઉતાવળે ત્યાંથી નીકળીને સર્વ યતિમંડળ પાટણ તરફ ચાલ્યું. રાત્રિ પડતાં પહેલાં પાટણમાં પહોંચી જવાય તો સારૂં એવી સૌની ઇચ્છા હતી કારણકે જૈન ધર્મની આજ્ઞા પ્રમાણે રાત્રિ પડતાં પ્રવાસ કરી શકાય તેમ નહોતું. દિવસના છેલ્લા પ્રહરનો અમલ ચાલતો હતો એટલે જોતાંજોતાંમાં સંધ્યા નિકટ આવતી દેખાવા લાગી. બહુ ઉતાવળે પ્રવાસ કરવા છતાં પાટણ બે-અઢી કોસ દૂર રહ્યું ત્યાં સૂર્યાસ્ત થયો ! હેમાચાર્ય મોટી મુશ્કેલીમાં આવી પડયા. હવે પ્રવાસ આગળ લંબાવવો એ શાસ્ત્રની આજ્ઞાથી વિરૂદ્ધ હતું. તેઓ એક નદીની નિકટમાં આવી પહોંચ્યા હતા અને નદીને સામે કાંઠે એક મોટું દેવમંદિર દૃષ્ટિગોચર થતું હતું. એ જૈન મંદિર નહોતું એટલું તો હેમાચાર્ય જાણતા હતા. નદીનો સૂકો પટ ઉલ્લંઘીને સર્વે મંદિરની પાસે આવી પહોંચ્યા એટલે હેમાચાર્યે રામચંદ્રને કહ્યું: “ રામચંદ્ર ! આ તો કંટેશ્વરી દેવીનું મંદિર છે, અહીં આપણાથી થોભી શકાય નહિ. જો અન્ય કોઇ મંદિર હોત તો તેની બાજુએ રાત્રિવાસ કરીને ચલાવી લેત ! ”

રામચંદ્ર બોલ્યો: “ મિથ્યાત્વી દેવ-દેવી તો સૌ સરખાં જ ને ? ”

હેમાચાર્ય બોલ્યા: “ કંટેશ્વરી દેવીના ઉત્સંગમાં વસવું એ તો ઘોર પાપ છે. એ દેવી હિંસાપ્રિય છે, માટે અહીંથી આગળ ચાલો. સામે પેલું ઘટાદાર આંબલીનું વૃક્ષ દેખાય છે તેની નીચે આપણે રાત્રિવાસ કરીશું. ”

આગળ હેમાચાર્ય અને પાછળ સર્વ શિષ્યમંડળ ચાલ્યું. એ દેવીમંદિરથી કેટલેક દૂર આંબલીનું વૃક્ષ આવી રહેલું હતું તેની નીચે એ સાધુમંડળે નિવાસ કર્યો. નીચેની ભૂમિપર પડેલાં આંબલીનાં પાતરાં, કચરો અને જીવજંતુ વગેરેને રજોહરણથી યત્નપૂર્વક દૂર કાઢીને-પૂંજીને સૌએ પોતપોતાનાં આસન-વસ્ત્રો પાથર્યાં અને નીચે બેઠા. આહારનો સમય તો વીતી ગયો હતો તેથી સૌએ ચઉવિહાર (રાત્રિભોજન ત્યાગ) કરીને પ્રતિક્રમણ કરવાનો પ્રારંભ કર્યો. માગશર વદ ૪ નો દિવસ હતો એટલે આકાશમાં ચંદ્રલેખા નહોતી. ધીમે ધીમે રાત્રિનો અંધકાર નિકટ અને નિકટ આવતો જતો હતો.

સાધુમંડળનું પ્રતિક્રમણ પૂરૂં થયું ત્યારે પણ રાત્રિની પૂર્વે ખીલતો સંધ્યાનો પ્રકાશ હજી ટકેલો હતો. પશ્ચિમ દિશાનું આકાશ રક્તવર્ણીય બની ગયું હતું અને તે કંટેશ્વરી દેવીના મંદિરની ધ્વજા ઉપર જળને બદલે લોહીના બનેલા વાદળાના જેવું દેખાતું હતું. અવકાશના સમયમાં કાંઇ શાસ્ત્રવિનોદ

કરવો એવો હેમાચાર્યનો નિયમ હતો. રાત્રિએ શયન કર્યા પૂર્વેનો સમય બહુધા એવા જ વિનોદમાં ગાળવામાં આવતો. એ વિનોદની શરૂઆત થાય તે પહેલાં હેમાચાર્યનું ધ્યાન આંબલીના વૃક્ષથી દૂર સીધા ચાલ્યા જતા એક પુરૂષ તરફ ખેંચાયું. એ પુરૂષે હેમાચાર્ય તરફ જોયું અને હેમાચાર્યે એ પુરૂષ તરફ જોયું પરન્તુ બેમાંથી એકેએ કાંઇ શબ્દોચ્ચાર કર્યો નહિ. તે પુરૂષ જરા દૂર ગયો એટલે હેમાચાર્યે પોતાના મુખ્ય શિષ્યને ધીમેથી કહ્યું: "રામચંદ્ર ! પેલો પુરૂષ જાય છે તેને તેં ઓળખ્યો ?"

"ના, મહારાજ ! પણ વેશ ઉપરથી તથા શસ્ત્રાસ્ત્રો ઉપરથી કોઇ રજપૂત યોદ્ધો જણાય છે." રામચંદ્રે ઉત્તર આપ્યો.

"એ કુમારપાળ છે; તેણે મારી સામે જોયું ખરૂં, પણ કાંઇ બોલ્યો નહિ ! અહો ! મનુષ્યસ્વભાવ બહુ વિલક્ષણ છે ! એક વખતે તેની કેવી દશા હતી અને અત્યારે તે રાજા થયો ! આગળનો સર્વ પ્રસંગ તે વિસરી ગયો લાગે છે ! राजा मित्रं केन दृष्टं श्रुतं वा ?" હેમાચાર્યે એક ઉંડો નિઃશ્વાસ નાંખ્યો.

રામચંદ્ર બોલ્યો: "કદાચ તેણે આપને ઓળખ્યા નહિ હોય, તેથી તે આપની તરફ જોયા છતાં ચાલ્યો ગયો હશે !"

હેમાચાર્યે ક્ષણભર વિચાર કર્યો અને કહ્યું: "સંભવિત છે, પણ ફીકર નહિ; તે પણ હું જોઇ લઇશ !"

પ્રકરણ ૪ થું.

ભીષણ પ્રક્રિયા.

કંટેશ્વરીના મંદિરના પૂજારીએ કુમારપાળને જણાવ્યા પ્રમાણે આજના યજ્ઞમાં કુમારપાળે પગે ચાલીને દેવીના મંદિરમાં એકલા આવવાનું હતું અને યજ્ઞનાં દર્શન કરવાનાં હતાં. આ વસ્તુસ્થિતિનો લાભ લઇને પોતાના વૈરાનળનું શમન કરવાની ચાહડે ગોઠવણ કરી હતી. ચાહડ પોતાની ઉમેદમાં નાસીપાસ થવાથી અત્યંત ગુસ્સે થયો હતો. પિતા ઉપર, સુભગા ઉપર, કૃષ્ણદેવ વગેરે ક્ષત્રિયો ઉપર અને ખુદ હેમાચાર્ય ઉપર પણ તેને ગુસ્સો આવ્યો હતો, પરન્તુ એ સર્વ ઉપર વૈર લેવા કરતાં સૌના કેંદ્રરૂપ એક કુમારપાળ ઉપર વૈર લેવામાં તે પોતાની કૃતકૃત્યતા સમજતો હતો. તેનું હૃદય નિરાશામાંથી ઉત્પન્ન થએલા વૈરથી બળી રહ્યું હતું, અને એ વૈરને શાંત કરવાને ભવિષ્યના રાજાનો જ ઘાત કરવાને તે ઉશ્કેરાઇ ગયો હતો.

કચેરી મંડપમાંની સભામાંથી ખિન્ન મને ઉઠી જઇને તે પરભાર્યો એક ભયંકર કાવતરાની યોજનામાં જ મંડી ગયો હતો અને કુમારપાળનો રાજ્યાભિષેક થયા પછી પહેલી જ તકે તેનો ઘાટ ઘડી નાંખવાની તેણે તૈયાર ગોઠવણુ રાખી હતી. કંટેશ્વરીનાં દર્શન કરવાને કુમારપાળ એકલો પગે ચાલીને જવાનો હતો. કંટેશ્વરીના મંદિરે જવાનો સીધો માર્ગ સિદ્ધપુરને દરવાજે થઇને જ જતો હતો એટલે ચાહડે સિદ્ધપુરના દરવાજાથી થોડે દૂર કુમારપાળને પહોંચી વળે તેવા મજબૂત આઠ મારાઓની ગોઠવણુ કરી રાખી હતી! પરન્તુ છેલ્લી ઘડીએ એ ખબર બારોટ હુઠીસીંગના જાણુવામાં આવી અને તેણે સુભગાને કહી; સુભગાએ કુમારપાળને વખતસર ચેતાવી દીધો એટલે કુમારપાળ કોઇને પણુ કહ્યા વિના સિદ્ધપુરના દરવાજાને બદલે બીજા દરવાજાથી શહેરની બહાર નીકળ્યો અને જરા ફેરમાં જઇને કંટેશ્વરીના મંદિરને માર્ગે વળ્યો! ચાહડના મારાઓ રાહ જોતા જ રહી ગયા અને કુમારપાળ સહીસલામત પસાર થઇ ગયો!

કુમારપાળ કંટેશ્વરીના મંદિરે જઇ પહોંચ્યો ત્યારે રાત્રિનો અંધકાર સર્વત્ર ફેલાઇ ગયો હતો. આસપાસમાં સર્વત્ર નિર્જનતા હોવાથી શાન્તિ વ્યાપી રહી હતી. એક બાજુએ નિબિડ અરણ્ય, બીજી બાજુએ સૂકી નાની નદીની રેતીમાં કોઇ ગામડાની શ્મશાન ભૂમિ હોવાથી પડેલા રાખના કેટલાક ઢગલાઓ, ત્રીજી બાજુએ પણુ અંધકારમાં ભળી જતા પાટણુના કોટના કાંગરાઓ અને ચોથી બાજુએ ઘઉંનાં લીલાંછમ ખેતરોનો વિસ્તાર આવી રહેલો હતો. કુમારપાળ મંદિરમાં દાખલ થયો એટલે બે બ્રાહ્મણોએ તેનો સત્કાર કરતાં તેની સામે આવીને કહ્યું: "ગુર્જરેશ્વરનો જય! મહારાજ! સઘળી સામગ્રી તૈયાર છે, હવે એકાદ ઘટિકા પછી જ યજ્ઞકાર્યનો પ્રારંભ થશે."

કુમારપાળે પૂછ્યું: "મહંત ક્યાં છે?"

"મહંત મહારાજ દેવીના ગર્ભદ્વારમાં કાંઇ તૈયારીઓ કરી રહ્યા છે. દર્મિયાનમાં આપ મારી સાથે પધારો તો હું આપને ભૈરવનાથનાં દર્શન કરાવું." એક બ્રાહ્મણે કહ્યું.

કુમારપાળ બોલ્યો: "ત્યારે આગળ ચાલ."

આગળ એ બ્રાહ્મણ અને પાછળ કુમારપાળ ચાલ્યો. દેવીમંદિરના ગર્ભદ્વારની સામે એક નાની બારીમાં થઇને ભૈરવનાથના દર્શનાર્થે જઇ શકાતું હતું. કુમારપાળ એ બ્રાહ્મણની પાછળ પાછળ બારીમાં પેઠો અને આગળ ચાલ્યો. અંધકાર વિસ્તરી રહેલો હોવાથી બ્રાહ્મણે હાથમાં એક બળતા દી-

વાનું કોડીઉં રાખ્યું હતું. એ બારીમાં થોડેક દૂર જતાં પત્થરની બાંધેલી એક નિસરણી આવી. એ નિસરણીએ થઇને બન્ને જણ નીચે ઉતર્યા. ડાબી બાજુએ થઇને એક સાંકડો માર્ગ જતો હતો તે દિશાએ બ્રાહ્મણની પાછળ પાછળ કુમારપાળ ચાલ્યો. એ માર્ગે કાંઇક ભેજવાળી અને ઠંડી હવા ગંધાવા લાગી. એવી હવામાં કુમારપાળ અકળાવા લાગ્યો પણ તે ભૈરવનાથનાં દર્શન કર્યા વિના પાછો ફરી શક્યો નહિ. થોડે આગળ વધતાં એ સાંકડા માર્ગમાં એક નાનો ચોક આવ્યો, ત્યાં આગળ કુમારપાળને ખુલ્લી હવા આવતી હોય તેવું લાગ્યું. તે ત્યાં થોડી વાર થોભ્યો અને થોડા દીર્ઘ શ્વાસ–પ્રશ્વાસવડે અકળામણ મટાડી. પછી તે પાછો બ્રાહ્મણની પાછળ પાછળ ચાલ્યો.

બ્રાહ્મણ કુમારપાળની અકળામણનું અનુમાન કરીને બોલ્યો: "મહારાજ! હવે આપણે કાંઇ બહુ દૂર જવાનું નથી. જુઓ, ભૈરવનાથના મંદિરમાંના ધૂપનો સુવાસ આવે છે." કુમારપાળે કશો ઉત્તર આપ્યો નહિ અને તે આગળ ચાલ્યો. થોડે દૂર જતાં જ મંદિરના દીવા દેખાયા. કુમારપાળે ત્યાં જઇને મસ્તક નમાવી વંદન કર્યું તથા એક સોનામહોર મેલી.

કુમારપાળ ત્યાંથી પાછો ફરવા જતો હતો એટલે બ્રાહ્મણે કહ્યું: "મહારાજ! આપણે આ બીજા માર્ગે થઇને જઇશું તો ઠીક પડશે." તેના એ શબ્દોપરથી કુમારપાળ બ્રાહ્મણની પાછળ બીજે માર્ગે ચાલ્યો. ત્યાંથી થોડે દૂર જતાં જ એક ઓરડામાં તેઓ આવી પહોંચ્યા અને બ્રાહ્મણ થોભ્યો.

કુમારપાળે પૂછ્યું: "કેમ આપણે અહીં જ બેસવાનું છે?"

બ્રાહ્મણે જવાબ દીધો: "બેસવાનું તો નથી; પણ આપણે અહીંથી દેવીના ગર્ભદ્વારમાં નીકળીશું, અને દેવીની સમીપે શસ્ત્રાસ્ત્રો ધારણ કરીને કોઇ જઇ શકતું નથી, એટલે આપ અહીં આપનાં સઘળાં શસ્ત્રાસ્ત્રો ઉતારી નાંખો."

"એમ કોઇ બને નહિ. ક્ષત્રિયોથી તેમનાં શસ્ત્રાસ્ત્રો કદાપિ વિખૂટાં પડે જ નહિ એ સોલંકીઓની કુળદેવી વધારે સારી રીતે સમજે છે."

"નહિ મહારાજ! પરંપરાના એ રીવાજનું ખંડન કરવાથી કુળદેવી ગુસ્સે થાય. મહારાજા સિદ્ધરાજ પણ અહીં જ્યારે જ્યારે આવતા ત્યારે ત્યારે શસ્ત્રાસ્ત્રો બહાર ઉતારીને જ દેવીના ગર્ભદ્વારમાં પ્રવેશ કરતા." બ્રાહ્મણે જણાવ્યું.

છેવટે કુમારપાળે શસ્ત્રો ઉતારી નાંખવાનું ઉચિત માન્યું. કમરેથી તલવાર, ભેટમાંથી કટાર અને બરછી, શરીરે ધારણ કરેલું બખ્તર એ સઘળું

તેણે ઉતારીને તે ઓરડામાં મેલ્યું અને તુરત જ તે બ્રાહ્મણની પાછળ પાછળ કુંટેશ્વરી દેવીના મંદિરના ગર્ભદ્વારમાં આવી પહોંચ્યો.

અહીં તેણે જે દૃશ્ય જોયું તેથી તે ઉંડા વિચારમાં પડી ગયો. દેવીની સમક્ષ આવેલા એક નાના આરસના કુંડમાં અગ્નિ બળી રહ્યો હતો. દેવીને અલંકારો અને ભયંકર શસ્ત્રાસ્ત્રો સજાવવામાં આવ્યાં હતાં, અને તેની સમક્ષ જૂદા જૂદા વર્ણનાં પાંચ નાનાં બકરાંને નીચાં મસ્તક રખાવીને–જાણે કે તે દેવીને નમન કરી રહ્યાં હોય તેવી રીતે–બાંધી રાખવામાં આવેલાં હતાં. તેની બાજુએ માત્ર એક લંગોટી પહેરેલો પ્રચંડ કાળા શરીરવાળો બાવો ઉભો હતો. તેના જૂદાં જૂદાં અવયવોપર સીંદૂરનાં તિલકો કરેલાં હતાં અને અનેક દીવાઓના પ્રકાશમાં તેના કૃષ્ણવર્ણીય શરીરની ભીષણતામાં તે વધારો કરી રહ્યાં હતાં. કુમારપાળે જોયું કે એ બાવો પોતે જ સ્હવારે પોતાને મળેલો દેવીના મંદિરનો મહંત હતો, પરન્તુ અત્યારે તે જૂદા જ વેશમાં હતો, છતાં કુમારપાળના હૃદયને જુગુપ્સાનો અનુભવ થવા લાગ્યો. એ વેશમાં મહંતને જોઇને તેનાં રોમ થરથરવા લાગ્યાં. તેણે ચારે દિશાએ નજર કરી તો જણાયું કે એ વિશાળ મંદિરમાં એ મહંત અને પોતાના સિવાય બીજું કોઇ નહોતું. બ્રાહ્મણ તો તેને ત્યાં મૂકીને ક્યારનો ચાલ્યો ગયો હતો. સામેના ચોકમાં એક નાનો દીવો બળી રહ્યો હતો અને ત્યાંના ગાઢ અંધકારમાં એ દીવાનો આછો પ્રકાશ ઉલટો વધારે ભયંકર લાગતો હતો. કુમારપાળને આ બધો પ્રસંગ અત્યંત ખેદ ઉપજાવવા લાગ્યો અને તેને એમ થવા લાગ્યું કે હવે અહીંથી જલ્દી જતા રહેવાય તો ઠીક. તે કાંઇ પણ બોલે તે પહેલાં તો મહંતે કહ્યું: “ મહારાજ ! આપ બરાબર વખતે જ આવી પહોંચ્યા છો. હમણાં જ યજ્ઞકુંડમાં અગ્નિદેવને પધરાવ્યા; હવે આપને હસ્તે તેમાં બલિદાન દેવાનું છે. ”

કુમારપાળ બોલ્યો: “ જે કાંઇ કરવાનું હોય તે હવે ઉતાવળે પતાવો. વખત વીતતો જાય છે. ”

મહંત બોલ્યો: “ મહારાજ ! દેવીની સામે આ જે કાળા રંગનું પાત્ર પડેલું છે તે આપ ગ્રહણ કરો. ”

કુમારપાળે એ પાત્ર ગ્રહણ કર્યું તો તેમાં કોહાએલું કાચું માંસ પડેલું જોવામાં આવ્યું. કુમારપાળે તેની દુર્ગંધથી મ્હોં કટાણું કર્યું અને પૂછ્યું: “ જલ્દી કહો, હવે એનું શું કરવાનું છે ? ”

મહંતે કહ્યું: “ તેમાંનું થોડું આ યજ્ઞકુંડમાં નાંખો અને થોડી પ્રસા-

દીનું આપ ભક્ષણુ કરો, એટલે યજ્ઞમાં નરબલિ અર્પણુ કરવાથી ઉપાર્જન થતા પુણ્યના આપ અધિકારી થશો.”

“શું આ નરમાંસ છે? અને તે હું ભક્ષણુ કરૂં? મહંત! આવી દુષ્ટ પ્રસાદી ભક્ષણ કરવાનું મને કહેતાં તમે વિચાર કરતા નથી?” કુમારપાળે જરા રોષ દર્શાવતાં કહ્યું.

મહંત હસ્યો અને બોલ્યોઃ “મહારાજ! પૂર્વે તો માતાજીની સમક્ષ સાક્ષાત્ નરબલિ અર્પણુ કરવામાં આવતો. અનેક હવિષ્ પદાર્થો અર્પણુ કરવા છતાં નરબલિ વિના માતાજી પ્રસન્ન થતાં નહિ, અને માતાજીના ઉપયોગને અર્થે પોતાના દેહને હોમવાને ઘણા ભાવિક ભકતો તૈયાર પણુ થતા. પરન્તુ હવે વખત બદલાતો જાય છે. ધર્મપરથી લોકોની શ્રદ્ધા ઓછી થતી જાય છે, એટલે આ થોડા નરમાંસવડે નરબલિનું કામ સારવામાં આવે છે! પ્રસાદીની ખાતર આપે તે ભક્ષણુ કરવું જ જોઇએ!”

એ પાત્ર, એ નરમાંસ, એ કૃષ્ણુવર્ણીય બાવાનું ભયંકર સ્વરૂપ જોઇને કુમારપાળને પૂર્વનો એક પ્રસંગ યાદ આવ્યો. એકવાર પોતે શ્મશાનભૂમિમાં બેભાન પડયો હતો, તે વખતે એક બાવો એક અર્ધા બળેલા મુડદામાંથી સેકાએલા માંસનું ભક્ષણુ કરતો હતો અને પોતાને પણુ એ માંસ ખાવા તેણે કહ્યું હતું, એ પ્રસંગ સાંભરતાં તેને યાદ આવ્યું કે એ માંસભક્ષી બાવો એ જ મહંત હતો! તેનો ચહેરો, તેનું સ્વરૂપ, એ સઘળું હવે કુમારપાળને સાંભર્યું. એ નરમાંસભક્ષી મહંત ઉપર તેને અત્યંત તિરસ્કાર ઉપજ્યો અને ગુસ્સાના આવેશમાં તેણે પોતાના હાથમાંનું પાત્ર ફેંકી દીધું!

મહંત બોલ્યોઃ “કેમ મહારાજ! એમ કર્યું? કુળદેવીનો એવી રીતે તિરસ્કાર કરવાથી આપના ઉપર તેનો કોપ ઉતરશે!”

“નરમાંસનું ભક્ષણુ કરવાના પાપથી પાછા હઠતાં જો દેવી કોપ કરતી હોય તો ભલે કોપ કરે, પણ હું એમ કરનાર નથી!” કુમારપાળે દૃઢતાથી જવાબ આપ્યો.

મહંત બોલ્યોઃ “મહારાજ! યજ્ઞ કરવા પધાર્યા છો અને એમ અધૂરૂં મૂકશો તે નહિ ચાલે. હજી તો આ પાંચે બકરાઓનો શિરચ્છેદ કરીને તેમનાં મસ્તકને યજ્ઞમાં હોમવાની ક્રિયા આપે કરવાની છે. અત્યારથી આપ કંટાળી જશો તે કેમ ચાલશે?”

કુમારપાળનું હૃદય જોરથી થડકવા લાગ્યું. બપોરે હાથીની અંબાડીમાં બેઠાં બેઠાં પોતે જેવાં પાંચ બકરાંઓને મુક્તિ અપાવી હતી તેવાં જ એ પણુ પાંચ બકરાં હતાં! કોમળ અજશિશુઓનો દેવીને માટે ઘાત

કરીને તેનું માંસ પોતે ખાવું એવી નિર્દયતા કુમારપાળના હૃદયને જરા પણ ગમી નહિ. તે ગુસ્સાના આવેશમાં બોલ્યોઃ "આ બધું બળિદાન તમે દેવીને માટે આપો છો કે તમારા ઉદરની બુભૂક્ષા શાન્ત કરવા માટે આ સઘળી ભીષણ પ્રક્રિયા આદરી બેઠા છો ?"

"દેવીને અર્થે જ ! બાકીની પ્રસાદી તો માતાજીના ભક્તો આરોગીને પાવન થશે !"

"અને તે દિવસે સ્મશાનભૂમિમાં બળતા મુડદાનું માંસ કાઢીને ખાતા હતા, તે પણ દેવીને જ અર્થે કે ?" કુમારપાળે ટોણો માર્યો.

મહંત હસ્યો અને બોલ્યોઃ "કુમારપાળ ! તમે મને ઓળખી ગયા છો, પણ તેથી હું કાંઇ બ્હીવાનો નથી ! હવે હું તમને ખુલ્લું જણાવું છું કે હું નરમાંસભક્ષી છું અને જ્યાંસુધી તમે આ નરમાંસનું ભક્ષણ નહિ કરો, ત્યાંસુધી તમે આ મંદિરમાંથી છૂટા થઇ શકશો નહિ !"

"ઓ બામણા ! શું તું મને કેદ કરીશ ? તારા પાપમાં મને પણ શું તું ભાગીદાર કરવા ઇચ્છે છે ? એ અજશિશુનો ઘાત તો હું નહિ કરૂં, પણ યાદ રાખજે કે બ્રહ્મહત્યા કરવામાં હું પાછો નહિ હઠતાં તારૂં રૂધિર આ મારી તલ્વારથી જ–" એટલું બોલતાં કુમારપાળે તલ્વાર કાઢવાને કમરપર હાથ નાંખ્યો, પણ તલ્વાર મળે નહિ ! તેને સાંભર્યું કે પોતે શસ્ત્રાસ્ત્રો ઉતારીને જ અહીં આવ્યો હતો !

મહંત ખડખડ હસી પડયો અને બોલ્યોઃ "મહારાજ ! વૃથા પ્રયત્ન છોડી દેજો ! જ્યાંસુધી આપ મારી આજ્ઞા પ્રમાણે નહિ વર્તો ત્યાંસુધી આપ મારી કેદમાં જ છો ! આપને ભૂખ્યા અને તરસ્યા હું ભોંયરામાં ભૈરવનાથના મંદિરમાં પૂરી રાખીશ અને મરણ પામશો ત્યારે જ બહાર કાઢીને આ સ્મશાનમાં બાળી દઇશ, પણ મારી વર્તણુક જાણ્યા પછી આપને પણ તેવા પાપના ભાગીદાર કર્યા વિના હું નહિ જવા દઉં !"

કુમારપાળ મહંતને જોરથી લાત મારીને બોલ્યોઃ "ઓ નીચ ! આ તું શું બોલે છે ? કાલે સ્હવારે હું તારા મંદિરનું અને તારૂં ખેદાનમેદાન કરી નાંખીશ !"

મહંતે ગર્વથી કહ્યુંઃ "મહારાજ ! આ વખતે તો સાંખી જઉં છું, પણ હવેથી નહિ સાંખું. યાદ રાખજો કે સોલંકીઓની કુળદેવીનું ખેદાનમેદાન કરનાર ગમે તેવા મોટા રાજાનું પણ ખેદાનમેદાન કરવાનું સામર્થ્ય મારામાં છે ! માટે વૃથા ગર્વ ન કરો !"

કુમારપાળની આંખોમાંથી અગ્નિકણોની વૃષ્ટિ થવા લાગી. ક્રોધથી તે

થરથર કંપવા લાગ્યો. પોતે શસ્ત્રો ઉતારી નાંખવામાં ગંભીર ભૂલ કરી હતી એવું તેને સમજાયું. હવે શું કરવું તેનો તે વિચાર કરતો લાગ્યો, એટલામાં તેની પાછળ એકાએક મોટો ખળભળાટ થયો! કુમારપાળે પાછું વાળીને જોયું તો જણાયું કે ખુલ્લી તલ્વાર સાથે ઉભેલા ચાહડની ગળચી પાછળથી હેમાચાર્યે મજબૂત રીતે પકડી હતી અને ચાહડ એકદમ ગુંગળાવાથી ગભરાતો હતો!

પ્રકરણ ૫ મું.

હેમાચાર્યનો પરમ ભક્ત.

ચાહડનો દુષ્ટ ઇરાદો ક્ષણાર્ધમાં કુમારપાળના સમજવામાં આવી ગયો અને તે સાવધ થયો. નિઃશસ્ત્ર હોવાને લીધે પોતે નિર્બળ બની ગયો હતો એવું તેના ધ્યાનમાં હતું, એટલે કુમારપાળે સૌથી પહેલાં છલંગ મારીને ચાહડના હાથમાંથી તલ્વાર ઝૂંટવી લીધી. હેમાચાર્ય—એ બહ્મવીર્ય પ્રચંડ-બાહુ મહાપુરૂષના હાથમાં ચાહડનું ગળું દબાયું હોવાથી તે તદ્દન નરમ બની ગયો હતો એટલે કુમારપાળને તેના હાથમાંથી તલ્વાર ઝૂંટવી લેતાં કશો વિશેષ શ્રમ વેઠવો પડયો નહિ. કુમારપાળ કંટેશ્વરીના પૂજારી—નરમાંસભક્ષી મહંત ઉપર એટલો કોપ્યો હતો કે ચાહડની જરા પણ ખબર લીધા વિના તે પોતાના હાથમાંની તલ્વાર સાથે મહંત ઉપર ધસ્યો, પણ આશ્ચર્ય સાથે તેણે જોયું કે મહંત ત્યાંથી કયારનોએ પલાયન કરી ગયો હતો! તત્ક્ષણ તે ચાહડ તરફ ફર્યો, પરન્તુ તેણે વિશેષ આશ્ચર્ય સાથે જોયું કે હેમાચાર્યે તેને પણ નાસી જવા દીધો હતો!! તે એકદમ બોલ્યો: “ગુરૂદેવ! ચાહડ કયાં ગયો? મારે તેની સાથે લડવું છે—હવે હું તેને ઠાર કર્યા વિના નહિ રહું!”

આડો હાથ ધરીને તેને થોભાવતાં હેમાચાર્યે કહ્યું: “કુમારપાળ! શાન્ત થા! ધીરો પડ! હવે ક્રોધને શમાવી લે! તારા બન્ને શત્રુઓ ભયથી નાસી ગયા છે! તેઓ પોતાની ધારણામાં અફળ ગયા છે એ જ તેઓને પૂરતી શિક્ષા થઇ છે, હવે તેમને વિશેષ શિક્ષા કરવાની જરૂર રહી નથી!”

“પણ મહારાજ! આપ રાત્રિને સમયે આ મંદિરમાં કયાંથી? આપે આજે મને જીવિતદાન દીધું છે! જો એક ક્ષણ આપ મોડા આવ્યા હોત તો ચાહડે મારો જીવ લીધો હોત!” કુમારપાળ બોલ્યો અને ભક્તિ-ગદ્દગદ્દ કંઠે હેમાચાર્યને પગે પડયો.

હેમાચાર્યે તેને ઉભો કરતાં કહ્યું: "કુમારપાળ! તારા દૈવે જ મને અહીં મોકલ્યો છે એમ કહું તો ચાલે! મેં તને અહીં આવતો જોયો હતો અને રાજ્યાભિષેકને જ દિવસે એકલો રાતને વખતે તું ક્યાં જાય છે તે જોવાને હું તારી પાછળ પાછળ આ મંદિરમાં આવ્યો હતો. કંટેશ્વરીમાં અતિ ભીષણ અને હિંસક પ્રક્રિયાઓ થાય છે એવું મેં સાંભળ્યું હતું અને તું તેમાં ભાગ લેવાને જાય છે કે કેમ તે જાણવાની મને અભિલાષા હતી. તે અભિલાષા પૂર્ણ કરવાને હું મંદિરમાં આવ્યો, તો મેં તારાપર અકસ્માત્ ચાહડની તલ્વાર ઝઝૂમી રહેલી જોઇ અને તે વખતે મેં જૈન સાધુના આચારને ક્ષણભર બાજુએ મેલીને પણ જૈન ધર્મના હેતુને લક્ષમાં રાખી તારૂં રક્ષણ કર્યું!"

"અહો! ગુરૂદેવ! હું આપનો કેટલો ઉપકાર માનું? એકવાર ખંભાતમાં આપે મને જીવિતદાન આપ્યું હતું અને અત્યારે પુનઃ આપે જ મારૂં રક્ષણ કર્યું! પ્રભુ! હું આપના ઋણમાંથી ક્યારે મુક્ત થઇશ?" કુમારપાળ ઉપકારવશતાથી બોલ્યો.

"ગુર્જરેશ્વર! એ ગત પ્રસંગો શું સાંભરે છે?"

"મહારાજ! થોડો પ્રમાદ થયો છે એ માટે ક્ષમા કરજો! ગુજરાતનું રાજ્ય મળ્યું—આપનું ભવિષ્યકથન ફળ્યું, પણ મને આપનું બિલકુલ સ્મરણ થયું નથી!"

"હું મારા શિષ્યમંડળ સાથે રાત્રિ પડી જવાથી નજીકના એક વૃક્ષ તળે રાત્રિવાસ કરી રહ્યો છું. તેં મારી સામે જોયું હતું અને મેં તારી સામે જોયું હતું, છતાં શું તને હું સાંભર્યો નહિ?" હેમાચાર્યે પૂછ્યું.

"ગુરૂદેવ! હવે એ યાદ આવે છે. મેં તે વખતે એ સાધુમંડળ સામે જોયું હતું, પરન્તુ તેમાં આપ પોતે છો એવું પ્રકાશના અભાવથી મારા લક્ષમાં બરાબર આવ્યું નહોતું. એ પ્રમાદનું હવે મને પ્રાયશ્ચિત્ત આપો, અને જે રાજ્ય આપની જ કૃપાથી મળ્યું છે તથા જે જીવન આપની જ કૃપાથી ટક્યું છે, તે મારૂં સર્વસ્વ હું આપના ચરણારવિંદમાં અર્પણ કરૂં છું તેનો સ્વીકાર કરો!" કુમારપાળ અતિ ભક્તિમાન્ હૃદયે બોલ્યો.

હેમાચાર્યે ઔદાર્યસૂચક સ્મિત કરીને કહ્યું: "કુમારપાળ! રાજ્ય કરવા કે સંપત્તિ એકઠી કરવા માટે આ ત્યાગી ધર્મ અંગીકાર કર્યો નથી! તારા સરળ અને ભક્તિમાન્ હૃદયથી હું સંતુષ્ટ છું, પરન્તુ પૂર્વે મેં તને કહ્યું હતું અને અત્યારે પુનઃ કહું છું કે તું મારૂં એક વચન માત્ર માન્ય રાખજે!"

"એક વચન ? શું માત્ર એક જ વચન ? તેમાં આપે શું માંગ્યું ? કૃપા કરીને તે મને જણાવો એટલે હું કૃતાર્થ થઉં."

"હજી વાર છે. પાટણમાં પહોંચ્યા પછી હું તને તે કહીશ અને તે પ્રમાણે તું ચાલજે. મારૂં જીવનસૂત્ર એ વચનના પરિપાલનમાં જ સમાઇ રહેલું છે." હેમાચાર્યે જણાવ્યું.

"હવે અત્યારે આપ ક્યાં રહેશો ?" કુમારપાળે પૂછ્યું.

"પેલા વૃક્ષ તળે જ રાત્રિ ગાળવાનો મારો સંકલ્પ છે. પરન્તુ આપણે અહીંથી ચાલ્યા જઇએ તે પહેલાં આ નિર્દોષ પાંચ બકરાંઓને મુક્ત કરી નાંખ !" હેમાચાર્યે આજ્ઞા કરી.

કુમારપાળે તત્ક્ષણ એ બકરાંઓને ગળે બાંધેલી દોરડી તલ્વારથી કાપી નાંખી અને પછી બકરાંઓને મંદિરની બહાર છૂટાં મૂકી દીધાં. પછી તેણે ઉતારી નાંખેલાં શસ્ત્રાસ્ત્રો પુનઃ ત્યાં જઇને ધારણ કર્યાં અને તે હેમાચાર્યની સાથે પૂર્વોક્ત આંબલીના વૃક્ષ તળે આવ્યો. ત્યાં આગળ હેમાચાર્યનું શિષ્યમંડળ ગુરૂના આગમનની રાહ જોઇ રહ્યું હતું. કુમારપાળ હેમાચાર્યના ઉપકારના ભાર નીચે એટલો બધો દબાયો હતો કે એ આંબલીના વૃક્ષ તળે જ હેમાચાર્યના ચરણ પાસે સૂઇ રહીને તેણે રાત્રિ ગાળી.

પ્રકરણ ૬ ઠું.

અમારિ ઘોષણા–હેમાચાર્યનું જીવનસૂત્ર.

રાત્રિનો છેલ્લો પ્રહર થવા આવ્યો છતાં કુમારપાળ રાજમહાલયમાં પાછો ફર્યો નહિ, એટલે ભૂપાળદેવીને ચિંતા થવા લાગી. તેણે કુમારપાળના અંગરક્ષકોને દેવીના મંદિર તરફ રાજાને શોધવાને મોકલ્યા. પ્રભાત થતાં તેઓ કુમારપાળને આવીને મળ્યા અને રાજમહાલયમાં ફેલાએલી ચિંતાના સમાચાર આપ્યા. કુમારપાળે જણાવ્યું: "તમે સૌ શહેરમાં પાછા ફરો અને મંત્રીશ્વરને કહેજો કે મારા ગુરૂદેવ હેમાચાર્યની કૃપાથી હું આજ રાત્રે જીવતો રહ્યો છું. તેમની સાથે જ પગે ચાલીને હું પાટણમાં આવું છું. મારા ગુરૂદેવનો નગરપ્રદેશ સંપૂર્ણ ધામધૂમ સાથે થાય એવી મારી ઇચ્છા હોવાથી મંત્રીશ્વરને મારી તરફથી આજ્ઞા સંભળાવજો કે એ ધામધૂમમાં જરા પણ ન્યૂનતા આવે નહિ."

અંગરક્ષકો એ સમાચાર લઇને નગર તરફ પાછા ફર્યા. કુમારપાળ

હેમાચાર્યની સાથે નગર તરફ ચાલ્યો. તેઓ સર્વ દરવાજે પહોંચ્યા તે પહેલાં તો મોટી સ્વારી સાથે મંત્રીશ્વર હેમાચાર્યનો સત્કાર કરવાને આવ્યા હતા. પાટણનો પ્રત્યેક શ્રાવક ત્યાં આવ્યો હતો અને રાજાની આજ્ઞાને લીધે અન્ય-ધર્મી અધિકારીઓ અને બીજાઓ પણ આવ્યા હતા. વિવિધ પ્રકારનાં વાદિત્રો ઉત્સાહનું દર્શન કરાવતાં હતાં અને પુનઃ પુનઃ હેમાચાર્ય મહારા-જના જયજયકારનો ધ્વનિ એકઠા થએલા લોકોમાં ગાજી રહેતો હતો.

રાજાની ઇચ્છાથી હેમાચાર્ય પોતાના શિષ્યમંડળની સાથે સીધા રા-જમહાલયમાં ગયા. એકત્ર થએલા લોકો રાજમહાલયના મોટામાં મોટા ઓરડામાં પણ સમાય તેમ નહોતું, તેથી દરબારગઢના ચોગાનમાં જ સૌ બેસી ગયા અને એક ઉંચા ઓટલાપર હેમાચાર્ય બેઠા. કોલાહલ શમતાં બહુ વાર લાગી. ત્યાંસુધી હેમાચાર્ય શાંત રીતે બેસી રહ્યા. કોલાહલ શમ્યા પછી કુમારપાળ ઉઠયો અને કંટેશ્વરીના મંદિરમાં બનેલો બનાવ સૌની સમક્ષ કહી સંભળાવ્યો. મહંતની નીચતા અને ચાહડની દુષ્ટતાની વાત સાંભળી સર્વ કોઇ ગુસ્સાના આવેશમાં આવી ગયા અને હેમાચાર્યે પોતાનો કેવી રીતે બચાવ કર્યો એ વાત જ્યારે તેણે કહી ત્યારે હેમાચાર્યના નામના જયધ્વનિની ગર્જના બધો લોકસમુદાય કરવા લાગ્યો. હેમાચાર્યની સમય-સૂચકતાની તથા સાહસની સૌ પ્રશંસા કરવા લાગ્યા અને અનેક મુખોમાંથી એવો ઉદ્‌ગાર નીકળ્યોઃ “ગુરૂદેવ ! હવે અમને કાંઇ ઉપદેશ આપો !”

હેમાચાર્યે ગંભીર વાણીથી જણાવ્યુંઃ “જિજ્ઞાસુ ભાઇઓ ! ગુર્જરેશ્વરે અત્યારે તમારી સમક્ષ એવું કહ્યું કે રાત્રે મેં તેમને જીવિતદાન આપ્યું, પરન્તુ એમ માનવું તે મનુષ્ય પ્રાણીની એક ભ્રમણા માત્ર છે ! धर्मो रक्षति रक्षितः ॥ જો ધર્મનું રક્ષણ કરવામાં આવે તો એ ધર્મ જ આપણું રક્ષણ કરે છે ! મેં એ પવિત્ર વાક્યમાં સમાએલા સત્યનો જ આ બનાવમાં અનુભવ કર્યો છે. તમે સર્વ જણાઓ વિચાર કરો કે ગઇ રાત્રે એ દેવીમંદિરમાં કુમારપાળ મહારાજે કેટલું સંકષ્ટ વેઠીને ધર્મનું પાલન કર્યું છે ! નરમાંસ ભક્ષણ કરવાનું પાપ એ દુષ્ટ મહંત તેમની પાસે કરાવવા ઇચ્છતો હતો અને તેનું કારણ માત્ર એટલું જ હતું કે પૂર્વે એ મહંતે શ્મશાનભૂમિમાં બળતા મુડદામાંથી સેકાએલું માંસ રાત્રિને વખતે ચોરી ખાવાનો ધંધો કરેલો એ કુમારપાળે પોતાની નજરે જોયું હતું અને તેથી એ મહંતનું એવું દુષ્ટ આચરણ જાણ્યા પછી કુમારપાળ પણ જો એવું આચરણ કરે તો સારૂં એવી એ મહંતની ભયંકર ઇચ્છા હતી ! પોતે જે પાપ કરે તે જ પાપ બીજાઓ પણ કરે તો સારૂં એવી ઘણા દુષ્ટ મનુષ્યોની ધારણા હોય છે કારણકે એમ થવાથી એક જ

પ્રકારના દુષ્ટ માણુસોનો સમુદાય વધે છે અને તેઓ પોતાનાં દુષ્ટ આચરણોને છુપાવવામાં અથવા તો તેનો જગતમાં વિજય કરાવીને સ્વાર્થ સાધવામાં સફળતા મેળવી શકે છે. પોતાનો વાડો એવી રીતે વધવાથી પોતાને પોતાનાં દુષ્ટ આચરણથી બીજાઓથી શરમાવું ન પડે—આ બનાવમાં ગુર્જરેશ્વર પોતે જો નરમાંસભક્ષણનું પાપ કરે તો તે પોતાની કશી નિંદા ન કરી શકે એવો હેતુ એ મહંતના હૃદયમાં હતો અને તેથી તેણે દેવીની પ્રસાદીને નામે આ પાપ ગુર્જરેશ્વર પાસે કરાવવાનું ધાર્યું હતું! ઘણા ધર્મભોળા લોકો દેવીના કોપને નામે એવાં દુષ્ટ કાર્યોમાં ફસાય છે અને ધર્મને બદલે પાપના પોટલા બાંધે છે! પરન્તુ કુમારપાળે અડગ વૃત્તિથી ધર્મનું રક્ષણ કર્યું છે! એકવાર જ્યારે બે દિવસની ભૂખથી તે અત્યંત વ્યાકુળ થઇ ગયા હતા ત્યારે એ મહંતે તેને નરમાંસ ખાવા આપ્યું હતું, પરન્તુ તેમણે તે ખાવાની ના કહી હતી, કારણકે એ પશુવત્ કાર્ય કરવા કરતાં મરણ પામવું એ શ્રેયસ્કર છે એવી ધાર્મિક ભાવના તેમના હૃદયમાં હતી. આ વખતે પુનઃ તેમણે એવું જ પાપ કરવાની ના કહી છે! મહંતે તેમને મંદિરમાં પૂરી રાખવાનો ભય બતાવ્યો હતો છતાં તે હિંમત હાર્યા નહિ અને એ પાપ કરવાની તથા પાંચ નિર્દોષ બકરાંઓને રહેંસી નાંખીને તેમને યજ્ઞકુંડમાં હોમવાની ખુલ્લી ના કહી! આટલી મુશ્કેલીથી જે મનુષ્ય ધર્મનું પાલન કરે તે જ ધર્મ તે મનુષ્યનું પાલન કેમ ન કરે વારૂ? આ એક પ્રત્યક્ષ પ્રમાણ છે કે જો તેમણે ધર્મનું પાલન કર્યું તો એ ધર્મના જ પ્રભાવે તેમનું સંરક્ષણ કર્યું! હું તો તેમાં માત્ર નિમિત્તભૂત થયો છું—વસ્તુતઃ મેં તેમાં કશું જ કર્યું નથી!"

ધર્મપાલનના અલૌકિક પ્રભાવ વિષેના આ પ્રત્યક્ષ પ્રમાણથી શ્રોતાઓ ઉપર ઉંડી અસર થવા પામી. ઘણાના હૃદયમાં ધર્મ ઉપરની શ્રદ્ધા વિશેષ દૃઢ થવા પામી. શ્રોતાઓનાં અંતર્ પ્રફુલ્લિત થયાં અને સૌના હૃદયમાંથી ભક્તિનો સૂક્ષ્મ પ્રવાહ હેમાચાર્ય તરફ વહન કરવા લાગ્યો. હેમાચાર્યે પોતાનો ઉપદેશ આગળ ચલાવતાં કહ્યું: "હે શ્રોતાઓ! ધર્મ ઉપરની દૃઢ શ્રદ્ધા એકલી જ આવું અલૌકિક ફળ આપતી નથી, પરન્તુ તે શ્રદ્ધાને અનુસરીને ધર્મની આજ્ઞાઓનું યથાર્થ પાલન કરવામાં આવવું જોઇએ. એ વિષયમાં ગુર્જરેશ્વરની દૃઢતા જ તમો સર્વેએ બોધ લેવાયોગ્ય છે. આવા સ્વધર્મનિષ્ઠ રાજેંદ્ર ગુજરાતની ભૂમિને પ્રાપ્ત થયા છે તે એનું મહદ્ ભાગ્ય છે. હે કુમારપાળ! ગુજરાતના રાજેંદ્ર! તમોને સંબોધીને પણ હું કહું છું કે, તમારી ધર્મવૃત્તિથી તમને પ્રત્યક્ષ લાભ થયો છે. એ ધર્મવૃત્તિથી જ તમારૂં સંરક્ષણ થયું છે.

નિર્દોષ જીવોનો ઘાત કરવો એ એકલા જૈન ધર્મમાં જ નહિ સર્વ ધર્મમાં પાપરૂપ મનાય છે. એ પાપ એવું ભયંકર છે કે તે ક્ષણુ માત્રમાં મનુષ્યના સુખનો નાશ કરે છે! હિંસાથી પીડા પામતાં પ્રાણીઓના નિઃશ્વાસની જવાળા જ એટલી પ્રબળ હોય છે કે તેનાથી મનુષ્યનો ધર્મ જ નહિ પણ ઐહિક અને આમુષ્મિક સર્વસ્વનો નાશ થાય છે! જીવોપરની કરૂણા એટલી સુફળદાયિની છે કે તેથી મનુષ્ય પોતાના સર્વ ઉચ્ચાશયોને સાધી શકે છે. જીવોને મારવા નહિ એ જ એ કરૂણા નથી. આ જગતમાંના સર્વ જીવોનો આપણા સાથેનો સંબંધ વિચારતાં આપણી દૃષ્ટિએ તેઓના ચાર વર્ગ પાડી શકાય છે. એક પ્રકારના જીવો એવા છે કે જેઓ આપણા સરખા છે, બીજા પ્રકારના આપણાથી ઉંચા છે, ત્રીજા પ્રકારના આપણાથી હલકા છે અને ચોથા પ્રકારના આપણા વિરોધીઓ છે. એ ચારે પ્રકારના જીવો પ્રત્યે ચાર જૂદા જૂદા પ્રકારની કરૂણા દાખવવી જોઇએ અને એ જ ખરી જીવદયા અથવા તો સમાન ભાવ કહેવાય. આપણા સરખા પ્રાણીઓ પ્રત્યે આપણે મિત્રબુદ્ધિ રાખવી જોઇએ, આપણાથી ઉંચા પ્રાણીઓ પ્રત્યે આપણે તેમની ઉચ્ચ સ્થિતિને માટે પ્રમોદ—આનંદ દર્શાવવો જોઇએ, આપણાથી હલકાઓ પ્રત્યે માધ્યસ્થ્ય વૃત્તિ રાખીને વર્તવું જોઇએ. એ પ્રમાણે જ્યારે ચાર જૂદા જૂદા પ્રકારના પ્રાણીઓ પ્રત્યે એવી ચાર જૂદી જૂદી ભાવનાથી વર્તી શકીએ ત્યારે જ આપણે ખરી સમાનવૃત્તિ અથવા જીવદયાને સમજ્યા લેખાઇએ. હવે હું તેનું એક ઉદાહરણ સમજાવું છું. જ્યારે ગઇ રાત્રે ચાહડે નિઃશસ્ત્ર અને અસાવધ કુમારપાળ ઉપર હલ્લો કર્યો ત્યારે કુમારપાળ ચાહડ કરતાં ઓછી શક્તિના હતા તેથી ચાહડમાં જો ખરી જીવદયા અથવા સમાનવૃત્તિ હોત તો તે કુમારપાળ ઉપર એવી રીતે હલ્લો કરત નહિ અથવા તો તે કુમારપાળને સાવધ કરી તેમના હાથમાં શસ્ત્ર આપી પોતાના સરખા તેમને બનાવત અને પછી યુદ્ધ કરત. પરંતુ ચાહડમાં એ ગુણ નહોતો. મારી દૃષ્ટિમાં કુમારપાળ અબળ—નિઃશસ્ત્ર હોઇને સંરક્ષણ કરવાયોગ્ય જણાયા અને ચાહડ વિરોધી હોઇ મારી માધ્યસ્થ્ય વૃત્તિને યોગ્ય હતો. જો તે વખતે મેં ચાહડ પ્રત્યે અવગણના દર્શાવી હોત તો કુમારપાળનો ઘાત થાત, તેથી મેં ચાહડનું ગળું પકડયું અને કુમારપાળને બચાવ્યા; પરન્તુ તત્ક્ષણ કુમારપાળે ચાહડના હાથમાંથી તલ્વાર ખૂંચવી લીધી એટલે તે સબળ બન્યા! ચાહડ વિરોધી હોવા છતાં અબળ બની જવાથી મને અવગણનાયુક્ત—ક્ષમાને પાત્ર જણાયો અને મેં તેને છૂટો મૂકીને નાસી જવા દીધો! જો એ વખતે મેં તેને પકડી રાખ્યો હોત તો આવેશમાં આવી ગએલા ગુર્જરેશ્વરને હસ્તે અવશ્ય તેનો ઘાત થવા પા-

મત. એ હિંસાના પ્રસંગને ટાળી દેવા માટે ચાહડના વિરોધને ગણકાર્યા વિના મેં તેને છોડી દીધો ! હે કુમારપાળ ! શ્રવણ કરો !

“ एवं जीवदया कुमारनृपते धर्मस्य सज्जीवितं ।
“ सर्वत्र प्रतिपादितेति निपुणं ज्ञात्वात्मना संप्रति ॥
“ कुर्वन् शुद्धमनाः स्वयं परजनैस्तां कारयन् भूतले ।
“ भूयास्त्वं जगदेकमस्तकमणिर्लोकोत्तरपौरुषः ॥”*

હેમાચાર્ય એટલું બોલીને શાંત થયા એટલે કુમારપાળ સત્વર હેમાચાર્યના પગને મસ્તક અડાડીને બોલ્યો: “ કૃપાળુ ગુરૂદેવ ! આપનો ઉપદેશ મને શિરસાવંદ્ય છે. હું તે ગ્રહણ કરૂં છું. પરન્તુ આપ મને જે એક વચન માનવાનું કહેતા હતા, તે વચન મને કહો એટલે હું કૃતાર્થ થઉં.”

હેમાચાર્ય બોલ્યા: “ ભક્તિમાન્ કુમારપાળ ! આ જ તે વચન છે. બીજું કશું નથી. તમે જીવદયાને ધારણ કરો અને બીજાઓને જીવદયા પાળતા બનાવો–ગુજરાતના એક છેડાથી બીજા છેડા સુધી જીવદયા–સર્વ જીવો પ્રત્યેનો સમાન ભાવ વર્તી રહે એમ થએલું જોવાથી મને મારા જીવનમાં એકની એક વાસના છે. એ વાસનાની પૂર્ણાહુતિ એ જ મારૂં જીવનસૂત્ર છે. તમારી પ્રત્યે એ જ મારી યાચના છે ! ”

કુમારપાળ આશ્ચર્ય વ્યક્ત કરતો બોલ્યો: “ ગુરૂદેવ ! માંગીમાંગીને શું આટલું જ તમે મારી પાસેથી માંગ્યું ? આપના વચન ઉપર તો હું મારૂં રાજ્ય ડૂલ કરવાને તૈયાર છું, અને આપે આટલી નાની માંગણી કેમ કરી ? ”

હેમાચાર્યે મન્દ સ્મિત કરીને કહ્યું: “ કુમારપાળ ! એ માંગણી નાની નથી, ઘણી મોટી છે. તેમાં આ ગુજરાતનું અને આખા દેશનું ભાવી કલ્યાણ સમાએલું છે. દેશનો અને ધર્મવૃત્તિનો ધ્વંસ થાય એવાં સર્વ પ્રકારનાં કારણોનો નાશ કરવા માટે જ સર્વત્ર સમાન વૃત્તિનો ફેલાવો થએલો જોવાની મારી ઇચ્છા છે. સર્વત્ર અહિંસાવૃત્તિ પ્રવર્તી રહે તેમ કરવાની મારી વાસના જ મારા જીવનનું લક્ષ્યબિંદુ છે. ગુર્જરેશ્વરની આજ્ઞાથી ગુજરાતમાં અને તેના તાબાના સઘળા દેશોમાં કોઇ કોઇની હિંસા ન કરે–સર્વ પ્રાણીઓ પ્રતિ સ્વાત્મવત્ ભાવ રાખે તેમ થાય તો હું મને કૃતાર્થ થએલો માનું.”

---

* અર્થાત્—એવી રીતે, હે કુમારપાળ નૃપતિ ! ધર્મનું ખરૂં જીવિત જે જીવદયા છે તે સર્વત્ર પ્રતિપાદન કરેલી છે એવું તમારા મનમાં સારી રીતે સમજીને તમે શુદ્ધ મનથી પોતે પાળી અને બીજા પાસે તે દયાને પળાવી જગત્‌માં લોકોત્તર પરાક્રમવાળા એક શિરોમણિ થાઓ ! (કુ. પ્ર.)

"ઓ પ્રભુ !" કુમારપાળ ભક્તિવશ હૃદયે બોલ્યો: "આ ક્ષણે હું એવી આજ્ઞા મારા આખા રાજ્યમાં જાહેર કરૂં છું. ધર્મ નિમિત્તે કે અન્ય કોઇ પણ કારણ નિમિત્તે થતો પ્રાણીઓનો વધ હવે મારા રાજ્યમાં નહિ થાય. હું પોતે મારૂં જીવન પૂર્ણ થતાં સુધી મદ્ય–માંસને હાથ પણ નહિ લગાડું. શોખને કારણે નિર્દોષ પ્રાણીઓનો શિકાર કરવાનું આ ક્ષણે હું ત્યાગી દઉં છું અને મારા રાજ્યનાં જંગલોમાં વસતાં સૃષ્ટિસૌંદર્યની પ્રસાદી રૂપ પશુપક્ષીઓને અભયદાન આપું છું. નિર્દોષ પ્રાણીનો વધ કરનારને મનુષ્યવધના જેટલી જ સજા થાય એવી મારી આજ્ઞા હું સર્વત્ર જાહેર કરીશ. ઓ કૃપાળુ ગુરૂદેવ ! કહો, કહો, હવે આપની બીજી કઇ ઇચ્છા છે ?"

"કાંઇ જ નહિ, કુમારપાળ ! તારી એ આજ્ઞાનો–અમારિ ઘોષણાનો સર્વત્ર વિસ્તાર થશે ત્યારે હું સંતોષથી આ વીરભૂમિને વીરતાનું ખરૂં અવલંબન કરતી નિહાળીશ ! क्षमा वीरस्य भूषणम् । એ ભૂષણ ગુજરાતની વીરભૂમિને જ્યારે શોભાવશે ત્યારે તે સર્વ દેશોમાં ઉચ્ચતમ પદવીને પ્રાપ્ત થયેલી પવિત્ર ભૂમિ લેખાશે."

કુમારપાળ આનંદ પામતો બોલ્યો: "મારૂં ધન્ય ભાગ્ય કે મારી એક આજ્ઞામાત્રથી ગુજરાતની ભૂમિને એ પવિત્રતાનો લાભ થશે !"

સર્વ હૃદયો ઉલ્લાસ પામી ગયાં. જૈનેતર ધર્મવાળાઓ પણ કંટેશ્વરીના મહંતના ઘૃણાજનક વર્તનથી એટલો ત્રાસ પામી ગયા હતા કે ધર્મનિમિત્તે એવી હિંસા થતી અટકે તેમ થએલું જોવાને તેઓ પણ આતુર હતા. કેટલાક હિંસાપ્રિય જનોને કુમારપાળ એક જૈન ધર્મગુરૂનો શિષ્ય બની જાય એ રૂચતું નહોતું, પરન્તુ તેવાઓની સંખ્યા બહુ નાની હતી. બીજા સર્વ કોઇને આ સાંભળીને આનંદ થઇ ગયો. શ્રાવક સમુદાયનો હર્ષ તો અવર્ણનીય હતો. હેમાચાર્યનું ઉંચું જીવનસૂત્ર અને તે પાર પાડવાને તેમણે લીધેલો માર્ગ એ સૌની પ્રશંસાને પાત્ર થઇ પડયાં હતાં. શ્રાવકો હેમાચાર્યની ચતુરાઇ, પ્રભાવ, ઉચ્ચ વર્તન અને ધર્મપ્રિયતા ઉપર ફીદા ફીદા થઇ ગયા હતા.

થોડીવારે કુમારપાળ હેમાચાયને વંદન કરી રાજમહાલયમાં ગયો. એકત્ર થએલો લોકસમુદાય વીખરાવા લાગ્યો. હેમાચાર્ય ઉપાશ્રયમાં આવ્યા. અત્યારસુધી મૌન રહીને સર્વ કાંઇ નિહાળી રહેલો ઉદયન તે વખતે હેમાચાર્યના ખોળામાં મસ્તક મેલીને હર્ષાતિરેકથી રડતો બોલ્યો: "કૃપાળુ ગુરૂદેવ ! આપે તો આખી ગુજરાતને તારી દીધી !"

પ્રકરણ ૭ મું.

'જૈન ધર્મ' અને 'જૈનત્વ.'

હેમાચાર્યે પોતાના જીવનમાં અત્યારસુધીમાં આજના જેવો સંતોષ કદાપિ અનુભવ્યો નહોતો. લાંબા વખતથી તેમની જે ભાવના હતી તે ભાવના આજે પરિપૂર્ણ થઇ હતી. તે નિરાંત કરીને ઉપાશ્રયમાં એક આસન ઉપર આવીને બેઠા. શિષ્યો આહારાદિની તજવીજ કરવામાં ગુંથાયા. એટલામાં બાલચંદ્ર શરમાતો શરમાતો નીચું જોઇને ઉદાસ વદને ગુરૂની સમીપે આવીને ઉભો રહ્યો અને તેમના ચરણ ઉપર મસ્તક મૂકીને બોલ્યો: "ગુરૂ મહારાજ ! મેં આપનો મોટો અપરાધ કર્યો છે, મને તેનું પ્રાયશ્ચિત્ત આપો."

હેમાચાર્યે દયાની લાગણીથી બાલચંદ્ર તરફ જોયું. તે સમજી ગયા હતા કે બાલચંદ્રે કોઇ પ્રકારની ગફલતથી માથે લીધેલું કાર્ય બજાવ્યું નહોતું, અને તે જ અપરાધની તે આ ક્ષણે ક્ષમા માંગે છે. હેમાચાર્યે કહ્યું: "બાલચંદ્ર ! તારો અપરાધ હું સમજ્યો છું, પરન્તુ તે અપરાધ કેવી રીતે બન્યો તે હું જાણતો નથી."

બાલચંદ્રે ગદ્‌ ગદ્‌ કંઠે—પશ્ચાત્તાપની લાગણી સાથે બનેલી સઘળી વાત ખરેખરી કહી દીધી. પોતે સૌંદર્ય અને માધુર્યના મોહમાં કર્તવ્યને વિસરી ગયો તેથી ગુરૂએ સોંપેલા મહત્ત્વના કાર્યની પોતાથી અવગણના થઇ હતી એવું તેણે ખુલ્લે મને કબૂલ કર્યું. હેમાચાર્ય બોલ્યા: "બાલચંદ્ર ! જે કાર્ય તેં ન કર્યું તે સુભગા જેવી એક બાળાએ કેવી ચતુરાઇથી કર્યું તે તેં જાણ્યું હશે. સુભગાની એ ચતુરાઇથી જ તારી ગફલતથી થવો જોઇતો અનર્થ ન થયો, નહિતો કેટલો અનર્થ થાત તે તું સમજ્યો હોઇશ. તારી ગફલતની ગંભીરતા જો સંપૂર્ણ રીતે તારા લક્ષમાં આવી હોય અને તેથી તને પશ્ચાત્તાપ થતો હોય તો પછી તને તે કરતાં વિશેષ પ્રાયશ્ચિત્ત આપવાની કાંઇ જ જરૂર નથી."

એ પ્રમાણે ક્ષમા મળવાથી બાલચંદ્રના હૃદય ઉપરનો ભાર ઘણે અંશે ઓછો થઇ ગયો, પરંતુ હેમાચાર્ય બાલચંદ્રના મનની નિર્બળતા સમજી ગયા. બાલચંદ્ર પોતાનો એક વિદ્વાન્ શિષ્ય હોવા છતાં ચળ—વિચળ મનનો હતો અને તેથી તેની વિદ્વત્તાના પ્રમાણમાં તે લોકસેવાનું કાર્ય કરી શકશે નહિ એવું તેમણે અનુમાન કર્યું. તે જ ક્ષણે વાહડ હેમાચાર્યની સમીપે આવ્યો અને વંદન કરીને ઉભો. હેમાચાર્યે તેને કહ્યું: "વાહડ ! ખંભાતમાં હું હતો ત્યારે એકવાર તેં મને એવું પૂછ્યું હતું કે બાલચંદ્ર

જેવા વિદ્વાન્ શિષ્યને કોઇ બીજા પ્રદેશમાં મોકલી ત્યાં પણ રાજાશ્રય સાધીને ધર્મપ્રચારનું કામ તમે કેમ કરતા નથી, તે તને યાદ છે કે ?"

"હા, ગુરૂદેવ ! તે મને સાંભરે છે."

"તેનો તને જવાબ મળે એવો પ્રસંગ આજે બન્યો છે." એમ કહી હેમાચાર્યે બાલચંદ્રને સોંપેલા કાર્યની અને તેણે મુગ્ધતાથી કરેલી ગફલતની સઘળી વાત વાહડને કહી અને પછી જણાવ્યું: "રાજાશ્રય સાધવો એ અત્યંત વિકટ કાર્ય છે. વાહડ ! અનેક પ્રકારની લાલચોની વચ્ચે નિઃસ્પૃહ રહેવું અને પરોપકારનું કાર્ય કરવું તે અગ્નિ પાસે ઉભા રહ્યા છતાં શીતલ ને શીતલ રહેવા જેટલું દુષ્કર કાર્ય છે. એકલી વિદ્વત્તા જ નહિ પણ અપૂર્વ આત્મબળની તે માટે જરૂર છે અને વીરલ આત્મસંયમી—ખરા મનઃસંયમી સાધુઓ જ તે સિદ્ધ કરી શકે છે. હું આત્મશ્લાઘા કરતો નથી, પરંતુ એટલું તો કહું છું કે રાજાશ્રય પ્રાપ્ત કરવો એ કાજળની કોટડીમાં જવા છતાં નિષ્કલંક રહેવા તુલ્ય છે અને એ રાજાશ્રયને ટકાવી રાખવો તે ખડ્ગની ધાર ઉપર નૃત્ય કરવા બરાબર છે. અત્યંત દૃઢ મનોવૃત્તિ અને નિશ્ચલ ભાવ વિના જેઓ મારે પગલે ચાલીને પણ રાજાશ્રયના લોભથી ભવિષ્યમાં આગળ ડગલું ભરશે તેઓ થોડેક જતાં જ ફસાઇ જશે, પોતાનું ઐહિક અને આમુષ્મિક શ્રેયસ્ ગુમાવશે. બાલચંદ્રના આ દૃષ્ટાંતથી તો હવે મારી આ માન્યતા વધારે દૃઢ થવા પામી છે."

"એ આપે ખરૂં કહ્યું મહારાજ !" વાહડ બોલ્યો: "મને પણ હવે ખાત્રી થઇ કે અધૂરી શક્તિએ મોટા કાર્યમાં પડવું તે સર્વસ્વ ગુમાવવા બરાબર છે."

"બાલચંદ્રના દૃષ્ટાંતથી મને બોધ મળ્યો છે અને હવે હું પણ મારા શિષ્યોને એ પ્રકારના કાર્યમાં આગળ પાડતાં પહેલાં બહુ લાંબો વિચાર કરીશ." હેમાચાર્યે કહ્યું.

"હવે મહારાજ ! આપ મારી એક શંકાનું સમાધાન કરો. આપે મહારાજા કુમારપાળને અમારિ ઘોષણા ફેલાવવાનો આજે ઉપદેશ કર્યો એ તો ઠીક; પણ જ્યારે આપના ઉપર કુમારપાળની આટલી બધી ભક્તિ હતી, ત્યારે આપે તેને જૈન ધર્મ અંગીકાર કરવાની આજ્ઞા કેમ ન કરી ? કુમારપાળે જો જૈન ધર્મ અંગીકાર કર્યો હોત તો તેના સ્વાભાવિક પરિણામ તરીકે જ તે અમારિ ઘોષણાનો ફેલાવો કર્યા વિના રહેત નહિ !"

હેમાચાર્ય ગંભીર ભાવે બોલ્યા: "વાહડ ! તું એકલો નહિ પણ બીજા ઘણાઓ આ જ શંકામાં પડ્યા હશે એમ મને લાગે છે, પરંતુ ખરે-

ખરો ધર્મપ્રચાર કેવી રીતે થાય તે તેઓ સમજતા નથી. કુમારપાળને નામનો જૈન બનાવવો તે સારૂં કે કાર્યથી જૈન બનાવવો તે સારૂં? જે ભૂમિના રાજાઓએ હજી કદાપિ જૈન ધર્મ અંગીકાર કર્યો નથી, જ્યાંની પ્રજા જૈન ધર્મ પ્રતિ કાંઇક કટુ નજરથી જુએ છે, તે ભૂમિના રાજાને એકદમ તેની ભક્તિનો અતિ ઘણો લાભ લઇને જૈન બનાવી દેવો તેમાં ડહાપણુ નથી. તેને કાર્યથી એક વાર સંપૂર્ણ જૈન બનવા દો અને પછી તે પોતાની મેળે જ નામનો જૈન બનવાની પણુ અવશ્ય માંગણી કરશે! તેને એકદમ નામનો જૈન બનાવીને ભડકાવી દેવાની શી જરૂર છે? કદાચ ભવિષ્યમાં તે નામનો જૈન ન થાય, તોપણુ તેથી શી હરકત છે? આપણુને કાંઇક ઉપયોગી કાર્ય થએલું જોઇએ છે, માત્ર નામના અને ભારભૂત જૈનોની જરૂર નથી. કુમારપાળ ભલે જૈન ન કહેવાય, પણુ અજૈન રહીને જો તે જૈન ધર્મનાં જ કાર્યો કરતો હોય તો પછી એથી વિશેષ આપણુને બીજું શું જોઇએ છે? આ પવિત્ર ભૂમિમાં ધર્મના ભેદો અને દુષ્ટાચાર પ્રવર્તકોના સ્વાર્થી ઉપદેશોથી સર્વત્ર હિંસા અને હિંસા જ જોવામાં આવે છે: મહાવીર પ્રભુએ એ હિંસાની નિવૃત્તિ કરવાને બહુ યત્ન કર્યો હતો અને ઘણે અંશે એ નિવૃત્તિ થઇ હતી. પરન્તુ પુનઃ દેશમાં ધર્મના બ્હેમોથી હિંસાનો પ્રચાર થતો જાય છે. હિંસા તમોગુણુની જનેતા છે અને તમોગુણુની વૃદ્ધિ એક દેશને દુર્ગતિમાં પાડે છે. એ હિંસા વિશેષ નહિ તો આટલા આ ગુજરાત દેશમાંથી પણુ દૂર થાય તોએ ઘણું છે. એટલો પણુ જગતના જીવો ઉપર—આ દેશ ઉપર ઉપકાર થવા પામશે. જૈન ધર્મ સર્વ જીવોમાં સમાન વૃત્તિનો પ્રચાર કરી જડ અને ચેતનનો ભેદ સમજાવે છે. હિંસા એ સમાન વૃત્તિના પ્રચારની વિરોધિની થઇ પડે છે. એ હિંસાની જો નિવૃત્તિ થાય, તો પછી એ શું જૈન ધર્મનો જ ફેલાવો નથી? એ શું મહાવીર પ્રભુનો વિજય નથી? વાહડ! 'જૈન' નામ વિના જૈન ધર્મના જેવું જ કાર્ય થતું હોય તો હું બીજા કશાની વાંચ્છના કરૂં નહિ! શૈવો, વૈષ્ણવો, દેવીભક્તો કે મુસલમાનો સર્વે પોતાને 'જૈન' ન કહાવે, છતાં જો ખરેખરાં અને સંપૂર્ણ રીતે 'જૈન કાર્યો કરે' તો તે દિવસ આર્યાવર્તમાં જૈન ધર્મના વિજયના દિવસ તરીકે જ ઓળખાશે—મહાવીર પ્રભુની વાંચ્છના તે દિવસે પરિપૂર્ણ થએલી ગણાશે અને શાસનરક્ષક દેવો જય વજયનાં દુંદુભિઓ વગાડશે! માટે જૈન ધર્મના નામ વિના 'જૈનત્વ'નો ફેલાવો થતો હોય તો તે પણુ જગતને સપૂર્ણ હિતકારક છે એમ તું માની લેજે!"

વાહડ આ વ્યાખ્યાન સાંભળીને હૃદયથી તુષ્ટ થયો. હેમાચાર્યના જીવનસૂત્રમાં સમાએલું રહસ્ય હવે તે સંપૂર્ણ રીતે સમજ્યો અને તે ગુજરાતની ભૂમિને ધન્ય માનવા લાગ્યો.

પ્રકરણ ૮ મું.

ગુજરાતની ગર્જના—મ હણો મ હણો !

કુમારપાળને રાજ્યની લગામ હાથમાં લીધાને એક માસ વીતી ગયો. તેટલા વખતમાં પોતાના તાબા હેઠળના મુલકમાં સઘળે સ્થળે તેણે પોતાના નામની દુહાઇ ફેરવી દીધી અને તેની સાથે જ "અમારિ ઘોષણા" નો આજ્ઞાપત્ર પણ ફેરવ્યો. જુદા જુદા પ્રાંતના અધિકારીઓએ એ આજ્ઞાપત્ર મળતાંની સાથે જ હિંસા કરનારા પારધીઓને, કસાઇઓને, શિકારીઓને અને બીજાઓને કોઇ પણ પ્રકારની હિંસા કરવાની મનાઇ કરી. મચ્છીમારોની જાળો તોડાવી નાંખીને કુમારપાળની આજ્ઞા પ્રમાણે તેની બારોબાર રૂપું તોળાવી આપ્યું. જે ગરીબ પ્રજાજનોનો નિર્વાહ જ હિંસાના ધંધા ઉપર અવલંબી રહેલો હતો તેઓને જમીનનાં દાનપત્રો લખી આપીને ખેડૂત બનાવવામાં આવ્યા. અપંગ પશુઓને માટે રાજ્ય તરફથી પશુશાળાઓ ઉઘાડવામાં આવી. અનાથ જનોને માટે અનાથાશ્રમો ખોલવામાં આવ્યાં. જે જે દેવ–દેવીઓનાં સ્થાનકોમાં જીવતાં પ્રાણીઓનો વધ કરીને તેનું બલિદાન આપવાનો રિવાજ હતો તે સર્વ સ્થળે એવા પશુવધની મનાઇ કરવામાં આવી અને રાજ્ય તરફથી ઘી, કેસર, કસ્તુરી વગેરે પદાર્થોને ભોગ તરીકે અર્પવા માટે છૂટથી આપવામાં આવ્યાં. માંસ અને મદ્ય વેચનારાઓને લખી આપવામાં આવેલા પટ્ટાઓ ફાડી નાંખવામાં આવ્યા અને તેમને બીજા ધંધામાં રોકવાની જોગવાઇ કરી આપવામાં આવી. કંટેશ્વરીનો મહંત તો જ્યારથી કુમારપાળની સમીપેથી અદશ્ય થયો ત્યારથી જ કયાંય નાસી ગયો હતો. તે ફરીથી જોવામાં આવ્યો નહિ. તેના જેવા બીજા જે નરપિશાચો તપાસ કરતાં મળી આવ્યા અને જેઓનું જીવન ગમે તેટલા પ્રયાસે પણ અન્ય દિશાએ વળી શકે તેમ લાગ્યું નહિ, તેઓને ગુજરાતની ભૂમિને અપવિત્ર થતી અટકાવવા માટે કાઢી મેલવામાં આવ્યા, જેઓ પોતાની નીચ વૃત્તિની તૃપ્તિને માટે કામરૂ દેશ તરફ ચાલ્યા ગયા.

નવા રાજાની સાથે દેશમાં નવો કારભાર ચાલ્યો અને નવા કાયદા રચાયા. જુગાર રમવાનું કાર્ય રાજ્ય તરફના એક અપરાધ રૂપ લેખાવા

માંડયું. મદ્ય–માંસની મનાઇ તો અમારિ ઘોષણાની સાથે જ કરવામાં આવી હતી. વેશ્યાઓને દેશમાંથી દૂર કરીને અને પરસ્ત્રીસેવન કરનારાઓને માટે સખ્ત સજા ઠરાવીને વ્યભિચારના અપરાધને દેશમાંથી નાબૂદ કરવાના પ્રયત્નો આરંભવામાં આવ્યા. ધંધાર્થી ચોર લોકોને સખ્ત સજા કરીને અને ગરીબાઇથી ચોર બનેલાઓને ધંધે લગાડીને ગુજરાતમાં ચોરીનું નામ પણ રહેવા દીધું નહિ. સ્વલ્પ સમયમાં રાજ્યમાં આવો ફેરફાર થવાથી સર્વત્ર વેર–ઝેર ઓછાં થયાં, તમોવૃત્તિ અને આળસ ચાલ્યા ગયાં, દયા તથા ક્ષમાના ગુણને મોટું માન અપાવા લાગ્યું અને સર્વત્ર શાંતિનો અધિકાર વર્તી રહ્યો.

શાંતિ વ્યાપ્યા પછી કુમારપાળે રાજ્યના અધિકારી વર્ગમાં યોગ્ય ફેરફાર કરવા માટે આજે મોટી કચેરી ભરવાનો નિશ્ચય કર્યો હતો. એ કચેરીમાં હાજર રહેવાને પ્રત્યેક પ્રાંતના વહીવટદારો અને દંડાધિપતિઓ આવ્યા હતા. તાબાનાં નાનાં નાનાં રાજ્યના અધિપતિઓ નજરાણાં લઇને આવ્યા હતા. દૂરના ભાગોના પ્રજાવર્ગના પ્રતિનિધિઓ પોતાની રાજભક્તિ દર્શાવવાને પણ આવ્યા હતા. રાજમહાલયના મુખ્ય મંડપમાં જ્યારે કુમારપાળ એ સર્વની કચેરી ભરીને બેઠો, ત્યારે તે દેવો તથા ગંધર્વોની વચ્ચે શોભતા ઇંદ્રના જેવો દેદીપ્યમાન દેખાવા લાગ્યો.

કચેરીના કામકાજના પ્રારંભમાં કર્ણાટક દેશથી આવેલી વારાંગનાઓએ નૃત્યગાન કર્યાં અને સર્વત્ર આનંદ વર્તાવ્યો. પછી દેવસિંહ શેઠની પુત્રી શ્રીદેવી કે જેને રાજાએ ખાસ બોલાવી હતી તેણે કુમારપાળને રાજતિલક કર્યું. તિલક કરતાં તે બોલી: “ મહારાજ ! આપ મને એક નિર્જીવ કાર્યના બદલામાં આવી રીતે યાદ કરશો એવું મેં ધાર્યું નહોતું. ”

કુમારપાળ બોલ્યો: “ બ્હેન ! એ કાર્ય નિર્જીવ નહોતું ! જો તેં મને તે વખતે ખાવાનું ન આપ્યું હોત તો અવશ્ય હું આ દુનિયાનો ત્યાગ કરી ગયો હોત. મને જીવનદાન કરનારને યાદ નહિ કરવા જેવો કૃતઘ્ની હું કેમ થઉં ? ” એમ કહી કુમારપાળે શ્રીદેવીને અમૂલ્ય વસ્ત્રાલંકાર બક્ષીસ આપ્યાં. પછી સભાનું કામ ચાલ્યું. મંત્રીશ્વરે કહ્યું: “ મહારાજ ! આપને આ પદવી ધારણ કર્યાને લગભગ એક માસ થયો, તેટલા વખતમાં આપનાં રાજ્યસૂત્રને લગતાં સઘળાં ફરમાનો આપણા મુલકના જૂદા જૂદા વિભાગોમાં પહોંચી ગયાં છે અને તેનો અમલ થવા લાગ્યો છે. ટૂંક વખતમાં લોકો ‘ હિંસા ’થી દૂર થઇ ગયા છે. અબળ મનુષ્યો, પશુઓ અને વનમાંનાં પક્ષીઓ પણ નિર્ભય બની ગયાં છે. સૌરાષ્ટ્રના દંડાધિપતિ તો કહે છે કે ગિરનાર પર્વતમાં પૂર્વે કદાપિ નહિ જોવામાં આવેલી સુંદરતા હવે જોવામાં આવે છે અને પ-

સ્ત્રીઓનાં સુમધુર ગાનથી સર્વત્ર આનંદ—પરમાનંદનો વિસ્તાર થઇ રહ્યો છે! કર્ણાવતીનો કોટવાળ કહે છે કે પહેલાં મદ્યપી માણુસો ત્યાં બહુ જ તોફાન કરતા અને ઝનૂની બનીને મારા—મારી તથા ખૂના—ખૂની કરતા. ત્યાંની કલાલની દુકાનો બંધ થવાથી હવે એ પ્રકારના ગુનાહ થતા અટકી ગયા છે અને ઘણા વ્યસનીઓ સુધરીને ધંધે લાગ્યા છે. કુંટેશ્વરી દેવીમાં નવો મહંત આણ્યો છે અને તેણે પૂર્વના સર્વ હિંસક પ્રયોગો ત્યજી દીધા છે, તેથી પહેલાં એ ભયાનક મનાતું સ્થાન હવે રમણીય મનાવા લાગ્યું છે. પહેલાંનો હિંસક મહંત રોજ વાંસળી વગાડીને આસપાસનાં વનનાં મૃગલાંને આકર્ષતો અને પછી તેમનો શિકાર કરતો, પરંતુ હવે તો મૃગલાંઓ નિર્ભય રીતે માતાજીને ચરણે આવીને રમે છે, છતાં તેમને કોઇ હાથ પણ લગાડી શકતું નથી! મહારાજ! હવે તો આખા મુલકમાં સર્વત્ર નિર્ભયતા જ વ્યાપી રહી છે અને આ ગરવી ગુજરાત * म हणो म हणोની ઉદાત્ત ગર્જના કરી રહી છે.”

કુમારપાળે હર્ષથી ઉદ્દગાર કાઢ્યો: “અહો! ધન્ય છે મારા ગુરૂદેવને કે જેમની કૃપાથી હું સમસ્ત ગુજરાતના મુખમાંથી એવી અનુપમ ગર્જના થતી સાંભળવાને ભાગ્યશાળી થઇ શક્યો! જે મહાપુરૂષનું જીવનસૂત્ર જ ગુજરાતના મુખમાંથી એવી ગર્જના સાંભળવાનું છે, તે મહાપુરૂષના હૃદયની દયા ક્ષમા અને પ્રભુભક્તિ તો કેટલાં અનુપમ હશે?!”

આખી સભા આ ઉદ્દગારો આગળ ચિત્રવત્ સ્તબ્ધ બની રહી. થોડીવાર મૌન્ય ચાલ્યું. પછી કુમારપાળ બોલ્યો: “હવે હું કૃતાર્થ થઇ ચૂક્યો! નવા અધિકારો કોને કોને આપવા તેનો નિશ્ચય મેં લાંબા વખત સુધી વિચાર કરીને કર્યો છે. ઉદયન મંત્રી! શંકરદાસ હવે અતિવૃદ્ધ થયા છે અને રાજ્યકાર્યભારથી મુક્ત થવાની તે માંગણી કરે છે માટે મંત્રીશ્વરનું પદ હું તમને આપું છું, અને તમારા કાર્યમાં સહાય કરવાને તમારા પુત્ર વાહડને જ હું સહાયક મંત્રી નીમું છું.”

ઉદયન નમન કરીને બોલ્યો: “રાજાની આજ્ઞા શિરોધાર્ય કરવી એ સૌની ફરજ છે.”

ત્યારપછી ધર્મપાળને આગળ બોલાવીને કુમારપાળે જણાવ્યું: “ધર્મપાળ! દંડનાયકની પદવી ઉપર હું તમને કાયમ રાખું છું.”

ધર્મપાળ બોલ્યો: “મહારાજ! હું એ પદવીને યોગ્ય રહ્યો નથી! મેં કેટલીક ભૂલો કરી છે અને એ ભૂલોની શિક્ષા તરીકે આપે એ પદ

---

* અર્થાત્—હિંસા ન કરો! હિંસા ન કરો!

છોડવાની મને ફરજ પાડવી જોઇએ તેને બદલે આપ આ કૃપા દર્શાવો છો, એ આપની ઉદારતા, યોગ્યતા અને માયાળુતા છે. પરંતુ એ અપરાધ કર્યા પછી અધિકાર ઉપર રહેતાં મને મારૂં હૃદય દંશ દે છે, અને તેથી એ પદ નહિ સ્વીકારવાને ક્ષમા ચાહું છું."

કુમારપાળ થોડો વિચાર કરીને બોલ્યો: "દંડનાયક! તમારો ગમે તેવો અપરાધ હોય છતાં હું તમારાથી સંતુષ્ટ છું. પરન્તુ તેથી તમારા હૃદયને દંશ લાગતો હોય તો માત્ર મારી આજ્ઞાને ખાતર એક દિવસ સુધી તમે એ પદ ગ્રહણ કરો; ત્યારપછીને માટે એ પદ હું સંઘપતિ પૂનમચંદ શેઠને આપું છું."

ધર્મપાળે સહર્ષ એ આજ્ઞા સ્વીકારી લીધી. પછી કુમારપાળે પોતાના એક બ્રાહ્મણ મિત્રને સંભાર્યો. તેનું નામ વોસિરિ હતું. જ્યારે દધિસ્થળી ઉપર સિદ્ધરાજે હલ્લો કર્યો ત્યારે દધિસ્થળીમાંથી તેના કુટુંબને ઉજ્જનમાં સહીસલામત રીતે મૂકી આવવામાં તથા કેટલાક વખત સુધી કુમારપાળના દેશાટનના સમયમાં તેની સાથે રહેવામાં વોસિરિએ મદદ કરી હતી તેથી કુમારપાળે તેને લાટ દેશ બક્ષીસ આપ્યો. દધિસ્થળીમાં ઇંટની ભઠ્ઠીમાં સંતાડીને તેનું રક્ષણ કરનાર સજ્જન નામના કુંભારને તેણે ચિત્તોડ આપ્યું. રાજ્યતિલક કરનાર શ્રીદેવીને ધોળકા આપ્યું. એકવાર કુમારપાળ બહુ ભૂખ્યો હતો ત્યારે તેને ચણા મુફત ખાવા દેનાર એક વણિકને તેણે વડોદરાનો ઇનામદાર બતાવ્યો. ભીમસિંહ ખેડૂતે કાંટાના જાળામાં કુમારપાળને સંતાડીને તેનું રક્ષણ કર્યું હતું અને બારોટ હઠીસીંગે રાજ્ય વિરૂદ્ધનાં કાવતરાંઓની ખબર સુભગાને વેળાસર પહોંચતી કરીને રાણીમાતા તથા કુમારપાળ ઉપરની આફતના પ્રસંગો ટાળી દીધા હતા તેથી તેમને બન્નેને અમૂલ્ય બક્ષીસો આપીને પોતાના મુખ્ય અંગરક્ષકો બનાવ્યા. સામંત ગજસિંહની તલવારથી જ ત્રિભુવનપાળનું ખૂન થયું હતું, તોપણ તેણે કુમારપાળને આપેલા વચન પ્રમાણે છેવટસુધી પોતાની ટેક જાળવી હતી તેથી તેને સેનાપતિની પદવી આપી અને પોતાની ઉપર ઘણો ઉપકાર કરનાર ભગિનીપતિ કૃષ્ણદેવને મોટી જાગીર આપીને લશ્કરી બાબતોના ખાનગી સલાહકારની માનવંતી પદવી આપી. જૂના મંત્રીમંડળમાંના બીજાઓને અધિકાર ઉપર કાયમ રાખ્યા.

એ પ્રમાણે સઘળા મુખ્ય અધિકારોની વહેંચણી થઇ રહી, એટલે કુમારપાળ બોલ્યો: "હજી એક જણ રહી જાય છે. મારા હિતને માટે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે અનેક વાર શ્રમ ઉઠાવનાર મારાં સાચાં ભગિની તુલ્ય

સુભગાદેવી રહી જાય છે." સુભગા રાજકુટુંબની સ્ત્રીઓની સાથે ભૂપાળ-દેવીની બાજુમાં જ એક ચકની પાછળ બેઠી હતી, તે આ સાંભળીને ઉ-ત્સાહમિશ્રિત લજ્જાથી કંપી ઉઠી. કુમારપાળ આગળ બોલ્યો: "સૌને તો મેં મારી મરજી પ્રમાણે અધિકારો અને બક્ષીસો આપ્યાં છે પણ સુભ-ગાદેવીને માટે મારી એવી ઇચ્છા છે કે તે જે કાંઇ માંગે તે મારે આપવું."

પ્રતીહારે જણાવ્યું: "સુભગાદેવી પટ્ટરાણીની પાસે ચકની પાછળ જ બેઠાં છે."

કુમારપાળ એ ચકની તરફ મોં ફેરવીને બોલ્યો: "સુભગા બ્હેન! આ કચેરીની વચ્ચે તમારે જે કાંઇ જોઇતુ હોય તે માંગી લો."

સુભગા લજ્જાયુક્ત વિનીત ભાવે અને મન્દ મધુર સ્વરે બોલી: "મહારાજ! આપની કૃપાથી મને કોઇ વાતની ખામી નથી. વળી મારા સસરાજીને મંત્રીશ્વર બનાવ્યા અને તેમના પુત્રને સહાયક મંત્રીની પદવી આપી; મારા શિરનાં છત્રોને એ જે માન મળ્યું છે તે મને જ મળ્યું છે પછી મને વિશેષ શું જોઇએ?"

કુમારપાળ બોલ્યો: "પરન્તુ તમારા ઉપકારનો બદલો હું નથી આપતો એમ સમજવાથી હું અસંતુષ્ટ જ રહીશ, મારૂં હૃદય મને કૃતઘ્ન જ માનશે."

"મહારાજ! તો માત્ર હું એટલું જ માંગું છું કે આપે મારા શ્વસુર કુળને ઉત્તમ માન આપી ઉજ્જવલ બનાવ્યું છે, તો મારા પિતૃકુળને માન આપવાને અત્યારે જ મારા પિતાજીને ઘેર પધારો, એટલે મને સંતોષ થશે!" સુભગાએ યાચના કરી.

"અહો! સુભગાદેવી! એવી ક્ષુલ્લક યાચના તમે શાગાટે કરી? એમાં તમે શું માંગ્યું? દામુ ઝવેરી તો રાજ્યના ઝવેરી છે, તેમને ત્યાં હું જઉં એમાં તમારે માંગવા જેવું જ કશું નથી!"

"તોપણ હું તે માંગું છું અને મને તે આપો."

કુમારપાળે સુભગાની એ ઇચ્છા પૂરી કરવાને તુરત કચેરીનું કાર્ય સમાપ્ત કર્યું અને મોટી સ્વારી કાઢીને દામુ ઝવેરીને ત્યાં તે ગયો. સુભગાએ અગાઉથી જઇને ત્યાં સઘળી ગોઠવણ કરી રાખી હતી. તેણે કુમારપાળને સાચાં મોતીથી વધાવ્યો અને ઓવારણાં લઇ પધરામણી કરી. સુભગાનાં માતા-પિતા, અને ભાઇ-ભોજાઇઓ તેથી બહુ તુષ્ટ થયાં. દામુ ઝવેરીની બેઠકમાં થોડી વાર તે બેઠો. ઝવેરી સાથે થોડી વાતચીત કરી. તાંબુલાદિનો સત્કાર કર્યો. પછી સુભગા પોતાના હાથમાં તેજસ્વી મોતીની એક મૂલ્યવાન માળા લઇને આવી અને બોલી: "મહારાજ! જે માળા મહારાજા સિ-

કરાજ જયસિંહે ત્રિભુવનપાળ મહારાજને તેમના પરાક્રમના બદલામાં બક્ષીસ આપી હતી તે જ આ માળાનું નજરાણું હું આપની સમક્ષ ધરૂં છું તો તેનો સ્વીકાર કરો !"

કુમારપાળ તે માળા જોઇને અધીરો બન્યો. તેણે તુરત સુભગાના હાથમાંથી તે માળા લીધી અને પોતાની છાતી સરસી ચાંપીને ગદ્‌ગદ્‌ કંઠે તે બોલ્યો: "ઓ પિતાજી ! આપની આ માળાએ એક વાર મને ઘોડો અપાવીને જીવિતદાન દીધું હતું અને એ જ માળાની સાક્ષીથી પાટણની પ્રજાએ મને ન્યાય અપાવ્યો હતો ! તમારૂં એ અમૂલ્ય સ્મારક હું હમેશાં મારાં ચક્ષુઓની સમીપે જ રાખીશ; પરન્તુ પિતાજી ! આપના પુત્રને આ પદવીએ બિરાજેલો જોવાને, ગુજરાતની અપૂર્વ અને અમૂલ્ય ગર્જના સાંભળવાને, આપ અત્યારે આ દુનિયામાં નથી, એ ઘા હું જીવીશ ત્યાંસુધી મને સાંભરશે ! મારી અમારિ ઘોષણાના પ્રત્યુત્તરમાં ગુજરાત મ હણો ની ગર્જના કરી રહી છે, એ ગર્જના તેના જીવનમાં ઉતરીને ચિરંજીવી બનશે અને તે સાથે મારૂં નામ ચિરંજીવી બનશે, પરન્તુ પિતાજી ! એ જોવાને અત્યારે તમે અહીં હોત તો તેથી તમને કેટલો સંતોષ થાત ?" એટલા ઉદ્‌ગારોને અંતે કુમારપાળનું હૃદય ભરાઇ આવ્યું. માળાને તે ટગર ટગર જોઇ રહ્યો અને બોલ્યો: "સુભગા બ્હેન ! તમારૂં આ નજરાણું તેના ખરા મૂલ્ય કરતાં અનેકગણું વધારે છે ! તે મને મારા પિતાજીનાં પરાક્રમોનું અહર્નિશ સ્મરણ કરાવશે !" એટલું કહી કુમારપાળ અને સર્વ મંડળ ત્યાંથી ઉઠયું. દામુ ઝવેરીએ માન્યું કે ઉભય કુળને અજવાળનારી સુભગા જેવી પુત્રીથી આજે પોતે કૃતાર્થ થયો.

પ્રકરણ ૯ મું.

ઉપસંહાર.

"સુભગા બ્હેન ! હવે તો તમે રાજ્યના એક મોટા અધિકારીનાં પત્ની થયાં એટલે અમારે તમારી મરજી સાચવીને ચાલવું પડશે." કુમારપાળની સ્વારી ગયા પછી લીલાદેવીએ સુભગાને એકાંતમાં જોઇને કહ્યું.

સુભગા પણ સામી ટોળ કરીને બોલી: "હા–સ્તો વળી ! હવે તો તમારે જોઇ વિચારીને ચાલવું, નહિતો જો કોઇ અપરાધ કરશો તો તુરત શિક્ષા થશે. જાણોછોને કે કુમારપાળ મહારાજના કાયદા બહુ સખ્ત થયા છે."

"અને મહારાજાના કાયદા કરતાં તેમના સહાયક મંત્રીના અને તેમનાં પત્નીના કાયદાનો પણ હવે તો રાજ્યમાં અમલ થશે."

"થાય જ તો! તમારા જેવી પોચી વાણીયણથી શું થાય?"

"અને તમે તો ક્ષત્રિયાણી હશો, કેમ?"

"હા, હા! હું તમારા જેવી પોચી–"

"હવે છાનાં રહો! પેલી રાતની વાત ભૂલી ગયાં કે? પતિ પાસે જવાને કેવાં આકળાં અને ગભરાએલાં બની ગયાં હતાં? તે વખતે તો જાણે ભાભીની પાસે ગરીબ ગાય જેવાં બની ગયાં હતાં અને ભાભી જેવી પોચી વાણીયણની પણ ગરજ પડી હતી! તમારાં જેવાં વરધેલાં બીજાં કોઇ નહિ હોય!" લીલાદેવીએ નણંદની મશ્કરી કરી.

"ભાભી! હું તો ગભરાઇ હતી, પણ તમે તો એવાં વરધેલાં બની ગયાં હતાં કે મારી પાસે રડયાં હતા, એ ભૂલી ગયાં કે? એ તો આ નણંદનો ઉપકાર માનો, નહિતો કોણ જાણે એમ ને એમ વર્ષોનાં વર્ષો ચાલ્યાં જાત!" સુભગાએ સામો જવાબ આપ્યો અને આગળ કહ્યું: "પતિ આગળ પત્ની કોમળ ફૂલ જેવી જ હોય છે, ભાભી! ગમે તેવી કઠોર હૃદયની અને મજબૂત મનોવૃત્તિવાળી સ્રી પતિના ઉત્સંગમાં કોમળ પુષ્પ જેવી બની જાય છે! વિશુદ્ધ પ્રેમનો એવો પ્રભાવ છે! શું વાણીયણો કે શું ક્ષત્રિયાણીઓમાં એ પ્રેમ તો એકસરખો જ પવિત્ર અને મૃદુભાવ યુક્ત હોય છે! પ્રેમાતુર સ્રીના હૃદય ઉપરથી તેના સામાન્ય સ્વભાવની પરીક્ષા કરાય નહિ, એટલું હવે ભૂલશો નહિ!"

લીલાદેવી સુભગાનો એ ઉપદેશ સાંભળી રહી અને બોલી: "એ તો ખરી વાત! તે દિવસે ચાહડભાઇની સાથે તમે વાતચીત કરી હતી અને રાણીમાતાને આપણા ઘરમાં રાખ્યાં હતાં, એ પ્રસંગો તો હુ મારી જીંદગીસુધી ભૂલીશ નહિ! ક્ષત્રિયત્વના ગુણો વિના અમારાં જેવાંથી તો એવાં કામ ન કરાય બા!"

"ભાભી! સમય આવ્યે ક્ષત્રિય બનીયે, વણિક બનીયે, પ્રેમી પતિની પત્ની બનીયે, માતાની આજ્ઞાંકિત પુત્રી બનીયે, વત્સલ માતા બનીયે અને રંક ગાય જેવાં પણ બની જઇએ, તે જ આ જીવનના આવશ્યક ગુણો છે! તમે એવાં બનતાં શીખશો: તો મારા ભાઇને વધારે વ્હાલાં થશો!"

* * * * *

ચાહડ હેમાચાર્યના હાથમાંથી મુક્ત થઇને કંટેશ્વરીના મંદિરમાંથી નાસી ગયો તે પુનઃ પાટણમાં દેખાયો નહિ. કુમારપાળને મારી નાંખવાને

તેણે પ્રપંચ રચ્યો હતો પણ એ પ્રપંચમાં નહિ ફાવવાથી તે છેવટે કંટેશ્વરીના મંદિર સુધી તેનો ઘાત કરવાને આવ્યો હતો પણ તેનો એ પ્રયત્ન નિષ્ફળ ગયો અને કુમારપાળનો બચાવ થયો. વૈરથી બળી રહેલો પણ સર્વ રીતે નિરાશ થએલો ચાહડ ત્યારપછી સપાદલક્ષ અથવા શાકંભરીના રાજા અર્ણોરાજની ચાકરીમાં રહ્યો. કહેવાની જરૂર નથી કે કરણદાનને પણ તેની સાથે જ દેશ છોડીને ચાલ્યા જવાની ફરજ પડી હતી.

* * * *

હેમાચાર્ય રોપેલા બીજનું વૃક્ષ આગળ જતાં સુંદર ઉગી નીકળ્યું. કુમારપાળને પહેલાં અહિંસક બનાવીને અમારિ ઘોષણાનો તેની પાસે પ્રચાર કરાવ્યો, તેને પરિણામે મ હણો ની ગર્જનાથી ગુજરાત ગાજી ઉઠયું. આગળ જતાં કુમારપાળ અહિંસક વૃત્તિમાં અને હેમાચાર્યના ઉપદેશમાં એટલો બધો અનુરક્ત બની ગયો કે તેણે સ્વયમેવ જૈન પ્રાસાદો બંધાવ્યા, જૈન શાસ્ત્રોનો ઉદ્ધાર કર્યો, જૈનત્વ અંગીકાર કર્યું અને જૈનોનાં બાર વ્રત યથાયોગ્ય રીતે ધારણ કર્યાં. કુમારપાળના એ પ્રકારના રાજત્વની જે અસર ગુજરાત ઉપર થઇ તેના અંશો હજી પણ ગુજરાતમાં વર્તમાન છે. જે અહિંસક વૃત્તિનો વિસ્તાર ગુજરાતમાં છે તે આર્યવર્તના અન્ય કોઇ પણ વિભાગમાં નથી અને એ જ ગુજરાતનું પરમ ભૂષણ છે! એ ભૂષણથી ગુજરાતને અલંકૃત કરવાનું માન જો કોઇને પણ આપવામાં આવે તો તે મુખ્યત્વે કરીને હેમાચાર્યના જીવનને અને કુમારપાળના રાજત્વને જ ઘટે છે.

સમાપ્ત.

મીલ ઇરેકશનના ખાસ
અનુભવી એન્જીનીયર.

સર્વે માનવંતા મીલ એજન્ટોને તથા ફેકટરીઓનરોને જણાવવાની રજા લેઉં છું કે અમો ૩૫ વર્ષની ફત્તેહમંદ પ્રેકટીસ બજાવ્યા બાદ હાલમાં છેલી ધી માણેકચોક એન્ડ અમદાવાદ મેન્યુફેકચરીંગ કંપનીની મીલોની લાંબી મુદતની સંપૂર્ણ સંતોષકારક નોકરી બજાવી ફારગ થયા છીએ, અને હવે પ્રથમની માફક ફક્ત કનસલટીંગ એન્જીનીયર તરીકે તેમ જ ઇરેકશન અગર એકસટેનશન વર્ક ઊપર સુપરવીઝન માથે લેવાને તૈયાર છીએ. સદરહુ હરકોઈ કામો માટે અમારો ફત્તેહમંદ અનુભવ સર્વેને રોશન છે તેમ જ બીજાઓને ખાતરી માટે અમારા સરટીફીકેટો કામ લીધાનાં મોજુદ છે, માટે ઊપર મુજબની અમારી સરવીસનો લાભ લેવા સર્વે સાહેબોને વિનંતી છે.

આ સિવાય વોટરવર્ક્સ, મીલો તથા ફેકટરીને લગતાં તમામ પ્લાનો ફાયદાથી કામ થાય તેમ જ મજબુત થાય તેવી રીતે કરી આપીએ છીએ, તેમ જ દરેક સાંચાકામ તથા તેના ભાગો સેકંડ હેન્ડ તથા નવા કમીશનથી વેચાવી આપીએ છીએ, પુરા પાડીએ છીએ, તેમ જ રીપેર કરી આપીએ છીએ. વળી કોઈ મીલમાં એન્જીન મેકરના લખાણથી કોલસો વધારે બળતો હશે તો તે ઊપર પરતું ધ્યાન આપી ગેરંટીથી ઓછો કરી આપીશું તેમ જ એન્જીન પણ સુધારી આપીશું.

અમો ઘણા વખતથી મેસર્સ સ્કોટ એન્ડ હોડશન વિલાયતના એન્જીન તથા બોઈલર મેકરના આ તરફના ખાસ એજન્ટ છીએ, કે જે મેકરના એન્જીનો કેટલીક મીલોમાં વરટીકલ તથા હોરીઝોન્ટલ ટાઈપનાં ચાલે છે. તેવી જાતના એન્જીન બોઈલરો કોઇને મંગાવવા હશે તો તે પણ વીલાયતથી મંગાવી આપીશું તથા તે સંબંધી ઇકોનોમી કરવા સલાહ આપીશું. લખો યા મળો:—

રામચંદ્ર નરસી એમ. આઇ. એમ. ઇ.

કનસલટીંગ એન્જીનીયર,

ખાડીઆ ગોલવાડ,—અમદાવાદ.

મુંબઇ અને અમદાવાદમાં

પુરૂષાતન પ્રાપ્તિ-ખરી મરદાઈ.

હજારો વર્ષ ઉપર ભૂત, ભવિષ્ય, વર્તમાન જાણનાર પરોપકારી ઋષિમુનિઓએ શોધખોળ કરી, તન મન અને ધનથી કોઇ પણ ધર્મને બાધ ન આવે તેવી અમૂલ્ય ચીજો સંગ્રહ કરેલી તે પ્રતાપી આયુર્વેદના આધારે અસલ અકસીર ઇલાજ અનુભવમાં લઇ હાથ કરેલ છે, જેથી ચાલતા જમાનામાં ગૃહસ્થાઇનાં વિલાસી ખાનપાનોથી, અગર મૂર્ખાઈભરેલી કુટેવોથી, તરેહવાર સંસારિક ઉપાધિઓથી, બાળલગ્ન કિંવા વૃદ્ધાવસ્થાથી, વિગેરે ગમે તે સંજોગોને લીધે ઉત્પન્ન થયેલી કમતાકાત-જે મનુષ્યોની મીઠાશભરેલી જીંદગીને કડવી તથા શરમીંદી કરી નાંખે છે, તેને માટે, ગમે તે કારણોથી ગુમાવેલી શક્તિ-બળને પાછું લાવી, પગની કલતર મટાડી જ્ઞાનતંતુઓને સતેજ કરી, નસોની કમજોરીને ખાત્રીપૂર્વક મજબુતાઇ આપી, મરી ગયેલા મનને સજીવન કરે છે. આનો લાભ સંખ્યાબંધ હિંદુ, મુસલમાન, પારસી, વહોરા, યુરેજ્યન, ખ્રીસ્તી વિગેરે લે છે. જીજ્ઞાસુએ અમારી પાસેથી સવાલ જવાબનું પત્રક પહેલેથી મંગાવી લેવું. અમો તે ગુપ્ત બાબતના મૂળ કારણ બરાબર સમજી ગ્રહસ્થના કહેવા મુજબ પત્રવ્યવહાર ખાનગી રાખી

'મદમસ્ત મદન મધુરસ'

મોકલીશું, જેના સેવનથી અઠવાડીયામાં તમોને એટલો બધો સંતોષ થશે કે હૃદયથી અને વાણીથી તમો પોતે જ અમારી પ્રશંસા કરવા લાગશો; કારણકે જાહેર ખબર દ્વારા આવી સાચી વસ્તુ કવચિત જ આવે છે. આમાં એવો અલૌકિક ચમત્કાર છે કે ગુરદાના મુત્રમાર્ગનાં ભયંકર દરદો, ૨૦ જાતના પ્રમેહ, સાકરીઓ-મીઠી પેસાબ, અગન બળે, અટકી અટકીને પેસાબ આવે, રેતી પડે, છાશ જેવો પદાર્થ જાય, શરીર તવાઇ શક્તિ ઘટતી હોય ઇત્યાદી કમજોરીનાં બુરાં દરદોને નિર્મૂળ કરી શરીરમાં જીવન અને નવો ઉત્સાહ ભરી નિરાશ થયેલી જીંદગીને રસમય બનાવી નવીન યુવાની બક્ષે છે. આમાં નુકસારક જેવી કે રસાયણ, ગંધક, મારેલી ધાતુઓ-વિગેરે ફુટી નીકળે તેવી કોઇ ચીજો નથી. પણ ભીમસેની કપુર, કેસર, કસ્તુરી, અગર, અમ્બર, શીલાજીત, સાલમમુસલી વિગેરે શક્તિના અનેક ઔષધોનાં તત્વોથી ભરપુર છે. પરેજી કોઇ જાતની નથી. અનુભવ આઠ દિવસની દવાના પ્રથમ ફક્ત રૂ. પાંચ. એક ગાસ પર્યંત સેવનથી આખી જીંદગી સુધરી જાય છે. કિંમત રૂ. ૧૫). પત્રવહેવાર માટે ટીકીટ બીડવી.

વૈદ્ય હરિશંકર લાધારામ દ્વિવેદી.

સંગ્રહણી (ઝાડાનો રોગ) સુવારોગ અને ધાતુક્ષયના ખાસ વૈદ્ય.

મુંબઇ માધવબાગ સામે ચંદાવાડીમાં દર રવીવાર તથા સોમવારની સાંજ સુધી-
સવારે ૯ થી ૧૨ અને સાંજના ૪ થી ૮ સુધી મેળાપ થશે.

પત્રવ્યવહાર માટે કાયમનું શિરનામું—અમદાવાદ.
દોશીવાડાની પોળ-મંગળવારથી શનિવાર સુધી મેળાપ થશે.